દરિયાઈ રાક્ષસ

અલેક્સાન્દર
બેલ્યાયેવ





અલેક્સાન્દર બેલ્યાયેવ

દરિયાઈ રાક્ષસ

'રાદુગા'
પ્રકાશન
મોસ્કો

પીપલ્સ બુક હાઉસ
ઘીકાંટા ચાર રસ્તા, રીલીફ રોડ
અમદાવાદ-૩૮૦૦૦૧

અનુવાદ — શ્રુતિ મહેતા

А. БЕЛЯЕВ
Человек-амфибия
На языке гуджарати

A. BELYAEV
The Amphibian
in Gujarati

Перевод сделан по книге:
Александр Беляев. Собрание
сочинений в восьми томах.
М., „Молодая гвардия“, 1963.

ИБ № 4482
Редактор русского текста *О. Пучков*. Контрольный редактор *Л. Савельева*. Художник *П. Караченцов*. Художественный редактор *Т. Вахлина*. Технический редактор *А. Прянчикова*. Корректор *А. Шамаро*. Сдано в набор 02.09.87. Подписано в печать 26.04.88. Формат 70×90/32. Бумага офсетная. Гарнитура гуджарати. Печать офсет. Условн. печ. л. 11,7. Усл. кр.-отт. 23,7. Уч.-изд. л. 14,35. Тираж 4080 экз. Заказ № 1005. Цена 1 р. 59 к. Изд. № 4103. Издательство „Радуга“ Государственного комитета СССР по делам издательств, полиграфии и книжной торговли. 119859, Москва, Зубовский бульвар, 17. Пиплз Бук Хаус, г. Ахмедабад, Индия. Можайский полиграфкомбинат Союзполиграфпрома при Государственном комитете СССР по делам издательств, полиграфии и книжной торговли. 143200, Можайск, ул. Мира, 93.

Б $\frac{4803010102-428}{031(01)-88}$ 130-88

ISBN 5-05-001806-4

સોવિયેત સંઘમાં મુદ્રિત

અનુક્રમણિકા

પ્રકાશકો તરફથી		૫
ભાગ ૧.	"દરિયાઈ રાક્ષસ"	૯
	ડોલ્ફીનની સવારી	૨૫
	ઝુરીતાની નિષ્ફળતા	૩૨
	દાક્તર સાલ્વાતોર	૪૪
	માંદી દોહિત્રી	૫૪
	ચમત્કારોથી ભરેલી વાડી	૬૦
	ત્રીજી દીવાલ	૬૮
	છૂપી હુમલાખોર ટોળી	૭૪
	ઉભયવાસી પ્રાણી	૮૨
	ઇક્થિઆન્દરનો દિવસ	૮૮
	છોકરી અને શામળો માણસ	૧૦૭
	ઇક્થિઆન્દરનો હજૂરિયો	૧૧૨
	શહેરમાં	૧૨૨
	પાછો દરિયામાં	૧૨૮
	રોચક બદલો	૧૩૮
	ઝુરીતાની અધીરાઈ	૧૪૭
	અણધાર્યું મિલન	૧૫૬
	ઓકટોપસો સાથેની લડાઈ	૧૬૨
	નવો મિત્ર	૧૭૦

ભાગ ૨. રસ્તામાં ૧૮૭
આ તો "દરિયાઈ રાક્ષસ" છે! ૨૦૦
આગળ સંપૂર્ણ ઝડપ! ૨૧૦
અનોખો કેદી ૨૧૯
પરિત્યક્ત 'જેલીફીશ' ૨૩૩
ડૂબેલું વહાણ ૨૩૯
ભાગ ૩. લાંબો સમય ખોવાયેલા પિતા ૨૫૦
અનોખો મુકદ્દમો ૨૬૩
વિલક્ષણ બુદ્ધિનો ગાંડો માણસ ૨૭૨
સાલ્વાતોરનો ખુલાસો ૨૭૯
જેલમાં ૨૯૨
પલાયન ૩૧૦

પ્રકાશકો તરફથી

'દરિયાઈ રાક્ષસ' તમને તે જમાનામાં પાછાં લઈ જશે જ્યારે ઉપર છલ્લી અને ઊંડી દરિયાઈ ગોતાખોરીએ હજી શાંત દુનિયાનાં રહસ્યોને એક્વેલંગ અને સ્નોર્કલ આજે કરી રહ્યાં છે તેટલા મોટા પાયા ઉપર નમતું આપવાનું શરૂ નહોતું કર્યું. અલેક્સાન્દર બેલ્યાયેવના માનવજાત દ્વારા મહાસાગરનું પૂરેપૂરું જ્ઞાન મેળવવાની ૧૯૨૮ની દૂરદૃષ્ટિ તમારી સામે રજૂ કરે છે.

"દરિયાઈ રાક્ષસ" અખાત લા-પ્લાતામાં દેખાયો છે. સમુદ્ર તરફથી આવતી વિચિત્ર ચીસો, આડીઅવળી કપાયેલી માછીમારોની જાળીઓ, સૌથી વધુ વિલક્ષણ પ્રાણી ડોલ્ફીનની ઝલકો શંકાને માટે કોઈ સ્થાન છોડતી નથી. સ્પેનીયાર્ડ ઝુરીતા, અંધવિશ્વાસ ઉપર જીત મેળવનાર લોભી, "દરિયાઈ રાક્ષસ"ને પકડવાનો પ્રયત્ન કરે છે. અને પોતાના માટે મોતી લાવવા મરજીવાનું કામ કરવા બળજબરી કરે છે પણ નિષ્ફળ થાય છે.

દરિયા કિનારાના નિર્જન વિસ્તારમાં, બ્યૂએનસ-આઇરસથી નજીક દાક્તર સાલ્વાતોર ઊંચી દીવાલની પાછળ એકાંત સ્થળમાં રહે છે. જેના પોલાદની તકતીવાળા દરવાજા માત્ર તેના ઇન્ડિયન દરદીઓને અંદર જવા દેવા

માટે ખુલે છે. ઇન્ડિયનો તેમને ભગવાન તરીકે પૂજે છે પણ ઝુરીતાને એવી કલ્પના આવે છે કે ધરતી ઉપર ભગવાન અને દરિયામાં "રાક્ષસ" એ બેમાં કંઈક સમાનતા છે. બે યુક્તિબાજ આરાઉકાનીયન ભાઈઓની મદદ લઈ તે રહસ્યની બારીકાઈથી તપાસ કરવા નીકળી પડે છે.

વાર્તાનું વસ્તુ જ્યારે સૂરજમાં ડૂબેલ બ્યૂએનસ-આઈરસ અને ગામમાં વિરામ પામતાંની સાથે દરિયાનાં પેટાળમાંથી ઝુરીતાના જહાજ 'જેલીફીશ' સુધી વળાંક લઈ ફરીથી પાછું દરિયામાં જ ડૂબી જાય છે ત્યારે "દરિયાઈ રાક્ષસ" — ઇક્થિઆન્દરનું રહસ્ય વાચકોની સમક્ષ વૃત્તાન્તના રૂપમાં ઉઘાડું પડે છે. જે જેટલું રસિક છે તેટલું જ માહિતીસભર પણ છે.

સૌથી પહેલાં અને સર્વશ્રેષ્ઠ સોવિયેત વિજ્ઞાન સાહિત્યના લેખક અલેક્સાન્દર બેલ્યાયેવ સન ૧૮૮૪માં સ્મોલેન્સ્ક નગરમાં જન્મ્યાં હતાં. જ્યારે બાળ અલેક્સાન્દર કલ્પનાઓથી ભરપૂર હતો. તેમાંથી એક ઊડવાની હતી. અને તેઓએ એક દિવસ પોતાની કમર તોડી ત્યાં સુધી છાપરા ઉપરથી ઊડવાનો પ્રયત્ન કર્યો. આ તો ઠીક થઈ ગયું હતું પણ ૩૨ વર્ષની ઉંમરે ક્ષયરોગથી તેઓ માંદા પડયાં અને લગભગ છ વર્ષ માટે પથારીમાં રહ્યાં હતાં. ત્યારબાદ થોડાં થોડાં સમય માટે તેઓ પથારીમાં રહ્યાં.

શાળાનું શિક્ષણ પૂરું કર્યા પછી તેમણે કાયદાશાસ્ત્ર અને સંગીતનો અભ્યાસ કર્યો. પોતાનાં ભણતર માટે પૈસા ચૂકવવા તેમણે ગાયનવાદન મંડળીમાં ભાગ ભજવ્યો, રંગમંચની પાર્શ્વભૂમિનું આયોજન કર્યું. અને સ્વતંત્રપણે

પત્રકારિતા કરતાં હતાં જે તેમણે સ્નાતક પદ્દવી લીધાં પછી પણ ચાલુ રાખ્યું. ૧૯૨૫માં તેઓ કાયદાશાસ્ત્રને છોડી દઈને સંપૂર્ણપણે લખાણના કામમાં જોડાઈ ગયાં.

તેમની સૌથી પહેલી નવલકથા 'પ્રોફેસર દોવેલનું માથું' ૧૯૨૬માં પ્રચલિત સામાયિકમાં ક્રમશ: છપાઈ હતી. જેને પ્રત્યક્ષ સફળતા મળી હતી. ત્યારબાદ અલેક્સાન્દર બેલ્યાયેવે જુદી જુદી પચાસ નવલકથાઓ લખી—જેમાંની ઘણી બધી એટલી ચાલુ પ્રશ્નોને લગતી છે કે જાણે આજે જ લખાઈ હતી. જ્યારે લેનિનગ્રાદ નજીક ૧૯૪૨ના જાન્યુઆરીમાં તેઓ મૃત્યુ પામ્યા ત્યારે તેની પ્રતિઓ ૧૦ લાખ સુધી નોંધાઈ હતી. તેમનાં સૌથી વધુ પ્રચલિત પુસ્તકો 'દરિયાઈ રાક્ષસ', 'શૂન્યતામાં કૂદકો' અને 'મૃત જહાજોનો ટાપુ' છે.

ભાગ ૧

"દરિયાઈ રાક્ષસ"

એર્જેન્તાઈનના મધ્ય-ઉનાળાની બફારાવાળી રાત દરિયા ઉપર ઢળવા લાગી હતી. ઘેરી અંધારી રાતે આકાશમાં તારલાંઓ ટમટમી રહ્યાં હતાં. વહાણ 'જેલીફીશ' શાંતિથી લંગર નાંખી પડયું હતું. તેની ફરતે કોઈ ન તો પાણીનાં છબછબિયાંનો અવાજ હતો કે ન તો તૂતક ઉપર કોઈપણ જાતનો અવાજ હતો. વહાણ અને મહાસાગર જાણે ગાઢ નિંદ્રામાં ન હોય!

અડધા ઉઘાડા મરજીવા વહાણના તૂતક ઉપર હાથપગ ફેલાવી આડા પડયા હતા. ધોમ ધખતા તાપમાં આખો દિવસ પાણીમાં ઊછળતા-કૂદતા તેઓ ખૂબ જ થાકી ગયા હતા. તેઓ ભર ઊંઘમાં પણ ભીષણ સ્વપ્નો જોતાં બરાડી ઊઠતાં હતાં અને ઊંહકારા ભણતાં હતાં. તેમનાં હાથપગ અચાનક જ ખેંચાતાણી કરતાં હતાં, કદાચ તેઓ ઊંઘમાં પણ પોતાનાં પ્રાણઘાતક દુશ્મન — શાર્ક — સાથે લડતાં હતાં. બિલકુલ હવા વગરના બફારાવાળા વાતાવરણમાં આખી પાળી કામ કરીને થાકેલાં-પાકેલાં લોકોમાં, આખા દિવસનું કામ પતી ગયા પછી, હોડીઓને તૂતક ઉપર લાવવાની હિમ્મત નહોતી. એમ નહોતું કે તે જરૂરી લાગતું હતું પણ વાતાવરણ બદલાવાનાં કોઈ

ચિહ્નો નહોતાં દેખાતાં તેથી હોડીઓને તરતી મૂકી દેવામાં આવી અને લંગરનાં દોરડાંને કસીને બાંધી દીધાં. હવાનાં અચાનક ઝોકાં વડે ફડફડતાં ઝાંખા એવા સઢના નાના ત્રિકોણ ભાગને કસવાનો કે વહાણનાં કૂવાથંભનાં દોરડાંને કસવાનો તથા સઢ બાંધવાના કૂવાથંભ ઉપરના લાકડાને સીધા કરવાનો કોઈને પણ વિચાર ન આવ્યો. વહાણનાં મોરાથી લઈને તફરૈલ સુધી મોતીના છીપલાનાં ઢગલાં, પરવાળામાં ટૂકડાં, ડૂબકી મારવા માટેના લાંબાં દોરડાં, છીપલાં મૂકવા માટેનાં કેન્વાસના કોથળાં અને ખાલી પીપો છવાયેલાં હતાં.

છેલ્લા કૂવાથંભ સામે એક મોટું પાણીનું પીપ પડ્યું હતું. તેની સાથે સાંકળ વડે લોખંડનો પ્યાલો બાંધેલો હતો. વહાણનું તૂતક એકદમ વાંકું વળ્યું તેની સાથે જ ચારે બાજુ પાણી ઢોળાઈ ગયું.

દરેકે દરેક ક્ષણ-પ્રતિક્ષણ વારાફરતી મરજીવો અડધા ઘેનમાં પાણીનાં મોટા પીપ તરફ લથડિયાં ખાતો જાય છે. આંખ મીંચીને ક્ષણભરમાં તે પ્યાલો ભરીને પાણી પીને રસ્તામાં પડે છે, જાણે કે તે પાણી નહીં પણ નિર્ભેળ શરાબ ન પીનો હોય! મરજીવા હંમેશાં તરસ્યાં જ હતાં. તેઓ સવારે કંઈપણ ખાધાપીધા વિના જ જતાં હતાં, કારણ કે ભરેલાં પેટે પાણીનાં દબાણની અંદર ડૂબકીઓ ખાવી એ હાનિકારક હતું, તેથી તેઓ પાણીની અંદર અંધારું થઈ જાય ત્યાં સુધી ભૂખ્યાં પેટે જ કામ કરતાં. માત્ર રાત્રે સૂતાં પહેલાં તેઓનો ખોરાક માત્ર ખારું માંસ જ હતું.

રાતે વહાણનાં માલિક પેદ્રો ઝુરીતાનો ખાસ વિશ્વાસુ

માણસ, અમેરિકન ઇન્ડિયન બલ્તાઝાર ચોકીદાર હતો.

જુવાનીનાં કાળમાં બલ્તાઝાર દૂર દૂર સુધી ખ્યાતિ પામેલો નામીચો મરજીવો હતો. તે પાણીની અંદર દોઢ મિનિટ, કે કદાચ બબ્બે મિનિટ સુધી પણ રહી શકતો હતો, જે એક સામાન્ય મરજીવા રહી શકે તેના કરતાં બમણો સમય હતો.

"અમે તેમ કેવી રીતે કરતાં? મારાં દિવસોમાં તેઓ જાણતાં હતાં કે કેવી રીતે કેળવણી આપવી અને તે બાળપણથી જ શરૂ કરી દેતાં," બલ્તાઝાર સૌજવાન મરજીવાઓને કહેતો. "હું માત્ર દસ વર્ષનો હતો. મારા પિતા મને હોઝે પાસે લઈ ગયા. તેમની પાસે તાલીમ માટે નાનું વહાણ હતું. અમે બાર જાણાં હતાં, બધાં જ મારાં જેવાં છોકરાંઓ જ હતાં. અને આમ તેમણે અમને કેળવણી આપી. તે એક ગોળ સફેદ કાંકરો અથવા છીપલું પાણીમાં ફેંકતો અને અમારામાંથી એકને જઈને તે લઈ આવવા કહેતો. દરેક વખતે તે વધારે ને વધારે ઊંડે સુધી જઈને મળતો. જો અમારામાંથી કોઈ એક પણ તેને ન પકડી શકતું તો હોઝે તેની ખૂબ જ ઉગ્ર ટીકા કરતો કે પછી એક બે ચાબખા પણ ચખાડી દેતો અને તૂતક ઉપરથી ફરીથી પ્રયત્ન કરવા કૂતરાની જેમ ધકેલતો. અને તે કામ થઈ જતું. પછી તેણે અમને પાણીની અંદર લાંબો સમય રહેવાની તાલીમ આપવાની શરૂ કરી. અનુભવી મરજીવો નીચે જતો અને લંગરના દોરડાથી બાંધીને છાબડી કે જાળીનો ટુકડો બનાવી આવતો. પછી અમે નીચે જઈને ગાંઠો ખોલી આવતાં. અને જ્યાં સુધી બધી જ ગાંઠો ન ખૂલી જાય ત્યાં સુધી અમને ઉપર આવવા

દેવામાં નહોતાં આવતાં. જો અમે તેમ કરતાં તો ફરી અમને ચાબખાં પડતાં.

"કેટલો બધો અમે માર ખાધો હતો! બધાં જ તો તેની સામે ન ટકી શક્યાં. પણ તેમાંથી હું એક મરજીવો બની શક્યો અને તે પણ જિલ્લાનો સૌથી પ્રખ્યાત. અને હું ઘણા પૈસા પણ કમાઈ શક્યો."

પછી તો એક સમય એવો આવ્યો કે જ્યારે બલ્તાઝારને મરજીવાનો જોખમી ધંધો છોડવો પડ્યો. તે હવે એટલો જુવાન નહોતો રહ્યો અને તેના ડાબા પગ ઉપર શાર્કનાં દાંતનાં ડરામણાં નિશાનો અને તેના પાસા ઉપર લંગરનાં દોરડાંનાં નિશાનો પડી ગયા હતાં. તેણે બ્યૂએનસ-આઇરસમાં એક નાનકડી દુકાન ખરીદી અને મોતી, પરવાળા, છીપલાં અને દરિયાઈ વિલક્ષણ વસ્તુઓનો વેપાર શરૂ કર્યો. પણ સમુદ્ર તટની આ જિંદગીથી તેને કંટાળો આવતો અને કોઈક કોઈક વખત તે નિર્ણય કરતો કે હવે તેને કંઈક બદલાવની જરૂર છે અને તે બીજાં મરજીવાઓની સાથે સમુદ્રમાં જતો.

તેને હંમેશાં પોતાનાં સત્કારની ખાતરી રહેતી. તે લા-પ્લાતા અખાત વિશે કંઈ જ નહોતો જાણતો કેમ કે તેના મોતિયા મેદ્યાનો જાણવ બહુ મહત્ત્વનું હતું પણ નહી. તેમ છતાં બધાંએ તેને આવકાર્યો—તે જાણતો હતો કે મરજીવાઓ અને માલિકોને કેવી રીતે ખુશ કરવા. શિખાઉ મરજીવાઓને તે વેપારની તરકીબો શીખવતો: પાણીની અંદર કેવી રીતે પોતાનો શ્વાસ રોકવો, અને કેવી રીતે શાર્કની [illegible], અને જ્યારે તે ખૂબ ખુશમિજાજમાં રહેતો ત્યારે [illegible] અમૂલ્ય અને આકર્ષક મોતીને માલિકની નજરથી

કેવી રીતે બચાવવા તે પણ બતાવતો.

માલિકોને તે મોતી છૂટાં પાડવામાં અને તેમાંથી સારામાં સારાની આંકણી કરવામાં મદદ કરતો.

બલ્તાઝાર ઊંધા વાળેલાં પીપ ઉપર બેઠો હતો. તેના આંગળાં વચ્ચે જાડી સિગારેટ હતી. અંધારામાં વહાણનાં કૂવાથંભ ઉપર બાંધેલા ફાનસનાં પ્રકાશમાં તેનું મોઢું સાફ દેખાતું હતું. તે સુંદર નાક, નકશાવાળું લાંબું અને મોટી મોટી સુંદર આંખોવાળું હતી — બિલકુલ આરાઉકાનીયન* મોઢાં જેવું હતું. તે ઝોકાં ખાતો હતો. તેની આંખો ભર ઊંઘમાં મીંચેલી હતી, પણ તેમ છતાં તેનાં કાન તો એકદમ સરવા જ હતાં. તેના કાન ઉપર અવાજનાં પડઘાં પડતાં હતાં અને ભર ઊંઘમાં પણ તેને ચેતવતાં હતાં. પણ હવે ત્યાં માત્ર મરજીવાઓમાં ઊંહકારા અને ગણગણાટ જ સંભળાતાં હતાં. સડેલાં મોતીનાં છીપલાંની ગંધ કિનારા તરફથી આવતી હતી જે એક કાળુમાછલીની હતી તે પણ એક કામ જ હતું: મરેલાં શંખપ્રાણીનું કવચ એકદમ સહેલાઈથી ખૂલી જાય છે. આસાધારણ નાક માટે અસહ્ય એવી દુર્ગંધ તે બલ્તાઝાર માટે સુગંધ હતી. તેના માટે, દરિયો ખેડવો, એ તો સમુદ્રી જિંદગીના આનંદ અને ભય બધાં જ ને અનુભવવું તે હતું.

છેલ્લું મોતી કાઢી લીધા પછી મોટાં છીપલાંઓને 'જેલીફીશ'ના તૂતક ઉપર લાવવામાં આવ્યાં. કોઈપણ વસ્તુને નકામી જવા દે તેમાંનો ઝુરીતા નહોતો. તેમાંથી બટન બનાવતા કારખાનામાં તેણે તે છીપલાં વેચી દેતો.

---

* આરાઉકાનીયન — અમેરિકન ઇન્ડિયનની એક જાતિનું નામ.

બલ્તાઝાર ઊંઘતો હતો. તેની આંગળીઓ વચ્ચેથી સિગારેટ સરકી ગઈ. તેની હડપચી છાતી ઉપર ટેકલી હતી.

દરિયા તરફ દૂરથી કોઈ અવાજ આવતાં તેની ઊંઘ તૂટી. પછી તે અવાજ વધારે ને વધારે નજીક આવ્યો. બલ્તાઝારે પોતાની આંખો ઉઘાડી. ત્યાં તેને લાગ્યું કે કોઈ ભૂંગળાનો અવાજ જોરથી આવ્યો, તેની સાથે સાથે જાણે કોઈ યુવાનનો ખુશખુશાલ માનવીય અવાજ પણ હતો, જે થોડી જ વાર પછી એકદમ ઊંચા સ્વરે સંભળાવા લાગ્યો.

ભૂંગળાનો અવાજ ન તો વહાણની સાયરનની કર્કશ ગર્જનાને મળતો હતો કે ન તો તૂતક ઉપરથી ગોતા ખાતા માણસની બૂમરાણના અવાજને મળતો હતો. વાસ્તવમાં એવો કોઈપણ અવાજ નહોતો થયો કે જેની બલ્તાઝાર કલ્પના કરી શકે. તે ઊઠયો. તેની ઊંઘ પણ જાણે હવાની સાથે સાથે ઊડી ગયેલી દેખાતી હતી. તે કઠેરા સુધી ગયો અને અંધારામાં ડોકિયાં કરવા લાગ્યો. તેની આંખો અને કાન કંઈપણ ન શોધી શક્યાં. ચોતરફ નીરવ શાંતિ હતી. ઊંઘતા ઇન્ડિયનને જગાડવા માટે તેણે પોતાનો પગ ધીમેથી તેને માર્યો.

"મેં બૂમરાણ સાંભળી. તે, ચોક્કસ તેની જ હોવી જોઈએ." તેણે મરજીવાને એકદમ ધીમેથી કહ્યું.

"હું કંઈપણ સાંભળી નથી શકતો," ગુરોન* ઇન્ડિયન જે પોતાનાં ઘૂંટણ ઉપર અડધો ઊભો થઈને સાંભળી રહ્યો હવે તેણે એટલી જ ધીમેથી કહ્યું. ત્યાં

* ગુરોન — અમેરિકન ઇન્ડિયનની એક જાતિનું નામ.

જ અચાનક ભૂંગળાંનો અવાજ સોંસરવો આવ્યો અને ફરીથી નીરવ શાંતિ છવાઈ ગઈ.

ગુરોન ભયથી પાછો હઠી ગયો જાણે કે તેને જ ચાબખાં ન પડયાં હોય.

"હા, આ તો તેનો જ છે," તેણે ભયથી દાંત વડે કડકડ કરતાં કહ્યું.

બીજાં મરજીવાઓ પણ જાગી ગયાં. તેઓ ફાણસના પ્રકાશની દિશામાં ઢસડાઈ આવ્યા. જાણે કે પીળા પ્રકાશમાં ભયાવાહ અંધકારથી વધારે રક્ષણ ન મળતું હોય. ત્યાં તેઓ બધાં ભેગાં થઈને ટૂંટિયું વાળીને બેસી ગયાં. અને પોતપોતાનાં કાન સર્તક કર્યાં, ભૂંગળું અને અવાજ દૂર દૂર જતાં રહ્યાં અને હવે સંભળાતો બંધ થઈ ગયો.

"તે ચોક્કસ તેનો જ અવાજ છે—'દરિયાઈ રાક્ષસનો.'" મરજીવાઓ ગુસપુસ કરવા લાગ્યાં.

"આપણે અહીંથી બિલકુલ સાફ જ થઈ જઈશું!"

"શાર્કના બચ્ચાંની તેની સાથે સરખામણી કરી!"

"આપણે આપણાં ઉપરીને કહેવું જોઈએ."

ત્યાં જ ઉઘાડા પગનો ટપટપ અવાજ આવ્યો. બગાસાં ખાતો અને રુવાંટીવાળી છાતી ખંજવાળતો પેદ્રો ઝુરીતા તૂતક ઉપર આવ્યો. કંતાનનો લેંઘો માત્ર તેણે પહેરેલો હતો; પિસ્તોલનું કવર પહોળા ચામડાના પટ્ટામાંથી ઝૂલતું હતું. ઝુરીતા મરજીવાઓની પાસે પહોંચ્યો. ફાણસના પ્રકાશમાં ઊંઘથી ચોળાયેલું તેનું શામળું મોઢું જાડા વાળની કપાળ ઉપર ઝૂલતી ઝુલ્ફો, કાળી ભમ્મરો, અણિયાળી મૂછો અને ભૂખરી દાઢી ચમકતી હતી.

"શું ચાલી રહ્યું છે?"

તેનો દૃઢ અવાજ અને હેતુપૂર્વક બતાવેલા હાવભાવને જોઈને બધાં જ મરજીવા એકપળ ચૂપ થઈ ગયાં.

પછી તેઓ એક અવાજ બોલી ઊઠયા.

બલ્તાઝારે તેઓને શાંત કરવા હાથ ઊંચો કર્યો.

"અમે તેનો અવાજ સાંભળ્યો — 'દરિયાઈ રાક્ષસનો'," જ્યારે પૂર્વવત શાંતિ થઈ ગઈ ત્યારે તેણે કહ્યું.

"તમે તેનું કોઈ સ્વપ્ન જોયું હશે," પેદ્રોએ ઘેનમાં કહ્યું.

"અમે સ્વપ્ન નથી જોયું. અમે બધાંએ તેના ભૂંગળાંનો અવાજ સાંભળ્યો," મરજીવા બૂમો પાડવા લાગ્યા.

ફરીથી બલ્તાઝારે હાથ હલાવી તેઓને શાંત રહેવા કહ્યું.

"મેં મારા કાને ભૂંગળાંનો અવાજ સાંભળ્યો. મને ચોક્કસ ખાતરી છે કે તે તેનો જ અવાજ હતો. દરિયામાં બીજું કોઈ એવું નથી કે જે એવો અવાજ કરી શકે. આપણે અહીંથી વહેલામાં વહેલી તકે નીકળી જવું જોઈએ અને એક પળ પણ ન ગુમાવવી જોઈએ."

"'ઘરડી ડોશી'ઓ જેવી વાતો," પેદ્રો ઝુરીતાએ લાપરવાહીથી કહ્યું. દુર્ગંધ મારતાં મોતીનાં છીપલાં કે જે હજુ ખોલવા માટે તૈયાર નહોતા તેમને તૂતક ઉપર લઈને આ મોતીયા મેદાનમાંથી ઉપડી જવાનો વિચાર સુદ્ધાં તેને ન ગમ્યો. પણ મરજીવાઓને ત્યાં રોકાવા માટે સમજાવવા પ્રયત્ન કરવો તે પત્થર સાથે માથું ફોડવા બરાબર હતું. તેઓએ બૂમરાણ મચાવી મૂકી, પોતાનાં હાથ ઉછાળવા લાગ્યાં. જો ઝુરીતા લંગર નહીં ઉઠાવે તો

તેઓએ તૂતક છોડીને બૂએનસ-આઇરસની તરફ ભાગી જવાની ધમકી આપી.

"સત્યાનાશ થાય તમારું અને એ 'દરિયાઈ રાક્ષસ'નું," છેવટે તેણે કહ્યું. "તમે જીત્યાં. આપણે લંગર પરોઢીયે ઉપાડીશું." અને ગણગણાટ કરતો તથા શાપ આપતો તે નીચે ગયો.

હવે તે જરા પણ ઊંઘમાં નહોતો. બત્તી ચાલુ કરીને તેણે સિગારેટ સળગાવી અને પોતાની નાની કૅબીનમાં આમતેમ આંટા મારવા લાગ્યો. દરિયાની ભરતીના સીમાક્ષેત્રમાં વારંવાર આવો ત્રાસ પમાડનાર આ રહસ્યમય પ્રાણી વિશે તે વિચારવા લાગ્યો. તે માછીમારો અને દરિયાકિનારાના ગામવાસીઓમાં નોંધપાત્ર ભય ફેલાવતું હતું.

નાવિકો અને માછીમારો તેના વિશે વાતો કહેતાં ભીરુતાથી આમતેમ જોતાં, જાણે કે પ્રચંડ પ્રાણી વિશે બોલતાં વેંત જ તે તેમની સામે આવી ન જાય, તે વિચારી ડરતાં હતાં.

આ પ્રાણીએ કેટલાંક લોકોની મદદ કરી હતી અને કેટલાંકને નુકસાન તેમ માનવામાં આવતું હતું.

"તે તો દરિયાઈ દેવતા છે," ઘરડાં ઇન્ડિયનોએ કહ્યું, "હજારો વર્ષોમાં એક વાર તે ધરતી ઉપર ન્યાય પ્રસ્થાપિત કરવા સમુદ્રમાંથી બહાર નીકળી આવે છે."

કૅથોલીક પાદરીઓ તેમના અંધશ્રદ્ધાળુ સ્પેનીશ જનસમુદાયને ઉપબોધ આપતાં કે ધર્મમાં જ તેમનો ઉદ્ધાર છે, અને સાથે સાથે તેમ પણ કહેતાં કે "દરિયાઈ રાક્ષસ" એ દૈવીશક્તિનું જ પ્રચંડરૂપ હતું કે જે પવિત્ર કૅથોલીક

દેવળોની અવગણનાને કારણે વારંવાર પ્રગટ થતું હતું.

અફવાઓ ફેલાતી ફેલાતી છેવટે બ્યૂએનસ-આઇરસ સુધી પહોંચી. સનસનીખેજ સમાચારોની ભૂખી પ્રેસનાં વર્તમાન પત્રોમાં "દરિયાઈ રાક્ષસ" અઠવાડિયાઓ સુધી મથાળે રહ્યો. કોઈપણ અકલિત ઘટના — જેવી કે વહાણનું ગૂમ થઈ જવું, કે પછી માછલાં પકડવાની નાની હોડીઓ, માછલાં પકડવાની જાળીઓ કે પકડાયેલાં માછલાંની ચોરી – તે બધાં જ "દરિયાઈ રાક્ષસ"નાં કૃત્યો હતાં. પણ સાથે સાથે બીજી કેટલીક દંતકથાઓ પણ હતી જેવી કે મોટી માછલી રહસ્યમય રીતે માછલાં પકડવાની હોડીઓમાં આવી જતી તથા માણસો પણ ડૂબતાં ડૂબતાં બચી ગયાં હતાં.

આ બધાંમાંથી ઓછામાં ઓછી એક દંતકથા એ પણ હતી કે જ્યારે છેલ્લી ગઈ વખતે તે અંદર જઈ રહ્યો હતો ત્યારે કોઈકે તેને પાછળથી પકડી લીધો અને ઝડપથી કિનારા તરફ લઈ આવીને કિનારા ઉપર ચઢાવ્યો. સમુદ્રનાં મોજાં અદૃશ્ય થતાંની સાથે જે તે પોતાનાં પગ વડે છૂટવા માટે તરફડિયાં મારતો પાછળ જોતો.

ન તો કોઈએ એ "દરિયાઈ રાક્ષસ"ને જોયો હતો કે ન તો કોઈને તેને જોયાની ખ્યાતિ મળી હતી. તેમ છતાં, એટલું તો ચોક્કસ હતું કે કેટલાંક લોકો ભગવાનની સાક્ષીએ કહેતાં હતાં કે પ્રાણીને માથે શિંગડાં નીકળેલાં હતાં અને તેની બકરા જેવી દાઢી હતી, સિંહ જેવાં પગ હતાં, અને તેનું માછલીની પૂંછવાળું કે માણસનાં જેવાં પગવાળા વિશાળકાય દેડકાની જેમ વર્ણન કરવામાં આવ્યું હતું.

પહેલાં તો બ્યૂએનસ-આઇરસના સત્તાધારી વ્યક્તિઓએ એમ વિચારીને કે આ તો સનસનીખેજ છાપાંઓની સનસની

માત્ર જ છે, આ બધી અફવાઓ છાપાંનાં લેખો પ્રત્યે ધ્યાન ન આપ્યું.

પણ અફવાઓથી ખાસ કરીને માછીમારોમાં દહેશત પેસી ગઈ અને દહેશતમાંથી ગભરાટ ફેલાઈ ગયો. તેઓ સમુદ્રમાં અંદર જતાં બીતાં હતાં, પકડાયેલાં માછલાંનો જથ્થો ઘટતો જતો હતો, બૂએનસ-આઇરસમાં માછલીની અછત થઈ ગઈ. સત્તાધારીઓને લાગ્યું કે હવે તેઓએ દખલ કરવી જોઈએ. સમુદ્ર-કિનારા-રક્ષકનું પોલીસદળ યુદ્ધનૌકાઓની યાંત્રિક હોડીઓ એકત્રિત કરવામાં આવી અને આદેશ આપવામાં આવ્યો કે "દરિયા કિનારાનાં લોકોમાં ભયનો સંકેત અને ગભરાટ ફેલાવનારાં અજાણ્યાં માણસને અટકાયતમાં લઈ લેવો."

પંદર દિવસ સુધી લશ્કરે અખાત લા-પ્લાતાની બારીકાઈથી તપાસનું કામ કર્યું અને બદલામાં કેટલાંક ઇન્ડિયનોને કે જેઓ ભય અને ગભરાટ ફેલાવતી અફવાઓ ઉડાવી રહ્યાં હતાં, તેમને અટકાયતમાં લેવા સિવાય બીજું કોઈ તથ્ય ન મળ્યું.

પોલીસના મુખ્ય અધિકારીએ એક સત્તાવાર ઘોષણા કરી કે "રાક્ષસ" કેટલાંક અજ્ઞાન લોકો દ્વારા ઉડાવામાં આવેલી અફવાઓમાં જ માત્ર હતો, કે જેમને અટકાયતમાં લઈ લેવામાં આવ્યાં છે અને તેમને યોગ્ય સજા મળશે. માછીમારોને અફવાઓની ઉપેક્ષા કરી પોતાના વેપારને ફરીથી ચાલુ કરવાની સલાહ આપી.

આનાથી તત્કાળ તો રાહત રહી, પણ તે લાંબી ન ટકી: "રાક્ષસ" નવાં અટકચાળાં સાથે ફરી ઉપર ઊઠી આવ્યો.

પ્રશાંત રાત્રિમાં બકરાના બચ્ચાંનાં બેં બેં જેવા અવાજથી કેટલાંક માછીમારો જાગી ગયાં. સમુદ્ર કિનારાથી દૂર તેમની હોડીમાં તે કેવી રીતે આવ્યું તે એક જાદુઈ ચમત્કાર સિવાય બીજું કંઈ નહોતું. બીજાં માછીમારોએ પોતાની જાળીઓ ખેંચવા માંડી તો ત્યાં ને ત્યાં જ ટુકડેટુકડાં થઈ કપાઈ ગઈ.

"રાક્ષસ"ના ફરીથી પ્રગટ થવાના સમાચારથી અત્યંત ખુશ થયેલાં સમાચાર પત્રોએ હવે વિજ્ઞાનનાં અભિપ્રાયની માંગણી કરી.

વૈજ્ઞાનિકોએ તરત જ દાવો કર્યો કે સમુદ્રના તે વિભાગમાં વિજ્ઞાનથી અજ્ઞાત હોય તેવું કોઈપણ સમુદ્રી પ્રચંડ પ્રાણી તેવાં બુદ્ધિમત્તાભર્યાં કર્યો કરવા સમર્થ હોય તે શક્ય નથી. તેઓ કહેતાં રહ્યાં કે જરૂરી નથી કે આ વિશાળ મહાસાગરની ઊંડાઈઓ ઉપર પણ લાગુ કરી શકાય. તેમ છતાં પણ, ત્યાં પણ તેઓ આ પ્રકારનાં પ્રચંડ પ્રાણી હોવાની અપેક્ષા ન રાખી શકે. પોલીસના મુખ્ય અધિકારીના અનધિકૃત મતની સાથે તેઓ સહમતીનું વલણ ધરાવતાં હતાં. જેના હિસાબે તેઓ વિચારતાં હતાં કે આ બધાંની પાછળ કોઈ પહોંચેલા મશ્કરાનો હાથ છે.

પણ બધાં જ વૈજ્ઞાનિકો આ મત સાથે સહમત નહોતાં.

કેટલાંકે પોતાની દલીલોમાં કોનરેડ ગેસનર* — વિશ્વ

---

* કોનરેડ ગેસનર — ૧૬મી સદીનાં પ્રસિદ્ધ જર્મન વિદ્વાન હતા. તેમણે 'જાનવરોનો ઈતિહાસ' પુસ્તક લખ્યું હતું. આ પુસ્તકનો પ્રભાવ પ્રકૃતિવાદીઓ ઉપર બહુ લાંબા સમય સુધી રહ્યો.

પ્રખ્યાત પ્રકૃતિવાદીનો ઉલ્લેખ કર્યો. જે આપણા માટે સમુદ્રી પરી, સમુદ્રી રાક્ષસ, સમુદ્રી સાધુ અને સમુદ્રી બિશપનું વર્ણન છોડી ગયાં.

"જ્યારે પણ પ્રાચીન અને મધ્યકાલીન વૈજ્ઞાનિકોએ કહેલી અને કરેલી વાતોમાંથી પ્રાતિપાદિત કરેલાં તથ્યો વિશે કહેવામાં આવે ત્યારે તે આજના યુગમાં પણ સત્ય સાબિત થઈ કે જેથી તેના અસ્તિત્વની આધુનિક વિજ્ઞાન પણ હાંસી ન ઉડાવી શક્યું. દૈવી સર્જન સાચે જ અખૂટ છે અને અમે વૈજ્ઞાનિકો, બીજા બધાં કરતાં વધારે, અમારાં નિષ્કર્ષોમાં સૌથી વધારે ભાર સાદાઈ અને અગમચેતી ઉપર આપીએ છીએ," તેઓએ લખ્યું.

એ દેખીતી રીતે સ્પષ્ટ હતું કે તેઓ વિજ્ઞાન કરતાં ધર્મમાં વધારે માનતા હતાં અને તેમનાં લાંબા પ્રવચનો વધારે પડતાં ધાર્મિક પ્રવચન જેવાં રહેતાં.

છેવટે વૈજ્ઞાનિક અભિયાન સજ્જ થયું અને વિદ્વાતાભરી ચડસાચડસીને કોઈ નિર્ણય ઉપર લાવવામાં આવી.

અભિયાનનાં સભ્યો કોઈ "રાક્ષસ" તો ન પકડી શક્યા, પણ તેઓ "અજ્ઞાત માણસ"ની હયાતી સંબંધિત ઘણું બધું શીખી શક્યાં (ઘરડાં સભ્યો "માણસ" શબ્દ ને બદલે "પ્રાણી" શબ્દ બદલવા માટે સતત ભારપૂર્વક કહેતાં).

વર્તમાનપત્રોમાં પણ આ અભિયાનનો અહેવાલ છપાયો, જેમાં કહેવામાં આવ્યું હતું:

"૧. સમુદ્રના કિનારા ઉપર કેટલીક જગ્યાઓએ

અમે નિરીક્ષણ કરતાં જોયું કે બિલકુલ માણસના પગના તળિયાંના સાંકડા નિશાનો ત્યાં હતાં. જોકે તે સમુદ્ર તરફથી પાછા સમુદ્ર સુધી ખેંચાયેલાં હતાં, તેમ છતાં શક્ય છે કે તે હોડીઓ તરફથી આવતા લોકોનાં પણ હોઈ શકે.

"૨. અમે જે જાળીઓનું નિરીક્ષણ કર્યું તો તે કોઈ અણીદાર સાધનો દ્વારા કપાયેલી હતી. કદાચ તેઓ પાણીની અંદરનાં ભેખડોમાં ફસાઈ ગઈ હોય કે પછી નૂતેલાં વહાણોની વાંકી વળેલી ધાતુની વસ્તુઓમાં ફસાઈ ગઈ હોય.

"૩. આ અહેવાલ—અમારું ધ્યાન ડોલ્ફીનની તરફ પણ દોરતું હતું—કે જે દરિયાઈ તોફાનને કારણે સમુદ્ર કિનારા તરફ ખેંચાઈ આવી હોય અને પાણી સાફ થતાં કોઈક તેને સમુદ્રમાં પાછું ઘસડી ગયું હોય. ધ્યાનથી જોતાં ત્યાં પંજા જેવાં પગલાંનાં નિશાન સ્પષ્ટપણે દેખાતાં હતાં.

અમને પૂરેપૂરો સંતોષ છે કે સંશયાત્મક ડોલ્ફીનને કોઈ દયાળુ માછીમારે તેના આવશ્યક વાતાવરણમાં પાછી મૂકી દીધી હતી. માછીમારોની ડોલ્ફીન પ્રત્યેની દયાળુતાનો આ એકમાત્ર જ પ્રસંગ નહોતો. એ તો બહુ સામાન્ય હકીકત છે કે કેટલીક વખત ડોલ્ફીન પોતે માછીમારોને માછલાં પકડવામાં મદદ કરે છે. તેમાં તેઓ માછલીને દરિયાકાંઠાનાં છીછરા ભાગ તરફ ખેંચી લાવે છે. દલીલ તરીકે રજૂ કરેલાં પંજાનાં નિશાન એ વાસ્તવમાં કાલ્પનિક ચાનની સાક્ષી પૂરી શકતાં હતાં.

"૪. બકરીના બચ્ચાને કદાચ વહાણમાં લાવવામાં

આવ્યું હોય અને કોઈ કુશળ મશ્કરાએ તેને તૂતક ઉપર સરકાવી દીધું હોય."

"રાક્ષસ"ની કરામાતને વ્યાખ્યા દ્વારા સમજાવવાના પ્રયત્નોમાં વૈજ્ઞાનિકો પાસે કહેવા માટે ઘણું બધું હતું. તેઓને ખાતરી હતી કે કોઈપણ એવું સમુદ્રી જીવ નહોતું કે જે તેમ કરે.

પણ વૈજ્ઞાનિકોનાં સ્પષ્ટીકરણથી દરેકને સંતોષ ન થયો. કેટલાંક વૈજ્ઞાનિકો માટે પણ તે અપૂરતાં હતાં. કુશળ મશ્કરો કેવી રીતે ભલે ને પછી ગમે તેટલો સાધનસંપન્ન અને હોંશિયાર હોય આટલા લાંબા સમય સુધી પોતાની જાતને અંધારામાં રાખી શકે? તેમ છતાં આખી વાતને સમજવી વધારે કઠિન કેવી રીતે બની કે અભિયાનના નિર્ણયોના કહેવા મુજબ—જોકે સાહજિક રીતે તેનો અહેવાલમાં સમાવેશ નહોતો કર્યો—"રાક્ષસ" પોતાની યુક્તિઓ વ્યાપક રૂપે જુદી જુદી જગ્યાએ થોડા થોડા સમયનાં આંતરે અજમાવતો. કદાચ "રાક્ષસ" ન સાંભળી હોય તેવી ઝડપથી મુસાફરી કરી શકતો હતો કે પછી તે કામ માટે કેટલાંક રાક્ષસો" જુદી જુદી જગ્યાએ હતાં અને આના કારણે કુશળ મશ્કરાના વિચારને માનવો બિલકુલ જ અસંભવ હતો.

પોતાની કેબીનમાં આમતેમ આંટા મારતાં મારતાં ઝુરીતાના મનમાં આ જ મથામણ ચાલતી હતી.

જોતજોતામાં પરોઢ થઈ ગઈ. તેની સાથે જ વહાણની નાની બારીમાંથી પ્રકાશનાં આછાં ગુલાબી કિરણો આવી

રહ્યાં હતાં. પેદ્રોએ બત્તી બુઝાવી દીધી અને મોં પોવાનું શરૂ કર્યું.

જ્યાં હજી તેણે પોતાના માથા ઉપર નવશેકું પાણી રેડ્યું હતું ત્યાં જ ભય સંકેતની બૂમરાણો તૂતક ઉપરથી આવતી સાંભળી. અડધો ધોવાયેલો તે એકદમ ઝડપથી સાથેની નિસરણી પર દોડી ગયો.

વહાણનાં દરિયા તરફ પડતા કઠેરા બાજુ, માત્ર લુંગી બાંધેલા મરજીવાઓ શોરબકોર ભર્યા અવાજોમાં હાથ હલાવી રહ્યાં હતાં. પાછલી રાત્રે જે હોડીઓ હતી તે હમણાં ત્યાં નહોતી. સ્પષ્ટ હતું કે તેઓ કોઈપણ રીતે રાત્રે સમુદ્ર તટથી દૂર જોરદાર પવનના સુસવાટાને કારણે પ્રવાહની સાથે સાથે ઘસડાઈ ગઈ હતી. તેમને હવે સવારની મંદ મંદ હવા કિનારા તરફ લાવી રહી હતી. તેનાં હલેસાં અખાતમાં તરી રહ્યાં હતાં.

ઝુરીતાએ મરજીવાઓને તે હોડીઓને એકઠી કરી લાવવાનો આદેશ આપ્યો. કોઈપણ પોતાની જગ્યાએથી સહેજે ન ચસક્યું. ઝુરીતાએ પોતાનો આદેશ દોહરાવ્યો.

"શા માટે તમે પોતે જ જતાં નથી અને 'રાક્ષસ' સાથે પોતાનું નસીબ અજમાવવાનો પ્રયત્ન નથી કરતાં?" કોઈકે કહ્યું.

ઝુરીતાએ પોતાની પિસ્તોલના કવર ઉપર હાથ મૂક્યો. મરજીવાઓ વહાણનાં કૂવાથંભ સામેથી પાછાં હઠી ગયાં, અને ઝુરીતા સામે કરડી નજરે જોવાં લાગ્યાં. પ્રગટ વિગ્રહ અનિવાર્ય લાગતો હતો. પછી બલ્તાઝાર વચ્ચે પડયો.

"આરાઉકાનીયનને ડરાવી શકે તેવી કોઈ વસ્તુ

નથી," તેણે કહ્યું. "શાર્ક માછલીને મારાં ઘરડાં હાડકાંનું આકર્ષણ નહીં હોય કે પછી ન તો 'દરિયાઈ રાક્ષસ'ને હોઈ શકે." હાથ ઊંચા કરીને તેને ડૂબકી મારી અને હોડીઓની તરફ તરતો તરતો જવા લાગ્યો. મરજીવાઓ ફરીથી કઠેરા પાસે આવી ગયાં અને ભય અને આશંકાથી બલ્તાઝારની પ્રવૃત્તિને એકનજરે જોવા લાગ્યાં. ઉંમર અને ઘવાયેલાં પગના કારણે અપંગ એવો હોવા છતાં પણ તે માછલીની જેમ સરસરાટ તરતો હતો. કેટલાંક જબરજસ્ત ઝટકાંની સાથે તે ઇન્ડિયન હોડીની બરાબર બાજુમાં ખેંચાઈ ગયો. તરતાં હલેસાંને પકડી તે હોડીમાં ચઢી ગયો.

"વહાણને બાંધવાનું દોરડું ચપ્પા વડે કપાયેલું છે," તેણે બૂમ પાડીને કહ્યું. "આટલી સફાઈથી કામ અસ્રા વડે ન કરી શકાય."

બલ્તાઝારને એકદમ સહી-સલામત જોતાં કેટલાક મરજીવાઓ તેની પાછળ પાછળ ગયાં.

ડોલ્ફીનની સવારી

સૂરજ હજી ઊગ્યો જ હતો. તેમ છતાં ગરમી ધોમધખતી હતી. રૂપેરી વાદળી આકાશ એકદમ સ્વચ્છ હતું, સમુદ્ર પણ નીરવ શાંત હતો. બલ્તાઝારની સલાહ પ્રમાણે જ્યારે 'જેલીફીશ'નું લંગર એક નાના અખાતના કિનારા પાસે નાંખવામાં આવ્યું. તે જગ્યા બ્યૂએનસ-આઇરસથી દક્ષિણમાં લગભગ બારેક માઈલ દૂર હતી.

પાણીમાંથી સીધા બે ખડકોની વચ્ચે કોઈ અભરાઈ ન નીકળી આવી હોય, તેવી તે જગ્યા દેખાતી હતી!

નાની નાની હોડીઓને અખાત ઉપર તરતી મૂકી દેવામાં આવી. દરેક હોડીમાં બબ્બે મરજીવાં હતાં, જેઓ વારાફરતી પાણીમાં ગોતા મારવાનું તથા ઉપર જવાનું કામ કરતાં હતાં.

દરિયાકાંઠાની નજીકની હોડીમાંના મરજીવાએ એક પરવાળાના મોટા ટુકડાને ખૂંચવી ડૂબકી મારવામાં દોરડાં સાથે બાંધી પોતાના પગની વચ્ચે દબાવી દીધો અને ઝડપથી સમુદ્રના ઊંડાણમાં સરકી ગયો.

પાણી હૂંફાળું હતું. અને એટલું તો કાચ જેવું પારદર્શક હતું કે દરિયાના પેટાળમાં પડેલાં કાંકરા પણ સહેલાઈથી ગણી શકાય. દરિયાકાંઠાની નજીકનાં પરવાળાં આશ્ચર્યજનક એવાં દરિયાની અંદરના બગીચાની ઝાડીઓની જેમ ફેલાયેલાં હતાં. નાનકડાં રૂપેરી-સોનેરી માછલાં આ ઝાડીઓમાં તરતા તરતા આવ-જા કરી રહ્યાં હતાં.

મરજીવો સમુદ્ર-પેટાળ તરફ નમી ઝડપથી છીપલાં વીણી તેમને પોતાના ચામડાના પટ્ટા સાથે લટકાવેલી નાની થેલીમાં નાંખતો ગયો. તેની સારસંભાળ લેનાર, ગુરોન ઇન્ડિયન નીચે નમીને મરજીવાને સારી રીતે જોઈ રહ્યો હતો. મરજીવાનાં ગોતાંખાવાનાં દોરડાનો છેડો પકડેલો હતો. ત્યાં જ અચાનક તેણે જોયું કે મરજીવો એકદમ ઊછળ્યો અને દોરડાને ઝડપી એટલી તો જોરથી આંચકો આપ્યો કે ગુરોન તૂતક ઉપરથી લગભગ ખેંચાઈ આવ્યો. હોડી ડોલવા લાગી. ઇન્ડિયન એકદમ ઝડપથી દોરડું એક પછી એક હાથે ખેંચી રહ્યો હતો. અત્યારે તે હોડીમાંના

મહામોહનને શ્વાસ લેતાં માણસની મદદ કરી રહ્યો હતો. ભયના કારણે તેનાં ડોળાં ફાટી ગયાં હતાં, તેનો શામળો ચહેરો ફિક્કો પડી ગયો હતો.

"શું તે શાર્ક માછલી હતી?"

પણ મરજીવામાં જવાબ આપવા જેટલો પણ હોશ નહોતો.

કોણે તેને આટલી ભયાનક રીતે ડરાવ્યો હશે? ગુરોન સારી રીતે ધ્યાનથી જોવા માટે પાણીની સપાટી ઉપર ઝૂક્યો. ચોક્કસ હતું કે ત્યાં નીચે કંઈક ગડબડ હતી. બાજને જોતાં જ ભાગતાં પક્ષીઓની જેમ નાનાં તાજાં જન્મેલાં માછલાં દરિયાની અંદરની જંગલની ઝાડીઓ તરફ પોતાની સલામતી માટે ઝડપથી જઈ રહ્યાં હતાં.

પછી તેણે જોયું તો દરિયાની અંદરના ખડકની પાછળથી જાંબુડિયા રંગના ધુમાડાનું મોજું નજરે પડયું જે વાદળા જેવું દેખાતું હતું. જેમ જેમ આ વાદળું મોટું થતું ગયું તેમ તેમ પાણી ઉપર ગુલાબી રંગની ઝાંય ચડવા લાગી. પછી એક ઘેરી આકૃતિ ખડકની પાછળથી અડધી દેખાઈ, જે ધીમેથી વાંકી વળી અને પાછળની બાજુ સરકી ગઈ. તે શાર્ક હતી અને જાંબુડિયું વાદળું એ સમુદ્રના પેટાળ ઉપર ફૂટી આવેલ તેનું લોહી હતું. ત્યાં નીચે શી ઘટના બની હશે? ગુરોને પોતાના સાથી તરફ જોયું, પણ તે જવાબ ન આપી શક્યો. ચિત્ત પડેલો તે પહેલા જ ખુલેલાં મોઢા વડે શ્વાસ લઈ રહ્યો હતો. ફાટી આંખે આકાશમાં તાકી રહ્યો હતો. હવે સીધો તેને 'જેલીફીશ' તરફ લઈ જવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો.

ત્યાંનાં બીજાં બધાં જ મરજીવાઓ તે માણસની ફરતે ટોળે વળી ગયાં.

"બોલ, ભાઈ, કંઈક તો બોલ," જુવાન ઈન્ડિયને મરજીવાને ઝંઝોડીને કહ્યું. "એય, જો તું તારું મોઢું ઉઘાડીશ તો તારા ગભરાયેલા જીવને કંઈક રાહત મળશે."

ધીમે ધીમે હોશમાં આવતાં મરજીવાએ પોતાનું માથું ધુણાવ્યું.

"મેં... 'દરિયાઈ રાક્ષસ' જોયો," તેણે ખોખરા લથડાતા અવાજે કહ્યું.

"'દરિયાઈ રાક્ષસ'?"

"ચાલ તો પછી, ભગવાનને ખાતર, અમને તેના વિષે કહે," મરજીવાઓ અધીરાઈથી બૂમ પાડી ઊઠયા.

"મેં ઉપર જોયું તો શાર્ક દેખાઈ. તે સીધી મારી તરફ ધસી રહી હતી. મોટું કાળું કદાવર અને બિહામણું પ્રાણી, ઉઘાડા વિશાળ જડબા સાથે જાણે હમણાં જ કોઈકને ગળી જશે. તે ચોક્કસ દેખાતું હતું કે તે હું જ હતો. પછી મેં તેને જોયો..."

"કોને, 'દરિયાઈ રાક્ષસને'?"

"તે કેવો દેખાતો હતો? શું તેને માથું હતું?"

"માથું? માનું છું કે તેને હતું. રકાબી જેવી મોટી મોટી આંખો."

"જો તેને આંખો છે તો ચોક્કસપણે તેને માથું પણ હોવું જ જોઈએ," જુવાન ઈન્ડિયનનો તે ફેંસલો હતો. "આંખો કંઈ પોતાની મેળે જ ન આવે. શું કોઈ પગ હતાં?"

"તેનાં આગળનાં પગ દેડકાનાં જેવાં દેખાતાં હતાં.

લાંબી લીલી આંગળીઓ એકબીજા સાથે જોડાયેલી અને પંજાવાળી હતી. અને તેનું કદ અને આકૃતિ માછલીના જેવી ચમકતી હતી. તે શાર્કની તરફ પોતાના આગળના પંજાને ધકેલીને ધસ્યો. સરસર! લોહીને ફૂવારો ઊડયો..."

"તેના પાછલા પગ કેવાં દેખાતાં હતાં?" એક મરજીવા એ તેને વચ્ચે જ અટકાવીને પૂછ્યું.

"પાછલાં પગ?" તેણે યાદ કરવાનો પ્રયત્ન કર્યો. "તેને પાછળ કોઈ પગ નહોતાં. માત્ર મોટી પૂંછડી હતી. જે પાછળથી બે સાપોમાં વહેંચાઈ ગઈ હોય તેવી હતી."

"કોણે તને આટલી ખરાબ રીતે બીવડાવ્યો, તેણે કે શાર્કે?"

"રાક્ષસ!" ખચકાયા વિના તેણે જવાબ આપ્યો. "તેમ છતાં તેણે મારી જિંદગી બચાવી."

"'દરિયાઈ-રાક્ષસ'," ઇન્ડિયને કહ્યું.

"ના, દરિયાઈ-દેવતા કે જે ગરીબને મદદ કરે છે," એક વૃદ્ધ ઇન્ડિયને તેની ભૂલ સુધારી.

આ સમય દરમિયાન દૂર દૂરની હોડીઓ સુધી આ સમાચાર પહોંચી ગયા અને વાર્તા માટે આતુર એવા વધારે અને વધારે મરજીવાઓ નૂતક ઉપર પહોંચી ગયાં.

તે માણસે વારંવાર ફરીથી તેની વાત કહી સંભળાવી. જેમ જેમ તે ફરીથી અને ફરીથી કહેતો ગયો તેમ તેમ તેને વધારે અને વધારે વિગતો યાદ આવતી ગઈ. હવે તેમ લાગતું હતું કે રાક્ષસ આગ વરસાવતો અને પોતાના કાન પટપટાવતો વાંકી તલવાર જેવા દાંતવાળો, મોટી માછલાં જેવી પાંખો અને વહાણનાં સુકાન જેવી પૂંછડીવાળો હતો.

સફેદ પાટલૂન અને મોટી કિનારીદાર ટોપી પહેરેલ પેદ્રો ઝુરીતા નૂતક પર આગળ પાછળ ધીમે ધીમે ચાલતાં, સેંડલમાં પોતાના ઉઘાડા પગ નાખતાં જે પણ કહેવામાં આવતું હતું ધ્યાનમાં લેતો હતો.

જેમ જેમ મરજીવાને વધારે અને વધારે વાતો યાદ આવતી ગઈ અને કહેતો ગયો, તેમ તેમ પેદ્રોને વધારે અને વધારે ખાતરી થતી ગઈ કે આ બધી જ શાર્કથી ગભરાયેલાં મરજીવાની કલ્પના માત્ર જ હતી. તેણે વિચાર્યું, અને તેમ છતાં તે માત્ર આટલું જ ન હોઈ શકે. કોઈકે લાંબો ચીરો કરી શાર્કની પડખાંને ચીર્યું અને તેની સાથે જ અખાતનું પાણી ગુલાબી રંગનું થઈ ગયું. ઈન્ડિયનના મિથ્યા ભાષણમાં સ્પષ્ટ દેખાતું હતું કે આંખે જોયા કરતાં કંઈક વધારે તેમાં હતું. તેણે વિચાર્યું કે કેવો વિચિત્ર વ્યાપાર છે, મરવા દે તેને.

પાણીની સપાટી ઉપરના ખડકોની દિશા તરફથી આવતાં ભૂંગળાના અવાજે ઝુરીતાના વિચારની ગાડીને તે જે ક્ષણે ત્યાં જ અટકાવી દીધી.

વીજળીના ભયંકર કડાકા જેવી તેની અસર હતી. બધાંની જીભો જાણે એકદમ લકવો મારી ગઈ. મોં રાખ જેવાં ભૂખરાં પડી ગયાં. ભયગ્રસ્ત આંખો ખડકોની દિશામાં ફાટેલી રહી ગઈ.

ખડકોની નજીક પાણીમાં ડોલ્ફીનનું કુટુંબ ગેલમાં કૂદાકૂદ કરી રહ્યું હતું. તેમાંથી એક ડોલ્ફીને બુલંદ ગર્જના કરી જાણે કે તે ભૂંગળાના આદેશના જવાબમાં જ ન હોય, તે ખડકોની તરફ ચાલી ગઈ અને થોડી જ વારમાં તેમની પાછળ અદૃશ્ય થઈ ગઈ. ઉત્તેજનાની થોડી

ક્ષણો પછી તે ફરી દેખાઈ. તેની ઉપર એક વિચિત્ર પ્રાણી સવાર હતો, વાસ્તવમાં, તે મરજીવાએ હમણાં જ, જેનું વર્ણન કર્યું હતું તે "દરિયાઈ રાક્ષસ" હતો. રાક્ષસનું શરીર અને માથું માણસનાં જેવાં હતાં, જેની વિશાળ આંખો મોટરગાડીની મોટી બત્તીઓની જેમ સૂરજમાં ચમકી રહી હતી, રૂપેરી-વાદળી ચામડી હતી, અને લાંબી જોડાયેલી આંગળીઓ વાળા ઘેરા-લીલા રંગના આગળનાં પંજા હતાં. પ્રાણીનાં પગ પાણીમાં ડૂબેલાં હતાં, તેથી કહેવું અશક્ય હતું કે તે માણસનાં જેવાં હતાં કે પ્રાણી જેવાં. તેના એક આગલા પંજામાં પ્રાણી પાસે લાંબો વાગતો ભૂંગળા જેવા શંખ હતો. તેની ઉપર બીજો પ્રહાર કરતાં પ્રાણી પુરુષસહજ અટ્ટહાસ્ય હસ્યું અને અચાનક સ્પષ્ટ સ્પેનિશ ભાષામાં બરાડી ઊઠયું: "ખૂબ જ ઝડપથી આગળ વધ, લીડિંગ!" તેનાં દેડકાં જેવાં હાથ વડે ડોલ્ફીનની લીસી ચળકતી પીઠને થાબડી અને પોતાનાં પગ વડે સવારીને પ્રોત્સાહિત કરી અને સારી એડી લગાડેલાં ઘોડાની જેમ ડોલ્ફીને એકદમ ઝડપ પકડી.

આશ્ચર્યજનક બૂમરણો મરજીવાઓથી દૂર થઈ ગઈ.

સવાર-પ્રાણીએ ચારેબાજુ જોયું. પછી તેમને ખબર પડી કે તે ડોલ્ફીન ઉપરથી ઊતરી બીજી બાજુ જતું રહ્યું હતું. ડોલ્ફીનની પીઠને હળવી ટપલી મારતાં લીલાં આગલાં પંજા નજરે પડયાં. તેની તાબેદાર સવારી પાણીમાં ડૂબી ગઈ.

ઝડપથી અડધું-કૂંડાળું બનાવતી વિચિત્ર જોડી હજુ પણ જોઈ શકાતી હતી. અને પછી તે ખડકોની પાછળ અદૃશ્ય થઈ ગઈ.

આખી ઘટના એક જ મિનિટમાં બની ગઈ હતી પણ જોનારાઓ ઘણી વાર સુધી તે જગ્યાએ જાણે સ્તબ્ધ થઈ ચોંટીને ઊભા રહી ગયાં.

પછી તો જાણે આસમાન તૂટી પડ્યું. કેટલાંક ઇન્ડિયનો બૂમો પાડવા લાગ્યાં અને દોડાદોડ કરવા લાગ્યા જાણે ગાંડા ન થઈ ગયાં હોય, બીજાં પોતાનાં ઘૂંટણભેર પડી પોતાની જિંદગી બચાવવા ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા. જુવાન મંક્સિકને ભયના કારણે બૂમરાણ મચાવી મૂકી, મુખ્ય કૂવાથંભની એકદમ ઉપર તેણે આશ્રય લીધો. હબસી લોકો વહાણના તૂતક નીચેનાં ભંડકિયાંની અંદર નીચે તરફ ચુપકેથી ખસી ગયાં.

કોઈનો પણ કામ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નહોતો થતો. માત્ર પેદ્રો, અને બલ્તાઝાર જ હતાં કે જેમણે કંઈક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરી. 'જેલીફીશ'નું લંગર ઉપાડ્યું અને ઉત્તર દિશાની તરફ સમુદ્રયાત્રા શરૂ કરી.

ઝુરીતાની નિષ્ફળતા

વહાણનો માલિક બધી જ વાતો ઉપર ઊંડો વિચાર કરવા પોતાની કેબીન તરફ નીચે ગયો.

"કોઈકને ગાંડા કરવા માટે આટલું પૂરતું હતું!" જગમાંથી નવશેકું પાણી પોતાના માથા ઉપર રેડતાં તેણે વિચાર્યું. "દરિયાઈ રાક્ષસ સ્પષ્ટ કાસ્તીલેનો બોલી બોલે છે! તે શું હતું? રાક્ષસનું કામ? કે પછી માયાજાળ હતી? જોકે તે વહાણના ખલાસીઓના આખા સમૂહને એકસાથે

ન બની શકે. કોઈ બે માણસો એક જ જેવું સ્વપ્ન કદીયે ન જોઈ શકે. પણ અમે બધાંએ તો તે દરિયાઈ રાક્ષસને પોતાની આંખે જોયો જે હકીકત હતી. તેથી દરિયાઈ રાક્ષસનું અસ્તિત્વ છે, પછી ભલે ને તે ગમે તેટલું અશક્ય લાગતું હોય." ઝુરીતાએ પોતાના માથા ઉપર વધારે પાણી રેડ્યું અને થોડી તાજી હવા ખાવા વહાણની નાની બારીમાંથી માથું બહાર કાઢ્યું. ચિત્ત થોડું શાંત થતાં તેણે વિચાર્યું: "દરિયાઈ રાક્ષસ છે કે નહિ, એમ લાગે છે કે રાક્ષસ ખૂબ જ બુદ્ધિ ધરાવે છે અને તેનો સ્પેનિશ ભાષા ઉપર ખૂબ જ સરસ કાબૂ છે. તેથી તે ભાષામાં તેની સાથે વાતચીત કરવી શક્ય છે. ધારો કે — હા, શા માટે નહિ? માનો કે હું તેને પકડી પાડું અને મોતી માટે તેની પાસે જ ગોતા મારવાનું કામ કરાવું તો! આખા વહાણ ભરીને મરજીવાઓની સામે એ એક જ પ્રાણી શું ખોટું. મારે તો સીધે સીધા પૈસા જ બનાવવા છે! દરેક મરજીવાને તેણે પકડેલા હિસ્સાનો ચોથો ભાગ આપવો પડે છે, પણ અહીં તો માત્ર તેની સારસંભાળ લેવાનો જ ખર્ચો આવવાનો છે. તેનો અર્થ એ થયો કે હજારો, લાખો પીસો*નો ઢગલો મારી સામે થશે..."

સંપત્તિનું સ્વપ્ન જોતાં ઝુરીતાની આંખો ચમકી ઊઠી. આમ પહેલી વાર જ તેની સાથે નહોતું થયું વારંવાર તે મોતી મેળવવા માટે બિલકુલ નવી જ જગ્યાઓ શોધવાનાં સ્વપ્નો જોતો હતો. પર્શિયન અખાત, શ્રીલંકાનો પશ્ચિમી

---

* પીસો — એ સ્પેનનું ચલણી નાણું છે.

3—1005

કિનારો, રાનો સમુદ્ર, અને ઓસ્ટ્રેલિયાના કિનારા તેના માટે ઘણાં દૂર હતાં અને તે અખાતોને પહેલાં પણ સારાં એવાં સાફ કરી નાંખવામાં આવ્યાં હતાં. મૅક્સિકનના અખાત, કેલીફોર્નિયાના અખાત અને વેનેઝવીલ કિનારો કે જ્યાં સૌથી સારાં અમેરિકન મોતી મળતાં હતાં, તે પણ તેના જૂના વહાણની પહોંચ બહાર હતાં. તેને વધારે મરજીવાઓની પણ જરૂર હતી. અને તેના માટે ઝુરીતા પાસે એટલાં પૈસા પણ નહોતા. તેથી તે પોતાના જ દેશનાં વિસ્તારનાં સમુદ્રોમાં કામ કરતો રહ્યો. પણ હવે પરિસ્થિતિ જરા જુદી હતી. જો એક વખત "દરિયાઈ રાક્ષસ" તેના હાથમાં આવી જાય, તો હવે તે પોતાના સ્વપ્નની ઈમારત ચણી શકતો હતો.

આખા ઍર્જેન્તાઈન અને કદાચ બંને અમેરિકાઓમાં તે સૌથી વધુ શ્રીમંત થઈ જશે. તાકાત માટે પૈસા તેનો રસ્તો સાફ કરશે. દુનિયાભરમાં તેના નામનો ડંકો વાગશે... પણ તેને બહુ સાવધાનીથી આ રમત રમવાની હતી. સૌથી પહેલાં તો તેને એ જોવાનું હતું કે ખલાસીઓનો સમૂહ તો કંઈ વાતો નથી કરતો.

ઝુરીતા તૂતક ઉપર ગયો અને રસોઈના સહિત બધાં ખલાસીઓને ઉપર બોલાવ્યા.

"તમે બધાં જ જાણો છો," તેણે તેમને કહ્યું. "જે પણ 'દરિયાઈ રાક્ષસ'ની અફવાઓ ફેલાવતું હતું તેમનું શું થતું હતું. જો તમે ન જાણતા હો તો તેઓ હજુ પણ જેલમાં બંધ છે. હું તમને એક વાર ચેતવણી આપું છું. અને તે એ છે કે: તમારામાંથી કોઈપણ 'દરિયાઈ રાક્ષસ'ને જોયાની વાત કરતું પકડાશે તો તેને જેલમાં

પૂરી દેવામાં આવશે અને કીડા-મકોડા ખાવા માટે આપવામાં આવશે. સમજ્યા તમે? જો તમે તમારી સલામતી ઈચ્છતા હો તો તે વાત તમારાં મનમાં જ દબાવી રાખજો."

"ગમે તેમ હોય પણ કોઈપણ તેમની વાત માનવાનું નહોતું કારણ કે આ આખી વાત કોઈ પરીકથા જેવી છે," ઝુરીતાએ વિચાર્યું, અને બલ્તાઝારને પોતાની પાછળ પાછળ આવવાનું કહી નીચે જતો રહ્યો.

બલ્તાઝારે ઝુરીતાની આખી યોજના ધ્યાનપૂર્વક સાંભળી.

"સારી લાગે છે," એક ક્ષણ વિચારીને તેણે કહ્યું, "પ્રાણીની કિંમત સો મરજીવાઓ જેટલી છે. 'રાક્ષસ' તમારા ઈશારા ઉપર નાચે—ખોટું નથી, અંહહ? પણ પહેલાં તો તમારે તેને પકડવો જોઈએ."

"મજબૂત જાળીથી તે કામ પાર પડશે," ઝુરીતાએ કહ્યું.

તે એટલી જ સહેલાઈથી જાળીને ચીરી કાઢશે જેટલી સહેલાઈથી પેલી શાર્કના પેટને ચીરી કાઢ્યું હતું.

"આપણે ધાતુના તારની જાળી બનાવડાવી શકીશું."

"કોણ તેને પકડવા જશે? આપણાં મરજીવાઓ તો નહીં જ. એટલા બધાંમાંથી એક પણ એવો નથી કે જે તેના નામ માત્રથી પીળો ન પડી જાય. તેઓ એ કામ માટે હાથ લંબાવવા સ્વપ્ને પણ વિચાર ન કરે પછી ભલે ને તેમને દુનિયાની બધી જ સંપત્તિ ન મળતી હોય."

"તારો શો વિચાર છે, બલ્તાઝાર?"

ઈન્ડિયને પોતાના ખભા ચડાવ્યા.

"મેં કદી 'દરિયાઈ રાક્ષસ'નો શિકાર નથી કર્યો. હું ધારું છું કે તેનો પીછો કરવો તે સહેલું નહીં હોય. એમ જોતાં કે તમે તેને જીવતો ઇચ્છો છો."

"તું ડરતો તો નથી કે ડરે છે, બલ્લાઝાર? ગમે તેમ હોય પણ આ 'દરિયાઈ રાક્ષસ' વિષે તારો શો વિચાર છે?"

"જાગુઆર પશુ કે જે હવામાં ઊડે છે અને શાર્ક કે જે ઝાડ ઉપર ચઢી જાય છે, તેના વિશે હું શું કહી શકું? પ્રાણી કે જેનો વિષે તમે કંઈ નથી જાણતા તેનાથી ભય લાગે છે. પણ મને એવી ભયાનક રમતો ગમે છે."

"હું તેના માટે તને પૂરેપૂરે બદલો ચૂકવીશ!" ઝુરીતાએ ખાતરી આપતાં પોતાનો હાથ બલ્લાઝારના હાથ ઉપર મૂક્યો.

"તે કામમાં જેટલાં ઓછાં લોકો હશે તેટલું વધારે સારું," તે પોતાની યોજનાને વિગતવાર તૈયાર કરવા લાગ્યો. "તું આપણા તૂતક ઉપરના આરાઉકાનીયનોને વાત કર. બીજા બધાં કરતાં તેઓમાં વધારે આવડત છે અને તેઓ નીડર પણ છે. તેમનામાંથી છએક લોકોને લઈ લે, વધારે નહીં! જો આપણામાંથી કોઈ તૈયાર ન થાય તો દરિયાકિનારા ઉપરના બીજાઓને જો. એમ લાગે છે કે 'રાક્ષસ' દરિયાકિનારાની નજીક જ રહે છે. આપણે પ્રયત્ન કરીશું અને સૌથી પહેલાં તો તેની બખોલ શોધી કાઢીશું. પછી આપણને ખબર પડશે કે ક્યાં આપણી જાળ ફેંકવી."

તેઓએ બિલકુલ સમય ગુમાવ્યો નહિ. ઝુરીતાએ ધાતુના તારની તળિયેથી ઉઘાડા પીપ જેવી જાળી

બનાવડાવવાનો આદેશ આપ્યો. રાક્ષસને સપડાવવાની ગણતરીથી તેની અંદર તેણે સામાન્ય જાળી પાથરી દીધી, મરજીવાઓને વિદાય કરી દીધાં. આખા જૂથમાંથી માત્ર બે જ આરાઉકાનોની ભરતી કરવામાં બલ્તાઝારને સફળતા મળી. બીજાં ત્રણ લોકો તેને બ્રૂએનસ આઇરસ ઉપરથી મળ્યાં.

તેમ નિશ્ચય કરવામાં આવ્યો કે જ્યાં સૌથી પહેલી વખત "રાક્ષસ"ને જોયો હતો તે અખાતથી જ તેનો શિકાર કરવાની શરૂઆત કરવી. વહાણનું લંગર થોડાંક માઈલો દૂર નાંખવામાં આવ્યું, કે જેથી "રાક્ષસ"ને કોઈ શક ન જાય. ઝુરીતાની ટુકડી સામાન્યપણે માછલા પકડવાના કામમાં વ્યસ્ત થઈ આસપાસમાં તેમનાં અસ્તિત્વની ખાતરી આપતી હતી. દરિયાકિનારા ઉપરનાં કેટલાંક ખડકોની પાછળથી સંતાઈને અખાતના પાણી ઉપર તેઓ વારાફરતી ચોરીછૂપી નજર રાખી રહ્યાં હતાં.

બીજું અઠવાડિયું પણ વીતી ગયું પણ હજુ સુધી "રાક્ષસ"નાં કોઈ ચિહ્નો દેખાતાં નહોતાં.

બલ્તાઝારે નજીકનાં ગામનાં ઇન્ડિયન ખેડૂતો સાથે ઓળખાણ કરી લીધી. આખા દિવસ દરમિયાન પકડેલાં માછલાં તે તેમને અડધી કિંમતે વેચતો અને પછી તેમની સાથે ગપ્પાં મારવાં રોકાઈ જતો. જેમાં ખૂબ જ હોંશિયારીથી "દરિયાઈ રાક્ષસ"નો વિષય ખેંચી લાવતો. થોડી જ વારમાં એક ઘરડાં ઇન્ડિયને જાણ્યું કે જગ્યા શોધવાંમાં તેઓ એકદમ ઠીક હતાં. વાસ્તવમાં, ઘણાં ગ્રામવાસીઓએ ભૂંગળાનો અવાજ સાંભળ્યો હતો અને રેતાળ સમુદ્ર કિનારા ઉપર પગલાંનાં નિશાન પણ જોયાં

હતાં. તેઓએ કહ્યું કે એડીઓ તો લગભગ માણસ જેવી જ દેખાતી હતી પણ આંગળા કંઈક વધારે પડતાં લાંબા હતાં. કેટલીક વખત જ્યાં તે આડો પડયો હતો ત્યાં રાક્ષસની પીઠનાં નિશાન પણ તેમણે જોયાં હતાં.

"રાક્ષસે" કોઈપણ વ્યક્તિને કોઈપણ જાતનું નુકસાન પહોંચાડયું હોય તેમ જાણવા નહોતું મળ્યું, તેથી ગ્રામવાસીઓએ તેણે પાછળ છોડેલા નિશાનો વિષે મનમાં લાંબું વિચાર્યું જ નહોતું. તદઉપરાંત, તેઓમાંથી કોઈએ પણ નરીઆંખે તેને જોયો નહોતો.

બે અઠવાડિયા સુધી 'જેલીફીશ' અખાતની નજીક પડી રહી અને મરજીવાઓ માછલાં પકડવાનો દેખાવ માત્ર કરતાં રહ્યાં. બે અઠવાડિયામાં ઝુરીના, બલ્તાઝાર અને ઈન્ડિયન મજૂરો આખો અખાત ખૂંદી વળ્યા, પણ હજુ સુધી "દરિયાઈ રાક્ષસ" ક્યાંય દેખાયો નહોતો. ઝુરીતાને ચિંતા થવા લાગી અને ક્રોધને મારે ઊછળી ઊઠયો. તે જેટલો અધીરો હતો તેટલો જ અધમ પણ હતો. દરરોજ ખર્ચો વધતો જતો હતો અને હવે ઘણાં દિવસો સુધી "રાક્ષસે" તેઓને રાહ જોવડાવી હતી. પેદ્રોના મનમાં શંકાઓ ઉદ્‌ભવવા લાગી. ધારો કે જો પ્રાણી વાસ્તવમાં રાક્ષસ જ હોય તો? તો પછી કોઈ જાળીઓ વડે તેને પકડી નહીં શકાય. વહેમી ઝુરીતાને, ખાસ કરીને આવી જાતના કોઈ વિચારમાત્રથી હસ્તક્ષેપ કરવાનું પસંદ નહોતું. એટલું તો ચોક્કસ હતું કે માથે લીધેલાં કામને પૂરું પાડવાની દુવા કરવા માટે તે પાદરીને તૂતક ઉપર બોલાવી શકતો હતો, પણ તેમ કરતાં ખર્ચામાં ઊમેરો થતો હતો. અને વળી પાછું, કદાચ કોઈ પહેલી શ્રેણીનું તરનારું પ્રાણી

જ "રાક્ષસ" તરીકે વેશપલટો કરી માત્ર વિનોદ ખાતર પણ લોકોમાં ભય ફેલાવતું હોઈ શકે. ચોક્કસ, તે ડોલ્ફીન જ હતી. પણ તેને તો બીજા પ્રાણીઓની જેમ પાળીને કેળવવી તે શક્ય હતું. શું આ આખી યોજનાને પડતી મૂકવી એ જ વધારે સારું નહોતું? તે વિચારમાં પડી ગયો.

સૌથી પહેલાં "રાક્ષસ"ને શોધી લાવનાર માણસને ઇનામ આપવાનું ઝુરીતાએ વચન આપ્યું. અને શંકાઓથી ઘેરાયેલાં તેઓએ હજુ બીજાં થોડાં વધારે દિવસો સુધી રોકાવાનો અને રાહ જોવાનો નિર્ણય કર્યો.

તેના અસીમ આનંદ વચ્ચે ત્રીજા અઠવાડિયાએ "રાક્ષસ"ની ફરીથી નવી પ્રવૃત્તિઓનાં એંધાણ દેખાવા લાગ્યાં.

એક સાંજે બલ્તાઝાર સવારે વેચવા માટે આખા દિવસમાં પકડેલાં માછલાંઓથી લદાયેલી પોતાની હોડી બાંધી અને નજીકનાં ખેતરમાં એક ઇન્ડિયન મિત્રને મળવા ગયો. પાછા ફરીને તેણે જોયું તો હોડી બિલકુલ ખાલી હતી. બલ્તાઝારને વિશ્વાસ હતો કે તે "રાક્ષસ"ના હાથની જ કરામાત હતી, જોકે રાક્ષસે માછલાંઓના આટલા મોટા જથ્થાને સાફ કરી નાંખ્યા તે તરફ નવાઈ પામ્યા વિના રહી ન શક્યો. અને તેને તે મોડી સાંજે ત્યાં ફરજ ઉપરનાં ઇન્ડિયને પણ દક્ષિણ તરફથી આવતા ભૂંગળાના અવાજને સાંભળ્યાના સમાચાર આપ્યા. બે દિવસ પછી, છેવટે વહેલી સવારે એક સૌથી નાના જુવાન આરાઉકાનીયને "રાક્ષસ"ને શોધી કાઢયો. તે દરિયામાંથી ડોલ્ફીનની સાથે આવ્યો, આ વખતે તેની ઉપર સવાર નહોતો પણ ડોલ્ફીનના ગળાની ફરતેના પહોળા ચામડાના

પટ્ટાને એક હાથમાં પકડી, તેની બાજુમાં તરતો તરતો આવ્યો હતો. અખાતમાં "રાક્ષસે" ડોલ્ફીનનો પટ્ટો કાઢી લીધો, પીઠ ઉપર તેના વડે ટાપલી મારી કિનારા ઉપર ઊંચી ધસી આવેલી એકદમ સીધી ભેખડના તળિયા તરફ તરી ગયો. અને પછી દેખાયો જ નહીં.

ઇન્ડિયનના સમાચાર સાંભળીને ઝુરીતાએ ઇનામ વિષે ન ભૂલવાનું વચન આપતાં કહ્યું:

"એમ લાગતું નથી કે આજે 'રાક્ષસ' પોતાની ગુફામાંથી હાલશે. તેથી આપણી પાસે સમુદ્રના તળિયાને જોવાની સારી તક છે. તો પછી હવે, કોણ તૈયાર છે?"

પણ આ જોખમ ખેડવા માટે કોઈ તૈયાર નહોતું.

પછી બલ્તાઝાર આગળ આવ્યો.

"હું તૈયાર છું," તેણે માત્ર તેટલું જ કહ્યું. પોતાના શબ્દોથી પાછો ફરે તેમાંનો બલ્તાઝાર નહોતો.

તૂતક ઉપર એક ચોકીદારને છોડી તેઓ દરિયા કિનારે, સીધી ભેખડ તરફ ગયાં.

દોરડાનો એક છેડો બલ્તાઝારે પોતાના કમરની ફરતે વીંટી ચપ્પુ લીધું, પોતાનાં ઘૂંટણોની વચ્ચે એક પત્થર પકડયો અને નીચે જતો રહ્યો.

તેના દેખાવાની વ્યગ્ર ચૂપકીદીથી આરાઉકાનીયનો રાહ જોતાં હતાં, ઘેરાં વાદળી પાણીમાં કે જ્યાં ભેખડનો ઘેરો પડછાયો પડતો હતો, ડોકિયાં કરતાં હતાં. ધીરે ધીરે ક્ષણો વીતતી ગઈ. છેવટે દોરડા ઉપર એક જોરદાર આંચકો આવ્યો. જ્યારે બલ્તાઝારને દરિયાકિનારે લાવવામાં મદદ કરવામાં આવી, ત્યારે થોડા સમય પછી હાંફતાં હાંફતાં, તે કહી શક્યો:

"શાર્કના પેટ જેટલો અંધાર્યો સાંકડો રસ્તો ત્યાં નીચે છે, જે ગુફામાં જાય છે. અને 'રાક્ષસ'ને જવા માટે બીજો કોઈ રસ્તો નથી—ચારે બાજુ માત્ર ખડકની સીધી દિવાલો જ દિવાલો છે."

"અતિ ઉત્તમ!" ઝુરીતા એકદમ બોલી ઊઠયો. "જેટલું અંધારિયું તેટલું વધારે સારું. આપણે તો માત્ર જાળી જ ફેંકવાની છે અને સાલાની અંદર ફસાઈ જવાની રાહ જોવાની છે."

જ્યારે ઈન્ડિયનો પાણીની અંદર ગુફાની ફરતે ધાતુના તારની જાળી નીચે ઊતારી રહ્યાં હતાં ત્યારે અખાત ઉપર સંધ્યાકાળનો આછો અંધકાર ફેલાઈ રહ્યો હતો, અને કિનારા ઉપર ખડકની સાથે મજબૂત દોરડાને સખત બાંધી દીધું. જલ્દી ચેતવણી મળી જાય તે માટે બલ્તાઝારે નાની નાની ઘંટડીઓ થોડા થોડા અંતરે દોરડા ઉપર બાંધી.

કામ પતી ગયું, ઝુરીતા, બલ્તાઝાર અને પાંચ આરાઉકાનીયનો પરિવર્તનોની રાહ જોતાં રેત ઉપર બેઠાં.

આ વખતે વહાણનાં તૂતક ઉપર કોઈ નહોતું બધાં જ માણસોની ત્યાં જરૂર હતી.

રાત ઝડપથી વધવા લાગી હતી. ચાંદ હમણાં જ દેખાયો હતો અને સમુદ્રની સપાટીને રૂપેરી રંગે ચમકી રહી હતી. સમુદ્ર તટ પર નીરવ શાંતિ છવાઈ ગઈ હતી. નાનકડી ટુકડી વ્યગ્રતાભરી શાંતિથી બેઠી હતી. હવે કોઈપણ ક્ષણે તેઓ એ અપરિચિત પ્રાણી, કે જેણે માછીમારો અને મરજીવાઓમાં ભય ફેલાવ્યો હતો, તેને જોઈ શકશે.

રાત વિતતી ગઈ. લોકોએ ઝોકાં ખાવાનાં શરૂ કર્યાં.

ત્યાં જ અચાનક ઘંટડીઓ રણકી ઊઠી. લોકો એકદમ સફાળા ઊછળ્યા, દોરડાના છેડા તરફ ભાગ્યાં અને દોરડું ખેંચવા લાગ્યા. જાળી ભારે થઈ ગઈ લાગતી હતી. દોરડાંને વધારે ખેંચીને કસવામાં આવ્યા. જાળીમાંથી કોઈ જાણે છૂટવા માટે તરફડિયાં મારતું હોય તેમ લાગતું હતું.

છેવટે જાળી ઉપર આવી પહોંચી અને ચંદ્રનો ઝાંખો પ્રકાશ તેના ઉપર પડતાં, તેમાંથી છૂટવા માટે છટપટાતું અને સંઘર્ષ કરતું અડધું-માણસ અને અડધું-પ્રાણીનું શરીર નજરે પડતું. ચાંદનીમાં ચમકતી રૂપેરી આકૃતિ અને મોટી વિશાળ આંખો. "રાક્ષસ" જાળમાં સપડાયેલા પોતાના જમણા હાથને છોડાવવા મરણિયા પ્રયત્નો કરી રહ્યો હતો. છેવટે તેને સફળતા મળી, પોતાની બાજુ ઉપરના સાંકડા ચામડાના પટ્ટા ઉપર લટકતી મ્યાનમાંથી ચાકુ બહાર કાઢ્યું, અને જાળીને કાપવાની શરૂ કરી.

"ના, તું નહીં કાપી શકે, ધાતુના તારની જાળીને નહિ," બલ્તાઝાર પોતાનાં મનમાં જ બબડયો.

પણ તેના આશ્ચર્ય વચ્ચે, આ કામ માટે "રાક્ષસ"નું ચપ્પુ એકદમ ધારદાર હતું. જેવું મરજીવાઓએ તેને કિનારા ઉપર મેળવવા માટે જાળી ખેંચી લીધી, તે વખતે "રાક્ષસ" કુશળતાથી ચીરાને પહોળો કરી ચૂક્યો હતો.

"હૈયા, હો, મારાં મિત્રો," બલ્તાઝારે તેમને જોશ આપતી એકદમ બૂમ પાડી.

પણ તે જે ક્ષણે, જ્યારે તેઓનો શિકાર બસ તેમના હાથમાં જ આવતો દેખાતો હતો, ત્યારે જ "રાક્ષસ" ચીરામાંથી પાણીમાં કૂદી ગયો, ઉપરની તરફ પાણીની છોળો ઊછળી, અને તે જતો રહ્યો.

નિરાશ થયેલા માણસોએ જાળને ખેંચવાનું છોડી દીધું.

"તેની પાસે તારને કાપતું એવું તો ચપ્પુ છે કે જાણે તમે તાજી પાઉંરોટીનો ટુકડો ન કાપતાં હોય," બલ્તાઝારે વખાણ કરતાં કહ્યું. "પાણીની અંદરના લુહારની દૃષ્ટિ આપણાં કરતાં પણ વધારે તીક્ષ્ણ હોવી જોઈએ."

પાણીમાં અનિમેષ દૃષ્ટિએ તાકી રહેલા ઝુરીતાની હાલત તો જાણે એક ઝાટકે જેનું આખું ભવિષ્ય જ જાણે ધૂળમાં મળી ગયું હોય તેવા માણસ જેવી હતી.

પછી તેણે પોતાનું માથું ઊંચું કર્યું, પોતાની ટૂંકા બરછટ વાળવાળી મૂછને જોરથી ખેંચીને પોતાના પગને જોરથી પછાડયો.

"પણ, ના, તારું સત્યાનાશ થાય, આ અંત નથી!" તે એકદમ મોટેથી બોલી ઊઠયો. "હું તને છોડવાનો નથી, પછી ભલે ને મારે તારી લોહી વહેતી ગુફામાં ભૂખે ન મરવું પડે. હું એકે પૈસો નહીં બચાવું, હું મરજીવાઓને ભાડે રાખીશ, મારી પાસે જાળીઓ એકઠી કરીશ, અને તેમને દરેકે દરેક જગ્યાએ ફેલાવીશ પણ હું તને મેળવીને જ જંપીશ!"

ઝુરીતામાં ગમે તે ઊણપ હોય, પણ તે નિશ્ચિતપણે ઉદ્દેશ અને બહાદુરી તો નહોતાં જ. આ તેનામાં સ્પેનીશ અત્યાચારી વિજેતાઓનું ગરમ લોહી કે જે તેની રગોમાં દોડી રહ્યું હતું તે હતું. પછી તેણે વિચાર્યું કે આ લડાઈ લડવા યોગ્ય હતી, વળી વધારે ધ્યાનપૂર્વક વિચારવા જેવી એટલા માટે હતી કે જેટલો તે ડરતો હતો તેનાથી અડધો ભયંકર પણ તે "રાક્ષસ" નહોતો.

એવું પ્રાણી કે જેને દુનિયાની ધનસંપત્તિ મેળવવા માટે કામ લેવામાં આવે તો તેની ઉપર ખર્ચેલા પૈસાના કેટલાય ઘણાં પાછા મળશે. ઝુરીતાએ તેને પકડવાનું પણ લીધું હતું પછી ભલે ને તે સમુદ્ર-દેવતા વરુણ દ્વારા રક્ષાયેલો કેમ ન હોય!

દાક્તર સાલ્વાતોર

ઝુરીતા પોતાના શબ્દોથી પાછો ન ફર્યો. તેણે ગુફાના મોં પાસે અને નજીકનાં પાણીમાં "રાક્ષસ"ને પકડવા માટે આડી ઊભી કાંટાળા તારવાળી મજબૂત જાળ કુશળતાપૂર્વક બે પાશોની વચ્ચે જરાપણ જગ્યા છોડયા વગર બિછવી દીધી. પણ આટલી મહેનતના બદલામાં તેને કેટલાંક માછલાં જ મળ્યાં. "દરિયાઈ રાક્ષસ" એક વાર પણ ન દેખાયો. વાસ્તવમાં એમ લાગતું હતું કે તે હવે બિલકુલ જ અદૃશ્ય થઈ ગયો હશે. સ્પષ્ટ હતું કે ફરવા માટે આતુર, પાણીમાં ગરજતો અને ગેલ કરતો તેનો મિત્ર ડોલ્ફીન દરરોજ અખાતમાં દેખાતો હતો. પણ બધું જ વ્યર્થ હતું. તરત જ ડોલ્ફીન છેલ્લી ગર્જના આપશે અને ખુલ્લા સમુદ્ર તરફ જતી રહેશે.

પછી તો મોસમ ખરાબ થવા લાગ્યો. પૂર્વી હવાના કારણે સમુદ્રમાં ભરતી ઓટના તોફાન આવવા લાગ્યા, સમુદ્રના પેટાળની રેતી પાણીમાં ભળતાં પાણી એટલું બધું તો ડહોળાઈ ગયું હતું કે તેની ફીણવાળી સપાટી ઉપરથી નીચે કંઈ પણ જોઈ શકાતું નહોતું.

દરિયાના કિનારા ઉપર જોર જોરથી અફળાતાં સફેદ ફીણવાળાં પ્રચંડ મોજાંઓને જોતો ઝુરીતા કિનારા ઉપર કલાકો ગાળી શકતો હતો. તે તૂટતાં ધૂળમાંથી હિસ્, હિસ્ કરતાં રસ્તો કાપી રહ્યું હતું. અને આગળ પડેલા કાંકરા અને મોતીનાં છીપલાં ઉપર, બિલકુલ તેના પગ ઉપર આવી રહ્યાં હતાં.

"આમ નહીં ચાલી શકે," એક દિવસ ઝુરીતાએ પોતાના મનમાં જ કહ્યું. "આ વિષે કંઈક તો કરવું જ જોઈએ. પ્રાણીની ગુફા સમુદ્રના તળિયે છે અને તે ત્યાંથી હાલશે પણ નથી. ઘણું સરસ. તેથી ઝુરીતા કે જે રાક્ષસને પકડવા ઇચ્છતો હતો તેણે તેને મળવા જવું જ જોઈએ. તે દીવા જેવું સ્પષ્ટ છે!" અને "રાક્ષસ" માટે બીજી જાળ ગૂંથતા બલ્તાઝાર તરફ ફરી તેણે કહ્યું:

"તું સીધો બૂએનસ-આઇરસ જા અને પ્રાણવાયુના સેટ સાથેના બે મરજીવાના ખાસ પોશાક લઈ આવ. સામાન્ય પોશાકથી કામ નહિ ચાલે. 'રાક્ષસ' ચોક્કસ શ્વાસનળીઓને જ કાપી નાંખશે. તદઉપરાંત આપણે તદ્દન પાણીની અંદર જ મુસાફરી કરવી પડશે. અને હા, વીજળીની ટોર્ચ પણ લાવવાનું ન ભૂલતો."

"'રાક્ષસ'ને જોવા જવાનો વિચાર કરતાં લાગો છો?" બલ્તાઝારે પૂછ્યું.

"હા, તારી સાથે, મારા ભાઈ."

બલ્તાઝારે સંમતિ દર્શાવતા માથું ઝુકાવ્યું અને પોતાના પ્રવાસે જવા ઉપડી ગયો.

જ્યારે તે પાછો ફર્યો ત્યારે તેણે ઝુરીતાને બે મરજીવાનાં

ખાસ પોશાક અને વીજળીની ટોર્ચ ઉપરાંત બે લાંબા ખાસ તૈયાર કરાવેલા-વળાંકવાળા કાંસાનાં ચપ્પુ બતાવ્યા.

"આ જાતનાં તો અત્યારે બનતાં નથી," તેણે કહ્યું. "જો તમને મારા એમ કહેવાથી વાંધો ન હોય તો—આ પ્રાચીન ચપ્પુઓનો મારા પરદાદાઓ તમારા પરદાદાઓના પેટને ચીરીને ઉઘાડવા માટે ઉપયોગ કરતાં હતાં."

ઝુરીતાએ તેના ઐતિહાસિક ભાગની પરવાહ ન કરી, પણ તેને ચપ્પુઓ ખૂબ જ ગમ્યાં.

બીજા દિવસે વહેલી પરોઢે, સમુદ્ર તોફાની હોવા છતાં પણ, ઝુરીતા અને બલ્તાઝાર મરજીવાનો ખાસ પોશાક પહેરી તૈયાર થયાં અને સમુદ્રમાં ડૂબકી મારી, પોતાની જ બિછાવેલી જાળીઓમાંથી ગુફાના મોં સુધી પહોંચવાનો રસ્તો શોધવામાં તેમને અથાગ પ્રયત્નો કરવા પડયાં. એકદમ ઘોર અંધાકાર હતો. તેઓએ પોતાનાં ચપ્પુ મ્યાનમાંથી કાઢી લીધાં અને પોતાની ટોર્ચની બત્તીઓ ચાલુ કરી. અચાનક ઝળહળતા પ્રકાશથી ગભરાયેલી નાની માછલી દૂર ભાગી ગઈ, પછી મચ્છરની જેમ એકસાથે સમુદ્રમાં મળી બે વાદળી પ્રકાશમાં પાછી આવી.

ઝુરીતાએ તેમને દૂર કરી, તેમની ચમકતી આકૃતિઓથી તેની આંખો અંજાઈ ગઈ હતી. મરજીવાઓએ જોયું કે તેઓ એક મોટી ગુફા, કે જે લગભગ ૧૨ ફૂટ ઊંચી અને ૨૦ ફૂટ પહોળી હતી, તેમાં હતાં. તે બિલકુલ ખાલી હતી, માત્ર માછલીઓ તોફાન કે મોટી માછલીઓથી બચવા માટે ત્યાં આશ્રય લેતી હતી.

સાવધાનીથી તેની ઉપર ચાલતાં ચાલતાં તેઓ ગુફાની વધારે ઊંડાણમાં ગયાં. ધીરે ધીરે તે સાંકડી થતી જતી હતી.

ત્યાં જ અચાનક ઝુરીતા રોકાઈ ગયો. ટોર્ચના પ્રકાશમાં તેણે અંધારામાં પહેલી એક મજબૂત લોખંડની જાળી જોઈ, જે તેમનો રસ્તો અવરોધી રહી હતી.

ઝુરીતાને પોતાની જ આંખો ઉપર વિશ્વાસ ન બેઠો. તેણે જાળીને ખેંચીને ખોલવાનો પ્રયત્ન કરતાં આગળિયાને પકડમાં લીધો. તે હાલી પણ નહીં. એકદમ નજીકથી જોવા પછી ઝુરીતાને લાગ્યું કે તેને ગુફાની પત્થરની દીવાલોને કોતરીને સજ્જડ રીતે જડી દીધેલી હતી. અને તેની સાથે તાળું પણ બાંધેલું હતું.

તેઓએ હજુ એક બીજી સમસ્યાનો સામનો કર્યો.

તેમણે કદી વિચારી પણ નહોતી તેના કરતાં ઘણી વધારે બુદ્ધિ "રાક્ષસ"માં લાગતી હતી. તે જાણતો હતો કે પાણીની અંદરની પોતાની ગુફામાં રસ્તાને અવરોધવા માટે લોખંડની જાળી કેવી રીતે ઘડવી. પણ તે તો બિલકુલ જ અસંભવ હતું! તે તેને વાસ્તવમાં પાણીની અંદર જ નહીં ઘડી શક્યો હોય, શું તે કરી શક્યો હશે! એનો અર્થ એ થયો કે તે પાણીની અંદર રહેનો જ નહોતો, કે પછી કદાચ, તેના માટે લાંબા સમય માટે તે કિનારે જતો હતો.

ઝુરીતાને લાગ્યું કે તેના લમણાંમાં લોહીનાં ધબકારા જોર જોરથી વધી ગયાં હતાં, જોકે પાણીની અંદરની તે થોડી જ મિનિટોમાં તેણે પોતાના પ્રાણવાયુના જથ્થાનો ઉપયોગ કરી લીધો હતો.

તે બલ્તાઝારની તરફ ગયો અને તેઓ ગુફામાંથી બહાર નીકળી, ઉપર આવી ગયાં.

અત્યંત બેચેનીથી તેમની રાહ જોતાં આરાઉકાનીયનો તેમને પાછા આવેલાં જોઈ ખૂબ જ ખુશ થયાં.

"એના વિષે તારો શો વિચાર છે, બલ્લાઝાર?" પોતાનો માથા ઉપરનો ટોપો કાઢી નાંખ્યા પછી, પોતાનાં હોશ પાછા આવતાં ઝુરીતાએ કહ્યું.

આરાઉકાનીયને પોતાનાં ખભા ચડાવ્યાં.

"એટલું ચોક્કસ છે કે જો આપણે ડાઈનમાઈટ વડે જાળને તોડી નહીં પાડીએ તો વર્ષો સુધી તેના બહાર આવવાની રાહ જોતાં રહી જઈશું. આપણે તેને બહાર ભૂખે તો નહીં જ મારી શકીએ, તેને તો માત્ર માછલાંની જ જરૂર છે, અને ત્યાં તો તે પુષ્કળ પ્રમાણમાં છે."

"શું તું વિચારે છે, બલ્લાઝાર, કે ગુફામાંથી બહાર આવવા માટે બીજો પણ કોઈ રસ્તો હોઈ શકે—મારો કહેવાનો મતલબ છે કે દરિયાકાંઠાથી."

"મેં આ વિષે વિચાર્યું જ નહોતું."

"આ તો વિચારવા જેવું છે. શા માટે સૌથી પહેલાં આપણે ચારેબાજુ જોઈ ન લઈએ," ઝુરીતાએ કહ્યું.

તેથી તેણે હવે કિનારાની શોધ શરૂ કરી.

કિનારા ઉપર એક ઊંચી સફેદ પત્થરની દીવાલની સામે ઝુરીતા આવ્યો. અને તેની આસપાસ ચારેબાજુ ફર્યો. તે જમીનનો ટુકડો એકદમ ઘેરાયેલો હતો, જે ૨૫ એકર કરતાં ઓછો તો નહોતો જ. નક્કર પોલાદના પતરાનો બનેલો એક માત્ર દરવાજો હતો. તેના એક ખૂણામાં અંદરથી બંધ થઈ જાય તેવાં ખાનગી છેદવાળું નાનું પોલાદનું બારણું હતું.

ઝુરીતાએ વિચાર્યું: "વ્યવસ્થિત કિલ્લો... કંઈક સંદેહાત્મક છે. અહીં આજુબાજુના ખેડૂતો કંઈ સામાન્ય રીતે આવી ઊંચી દીવાલો ન બાંધે. અને ક્યાંય કોઈ

તિરાડ પણ નજરે નથી પડતી."

ત્યાં આસપાસ એકદમ પડોશમાં કોઈ બીજાં વસવાટનાં ચિહ્નો પણ નહોતાં, માત્ર અખાત સુધીના આખા રસ્તા ઉપર ક્યાંક ક્યાંક કાંટાળી ઝાડી અને થોરિયાના ઝુંડથી ઢંકાયેલા ઉજ્જડ ભૂખરા ખડકો જ હતાં.

ઝુરીતાની જિજ્ઞાસા વધી ગઈ. બે દિવસ સુધી તે દીવાલની ફરતેના ખડકોની મુલાકાતે વારંવાર જતો રહ્યો, અને ખાસ કરીને પોલાદના દરવાજાની તરફ તેણે તીક્ષ્ણ નજર રાખી, પણ કોઈપણ ન તો અંદર ગયું હતું કે ન તો બહાર આવ્યું હતું કે તેની અંદરથી કોઈપણ જાતનો અવાજ પણ નહોતો આવ્યો.

એક સાંજે 'જેલીફીશ'ના તૂતક ઉપર ઝુરીતાએ બલ્તાઝારને શોધી કાઢ્યો.

"તને કંઈ ખબર છે કે પેલા અખાત ઉપરના કિલ્લામાં કોણ રહે છે?" તેણે પૂછ્યું.

"સાલ્વાતોર—એમ ઈન્ડિયન ખેતમજૂરોએ મને કહ્યું."

"અને તે કોણ છે?"

"દેવતા."

સ્પેનિશની કાળી ભરાવદાર ભવો ઊંચે ચઢી ગઈ.

"તું મજાક કરે છે?"

ઈન્ડિયનના હોઠો ઉપર આછું સ્મિત છવાઈ ગયું.

"મને જે કહેવામાં આવ્યું તે જ હું તમને કહું છું. ઘણાં ઈન્ડિયનો સાલ્વાતોરને દેવતા કહે છે અને પોતાનો ઉદ્ધારક માને છે."

"તેણે તેમને શેનાથી બચાવ્યા છે?"

"મૃત્યુ. તેઓ કહે છે કે તેની પાસે દૈવી શક્તિ છે. તે ચમત્કારો કરી શકે છે. તેઓ કહે છે કે જીવન અને મૃત્યુ તેની મુઠ્ઠીમાં સમાયેલાં છે. તે લંગડા માટે તેવા જ નવા પગ બનાવે છે, આંધળા માટે તેજસ્વી આંખો, તથા વળી તે મરેલા માણસમાં જીવ પણ મૂકી શકે છે."

"કરામ્બા*!" ઝુરીતા બબડયો. તેણે પોતાની જાડી મૂછોને ચપળતાથી હળવો ઝટકો આપ્યો. "ત્યાં નીચે અખાતમાં — 'દરિયાઈ રાક્ષસ' છે અને ઉપર — 'દેવતા'. તેઓ જો ભાગીદાર હોય તો તેને મને આશ્ચર્ય છે."

"જો મારી સલાહ માનો તો આપણા મગજ આ બધાં ચમત્કારોથી ઘૂમરાઈ વળે તે પહેલાં જ, કદાચ એકદમ જલદી, આપણે અહીંથી જતા રહેવું જોઈએ."

"સાલ્વાતોરે જેનો ઇલાજ કર્યો તેવા કોઈપણ માણસને તેં જોયો છે?"

"મેં જોયો છે. તૂટેલા પગવાળા માણસને સાલ્વાતોરની પાસે લઈ જવામાં આવતો મને બતાવવામાં આવ્યો હતો. તે ઘોડાની જેમ દોડતો હતો. પછી સાલ્વાતોરે જે ઇન્ડિયનમાં જીવ પાછો લાવ્યો હતો તેને પણ મેં જોયો. આખું ગામ કહે છે કે માથાની ખોપરી ફૂટવાથી તે એકદમ મરી ગયો હતો. સાલ્વાતોરે તેને ફરીથી સજીવન આપ્યું. તે પાછો આવ્યો એકદમ જીવિત અને હસતો-રમતો. એક સુંદર છોકરી સાથે પરણ્યો પણ ખરો. અને પછી પેલાં બાળકો..."

"તેથી સાલ્વાતોરને દરદીઓ મળે છે?"

---

* નારાજી દર્શાવતો સ્પેનીશ શબ્દ.

"ઇન્ડિયનો."

"તેઓ તેની ફરતે દરેકે દરેક જગ્યાએથી ટોળે મળી જાય છે. દૂર દૂર આવેલાં ટિયેરા ડેલ ફુયેગો અને એમેઝોનથી પણ લોકો તેની પાસે આવે છે."

આટલી માહિતીથી ઝુરીતાને સંતોષ ન થયો અને તે બૂએનસ-આઇરસ જવા ઊપડી ગયો.

ત્યાં પણ તેણે જાણ્યું કે સાલ્વાતોર માત્ર ઇન્ડિયનોનો ઇલાજ કરતો હતો અને જેમની વચ્ચે તેને અદ્ભુત જાદુગર તરીકેની પ્રતિષ્ઠા મળેલી હતી. વૈદકીય લોકોએ ઝુરીતાને કહ્યું કે સાલ્વાતોર અસાધારણ બાહોશ સર્જન હતો, પણ ઘણાં પ્રતિભાશાળી માણસોની જેમ ખરેખર વિલક્ષણ બુદ્ધિવાળો હતો. એટ્લેન્ટીકની બંને બાજુઓનાં વૈદકીય ક્ષેત્રોમાં તેનું નામ ખૂબ જ પરિચિત હતું. અમેરિકામાં તે તેની સાહસિક સર્જનાત્મક સર્જરીને માટે પ્રતિષ્ઠિત હતો. જ્યારે સર્જનો કોઈ કેસને બિલકુલ નિરાશ થઈ છોડી દેતાં ત્યારે સાલ્વાતોરને આગળ આવવા કહેવામાં આવતું. તેણે કદી ના નહોતી પાડી. પહેલા મહાયુદ્ધ દરમિયાન તે ફ્રેંચ મોરચા ઉપર હતો, જ્યાં તેણે લગભગ ખાસ મગજનાં જ ઓપરેશનો કર્યાં હતાં. હજારો લોકો માનતાં હતાં કે તેણે જ તેઓને જીવનદાન આપ્યું હતું.

યુદ્ધવિરામ પછી તે ઘરે પાછો ગયો. તેની દાક્તરી પ્રવૃત્તિ અને જમીનની સોદાબાજીએ તેના ખોળામાં અઢળક ધનસંપત્તિ ભરી દીધી. તેણે દાક્તરી વ્યવસાય છોડી દીધો. બૂએનસ-આઇરસની નજીક થોડી જમીન ખરીદી અને તેની ફરતે ચારેબાજુ ઊંચી દીવાલ બાંધી (તેના વર્તનની આ બીજી વિલક્ષણતા) અને ત્યાં જ ઠરીઠામ

થઈ ગયો. એમ જાણવામાં આવ્યું હતું કે તેણે કોઈ સંશોધન કાર્ય ઉપાડયું હતું. હવે તે માત્ર ઇન્ડિયનોનો ઇલાજ કરતો હતો, જેઓ તેને પૃથ્વી ઉપર ઊતરી આવેલ દેવતા કહેતા હતા.

છેવટે ઝુરીતાએ શોધી કાઢ્યું કે યુદ્ધ પહેલાં બિલકુલ ત્યાં જ કે જ્યાં તેની હમણાં વિશાળ જમીન છે ત્યાં સાલ્વાતોર પાસે બધી બાજુએથી દીવાલોથી ઘેરાયેલું તથા વાડીવાળું ઘર હતું. જ્યારે સાલ્વાતોર ફ્રાંસ મોર્ચામાં ગયો હતો ત્યારે હબસી અને વિકરાળ કૂતરાઓ તેના ઘરની છાની રીતે ચોકી કરી રહ્યાં હતાં.

પછી સાલ્વાતોર એકદમ એકાંતમય જીવન ગાળવા લાગ્યો. તે પોતાના વિશ્વવિદ્યાલયના સહકાર્યકરોને પણ ઘરમાં આવવાં નહોતો દેતો.

આ બધી માહિતી એકત્રિત કરી લીધા પછી ઝુરીતાએ માંદા પડવાનો નિશ્ચય કર્યો કે જેથી તે ભોંયરાની અંદર જઈ શકે.

એક વાર ફરીથી તે સાલ્વાતોરની ધનસંપત્તિની રખેવાળી કરતાં મજબૂત પોલાદના દરવાજા સામે હતો, તેણે દરવાજા ઉપર ટકોરા માર્યા: કોઈ જવાબ ન મળ્યો. તેણે થોડી વાર સુધી તેની ઉપર ઠોકવાનું ચાલુ જ રાખ્યું. અને તો પણ અંદરથી કોઈ હાલ્યું પણ નહીં. તે ક્રોધે ભરાયો. ઝુરીતાએ એક પત્થર ઉપાડયો અને દરવાજા ઉપર ધડધડ ઠોકવા માંડયો. જાણે કે કોઈ મરેલાને જગાડવા માટે ઘોંઘાટ ન કરી રહ્યો હોય!

અંદરથી ક્યાંકથી કૂતરાઓ ભસ્યાં અને છેવટે જાસૂસી છિદ્રની પટ્ટી ઊઘડી.

"તું શું ઇચ્છે છે?" તૂટીફૂટી સ્પેનીશમાં કોઈ અવાજે પૂછ્યું.

"માંદો માણસ દાક્તર પાસે આવ્યો છે, હવે ઉતાવળ કરો, બારણું ખોલો."

"માંદા માણસ આ રીતે ના ઠોકે," ધીર ગંભીર જવાબ આવ્યો અને તેમાંથી આંખે ઝુરીતા તરફ નજર ફેંકી. "દાક્તર કોઈને આવવા નથી દેતા."

"તે માંદા માણસની મદદ કરવાની ના નહીં પાડી શકે," ઝુરીતાએ ભારપૂર્વક કહ્યું.

જાસૂસી-છિદ્ર બંધ થઈ ગયું, પગલાંનો અવાજ ધીરે ધીરે શાંત થઈ ગયો. માત્ર કૂતરાઓએ તેમનું ગુસ્સામાં ભસવાનું ચાલુ રાખ્યું.

પોતાના ગુસ્સાનો ઊભરો ઠાલવતાં વિશેષ ગાળો ભાંડતો ઝુરીતા વહાણની તરફ જતો રહ્યો. તૂતક ઉપર પહોંચી તેણે પોતાના મનમાં પ્રશ્ન કર્યો કે શું સાલ્વાતોરની વિરુદ્ધ કોઈ ફરિયાદ બૂએનસ-આઇરેસમાં તેણે કરવી જોઈએ કે કેમ પણ શો ફાયદો હતો? ઝુરીતા વ્યર્થ ક્રોધથી ઊકળી ઊઠયો. હવે વાસ્તવમાં તેની ભરાવદાર કાળી મૂછો ભયમાં હતી કારણ કે તે પોતાના ઉશ્કેરાટમાં તેને ખૂબ જોર જોરથી આમળી રહ્યો હતો, જે હવાનું દબાણ દર્શાવતાં બેરોમીટરની સોયની જેમ નીચે પડી (તેની ખિન્નતાનું પરિમાણ દર્શાવતું હતું).

ધીમે ધીમે, ગમે તે રીતે, તે શાંત થયો અને વિચારવા લાગ્યો કે હવે પછી તેણે શું કરવું જોઈએ.

જેમ જેમ તે વિચારતો ગયો તેમ તેમ તેની મૂંઝાયેલી આંગળીઓ વારંવાર તેની મૂછો તરફ જતી હતી અને

મૂછોને વળ ચઢાવી રહી હતી. તેના બેરોમીટરની સોય ઉપર જઈ રહી હતી.

છેવટે તે તૂતક ઉપર બહાર નીકળી આવ્યો, અને બધાંના આશ્ચર્ય વચ્ચે, ખલાસીઓને લંગર ઉપાડવાનો આદેશ આપ્યો.

'જેલીફીશ' બૂએનસ-આઇરસ આવી ઊભી રહી.

"અને સમય પણ ઘણો વીતી ગયો," બલ્તાઝારે ટીકા કરી. "ઘણો બધો સમય અને મહેનત વ્યર્થ ગયાં. પેલા 'દેવતા' સાથે 'દાનવ', એ પરમ મિત્રોનું સત્યાનાશ થાય!"

માંદી દોહિત્રી

સૂરજ ધોમ ધખતો હતો. ઘઉં, મકાઈ અને જુવારના ખેતરોની પાસેથી જતા ગામના ધૂળિયા રસ્તા ઉપર એક દુબળો પાતળો ચીંથરેહાલ ઘરડો ઇન્ડિયન ધીમે ધીમે ચાલી રહ્યો હતો. સૂર્યના તડકાથી બચાવવા એકદમ ફાટેલા નાના કામળામાં લપેટેલી એક બાળકીને પોતાના હાથમાં લઈ જતો હતો. બાળકીની આંખો અડધી મીંચેલી હતી. તેના ગળા ઉપર એક મોટી ગાંઠ ઉપસી આવેલી હતી. જ્યારે જ્યારે પણ ડોસો ઠોકર ખાઈ લથડાતો ત્યારે ત્યારે બાળકના મોંમાંથી દબાયેલા અવાજે ઊંહકારો નીકળી જતો હતો અને પોપચાં કંપી ઊઠતાં હતાં. પછી તેના મોં ઉપર ફૂંક મારવા તે રોકાઈ જતો.

"હું એટલું જ ઇચ્છું છું કે તેને ત્યાં સુધી જીવતી

પહોંચાડી શકું," તે ગણગણ્યો અને એકદમ ઝડપથી ડગલાં ભરવા માંડયો.

પોલાદનાં દરવાજાની સામે પહોંચતા જ ઘરડા ઇન્ડિયને બાળકને પોતાના ડાબા હાથમાં લીધું અને બાજુના બારણા ઉપર જમણા હાથ વડે ચાર ટકોરા માર્યા.

છિદ્રમાંથી એક આંખ તેને દેખાઈ, સાંકળ ખખડી અને બારણું એકમ ઊઘડયું.

ઇન્ડિયને ભીરુતાથી અંદર પગ મૂક્યો.

બરફ જેવા ધોળા વાળવાળા, સફેદ અંગરખું પહેરેલા ઘરડા હબસીની સામે તે ઊભો રહ્યો.

"હું માંદા બાળકને લઈને આવ્યો છું," ઇન્ડિયને કહ્યું.

હબસીએ માથું નમાવ્યું, સાંકળ પાછી ચડાવી દીધી અને ઇન્ડિયનને પોતાની પાછળ આવવા ઇશારો કર્યો.

ઇન્ડિયને ત્યાં ચારેબાજુ જોયું. તે નાનકડા જેલ જેવા ચોકમાં ઊભો હતો, જેની ફરસ મોટા પત્થરની લાદીઓથી જડેલી હતી. ક્યાંય ઘાસની પાતળી પટ્ટીનુંય નામનિશાન નહોતું. બહાર કરતાં અંદરની નીચી દીવાલ ચોકને બાકીની જાગીરથી અલગ પાડતી હતી. અંદરની દીવાલના પ્રવેશદ્વાર સામે મોટી બારીવાળું સફેદ મકાન ઊભું હતું. તેની નજીક ઇન્ડિયનોનો સમૂહ ગોઠણભેર બેઠેલો હતો જેમાં માણસો, સ્ત્રીઓ અને બાળકો હતાં.

લગભગ બધાં બાળકો એકદમ સ્વસ્થ લાગતાં હતાં. કેટલાંક છીપલાં સાથે નાનાં સફેદ પથ્થર રમી રહ્યાં હતાં, બીજાં ચૂપચાપ કુસ્તી લડી રહ્યાં હતાં. ઘરડો હબસી જોતો હતો કે તેઓ તે જગ્યાની શાંતિ ભંગ ન કરે.

ઘરડો ડોસો મકાનના છાંયડામાં જરા આરામથી બેઠો અને બાળકના વાદળી પડી ગયેલાં જડ મોં ઉપર ફૂંકો મારવાનું શરૂ કર્યું. જોડી તરફ નજર પડતાં એક ડોસી તેની બાજુમાં ઘૂંટણભેર બેઠી.

"દીકરી?" તેણે પૂછ્યું.

"દોહિત્રી," ઇન્ડિયને જવાબ આપ્યો.

"તમારા બાળકની અંદર કોઈ ભટકતો જીવ ઘૂસી ગયો છે. પણ તે કોઈપણ ખરાબમાં ખરાબ જીવ કરતાં પણ વધુ શક્તિશાળી છે, તે છે જ. તે આ બિચારા બાળકને જરૂર સાજું કરશે."

ઇન્ડિયને હકારમાં માથું ધુણાવ્યું.

સફેદ અંગરખું પહેરેલો હબસી, કે જે માંદાની ચારે તરફ ગોળ બનાવી રહ્યો હતો, ઇન્ડિયનની સામે રોકાઈ ગયો, અને તેણે અંદર જવા માટે તેને મૂક ઈશારો કર્યો.

જે ઓરડામાં ઇન્ડિયન દાખલ થયો તે ખૂબ જ મોટો અને એકદમ ઉજ્જડ હતો. લાદીવાળી ફરસની મધ્યમાં એક લાંબા સાંકડા, સફેદ ચાદર વડે ઢંકાયેલા ટેબલ સિવાય ત્યાં બીજું કશું જ નહોતું. એક ક્ષણ દૂધિયા કાચનું બારણું ઊઘડ્યું અને દાક્તર સાલ્વાતોર અંદર આવ્યો. તે સફેદ અંગરખું પહેરેલ દેખાવમાં ઊંચા કાઠાનો ચોડા ખભાવાળો, વાને શામળો હતો. તેના માથા ઉપર માત્ર કાળી પાંપણો અને ભ્રમરોનાં વાળ જ હતાં. એમ લાગે છે કે તે પોતાનું માથું હંમેશાં મૂંડાવતો રહેતો હતો જેથી તેની ઉપર મોંઢા સાથે મળા જ રંગનું પડ ચઢી ગયું હતું. વાંકું મોટું નાક, આગળ નીકળી આવેલી હડપચી

અને સખત રીતે ભીંચેલા હોઠોને કારણે તેનું મોં કઠોર દેખાતું હતું, કોઈ એમ કહી શકે કે તેની હિંસક મુખમુદ્રા હતી. તેની ભૂખરી આંખોની ઉપેક્ષામય નજર પડતાં ઇન્ડિયન થરથરી ઊઠયો.

ઇન્ડિયન નીચે ઝૂક્યો અને છોકરીને ઉઠાવેલા હાથ દાક્તરની તરફ લંબાવ્યા. ઝડપી, સ્થિર અને તેમ છતાં સાવધાન હાથ વડે સાલ્વાતોરે માંદી છોકરીને ઇન્ડિયનના હાથમાંથી લીધી, ચીંથરેહાલ કપડાં કે જેમાં તેને વીંટી હતી તે ખોલી કાઢયું અને તેમને ખૂણામાં પડેલા વસ્તુ મૂકવાના પાત્રમાં એકદમ ચોકસાઈથી ફેંક્યા. ઇન્ડિયન તેમને પાછા લેવા ગયો પણ તેને રસ્તામાં જ આદેશ આપીને રોકવામાં આવ્યો: "તે જ્યાં પડયાં છે ત્યાં જ રહેવા દે."

પછી સાલ્વાતોરે નાનકડી છોકરીને મેજ ઉપર સૂવાડી અને તેની ઉપર ઝૂક્યો. હવે ચહેરાની એક બાજુથી, ઇન્ડિયનને તે શિકારની શોધમાં મંડરાતા પક્ષી જેવો દેખાતો હતો. સાલ્વાતોર પોતાની આંગળીઓ વડે ગાંઠને તપાસી રહ્યો હતો. પણ આ જોઈને ઇન્ડિયન દંગ રહી ગયો. તેની આંગળીઓ લાંબી અને છક કરી દે તેવી લચકીલી હતી. અને એમ લાગતું હતું કે તે માત્ર નીચેની તરફ જ નહીં પણ એક બાજુથી બીજી બાજુ અને વળી ઉપરની તરફ પણ વળી શકતી હતી. સામાન્યપણે નીડર એવો ઇન્ડિયન માણસ અસામાન્ય ડૉક્ટરે તેનામાં જે ભયની લાગી ઉત્પન્ન કરાવી હતી તેની સાથે લડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

"ઉત્તમ, અતિ ઉત્તમ," સાલ્વાતોર કહેતો હતો,

જાણે કે તેણે જે જોયું તેના વખાણ ન કરતો હોય. તપાસ પૂરી થઈ ગઈ, સાલ્વાતોર ઇન્ડિયનની તરફ ફર્યો.

"જ્યારે ચંદ્ર ફરીથી ઊગે ત્યારે એક મહિના પછી આવજે, અને તને તારી નાની છોકરી તંદુરસ્ત થયેલી પાછી મળશે."

અને તે છોકરીને દૂધિયા કાચના બારણાની પાછળ લઈ ગયો.

તે દરમિયાન હબસી બીજા દરદીને લઈને આવ્યો, જે ડોસી હતી. તેનો પગ સૂજેલો હતો.

ઇન્ડિયને દૂધિયા કાચના બારણાની દિશામાં નીચા નમી નમન કર્યું અને બહાર જતો રહ્યો.

પૂરા અઠ્ઠાવીસ દિવસમાં દૂધિયા કાચનું બારણું ફરીથી ઊઘડ્યું.

નવાં કપડાં પહેરેલી, આનંદી અને લાલ લાલ ગાલવાળી નાનકડી છોકરી બારણામાં દેખાઈ. જેવી છોકરીના દાદાની નજર તેની ઉપર પડી, તેની આંખો ચોંકી ઊઠી. ઇન્ડિયન એકદમ આગળ ધસ્યો, છોકરીને ઉપાડી લીધી, તેને જોરથી ચુંબન આપ્યું અને તેના ગળાને તપાસ્યું. ગાંઠ સાફ થઈ ગઈ હતી. જે જગ્યાએ છોકરીનું ઓપરેશન કરવામાં આવ્યું હતું ત્યાં માત્ર નાનો લાલ ડાઘો જ હતો.

બાળકી પોતાના હાથ વડે દાદાને ધક્કો મારી દૂર કરી રહી હતી અને જ્યારે તેણે તેને ચુંબન કર્યું ત્યારે તેની ખૂંપરા જેવા વાળવાળી દાઢી તેના ગાલ સાથે ઘસાતાં તે ચીસ પાડી ઊઠી હતી. તેણે છેવટે છોકરીને નીચે મૂકવી જ પડી. સાલ્વાતોર અંદર આવ્યો. જ્યારે

તે બાળકના માથા ઉપર હળવી ટપલી મારતો હતો ત્યારે તેના મોઢા ઉપર હળવું સ્મિત ઝલકતું હતું અને કહ્યું :

"લે, તારા બાળકને લે. તું બિલકુલ સમયસર તેને લાવ્યો હતો. બીજાં થોડાંક કલાક પછી જો તું લાવ્યો હોત તો કદાચ હું પણ તેની જિંદગી ન બચાવી શક્યો હોત."

ઇન્ડિયનના કરચલીવાળા મોઢામાંનાં હોઠ ધ્રૂજ્યા અને તેની આંખોમાં આંસુ ધસી આવ્યાં. તેણે નાનકડી છોકરીને ફરીથી પોતાની બાથમાં ભીડી, પછી સાલ્વાતોરની સામે ઘૂંટણે પડયો.

"તમે મારી દોહિત્રીની જિંદગી બચાવી," તેણે રૂંધાયેલા અવાજે કહ્યું. "આ ગરીબ ઇન્ડિયનની પાસે બદલો વાળવા માટે પોતાની જિંદગી સિવાય બીજું કાંઈ જ નથી."

"તારી જિંદગીથી હું શું અપેક્ષા રાખું?" સાલ્વાતોરેને આશ્ચર્ય થયું.

"ભલે હું ઘરડો થઈ ગયો હોઉં પણ મારાં હાથમાં હજુ પણ એટલી જ તાકાત છે," ઘૂંટણેથી ઊઠયા વગર જ ઇન્ડિયન બોલ્તો રહ્યો. "હું મારી આ નાનકડી બાળકીને તેની મા—મારી દીકરી—પાસે લઈ જઈશ અને પછી પાછો આવીશ. તમે મારા માટે જે કંઈપણ કર્યું છે તેના બદલામાં મારી જિંદગી હવે તમારી છે. હું તમારી વફાદાર કૂતરાની જેમ સેવા કરીશ. મહેરબાની કરીને ના ન પાડશો, હું તમારી પાસે ભીખ માંગું છું."

સાલ્વાતોરે ઊંડો વિચાર કર્યો.

તે નવા નોકરોને લેવામાં બહુ સાવચેત રહેતો હતો. એમ નહોતું કે તેને કોઈની જરૂરી નહોતી. કરવા માટે

ઘણું બધું કામ હતું. દાખલા તરીકે, જીમને બાગાયત કરવામાં મદદ કરવી તે વિષે વિચાર કરતાં, તેને નોકરની જરૂરી હતી. તે કોઈ હબસીને પહેલી પસંદગી આપત, તે ચોક્કસ હતું, પણ આ ઇન્ડિયન પણ યોગ્ય લાગતો હતો.

"તું તારું જીવન મને દાન કરે છે. ઘણું સારું. હું તેનો સ્વીકાર કરું છું. તું ક્યારે પાછો આવી શકીશ?"

"ચાંદનો પહેલો ચોથો ભાગ પૂરો થતાં પહેલાં હું પાછો આવીશ," સાલ્વાતોરના અંગરખાની કિનારીને ચુંબન કરતાં, ઇન્ડિયને કહ્યું.

"તારું નામ શું છે?"

"ક્રીસ્તોફેર, ક્રીસ્તો — ટૂંકમાં."

"જા, ક્રીસ્તો. હું તારી રાહ જોઈશ."

"આવ, મારી દીકરી," ક્રીસ્તોએ બાળકીને કહ્યું. અને ફરીથી તેને ઉપાડી લીધી. તેણે રડવાનું શરૂ કર્યું. ક્રીસ્તો ઝડપથી જતો રહ્યો.

ચમત્કારોથી ભરેલી વાડી

જ્યારે એક અઠવાડિયા પછી તે ફરીથી પાછો ફર્યો ત્યારે સાલ્વાતોરે સર્વગ્રાહી નજરે તેની આંખમાં તાકતાં કહ્યું:

"તો હવે, ક્રીસ્તો, હું જે કહેવા જાઉં છું તે તું ધ્યાનથી સાંભળ. હું તને કામે લઉં છું. તને સારો એવો પગાર અને રહેવા-જમવાનું મળશે..."

ક્રીસ્તોએ પોતાનાં હાથ હલાવ્યાં:

"હું તમારી સેવા કરવા સિવાય બીજું કંઈ પણ ઈચ્છતો નથી."

"શાંત થા અને સાંભળ," સાલ્વાતોરે તેની વાત વચ્ચેથી જ કાપી નાંખી. "મારા કહ્યા પ્રમાણે તને બધી જ વસ્તુઓ મળશે. પણ એક શરત છે: તું અહીં જે કંઈ પણ જુએ તે તારા મનમાં જ રાખજે અને મોં બંધ રાખજે."

"જો હું કોઈને પણ એક શબ્દ કહું તો મારા પોતાના હાથે મારી જીભ કાપી કૂતરાની સામે ફેંકવા તૈયાર છું."

"જોજે, ધ્યાન રાખજે કે તારે તેમ કરવાની જરૂર ન પડે," સાલ્વાતોરે ચેતવણી આપી. તે સાથે જ તેણે સફેદ અંગરખાવાળા હબસીને બોલાવ્યો અને ક્રીસ્તોને વાડીમાં લઈ જઈ તેને જીમની તહોમતમાં મૂકવાનો આદેશ આપ્યો.

ચૂપચાપ નીચા નમીને હબસી ઈન્ડિયનને બહાર લઈ ગયો અને તેઓ ચોકમાંથી પસાર થઈ અંદરની દીવાલમાંના પોલાદના દરવાજા પાસે ગયા.

હબસીનાં બારણું ખખડાવવાનાં અવાજના પ્રત્યુત્તરમાં દીવાલ પાછળથી કૂતરાઓના ભસવાનો અવાજ આવ્યો, પછી દરવાજો ક્રિચૂક ક્રિચૂક અવાજ કરતો ધીમેથી ઊઘડયો. હબસીએ દરવાજાની અંદરની બાજુ ક્રીસ્તોને ધકેલ્યો અને ત્યાં ઊભેલા હબસીને ઘોઘરા અવાજે કંઈક બૂમ પાડી કહીને જતો રહ્યો.

ક્રીસ્તોએ ધ્રાસ્કામાં દીવાલને ટેક લગાવી. આછા બદામી-કાળા રંગના ધબ્બાવાળી ચામડીવાળા પ્રાણીઓનો

સમૂહ તેની તરફ ધસ્યો. તેઓ પમ્પાસ*માં હોત, તો ક્રીસ્તો તેમને જાગુઆર કહેવામાં જરાય ખચકાયો ન હોત. પણ આ તો કૂતરાની જેમ ભસતાં હતાં. ગમે તેમ પ્રશ્નને ઊકેલવાનો અત્યારે સમય નહોતો. ક્રીસ્તો એકદમ નજીકના ઝાડ તરફ ઊભી પૂંછડીએ નાઠો અને તેની ઉંમરના માણસને નવાઈ પમાડે તેવી ચપળતાથી તે એકદમ ઉપર ચઢી ગયો. ક્રોધિત કોબ્રાની જેમ હબસીએ કૂતરાઓ તરફ હિસ્સ્સ્... અવાજ કર્યો. પ્રાણીઓ પોતાની ભયંકર ભસાભસ બંધ કરી, થૂથનીને આગળા પંજા ઉપર મૂકી નીચે પડી, માલિકની તરફ ત્રાંસી આંખે જોવા લાગ્યાં.

હબસીએ ફરીથી હિસ્સ્સ્... એવો અવાજ કર્યો, આ વખતે ક્રીસ્તો તરફ કર્યો હતો અને તેને નીચે ઊતરી આવવા હાથનો ઈશારો કર્યો.

"તું સાપની જેમ શા માટે અવાજ કરે છે? તારી જીભ ગળાઈ ગઈ હતી, કે?"

હબસીએ માત્ર ગુસ્સા ભરેલો અસ્પષ્ટ અવાજ કર્યો.

"તે મૂંગો હોવો જોઈએ," ક્રીસ્તોએ વિચાર્યું અને સાલ્વાતોરની ચેતવણી યાદ આવી. "શું, હકીકતમાં સાલ્વાતોર તેના રહસ્યોનો ભેદ ખોલનારાઓની જીભો કાપી નાંખે છે? આ ગરીબ બિચારો કદાચ તેઓમાંનો એક હોઈ શકે..." એકદમ ભયની લાગણીને કારણે ક્રીસ્તો ઝાડના થડની પકડ એકદમ છૂટી ગઈ. (તેણે

---

* પમ્પાસ — અમેરિકાનું ઝાડ વિનાનું વિશાળ લાંબા ઘાસવાળું મેદાન.

ભગવાન પાસેથી ઇચ્છ્યું કે તે ફરીથી તેને વિશાળ દીવાલની જમણી બાજુ ઉપર મૂકી દે.) તેણે પોતાના ઝાડ અને દીવાલ વચ્ચેનું અંતર પોતાની આંખો વડે માપતાં જોયું કે તે નહીં પહોંચી શકે. તે દરમિયાન હબસી ઝાડ પાસે પહોંચી ગયો હતો, ક્રીસ્તોના પગને પકડીને અધીરાઈથી ખેંચવા લાગ્યો. તેનો હવે સંકેત કરવા સિવાય બીજો કોઈ ચારો નહોતો. ક્રીસ્તો નીચે ઊછળી આવ્યો, તેનો સૌથી આકર્ષક મલકાટ કર્યો, પોતાનો હાથ આગળ ધરી અને સાલસતાથી કહ્યું:

"જીમ?"

હબસીએ માથું ધુણાવ્યું.

ક્રીસ્તોએ તેના હાથ દબાવ્યાં. "એક વખત નરકમાં આવી, રાક્ષસો સાથે જ સુમેળ રાખવાનો હતો," તેણે વિચાર્યું. પછી તેણે મોટા અવાજે પૂછ્યું:

"ગૂંગો છે?"

કોઈ જવાબ ન મળ્યો.

"જીભ નથી?"

હજુ પણ કોઈ જવાબ નહોતો.

ક્રીસ્તોએ વિચાર્યું કે, જો કદાચ તેને જીભ ન હોય તો તે ઇશારા દ્વારા તો વાત કરી જ શકતો હતો. તેના બદલે જીમ ઇન્ડિયનનો હાથ પકડી આછા બદામી રંગની ચામડીવાળાં પ્રાણીઓ તરફ દોરી ગયો અને તેમની તરફ હિસ્‌સ્‌સ્‌... અવાજ કર્યો. પ્રાણીઓ ઊંચા થયા, ક્રીસ્તોને સૂંઘ્યો અને શાંતિથી જતા રહ્યા. ક્રીસ્તોએ રાહતનો દમ લીધો.

પછી જીમ તેને વાડીની ફરતે દોરી ગયો.

ઉજ્જડ પથ્થરની લાદી જડેલ ચોક પછી ફૂલોની ખીલેલી કળીઓ અને લીલોતરીથી ભરેલી આ વાડી સ્વર્ગ જેવી દેખાતી હતી. પૂર્વદિશાની તરફ ફેલાયેલી ને ધીરે ધીરે સમુદ્ર કિનારાની તરફ ઢળતી જતી હતી. તેની ઉપરની સાંકડી ગલીઓ વાંકા-ચૂંકા, આડા-ઊભા પથરાયેલાં અને સુંદર રીતે કપાયેલાં ભૂરાશ પડતાં લીલા પીળા રંગના ફૂલાચ્છાદિત ઝાડીઓ તથા પીચ તથા જેતૂનના વૃક્ષોની ઘટાઓ વચ્ચેથી પસાર થઈ રહી હતી. આ ધીચોધીચ ઊગેલા ઘાસની વચ્ચે વચ્ચે સફેદ પત્થરોથી ઘેરાયેલાં તળાવો અને રંગબેરંગી આકર્ષક ફૂલોની જાણે શય્યા ન પાથરી હોય, તેમ લાગતું હતું. કેટલાંક ફુવારાઓમાંથી નીકળતી ઊંચી ઊંચી પાણીની ધારોનાં છાંટા જમીન ઉપર પડતાં હવામાં તાજગી લાવતાં હતાં.

પક્ષીઓના મધુર ગીતો અને પ્રાણીઓની ભયંકર ગર્જનાઓથી આખી વાડી ગૂંજતી હતી.

દરેકે દરેક વળાંક ઉપર જોવા મળતાં આવાં વિચિત્ર પક્ષીઓ અને પ્રાણીઓને ક્રીસ્તોએ પોતાની જિંદગીમાં પહેલાં કદીયે જોયાં નહોતાં.

છ પગો કાચિંડો રસ્તાની ઉપર ઝડપથી દોડી રહ્યો હતો, તેની લીલાશ પડતી ચામડી સૂર્યના તેજનાં તામ્રવર્ણી દેખાતી હતી. બે માથાંવાળો સાપ એક ઝાડ ઉપર લટકતો હતો, તેના બે મોંમાથી ફૂંફાડો મારતાંની સાથે જ ક્રીસ્તો એકદમ કૂદ્યો. હબસીએ વધારે જોરથી ફૂંફાડા જેવો જ અવાજ કર્યો, ગમે તેમ હોય, પણ તેનાથી સાપ શાંત થઈ ગયો અને ઝાડ ઉપરથી કૂદી પાણી પાસેની

લીલોતરીમાં અદૃશ્ય થઈ ગયો. બીજો એક લાંબો સાપ, કે જે તડકો ખાતો હતો, પોતાના પગની જોડની મદદ લઈને રસ્તા તરફથી ઝડપથી ગયો. પગદંડી પાસેના નાના વાડામાં એક ડુક્કર ઘૂર્રાટા ભરી રહ્યું હતું, તેની કપાળ વચ્ચેની મોટી એક આંખ ક્રીસ્તો તરફ મંડાયેલી હતી.

પછી મોટા સફેદ જોડિયાં ઉંદરોની જોડી, બે માથાવાળા અને આઠ પગવાળાં કઢંગા પ્રાણીની જેમ આખી દુનિયાને જોતી લાલાશ પડતા રંગની પગદંડી તરફથી તેમની સામે ઝડપથી ધસી આવી. ક્યારેય ક્યારેક આ પ્રાણીની જોડી લડતી હતી, દરેક ઉંદર જુદી જુદી દિશામાં આગળ જવાનો પ્રયત્ન કરતો હતો, બંને ગુસ્સામાં ચિચિયારીઓ મારતાં હતાં, પણ જમણી બાજુવાળો લગભગ જીતી ગયો. રસ્તાની નજીક એક બીજી "સિયામી" સુંદર ઊનવાળાં ઘેટાંની જોડી ચરતી હતી. તેઓ ઉંદરોની જેમ લડતાં નહોતાં; એમ લાગતું હતું કે જાણે કદાચ બહુ પહેલેથી જ તેમની વચ્ચે કોઈ સુલેહ થઈ ગઈ હતી. પણ તેના પછી જે કઢંગું પ્રાણી તેઓને મળ્યું તેનાથી ક્રીસ્તોની કલ્પનાને એક જોરદાર આંચકો લાગ્યો. તે ગુલાબી રંગનો મોટો કૂતરો હતો, જેના શરીર ઉપર એકપણ વાળ નહોતો પણ કોઈપણ કારણે તેનો ઉપરનો ભાગ પીઠ ઉપરથી ઊપસી આવેલો હતો, જે નાના વાંદરા જેવો દેખાતો હતો. કૂતરો ક્રીસો પાસે આવ્યો અને પોતાની પૂંછડી પટપટાવવા લાગ્યો, જ્યારે નાનકડું વાંદરું પોતાનું માથું ડાબી અને જમણી બાજુ ઘૂમાવતું, પોતાના હાથ હલાવતું રહ્યું, કૂતરાની પીઠ ટપલાં મારતું હતું

અને ક્રીસ્તોની તરફ દાંતિયા કરતું હતું. ઈન્ડિયને પોતાના પેન્ટનાં ખિસ્સામાં હાથ નાંખ્યો અને ખાંડનો એક ટુકડો બહાર કાઢી વાંદરાને આપવા ગયો, તે જ વખતે કોઈક તેના હાથને રોક્યો અને હિસ્‌સ્‌... એવો અવાજ કર્યો. પેલાં બધાં વિચિત્ર પ્રાણીઓની દુનિયામાં તલ્લીન થયેલો ક્રીસ્તો તે જીમને બિલકુલ જ ભૂલી ગયો હતો. ઘરડા હબસીએ ઈશારાઓ દ્વારા સમજાવ્યું કે તે વાંદરાને ખવડાવવા માટે નહોતો. વચ્ચે જ પરિસ્થિતિનો લાભ ઊઠાવવા પોપટના માથાવાળી એક ચકલીએ ખાંડનો ટુકડો, કે જે હજુ ક્રીસ્તોની આંગળીઓની વચ્ચે જ હતો, તેની ઉપર ઝાપટ મારી અને બચાવ માટે ઝાડીઓ પાછળ લઈ ગઈ. થોડી દૂર, ગોચરની મધ્યમાંથી ગાયના માથાવાળા ઘોડાના ભાંભરવાનો અવાજ આવ્યો.

લામા પ્રાણીની જોડી પોતાની ઘોડાના જેવી પૂંછડી હવામાં ફેલાવતી એકદમ ઝડપથી ગોચરમાંથી પસાર થઈ ગઈ. ક્રીસ્તોની ચારે બાજુ વિચિત્ર પ્રાણીઓ ટોળે ભરાઈ ગયાં હતાં: બિલાડીના માથાવાળાં કૂતરાં, બતક જેવાં પગ ઉપર ડોલતાં કૂકડાં, શિંગડાવાળા જંગલી સૂઅર, ગરુડની ચાંચવાળા શાહમૃગો, લાલ-ભૂરા રંગના જળબિલાડા — પૂમા — પ્રાણી જેવા શરીરવાળાં ઘેટાં.

ક્રીસ્તોને લાગ્યું કે તે કોઈ ભીષણ સ્વપ્ન જોતો હતો; તેણે પોતાની આંખો ચોળી, તળાવમાંથી ઠંડા પાણી વડે પોતાનું માથું પલાળ્યું પણ કોઈ રાહત ન મળી. તળાવમાં તેણે માછલીનાં માથાવાળાં સાપો, દેડકાનાં પગવાળી માછલીઓ, કાચિંડા જેટલી લાંબી કાયાવાળા વિશાળ દર્દુર જોયાં.

અને ક્રીસ્તોને ફરીથી દીવાલોની બહાર ભાગી જવાની ઇચ્છા થઈ ગઈ.

છેવટે જીમ ઇન્ડિયનને રેતીલા પહોળા વિસ્તારમાં લઈ આવ્યો, જેની મધ્યમાં મુરીશ-શૈલીમાં બનેલી બગીચાવાળી સફેદ આરસની બનેલી હવેલી ઊભેલી હતી, તેના ઘુમ્મટો અને સ્થંભો તાડવૃક્ષોનાં થડો પાછળથી અડધાં દેખાતાં હતાં. ડોલ્ફીનના આકારમાં બનેલાં ફુવારાની ધારો છૂટતાં, પારદર્શક પાણીમાં કૂદાકૂદ કરતી સોનેરી માછલીઓવાળા નાના તળાવમાં તેનાં છાંટા પડતાં હતાં. મુખ્ય પ્રવેશદ્વારની સામે બધાંયમાં સૌથી મોટા ફુવારાનો આકાર ડોલ્ફીન ઉપર સવાર જુવાન જેવો હતો. કદાચ તે, પ્રાચીન સમયનો મોંમાં વાગતું રણશિંગું દબોવલ સમુદ્રી દેવતા, ટ્રિટોન હતો. વાસ્તવમાં તે કુશળ શિલ્પકારની કલાકૃતિ હતી, પણ જાણે બિલકુલ જીવંત લાગતી હતી.

હવેલીની પાછળ કેટલાક નાના નાના ગૌણ ઘરો હતા અને તેનાથી પણ દૂર, કાંટાળા થોરનું જંગલ હતું, જેનાં એકદમ બીજા છેડે સફેદ દીવાલ હતી, જે ઘણી જગ્યાએથી નજરે પડતી હતી.

"એક બીજી દીવાલ," ક્રીસ્તોએ વિચાર્યું.

જીમ તેને એક નાનકડા ઠંડા ઓરડામાં લઈ ગયો. પોતાની સંકેતની ભાષામાં તેણે સમજાવ્યું કે ક્રીસ્તોને હવે ત્યાં જ રહેવાનું હતું અને પછી તેને એકલો છોડીને જતો રહ્યો.

ત્રીજી દીવાલ

ધીરે ધીરે ક્રીસ્તો નવી વિચિત્ર દુનિયામાં ટેવાવા લાગ્યો. વાડીમાંના પ્રાણીઓ સારી રીતે હળીમળી ગયેલાં હતાં તે સમજવામાં તેને લાંબો સમય ન લાગ્યો. તેમાંનાં કેટલાંક સાથે તો તેની તરત જ મૈત્રી પણ થઈ ગઈ હતી. વાડીમાં સૌથી પહેલાં દિવસે જાગુઆરની ચામડીના કૂતરાએ તેને એવો તો ગભરાવી મૂક્યો હતો અને હવે તે જ કૂતરો તેના હાથ ચાટતો તેની પાછળ પાછળ ફરતો હતો. લામાને તે પોતાના હાથે ખવડાવતો હતો. પોપટો તેના ખભા ઉપર બેસી જતાં હતાં.

વાડીની અને પ્રાણીઓની જીમ જેવાં જ ગૂંગા બાર હબસીઓ દેખરેખ રાખતાં હતાં. કોઈપણ રીતે ક્રીસ્તોએ તેમને કદી બોલતા નહોતા સાંભળ્યાં. તેઓ એકદમ ચૂપચાપ પોતાનું કામકાજ કરતાં રહેતાં હતાં. જીમ તેઓ બધાનો નિરીક્ષક અધિકારી જેવો હતો. તે તેઓને કામ સોંપતો હતો અને જોતો હતો કે તેઓએ તે પૂરું કર્યું કે નહિ. ક્રીસ્તોને પોતાના જ આશ્ચર્ય વચ્ચે તેનો પણ મદદનીશ બનાવવામાં આવ્યો હતો. તેનું કામકાજ બહુ અઘરું નહોતું. કામ બહુ નહોતું કરવું પડતું અને ખાવાપીવા માટે પુષ્કળ હતું. પણ હબસીઓની ભારરૂપ ચૂપકીદીને કારણે થોડાં જ દિવસોમાં તે હતાશ થઈ ગયો. તદ ઉપરાંત તેને ખાતરી થઈ ગઈ કે તેઓ બધાંયની જીભો કાપી નાંખવામાં આવી હતી. અને સાલ્વાતોર જ્યારે જ્યારે તેને ઓફિસમાં બોલવતો ત્યારે ત્યારે દરેક વખતે ક્રીસ્તોનાં મનમાં વિચાર ઊઠતો—જોકે તેમ વારંવાર નહોતું

થતું — કે હવે તેનો વારો આવી ગયો. પણ પછી એક દિવસ એવું કંઈક બન્યું કે જેથી તેનો ભય થોડો દૂર થઈ ગયો.

એક દિવસ જેતૂનના વૃક્ષનાં છાંયડામાં જીમ ઘસઘસાટ ઊંઘતો હતો ત્યાંથી તે પસાર થયો. હબસી ચત્તો સૂતો હતો, તેનું મોઢું ઉઘાડું રહી ગયું હતું. ક્રીસ્તોએ હબસીની જીભ જોવાની આ તક ઝડપી લીધી અને તેને સહીસલામત જોઈ તેને થોડી રાહત મળી.

સાલ્વાતોરનો દિવસ પૂર્વનિયોજિત અને વ્યસ્ત રહેતો હતો. સવારે સાત વાગ્યાથી નવ વાગ્યા સુધી તે દરદીઓને તપાસતો હતો, નવ વાગ્યાથી અગિયાર વાગ્યા સુધી જેમનું પણ ઓપરેશન કરવાની જરૂર હોય તેમનું ઓપરેશન કરતો પછી તે પોતાની હવેલીમાં જઈ પ્રયેગશાળામાં કામ કરતો. જેમાં પ્રાણીઓની વાઢકાપ કરી તેમના અભ્યાસનો સમાવેશ થતો હતો. પ્રયોગ પૂરો થતાં પ્રાણીઓને વાડીમાં પાછાં મોકલી દેવામાં આવતાં. ક્રીસ્તો હવેલીનાં ઓરડાઓની સફાઈ કરતાં કરતાં ઘણી વાર પ્રયોગશાળાની અંદર પણ જવાની સગવડ કરી લેતો હતો. ત્યાં તે જે વસ્તુઓ જોતો હતો તેની છાપ લાંબા સમય સુધી તેના મગજ ઉપર રહેતી હતી. પ્રાણીઓનાં શરીરમાંથી કાપી નાંખેલ હૃદયો અને મુત્રપિંડો કાચની બરણીમાં જીવતાં પડયાં હતાં. કાપી નાંખેલાં શરીરનાં અવયવો જાણે પોતાનાં માલિકની રાહ ન જોતાં હોય તેમ લાગતું હતું.

તેને અરેરાટી ચઢી જતી અને ક્રીસ્તો ઉતાવળે ઉતાવળે બહાર આવી જતો. તે વાડીમાંના જીવિત કઢંગા

પ્રાણીઓ વચ્ચે રહેવાનું વધારે પસંદ કરતો હતો.

એમ લાગતું હતું કે સાલ્વાતોરને આમ તો આ ઘરડા ઇન્ડિયન ઉપર વિશ્વાસ હતો, પણ પેલી ત્રીજી દીવાલને પેલે પાર નહિ. અને પેલી ત્રીજી દીવાલની બીજી બાજુ શું હતું તે જોવા માટે ક્રીસ્તો ખૂબ જ આતુર હતો. એક બપોરે જ્યારે બધાં જ આડે પડખે થયાં હતાં ત્યારે તે ચોરીછૂપી દીવાલ સુધી ગયો. બાળકોનાં અવાજો તેના કાન ઉપર અથડાતાં હતાં. તેણે જાણ્યું કે તેઓ તળપદી ઇન્ડિયન ભાષા બોલતાં હતાં, પણ તેમની સાથે ભળેલાં, જાણે ઝઘડતાં ન હોય, તેવાં બીજાં પાતળાં અને ચિચિયારીઓવાળાં અવાજો પણ આવતાં હતાં. જે ક્રીસ્તોને એ ખાસ વિશિષ્ટ પ્રકારના ઇન્ડિયન જેવાં લાગ્યાં.

એક દિવસ વાડીમાં ક્રીસ્તોની સામેથી પસાર થતાં સાલ્વાતોર એક ક્ષણ માટે રોકાઈ ગયો અને પોતાની હંમેશની ટેવ પ્રમાણે સીધું તેની આંખોમાં જ તાકતાં તેણે કહ્યું:

"હવે, ક્રીસ્તો, મારી સાથે રહેવાનો એક મહિનો તારો પૂરો થઈ ગયો છે અને તારા કામથી હું ખૂબ જ ખુશ છું. નીચેની વાડીમાંનો એક નોકર માંદો પડયો છે. તને તેની જગ્યાએ મોકલીશ. ત્યાં તને ઘણી બધી નવી વસ્તુઓ જોવા મળશે. પણ તારી જીભ વિષેનો નાનકડો આપણો વાર્તાલાપ યાદ રાખજે નહીં તો તું તે ગુમાવી દઈશ."

"તમારાં આ મૂંગા હબસીઓની સાથે રહેતાં રહેતાં તો હું તેનો ઉપયોગ કરવાનું લગભગ ભૂલી જ ગયો છું,

ડૉક્ટર," ક્રીસ્તોએ કહ્યું.

"સરસ. ચૂપકીદીનો બદલો જરૂર મળે છે, તે તું જાણે છે. સહજ જાણવા માટે, ઍંડસમાં તું કોઈ તમારા રસ્તા જાણે છે?"

"હું પહાડોમાં જ જન્મ્યો અને ઊછર્યો હતો."

"અતિ ઉત્તમ, થોડાં જ વખતમાં હું મારા પ્રાણીસંગ્રહાલયમાં નવાં પક્ષીઓ અને પ્રાણીઓનો ઊમેરો કરવા ઇચ્છીશ. હું તને મારી સાથે લઈ જઈશ. તું હવે જઈ શકે છે. જીમ તને નીચેની વાડીમાં લઈ જશે."

આ જગ્યાનાં અદ્ભુત આશ્ચર્યોથી ટેવાયેલો હોવા છતાં પણ, ક્રીસ્તો નવાં આશ્ચર્યો જોઈ ચકિત રહી ગયો.

સૂરજના પ્રકાશ ફેલાયેલાં ગોચરમાં નાંગા બાળકો વાંદરાઓ સાથે રમતાં હતાં. ત્રણ વર્ષથી બાર વર્ષની ઉંમર વચ્ચેનાં ત્યાંનાં બાળકો અર્જેન્તાઇનની બધી જ ઇન્ડિયન લોકજાતિઓનું જાણે પ્રતિનિધિત્વ ન કરતાં હોય, તેમ લાગતું હતું. તેઓ બધાં જ સાલ્વાતોરના દરદીઓ હતાં. ઘણાંબધાંનાં જટિલ ઓપરેશનો કરવામાં આવ્યાં હતાં અને સાલ્વાતોરની બાહોશતાને કારણે તેમની જિંદગી બચી ગઈ હતી. વાડીના એક ખૂણાની ફરતે પુનઃતંદુરસ્ત થયેલાં બાળકો રમતાં હતાં. તેઓને જ્યાં સુધી ઘરે પાછા લઈ જવા જેટલી પૂરતી શક્તિ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ત્યાં જ રાખવામાં આવતાં.

શરીર ઉપર વાળની એક પણ લટ વિનાનાં પૂંછડી વગરનાં વાંદરાઓ તેમની સાથે રાખવામાં આવ્યાં હતાં.

પણ ક્રીસ્તોની સૌથી વધુ આશ્ચર્ય એટલા માટે થયું કે તેઓ બધાં જ કંઈક ઇન્ડિયનને મળતી ભાષા બોલી શકતાં હતાં. તેઓ બાળકોની સાથે રમતો રમવામાં જોડાઈ ગયાં હતાં, રમતાં રમતાં ઝઘડતાં હતાં અને ખૂબ જ ઊંચા તીણા અવાજે બૂમો પાડતાં હતાં, જોકે સમગ્ર રીતે જોતાં તેઓ બધાંનું ઝુંડ એકબીજા સાથે મૈત્રીભાવવાળું હતું.

કેટલીક વખત ક્રીસ્તોએ એ રીતે વિચાર્યું કે છેવટે તો તેઓ પણ માણસ જ હતાં.

ક્રીસ્તોએ થોડી જ વારમાં શોધી કાઢ્યું કે નીચેની વાડી બીજાં કરતાં નાની હતી, દરિયા તરફ સીધી ઢળતી હતી અને દીવાલની જેમ ઊભેલા મોટા ખડક પાસે પૂરી થતી હતી. સમુદ્રનાં મોજાંનાં ઘૂઘવાટને કારણે લાગતું હતું કે તેની પાછળ ક્યાંક અદૃશ્ય સમુદ્ર હતો.

પાસેથી જોતાં તેણે જોયું કે આ ખડક માણસે બનાવેલો હતો, જે એક બીજી દીવાલ કરતાં વધારે બીજું કંઈ નહોતું, એટલે કે ચોથી દીવાલ. દીવાલમાં ખડક સાથે ભળી જાય તેવા ભૂખરા રંગે રંગેલું લોખંડનું બારણું હતું અને વળી વધારામાં જાંબુડિયા રંગના ફૂલોનો વેલો એકદમ ઘીચોઘીચ ઊગેલો હતો.

ક્રીસ્તોએ ધ્યાનપૂર્વક સાંભળ્યું. માત્ર સમુદ્રનાં મોજાંઓનાં ઘૂઘવાટનો જ અવાજ હતો. આ નાનકડું બારણું કઈ બાજુ જતું હતું? દરિયા તરફ?

ત્યાં જ અચાનક તેની પાછળ બાળકોનાં શોરબકોરનો અવાજ થયો. ક્રીસ્તો પાછળ ફર્યો અને જોયું કે બાળકો આકાશમાં તાકી રહ્યાં હતાં. તેણે પણ ઉપર જોયું તો એક

નાનું લાલ બલૂન ધીમે ધીમે વાડી ઉપરથી ઊડી રહ્યું હતું. પવનને કારણે તે દરિયા તરફ જતું હતું.

એમ લાગતું હતું કે બાળકોનાં સામાન્ય એવાં બલૂને ક્રીસ્તોને અંદરથી હલાવી દીધો હતો. માંદો થયેલો નોકર જેવો કામ ઉપર પાછો આવી ગયો, તેવો જ ઘરડો ઇન્ડિયન સાલ્વાતોરની પાસે ગયો.

"થોડા જ વખતમાં આપણે ઍંડસ જવા ઉપડીશું, ડૉક્ટર. આપણને પાછા આવતાં થોડોક સમય પણ કદાચ લાગશે. તો શું હું મારી દીકરી અને તેનાં બાળકને જોવા જઈ શકું છું?"

પોતાનો નોકર ઇમારતની હદ છોડે તે સાલ્વાતોરને ગમ્યું નહિ, અને તે એકદમ કશું જ બોલ્યો નહિ. ક્રીસ્તો રાહ જોતો ઊભો રહ્યો, સાલ્વાતોરની તટસ્થ અનિમેષ નજરો સાથે નજર મેળવવાની તેણે હિંમત કરી.

"તારું વચન યાદ રાખજે," સાલ્વાતોરે કહ્યું. "હું નથી ઇચ્છતો કે તારે પોતાની જીભ ગુમાવવી પડે. તું જઈ શકે છે, પણ સાંભળ, ત્રણ દિવસમાં તું પાછો આવી જજે. થોભી જા!"

સાલ્વાતોર બીજા ઓરડામાં ગયો અને ચામડાંની નાની થેલી લઈને પાછો આવ્યો. આ થેલીમાં સોનાના પીસો ખણખણતાં હતાં.

"આમાં કંઈક તારી દોહિત્રી માટે છે અને સાથે સાથે તારી ચૂપકીદી માટે પણ."

છૂપી હુમલાખોર ટોળી

"જો આ વખતે તે ન આવ્યો તો જ્યાં સુધી તમારા બંનેની વાત છે હું તમારી સાથેનો સંબંધ તોડી નાંખીશ, જો હું તેમ ન કરું તો મને ધિક્કાર છે. હું વધારે બુદ્ધિમાન લોકોને કામ ઉપર લઈશ," આવેશમાં આવી પોતાની બરછટ મૂછોને તાવ આપતાં ઝુરીતા કહી રહ્યો હતો. તેણે સફેદ શહેરી સુટ અને પનામા ટોપી પહેર્યાં હતાં. તેઓ બુએનસ-આઈરસની એકદમ બહાર જ, તે જગ્યાએ કે જ્યાંથી મકાઈના ખેતરોમાંથી પૅમ્પાસને લઈ જવામાં આવતું હતું ત્યાં મળ્યાં હતાં.

સફેદ બ્લાઉઝ અને વાદળી પટ્ટીવાળો પાયજામો પહેરેલો બલ્તાઝાર, સડકની એકબાજુ ઘૂંટણભેર ઊભડક બેઠો હતો, સૂર્યની ગરમીમાં સેકાતાં ઉદાસીનતાથી સૂકાયેલું ઘાસ તોડી રહ્યો હતો.

પોતાના ભાઈ ક્રીસ્તોને સાલ્વાતોરની જાસૂસી કરવા મોકલવા માટે તે પોતે પોતાની જાતને કોસી રહ્યો હતો.

જોકે બલ્તાઝાર કરતાં ક્રીસ્તો દસ વર્ષે મોટો હતો, તેમ છતાં તે ખડતલ અને ચપળ તથા પૅમ્પાસના બિલાડા જેટલો જ ચાલાક પણ હતો. પણ તે ભરોસાપાત્ર નહોતો. તે કોઈપણ એક કામમાં સ્થિર નહોતો થઈ શકતો. એક વખત, તેણે ખેતીવાડીનું કામ ઉપાડયું પણ થોડાં જ વખતમાં કંટાળી જઈ પડતું મૂક્યું. પછી તે ગોદીની બાજુનું દારૂપીઠું ચલાવતો હતો. ત્યાં તે પોતે જ દારૂડિયો બની ગયો અને પોતાનું જ ઘરબાર બધું ભૂલી ગયો. આમાં તે બરબાદ થઈ ગયો અને તેણે આ કામ પણ

છોડી દીધું. પાછળથી ક્રીસ્તો દૈવાધીન અસ્થિર જીવન જીવવા લાગ્યો. પોતાની તીક્ષ્ણ બુદ્ધિમત્તાથી તે ચારેબાજુ કોઈપણ વસ્તુ શોધી શકતો હતો પણ તેની ઉપર વધારે વિશ્વાસ રાખવા જેવું નહોતું. પોતાના સ્વાર્થને ખાતર તે સગા ભાઈને પણ દગો દઈ શકતો હતો. બલ્તાઝાર પોતાના ભાઈને સારી રીતે જાણતો હતો અને તે પણ ઝુરીતા જેટલો જ ચિંતાતુર હતો.

"તને ખાતરી છે કે ક્રીસ્તોએ કોઈપણ રીતે બલૂન જોયું હતું?"

બલ્તાઝારે ખભા ચઢાવ્યાં. તેણે આખી વાતને ત્યાં જ અને હંમેશ માટે પડતી મૂકી, ઘરે જઈ, અને પોતાની શાંત દુકાનમાં વાઈન સાથેનાં ઠંડા પાણીનો એક જામ પીવાનું વધારે પસંદ કર્યું હોત.

સડકનાં વળાંક ઉપર ધૂળનાં વાદળ ઊમડવા લાગ્યાં અને આથમતાં સૂરજમાં છેલ્લાં કિરણો દ્વારા પ્રકાશિત થયાં. લાંબી ખેંચેલી તીણી સીટી સંભળાઈ.

બલ્તાઝાર સચેત થઈ ગયો.

"પેલો અવાજ તેનો છે!" તેણે કહ્યું.

"આટલી બધી ઉતાવળ પણ ન કર, નાલાયક!" ઝુરીતાએ કહ્યું.

ચાલાકીથી તેમની તરફ ફાળ ભરતો ક્રીસ્તો હતો — તે માંદી પૌત્રીને લઈને થરથર કાંપતો ડૉક્ટર પાસે આવેલો ઘરડો ડોસા જેવો બિલકુલ નહોતો લાગતો. બીજી સીટી આપતાં ક્રીસ્તોએ નજીક આવી બંનેને સલામ કરી.

"ઘણું સરસ, તેં 'દરિયાઈ રાક્ષસ'ને જોયો?" સલામ ભરતાં ઝુરીતાએ તેને પૂછ્યું.

"હજુ સુધી નહિ, પણ તે ત્યાં છે તે ચોક્કસ સાલ્વાતોર તેને ચાર દીવાલોની પાછળ રાખે છે. મુખ્ય વાત એ છે કે સાલ્વાતોર મારી ઉપર પૂરેપૂરો વિશ્વાસ રાખે છે. પેલી માંદી પૌત્રીએ તે કામ કર્યું." ફ્રીસ્તો પોતાની લુચ્ચી આંખો ઝીણી કરતાં હસ્યો. "જોકે તેણે લગભગ આખા નાટકને ઉઘાડું પાડયું હતું. મારો કહેવાનો અર્થ એ હતો કે જ્યારે તે સાજી થઈ ગઈ હતી ત્યારે. અહીં હું છું, તેને ઉપાડુ છું, અને વ્હાલા દાદાની જેમ તેને ચુંબન કરું છું, અને તે દૂર જતી રહી, ચોધાર આંસુએ રડવા લાગે છે," અને તે ફરીથી હસ્યો.

"તને એ છોકરી મળી ક્યાંથી?" ઝુરીતાએ પૂછ્યું.

"પૈસા મેળવવા મુશ્કેલ છે, પણ છોકરીઓ નહીં," ફ્રીસ્તોએ કહ્યું. "અને તેની મા પણ ખુશ છે. મને પાંચ પીસો મળ્યાં — તેને પોતાની તંદુરસ્ત દીકરી પાછી મળી."

વળી તેને સાલ્વાતોર પાસેથી પણ સારી એવી રકમ મળી હતી, જેનો તેણે ઉલ્લેખ કરવાની તસ્દી લીધી જ નહિ. આ વધારે સમજી શકાય તેવી વાત એટલા માટે પણ હતી કે, તેને મળેલી રકમમાંથી વળી કંઈ તે બાળકની માને કશું આપવા જવાનો પણ નહોતો.

"તે જગ્યા એ એક ધોરણસરનું પ્રાણી સંગ્રહાલય છે જે કઢંગા વિચિત્ર પ્રાણીઓથી ઠસાઠસ ભરેલું છે." અને ફ્રીસ્તોએ પોતાની વાત શરૂ કરી.

"તે તો ઘણું જ રસપ્રદ હોવું જોઈએ," થોડી વાર પછી ઝુરીતાએ કહ્યું અને સિગાર સળગાવી. "પણ

ને કોઈ માલમતા તો જોઈ નથી. હવે પછી તારો શો ઇરાદો છે?"

"ઍંડસની મુસાફરી કરવી." અને ક્રીસ્તો એ તેમને સાલ્વાતોરની યોજના વિષે કહ્યું.

"અતિ ઉત્તમ!" ઝુરીતાને અત્યંત આનંદ થયો. "જેવી સાલ્વાતોરની ટુકડી તે જગ્યા છોડશે, કે તરત જ અમે ત્યાં હુમલો કરીશું અને 'દરિયાઈ રાક્ષસ'ને જબરદસ્તી પકડી લાવીશું. તે જગ્યા એટલી તો એકાંતમાં છે કે તે કામ ધોળે દિવસે પણ કરી શકાય અને કોઈને ખબર પણ નહીં પડે." ક્રીસ્તોએ માથું ધુણાવ્યું.

"જાગુઆર તમારાં માથાં કરડી ખાશે. કદાચ જો તેઓ તેમ ન પણ કરે તો, તમે કદીયે 'દરિયાઈ રાક્ષસ'ને શોધી નહીં શકો — હજુ સુધી હું પણ નથી શોધી શક્યો કે તે ક્યાં છે."

"તો પછી અહીં આપણે શું કરીશું?" થોડી ક્ષણો વિચાર્યા પછી ઝુરીતાએ કહ્યું. "આપણે સાલ્વાતોરની ટુકડીને ઘેરી લઈશું, તેને કેદી બનાવી અને તેનાથી મુક્તિદંડ લઈને છોડી મૂકીશું. મુક્તિદંડના બદલામાં 'દરિયાઈ રાક્ષસ' માંગીશું."

પોતાના હાથની ચાલાકીથી હલન-ચલન દ્વારા ક્રીસ્તોએ ઝુરીતાના ખમીસના ખિસ્સામાંથી સિગાર ખેંચી લીધી.

"ઘણો આભાર. ઘેરી વળી હુમલો કરવું તે વધારે સારું છે. પણ સાલ્વાતોર તારી ઉપર કોઈ યુક્તિ અજમાવે તે ચોક્કસ છે — માલમતાને પહોંચાડવાની અને તેવું કંઈક કહી ન કરવાનું વચન આપ. પેલા સ્પેનીયાર્ડે..." બાકીનું વાક્ય ખાંસીમાં દબાઈ ગયું.

"સારું, તારી શી સલાહ છે?" ઝુરીતાએ એકદમ ઉત્તેજિત થતાં કહ્યું.

"શાંતિ, ધીરજ રાખો. સાલ્વાતોર મારી ઉપર વિશ્વાસ રાખે છે પણ માત્ર ત્રણ દીવાલો સુધી. કદાચ ભવિષ્યમાં તે પોતાના જ પડછાયા ઉપર જેટલો વિશ્વાસ કરે છે તેટલો જ મારા ઉપર કરતો થશે, પછી તે પોતાની જ સ્વેચ્છાથી મને 'દરિયાઈ રાક્ષસ' બતાવશે."

"એમ કે?"

"સારું, સાલ્વાતોર ઉપર બહારવટિયાઓ હુમલો કરશે," તેણે પોતાની આંગળીઓ ઝુરીતાની છાતી ઉપર ઘોંચી, "અને તેમની પાસેથી એક પ્રમાણિક આરાઉકાનીયન દ્વારા છૂટો કરાવવામાં આવશે," તેણે પોતાની છાતી ઠોકી. "પછી સાલ્વાતોરના ઘરમાં ક્રીસ્તોથી છૂપું કંઈ જ નહીં રહે." ("અને સોનાના પીસોની પણ કોઈ કમી નહીં રહે," તેણે પોતાના માટે પાછળથી ઉમેર્યું.)

"આ કંઈ ખોટો વિચાર નથી."

પછી તેઓ સહમત થયાં કે ક્રીસ્તોએ સાલ્વાતોરને રસ્તા માટે સલાહ આપવી.

"નીકળવાની સાંજે હું દીવાલ ઉપર લાલ પત્થર ફેંકીશ. બધી જ વસ્તુઓ તૈયાર રાખજો." અને ક્રીસ્તો જતો રહ્યો.

જો કે હુમલાની આખી યોજના સારી રીતે ઘડવામાં આવી હતી તેમ છતાં અણધારી પરિસ્થિતિને કારણે લગભગ નિષ્ફળ ગઈ.

ઝુરીતા, બલ્તાઝ્ઝર અને દારૂપીઠામાંથી ભાડે લીધેલાં બાર હત્યારાઓ, "ગૌચો" કપડાં પહેરી સારી રીતે

શસ્ત્રસજ્જ થઈ પૅમ્પાસ સડકની બાજુમાં એક જગ્યાએ ગોઠવાઈ ગયાં. ઘોર અંધારી રાત હતી. આખી ટોળી પગરવ સાંભળવાનો પ્રયત્ન કરી રહી હતી.

ત્યાં જ અચાનક બહારવટિયાઓએ ઝડપભેર નજીક આવતો ઍંજિનનો ઘર્રાટ સાંભળ્યો. બે પ્રકાશમય મુખ્ય બત્તીઓએ અંધારાને ચીરી નાંખ્યું અને તેઓ ક્યાં છે તે જાણે તે પહેલાં જ એક મોટી કાળી મોટરગાડી જોરથી ધસી આવી.

ક્રીસ્તોના મનમાં કદીયે નહોતું આવ્યું કે સાલ્વાતોર આવા નવા અનિયમિત રસ્તે મુસાફરી કરી શકતો હતો. ઝુરીતા ક્રોધ અને નિરાશાથી અકળાઈ ગયો, બલ્તાઝારને રમૂજ પડી.

"નરમ પડો, માલિક," તેણે કહ્યું. "તેઓ રાત્રે મુસાફરી કરશે અને દિવસે આરામ કરશે. આપણે તેમને પકડી પાડીશું." અને તેણે પોતાના ઘોડાને એડી મારી, બીજાં તેની પાછળ જોડાયાં.

જ્યારે તેઓએ થોડેક દૂર પડાવની આગનો પ્રકાશ જોયો. તે વખતે બે કલાક સુધીની સતત ઘોડેસવારી તેમણે પૂરી કરી હતી.

"પેલાં તેઓ છે. કંઈક થયું લાગે છે. જ્યાં સુધી હું કંઈક પરિસ્થિતિની હિલચાલ સંબંધી માહિતી લઈ આવું ત્યાં સુધી તમે અહીં મારી રાહ જુઓ."

અને ઘોડા ઉપરથી ઊતરી, બલ્તાઝાર સાપની જેમ અંધારામાં પેટે ઘસડીને ચાલ્યો ગયો.

એક કલાકમાં તે પાછો આવ્યો.

"મોટરગાડી ખરાબ થઈ ગઈ છે. તેઓ તેનું

સમારકામ કરે છે. ક્રીસ્તો ચોકીદારી રાખી રહ્યો છે. ચાલો, આપણે ઉતાવળ કરવી જોઈએ અને કામ પૂરું કરીએ."

તે બહુ ઝડપનું કામ હતું. હજુ જ્યારે તેઓએ મોટરગાડી ઠીક કરી લીધી હતી ત્યારે જ અચાનક બહારવટિયાઓએ સાલ્વાતોરની ટુકડીને ઘેરી લીધી અને સાલ્વાતોર, ક્રીસ્તો અને ત્રણ હબસીઓએ બંદૂક માર્યા વિના હાથ પગ બાંધી દીધા.

ઝુરીતાએ પડદા પાછળ રહેવાનું પસંદ કર્યું, બહારવટિયાઓમાંનો એક જે ટોળીના સરદર તરીકે વર્તી રહ્યો હતો, તેણે સાલ્વાતોરને કહ્યું કે તેઓ તેને ખૂબ મોટી રકમના બદલામાં છોડવા માટે તૈયાર હતાં અને તેનો ઉલ્લેખ કર્યો.

"તમને તે મળશે," સાલ્વાતોરે કહ્યું.

"તે તો માત્ર તારા માટે છે. અને જો તું તારા માણસોને પણ છોડાવવા ઇચ્છતો હોય તો તેનાથી બમણી રકમ આપવી પડશે," તેનો ફાયદો ઉઠાવતાં બહારવટિયાએ કહ્યું.

"મારી પાસે એટલાં બધાં પૈસા નથી," પળ વાર પછી સાલ્વાતોરે કહ્યું.

"તેને ખલાસ કરી નાંખો!" બધાં જ બહારવટિયાઓ એક સાથે બૂમ પાડી ઊઠયા.

"હું તને વિચારવા માટે પરોઢ સુધીનો સમય આપીશ," બહારવટિયાઓના પ્રતિનિધિએ કહ્યું.

સાલ્વાતોરે પોતાનાં ખભાં ચઢાવતાં ફરીથી કહ્યું:

"મારી પાસે તેટલાં પૈસા નથી."

તેની ઠંડકે બહારવટિયાઓને પણ પ્રભાવિત કર્યા.

સાલ્વાતોર અને તેના માણસોને એકબાજુ લઈ જઈ, બહારવટિયાઓએ મોટરગાડીનો ખૂણો ખાંચરો તપાસ્યો તો સંગ્રહ કરવાના હેતુથી રાખેલું સ્પીરીટ મળ્યું. થોડી જ વારમાં તેઓ દારૂનાં નશામાં ચકચૂર થઈ જમીન ઉપર ઊંઘવા લાગ્યાં.

પોહ ફૂટવાની વેળાએ કોઈક ધીમેથી સાલ્વાતોરની તરફ ઘસડાતું આવ્યું.

"તે હું છું," ક્રીસ્તોનો અવાજ આવ્યો. "હું ગમે તે રીતે મારી જાતને છોડાવી શક્યો અને રખવાળી કરતાં બહારવટિયાને મારી નાંખ્યો. બીજાં બધાં નશામાં ચકચૂર અને અસમર્થ છે. આપણે ઉતાવળ કરવી જોઈએ!"

તેઓ અંદર ઘૂસી ગયાં, હબસી ડ્રાઇવરે મેશીન ચાલુ કર્યું, અને મોટર આગળ નીકળી ગઈ.

તેમની પાછળ બૂમરાણો થઈ અને કેટલીક રાયફલોનાં ધડાકાં પણ સંભળાયા.

સાલ્વાતોરે ક્રીસ્તોનો હાથ દબાવ્યો.

સાલ્વાતોરના ત્યાંથી નીકળી ગયા પછી જ માત્ર ઝુરીતાએ જાણ્યું કે તે કિંમત ચૂકવવા તૈયાર હતો. તે શું વધારે સરળ નહોતું કે "દરિયાઈ રાક્ષસ"નું અપહરણ કરવાનો પ્રયત્ન કરવા કરતાં પૈસા માત્ર લઈ લેવા. કોઈને પણ તેની કિંમતની કોઈ જાણ નહોતી? જોકે તેણે વિચાર્યું કે હવે બધું વ્યર્થ હતું. અને તે ક્રીસ્તો તરફથી સમાચારની રાહ જોવા લાગ્યો.

ઉભયવાસી પ્રાણી

ક્રીસ્તોને આશા હતી કે સાલ્વાતોર તેને બોલાવીને કહેશે :

"ક્રીસ્તો, તે મારી જિંદગી બચાવી. હવેથી તારાથી આ જગ્યામાં કોઈ વાત છૂપી નહીં રહે. મારી સાથે આવ, હું તને 'દરિયાઈ રાક્ષસ' બતાવીશ," કે પછી એવાં જ કંઈક શબ્દો.

પણ સાલ્વાતોરે ક્રીસ્તોની બધી જ આશાઓ ઉપર પાણી ફેરવી દીધું. તેણે ઉદારતાથી બહાદુર આરાઉકાનિયનને ઇનામ આપ્યું અને ફરીથી પોતાના સંશોધનકાર્યમાં વ્યસ્ત થઈ ગયો.

તેથી ક્રીસ્તોએ હવે પોતાનું શોધકાર્ય શરૂ કર્યું. ગુપ્ત બારણાંની કૂંડીઓ ખોલવી અતિ મુશ્કેલ હતું, પણ છેવટે તેની ધીરજ ફળી. એક દિવસ તેણે તેની ઉપર ઉપસી આવેલી મૂઠને ખૂબ જ જોરથી દબાવી અને તે મજબૂત સલામતી કક્ષના બારણાંની જેમ ધીરે ધીરે ખૂલ્યું. ક્રીસ્તો અંદર સરકી ગયો અને બારણું બંધ થઈ ગયું. તેને થોડોક અચંબો થયો. તેણે તેને તપાસતાં, દરેક મૂઠોને ફેરવી જોઈ. પણ બારણું ન ઊઘડ્યું.

"મેં મારી જાતને અંદર સારો ફસાવ્યો," તે ગણગણ્યો. "ભલે, મારે હવે આજુબાજુ જોવું જોઈએ."

તેણે જોયું કે તે એક બખોલમાં હતો, જ્યાં ખૂબ જ ધીચોધીચ ઉગેલાં ઝાડો અને ઝાડીઓ હતી તથા તે બધી બાજુએ માણસે બનાવેલા ખડકોને દીવાલથી ઘેરાયેલી હતી. ક્રીસ્તોએ જે છોડ જોયાં તે સામાન્ય રીતે ભેજવાળી

જમીનમાં ઉગનારાંના જેવા હતાં. અસંખ્ય નાનાં ઝરણાંઓ જે નીચે વહેતાં હતાં તેમની ઉપર મોટાં ઘટાદાર વૃક્ષોને કારણે સૂરજનો પ્રકાશ પડતો નહોતો. વૃક્ષોની વચ્ચે છાવયેલાં ફૂવારાઓ હવામાં ભેજી માત્રમાં ઉમેરો કરતાં હતાં. તે જગ્યા મિસીસીપ્પીના નીચા કિનારાઓ જેટલી જ ભેજવાળી હતી. મેદાનની વચ્ચોવચ સપાટ છાપરાવળું નાનું પત્થરનું મકાન ઊભેલું હતું. તેની દીવાલો ઉપર સદાપર્ણ વેલો ચઢાવવામાં આવેલો હતો. જોવામાં મકાન નિર્જન લાગતું હતું.

ક્રીસ્તો વાડીના દૂર દૂરના છેડા સુધી પહોંચી ગયો. દીવાલની પાછળથી આવતાં ગોળ અને લીસાં પથ્થરોનાં ખડખડ અવાજોથી તેણે અનુમાન કર્યું કે સમુદ્ર તેની નજીકમાં જ હતો. આમ અહીં સુધી સાલ્વાતોરનું વર્ચસ્વ છે, તેમ ક્રીસ્તોએ વિચાર્યું. દીવાલની સામે વૃક્ષોની હારમાળાઓ વચ્ચે એક ચોરસ તરવા માટેનો પુલ હતો જે પંદર ફૂટ કરતાં ઓછો ઊંડો નહોતો.

ત્યાં જ ઝાડોની અંદરથી એક પ્રાણી ધસી આવતું ક્રીસ્તોની નજરે પડયું પણ તેને એક નજરે જોવા જેટલો સમય રહ્યો. તે તરવાના પુલ સામે આવી, પાણીમાં મોટો છબાક એવો અવાજ કરતો કૂદી ગયો. તેની નજીક જતાં ક્રીસ્તોનાં હૃદયના ધબકારા એકદમ વધી ગયાં. તે ચોક્કસ તે જ "દરિયાઈ રાક્ષસ" હોવો જોઈએ, તેણે વિચાર્યું. છેવટે તે તેને જોશે.

ક્રીસ્તોએ સ્વચ્છ પાણીમાં જોયું.

તળિયે સફેદ પત્થરની લાદીઓ ઉપર એક મોટું વાંદરું નીચું નમેલું હતું. તેની ઉપર દૃષ્ટિ પડતાં તેને

ભયની સાથે સાથે કુતૂહલ પણ થયું. અને તે શ્વાસ લઈ રહ્યુ હતું. પાણીની અંદર? મંત્રમુગ્ધ થયેલો ક્રીસ્તો ઊંચકાતા પડતા, ઊંચકાતા પડતા આ વાંદરાનાં પડખાં ઉપરથી પોતાની નજર ન હટાવી શક્યો...

તરત જ પોતાની પુનઃસ્થિતિ પ્રાપ્ત કરવાની શરૂઆત કરતાં ધીમું હસ્યો. તો "દરિયાઈ રાક્ષસ", માછીમારોનો ભય, તે માત્ર એક વાંદરું જ હતું, જે પાણીની અંદર પણ શ્વાસ લઈ શકતો હતો.

એક વખત તો ક્રીસ્તો ખુશ થયો અને નિરાશ પણ. રાક્ષસનાં વર્ણનોથી તેણે ધાર્યું હતું તે એકદમ જુદું જ હતું. આપણને કેવી યુક્તિઓ ભય અને આશ્ચર્ય પમાડે છે, ઘરડાં ઈન્ડિયને વિચાર્યું.

હવે તેણે પોતાના રસ્તે પાછું જવું જોઈતું હતું. ક્રીસ્તોએ ગુપ્ત બારણાં તરફનાં પોતાનાં પગલાં શોધી કાઢયાં, દીવાલના સહારે એક મોટા ઝાડ ઉપર ચઢી ગયો અને પોતાનાં ઘરડાં પગો ક્યાંય તૂટી ન જાય તેના માટે ભગવાનને પ્રાર્થના કરતો નીચે તરફ કૂદી ગયો.

જેવો ક્રીસ્તો સહીસલામત નીચે પહોંચ્યો તેવો જ તેણે સાલ્વાતોરનો અવાજ સાંભળ્યો.

"એય, ક્રીસ્તો, તું ક્યાં છે?"

ઈન્ડિયન રસ્તા ઉપર પડેલી પંજેટી ઉપાડીને સૂકાં પાંદડાંઓ ભેગાં કરવા લાગ્યો.

"હું અહીં છું," તેણે બૂમ પાડી.

"મારી સાથે આવ, ક્રીસ્તો," ગુપ્ત બારણા તરફના રસ્તા ઉપર મોટી મોટી ફાળો ભરતાં સાલ્વાતોરે કહ્યું. "ઉઘાડવા માટે તું અહીં દબાવ," અને તેણે, તે જ

મૂઠ કે જેનો ક્રીસ્તોએ ઉપયોગ કર્યો હતો, તે દબાવી.

"થોડો તું મોડો છે, નહિ, મેં તારો રાક્ષસ જોઈ લીધો છે," ક્રીસ્તોએ વિચાર્યું.

તેઓ વાડીમાં ગયાં. સાલ્વાતોર સદાપર્ણ વેલાથી અચ્છાદિત મકાનની પાછળથી સીધો તરવાના પુલ તરફ તેને દોરી ગયો. વાંદરું હજુ પાણીમાં જ, જ્યાં તેણે પહેલાં જોયું હતું ત્યાં જ, હતું અને દરેક શ્વાસોચ્છ્વાસે પાણીનાં નાનાં નાનાં પરપોટાં બહાર કાઢતું હતું.

વાંદરા ઉપર નજર પડતાં ક્રીસ્તોએ બનાવટી આશ્ચર્ય પ્રગટ કર્યું, પણ જે થોડી વારમાં જ વાસ્તવિકતામાં પરિવર્તિત થઈ ગયું.

જ્યારે સાલ્વાતોર વાંદરા તરફ કોઈ લક્ષ્ય ન આપ્યું, માત્ર પોતાનો હાથ હલાવ્યો, જાણે તેને જતા રહેવા કહેતો હોય. તરત જ વાંદરું ઉપરની તરફ તરી આવી, ભાંખોડિયાભર બહાર આવી, પોતાની જાતને પાણી ખંખેરવા જોરથી હલાવી અને ઝાડ ઉપર ચઢી ગયું. સાલ્વાતોરે નીચા નમી ઘાસમાં છુપાયેલી એક નાનકડી લીલી તકતીને દબાવી ત્યાં પુલના તળિયા તરફ ઊઘડીને પહોળું થતાં ગરજતાં અને ગુપ્ત રસ્તાનાં દ્વારો હતાં. ત્યાંથી પાણી ધસી આવતું હતું. થોડી જ ક્ષણોમાં પુલ એકદમ સૂકાઈ ગયો. દ્વારો બંધ થઈ ગયાં. તળિયા સુધી પહોંચતી લોખંડની નિસરણી પુલની બાજુમાં ક્યાંક તેની જગ્યા ઉપરથી સરકતી નજરે પડી.

"અહીં આવ, ક્રીસ્તો."

તેઓ નીચે ઊતર્યા. સાલ્વાતોરના લાદી ઉપર પગ મૂકતાં જ પુલની વચ્ચેનું એક બીજું ગુપ્ત દ્વાર ઊઘડ્યું.

લોખંડના પગથિયા નીચેની તરફ એકદમ અંધકારમાં દોરી જતાં હતાં.

છિદ્રમાંથી આવતાં પ્રકાશથી ઝાંખી પ્રકાશિત એવી પરસાળમાં ક્રીસ્તો સાલ્વાતોરની પાછળ પાછળ ચાલતો હતો. જેવા તેઓ વધારે અને વધારે આગળ વધ્યાં કે થોડી જ વારમાં એકદમ અંધારિયે રસ્તે પહોંચ્યા. પરસાળમાં તેમનાં પગલાંના પડઘા ગૂંજતા હતા.

"આપણે લગભગ ત્યાં પહોંચી ગયાં છીએ, ક્રીસ્તો."

સાલ્વાતોર થોભી ગયો અને દીવાલ ઉપર પોતાનો હાથ ઘસડયો. ખટક કરતો અવાજ થતાં ઝગારા મારતો પ્રકાશ ઝગમગી ઊઠયો. તેઓ ચૂના સફેદાના થરની ગુફામાં ઊભાં હતાં, જેની સામે જડબામાં જકડાયેલી રીંગોવાળા સિંહના માથાઓવાળું પિત્તળનું બારણું પડતું હતું. સાલ્વાતોરે તેમાંથી એક રીંગ ખેંચી. મજબૂત બારણું ધડામ કરતું ખૂલ્યું અને તેઓ એક અંધારિયા ખંડમાં દાખલ થયાં. બીજી ટકના અવાજ સાથે અપારદર્શી ગોળાકાર દીવાથી ગુફા પ્રકાશિત થઈ કે જેની દૂરની દીવાલ કાચની બનેલી હતી. સાલ્વાતોરે ચાંપો દબાવી. ગુફામાં ફરીથી અંધારું છવાઈ ગયું, પછી કેટલીક સર્ચલાઈટોનો તેજસ્વી પ્રકાશ અંદર પ્રવેશતાં જ કાચની દીવાલની પાછળ મોટું માછલીઘર નજરે પડયું. માછલીઓ પરવાળાઓ અને સમુદ્રી વનસ્પતિઓની વચ્ચે ગેલમાં કૂદાકૂદ કરતી હતી. ત્યાં જ અચાનક ક્રીસ્તોએ મોટી મોટી ગોળાકાર આંખો અને દેડકાનાં પંજાવાળા માણસ જેવા પ્રાણીને સમુદ્રી વનસ્પતિઓના કોકડાની પાછળથી આવતું જોયું. પ્રાણી સાહજિકતાથી કાચની દીવાલ તરફ

તરતું આવ્યું અને સાલ્વાતોરને નમન કર્યું. પ્રાણી પાસેથી જોતાં પ્રચંડ આંખો અને ચળકતી-વાદળી ચામડીવાળું દેખાતું હતું. તે દીવાલની એક બાજુના નાના કાચના ઓરડામાં દાખલ થયું અને કાચનું બારણું બંધ થઈ ગયું. ઓરડો એકદમ ઝડપથી ખાલી થવા લાગ્યો. અજાણ્યો માણસ બારણું ઉઘાડી ગુફામાં આવ્યો.

"તારાં દસ્તાના અને ચશ્માં કાઢી નાંખ," સાલ્વાતોરે કહ્યું.

નવા આગંતુકે આજ્ઞા પ્રમાણે વસ્તુઓ કાઢી નાંખી અને તેની સાથે જ ક્રીસ્તોની સામે એક પાતળો, દેખાવડો જુવાન ઊભો હતો.

"કૃપા કરીને, ઇક્થિઆન્દર, ઉભયવાસી પ્રાણી કે પછી 'દરિયાઈ રાક્ષસ'ના નામે પણ જે જાણીતો છે, તેને મળો," સાલ્વાતોરે ક્રીસ્તોને આ જુવાનનો પરિચય કરાવ્યો.

જુવાને ઇન્ડિયન તરફ હાથ લાંબો કરતાં સ્નેહાળ સ્મિત આપ્યું.

"હેલો," તેણે સ્પેનીશમાં કહ્યું.

ક્રીસ્તોએ લંબાયેલા હાથને દબાવ્યો. તેની તો જાણે જીભ જ સિવાઈ ગઈ હતી.

"ઇક્થિઆન્દરની સેવાચાકરી કરતો હબસી માંદો છે," સાલ્વાતોરે કહ્યું. "થોડા સમય માટે તું ઇક્થિઆન્દરની સાથે રહેશે. જો તું સારી રીતે કામ કરીશ તો કાયમ માટે તેની સાથે તારી નિમણૂંક કરીશ."

ક્રીસ્તોએ ચૂપચાપ માથું ધુણાવ્યું.

ઈક્થિઆન્દરનો દિવસ

વહેલી પરોઢનો સમય છે.

ફૂલોની સુગંધ સભર મીઠું માદક વાતાવરણ છે. એક પાંદડું પણ હાલતું નથી. ચારેબાજુ નીરવ શાંતિ છે. માત્ર પગ તળે ચગદાતી રેતીનો ચર ચર અવાજ સંભળાય છે. જ્યારે તે બગીચામાંથી પસાર થાય છે ત્યારે તેના પટ્ટા ઉપર ખંજર, એક જોડી ચશ્માં, જાળીદાર દસ્તાના, અને તરવા માટેનાં પગરખાં લટકતાં હોય છે. કાળાં ઘટાદાર વૃક્ષો અને ઝાડીઓ વચ્ચેથી રસ્તો જાય છે, જે માત્ર આગળ વધતાં વધતાં જ જોવો સંભવ છે. ઈક્થિઆન્દર દરેક ક્ષણે ડાળીઓને ઝાડકતો જાય છે, તેની સાથે જ તેનાં વાળ અને ગાલ ઉપર ઝાકળનાં હૂંફાળા ટીપાં પડે છે.

રસ્તો જમણી દિશા બાજુ સાંકડા ઢોળાવ સાથે વળાંક લે છે. હવામાં ભીનાશ વરતાતી જાય છે. ઈક્થિઆન્દર ફરસબંધીનો સ્પર્શ થતાં રોકાઈ જાય છે. તે પોતાની તરવાની વસ્તુઓ ધીરે ધીરે પહેરે છે. પછી તે પોતાના ફેફસાંમાંથી બધી હવા બહાર કાઢે છે અને તળાવમાં કૂદી પડે છે. પાણી એકદમ ઠંડું છે, તેની ઝાલરોમાં એકદમ કંપકંપી આવી જાય છે, જે હવે તાલબદ્ધતાથી હાલવા લાગી છે. માણસ માછલીમાં પરિવર્તિત થઈ જાય છે.

થોડાંક શક્તિશાળી ઝટકાઓ ઈક્થિઆન્દરને નીચે તળાવના એકદમ તળિયા સુધી અને તેનાથી થોડે દૂર સુધી લઈ જાય છે. જ્યાં સુધી તે ટનલમાં અંદરની તરફ આવતાં ઠંડા પાણીના પ્રવાહની વિરુદ્ધમાં આગળની તરફ

નમીને ચાલે છે ત્યાં સુધી તેના લંબાયેલા હાથમાં પથ્થરની દીવાલમાં ખૂંપેલાં લોખંડનાં ખૂણિયાઓ એક પછી એક આવે છે. બંને પગો વડે ધક્કો આપતાં તે ઉપર આવે છે પણ એવું અનુભવે છે કે જાણે તેણે હૂંફાળા સ્નાનાગરમાં ઝંપલાવ્યું હોય. તે ત્યાં છે કે જ્યાં બગીચાના તળાવોમાંથી હૂંફાળું પાણી દરિયા તરફ જાય છે. ઇક્થિઆન્દર ચત્તો થઈ જઈ, પોતાના હાથ વાળી દે છે અને સૌથી પહેલાં પ્રવાહ સાથે તણાતાં માથા ઉપર હૂંફાળા પ્રવાહને તેના માટે પોતાનું કામ કરવા દે છે.

ટનલનો છેડો નજીક આવતો જાય છે. ટનલના મુખદ્વાર ઉપર અથડાતાં દરિયાનાં પ્રવાહને કારણે પથ્થરો અને છીપલાંઓ અફળાતાં આવતાં અવાજો તે સ્પષ્ટપણે સાંભળી શકે છે.

ઉભયવાસી પ્રાણી સારી રીતે જોવા માટે ચત્તો થઈ જાય છે. પણ હજુ ગાઢ અંધકાર છે. પોતાનો હાથ આગળ તરફ લંબાવતા બીજી જ ક્ષણે લોખંડની જાળી તેને મળે છે, જેની આડી ગજ ઉપર પાતળી લીલનું આવરણ અને બરછટ પરવાળા છવાયેલાં છે. થોડીક વાર તે આંટીઘૂંટીવાળું તાળું ફંફોળતો રહે છે. તરત જ ગોળાકાર બારાણું ધીમેથી ઊઘડે છે, ઇક્થિઆન્દર તેમાંથી સરકી જાય છે અને જેવો તે દરિયા તરફ આગળ છે તેવું જ તેની પાછળ ક્લીક્ કરીને તાળું બંધ થયાનો અવાજ સાંભળાય છે.

પાણીની અંદર હજુ પણ ગાઢ અંધકાર છે. નીચે કાળીડિબાણ ઊંડાઈમાં ક્યારેક ક્યારેક નોકટીલ્યુકેઈના ભૂરા ચમકતા ચમકારા અને પસાર થતી જેલીફીશનાં

ઝાંખા લાલાશ પડતાં ચમકારા નજરે પડે છે. પણ ત્યાં લગભગ પરોઢ થયું જ છે. અને દરિયાનાં તેજ ઉત્પાદક પ્રાણીઓ એક પછી એક પોતાની નાની નાની બત્તીઓ બુઝાવી રહ્યાં છે.

ઇક્થિઆન્દર મુશ્કેલીથી શ્વાસ લે છે, તેની ઝાલરોમાં એકધારી થોડી થોડી પીડા થાય છે. તેનો અર્થ એ થાય છે કે તેણે ખડકાળ વિસ્તાર પસાર કરી લીધો છે અને હવે તે ત્યાંથી દરિયામાં મળતી નદીના કાદવવાળા પાણીના પ્રવાહમાં તે છે.

તેને વિચાર આવે છે: "મને આશ્ચર્ય થાય છે કે નદીની માછલી પેલાં કાંપવાળા પાણીમાં કેવી રીતે રહી શકે છે. જરૂર વધારે શક્તિશાળી ઝાલરો હોવી જોઈએ તેમની."

ઇક્થિઆન્દર પોતાની જમણી તરફ, દક્ષિણમાં વળે છે, પછી જ્યાં સાફ પાણીનો ઠંડો પ્રવાહ વહે છે ત્યાં સુધી નીચે જાય છે. આ પ્રવાહ ઉત્તરી કિનારા તરફ જાય છે અને પરાના નદી જ્યાં દરિયામાં મળે છે ત્યાં તેના દબાવ નીચે એક જગ્યાએથી તે પ્રવાહ પૂર્વ દિશાની તરફ વળી જાય છે. તેનો ઠંડો પ્રવાહ ખૂબ જ ઊંડો છે, પણ ઉપરની—ઇક્થિઆન્દરનો રસ્તો—સપાટીથી માત્ર ૫૦ ફૂટ નીચો છે. હવે તે આરામ કરી શકે છે: પ્રવાહનું સાફ પાણી હવે તેને દૂર દૂર દરિયા સુધી લઈ જશે.

તે એક ઝપકી પણ લઈ શકે છે, કારણ કે હજુ અંધારું છે અને શિકારી માછલી ઉપર નથી કે હજુ આવવામાં પણ નથી. વહેલી પરોઢે સૌથી મીઠી નીંદર આવે છે.

જ્યારે તે ઊંઘે છે ત્યારે તેની ચામડી પાણીના દબાણ

અને ઉષ્ણતામાનનાં દરેક નજીવાં ફેરફારોની નોંધ લે છે. હમણાં જ તેના કાને સાંકળનો બોદો અવાજ પડે છે, પછી બીજી વાર અને હજુ ફરી એક વાર. તે લંગરનાં દોરડાંનો છે. ઊંઘતો ઊંઘતો તે જ્યાં તણાઈ રહ્યો છે ત્યાંથી અખાતમાં, થોડાક માઈલો દૂરથી આવતાં અવાજો પરોઢે માછલા પકડવા માટે લાંગરવામાં આવતાં લંગરોનાં છે. પછી, આ બીજાં બધાં અવાજો ઉપર હાવી થતો, ઘણે દૂરથી પણ ઘણો શક્તિશાળી અવાજનો સ્થિર ગડગડાટ આવે છે. તે અવાજ લીવરપુલ અને બ્યૂએનસ-આઈરસ વચ્ચે ચાલતી વિશાળ બ્રિટિશ ઉતારુ સ્ટીમર 'ગેરોક્સ'ના પંખાઓનો છે. સ્ટીમર હજુ બીજા વીસ માઈલ જેટલી દૂર હશે પણ તેનાથી અવાજ ઉપર કોઈ અસર નથી થતી: દરિયાઈ પાણીમાં તે લગભગ એક મિનિટના ૫૦ માઈલની ઝડપથી ચાલે છે. રાત્રિ દરમિયાન 'ગેરોક્સ' રોશનીથી ઝળહળતા અને તરતા ઉલ્લાસિત શહેર જેવું લાગે છે. પણ રાત્રે તેને જોવા માટે ઈક્થિઆન્દરે સાંજે જ દરિયા તરફ જવા નીકળવું જોઈએ. સૂરજ ચઢી ગયા પછી બ્યૂએનસ-આઈરસમાં આશ્રય લેતી 'ગેરોક્સ' જેની બધી જ બત્તીઓ બુઝાયેલી, તોતિંગ જેવી, ઘરઘરાટ કરતી બિલકુલ જુદી જ લાગે છે. પણ હવે તેણે જાગ્રત થઈ જવું વધારે સારું હતું. આ સ્ટીમર થોડી જ વારમાં દરિયાભરનાં બધાં જ પ્રાણીઓને પોતાનાં પંખા, ઍન્જિન અને બત્તીઓ દ્વારા જગાડી દેશે. ચોક્કસપણે થોડી વાર પહેલાં દબાણનાં ફેરફારને કારણે તે સચેત થયો હતો જેનું કારણ સ્ટીમરના અવાજ સાથે હંમેશાં સૌથી પહેલી હાલતી ડોલ્ફીનો હતા. તેઓ હમણાં

જ ઉત્સુકતાથી સ્ટીમરને મળવા તેના રસ્તા ઉપર જ હોવા જોઈએ.

બંદર અને અખાત સચેત થતાંની સાથે જ સ્ટીમરના એંજિનોનો ઘરઘરાટ ઇક્થિઆન્દરની નજીક આવે છે. તે પોતાની આંખો ખોલે છે, ઊંઘ ઉડાડવા પોતાનું માથું હલાવે છે અને પોતે ઉપરની તરફ આગળ વધે છે.

દરિયાની સપાટી ઉપર આવી તે ચારે બાજુ ધ્યાનપૂર્વક જુએ છે કે કોઈ હોડી કે વહાણ છે કે નહિ, આસપાસ નજીકમાં કોઈ તે માથું પાણીની સપાટી ઉપર અને શરીરને સીધું રાખી પગને ઉપર ન જોતાં નીચે હલાવતો તરે છે.

માત્ર કેટલીક જળકૂકડીઓ અને સમુદ્રી પક્ષીઓ તેની આસપાસ છે. તેઓ વારંવાર પાણીમાંથી એકદમ સરકી જાય છે. તેથી તેમની ત્રાંસી પાંખો કાચ જેવી સપાટીને સ્પર્શતાં પાણીમાં નાનાં નાનાં તરંગો ઊઠે છે. સફેદ સમુદ્રી પક્ષીઓની કિકિયારીઓ નાના બાળકના રડવાના અવાજ જેવી લાગે છે. બરફ સફેદ વિશાળકાય અલ્બાટ્રોસ પોતાની શક્તિશાળી પાંખો દ્વારા હવામાં સરસરાટ કરતું સીધું ઇક્થિઆન્દર ઉપર આવે છે. તેને ભ્રમણા થાય છે કે તે કોઈ મામૂલી તોફાન સાથે અફળાયો છે લાલ ચાંચવાળા અને નારંગી પંજાવાળાં પક્ષીની ૧૨ ફૂટ લાંબી દરેકે દરેક ઈંચે કાળી કોરવાળી પાંખો છે. ઇક્થિઆન્દર અદેખાઈથી તેને જતું જુએ છે. શા માટે તેની પાસે પણ આવી શક્તિશાળી પાંખો નથી!

પશ્ચિમ દિશામાં દૂર આવેલાં પહાડોની પાછળ રાત

ફૂટી રહી છે. પૂર્વ દિશામાં આકાશમાં ધીમે ધીમે સુરખી છવાવા લાગી છે. સમુદ્ર ઉપર ભાગ્યે જ દેખાતી લહરીઓ, જાણે ઘણી બધી સોનાની પાતળી પાતળી પટ્ટીઓ વેરાયેલી હોય તેવી દેખાય છે. જ્યારે સફેદ સમુદ્રી પક્ષીઓ ઉપર આવતા ત્યારે તે ગુલાબી રંગની થઈ જાય છે.

જ્યારે થોડી થોડી હવા ફૂંકાવાની શરૂ થાય છે ત્યારે દરિયાની ઝાંખી સપાટી ઉપર વાદળી કરચલીઓની ભાત નજરે પડે છે. હવા વધારે જોરથી ફૂંકાતા; અસ્થિર વાદળી રંગ વધારે ઘેરો થાય છે. દરિયાના ફીણની સૌથી પહેલી પીળી છોળો રેતાળ દરિયા કિનારા તરફ લપેટાવાની શરૂ થાય છે. કિનારાની નજીકનું પાણી લીલા રંગમાં બદલાઈ જાય છે.

વહાણોની પટ્ટીઓ પાણી ઉપર નજરે પડે છે. ઇક્થિઆન્દરને પોતાના પિતાનો, લોકોથી દૂર રહેવાનો, આદેશ યાદ આવે છે અને ઊંડી છલાંગ લગાવી નીચે જતો રહે છે. થોડી જ વારમાં તે ઠંડા પ્રવાહમાં પાછો આવી જાય છે કે જે તેનો આગળ દરિયામાં પૂર્વ તરફ જશે. આ ઊંડાણમાં લાયલૈકના ધૂંધળા પ્રકાશમાં લાલ, પીળી અને ભૂરી માછલીઓ પતંગિયાઓના પચરંગી ઝુંડની જેમ આમતેમ ઝડપથી તરી રહી છે.

ઉપરની તરફથી ફરતા યંત્રનો અવાજ આવે છે; એક ક્ષણ માટે પાણીમાં એકદમ અંધારું થઈ જાય છે. તે જરૂર દરિયાઈ વિમાન નીચાણમાં ઊડતું હોવું જોઈએ.

તેને યાદ આવે છે કે એક વખત દરિયાઈ વિમાન એકદમ તેની નજીકમાં પાણી ઉપર ઊતર્યું હતું. તેણે તેને ધ્યાનથી જોવા માટે તરાપો પકડયો અને બસ તેની જિંદગી

પૂરી થવા આવી હતી. ત્યાં જ અચાનક દરિયાઈ વિમાન ઉપર ઊઠયું અને હજુ ઈક્વિઆન્દર પોતાનો જીવ બચાવવા કૂદવા માટે વિચારવા જેટલો હોશમાં આવે તે પહેલાં જ લગભગ 30 ફૂટ જેટલો ઊંચો ઊઠી ગયો.

ઈક્થિઆન્દર ઉપર જુએ છે. ચોતરફ પથરાયેલો સૂર્ય લગભગ સીધો માથા ઉપર આવી ગયો છે જે દર્શાવે છે કે મધ્યાહ્ન એકદમ નજીક જ છે. પાણીની સપાટી હવે વિશાળ દર્પણ જેવી નથી રહી કે જે દરિયાના પેટાળ કે જ્યાંથી મોટી માછલી અને ઈક્થિઆન્દર ઉપર ઊઠી આવે છે, તેનું આબેહૂબ પ્રતિબિંબ પાડે છે. રમૂજી દર્પણ ઘરની જેમ તે હવે વિકૃત થઈ ગયું છે અને અસંખ્ય આકારોનો આભાસ આપે છે.

ઈક્થિઆન્દર ઉપર આવે છે. જેવો તે સપાટીની નજીક ખેંચાય છે તેવો જ તે તોફાની દરિયાથી સાવચેત થઈ જાય છે. હમણાં જ તેનું માથું અને ખભા ખુલ્લાં છે અને તે મોજાંની ટોચ ઉપર સવાર છે, પછી નીચે અને ફરીથી ઉપર... ઓહો, દરિયો કેટલો તોફાની છે! દરિયાની ઊંચીનીચી થતી સપાટી કિનારા ઉપર ખડક સાથે અફળાતાં ઘણાં મોજાંઓની મોટા મોટા પૃથક્ ખડકોને પણ ઉથલાવી દે તેવી ગર્જના થઈ રહી છે. સફેદ ફીણની રેખા આગળનું પાણી પીળાશ પડતા લીલા રંગમાં વલોવાઈ જાય છે, જ્યારે અચાનક નૈઋત્ય દિશાની હવા મોજાંઓ સાથે અફળાઈ, ફીણની સફેદ ટોચને ચીરતી જાય છે. દરેક ક્ષણ પ્રતિક્ષણ તેનાં મોં ઉપર છાંટા ઊડતાં તેને

અસીમ આનંદ આવે છે.

ઇક્વિથઆન્દરને આશ્ચર્ય થાય છે કે જ્યારે તે મોજાંઓમાંથી તરતો જાય છે ત્યારે તે ઘેરા વાદળી રંગનું દેખાય છે પણ જ્યારે પાછળથી જુઓ તો તે વધારે ઝાંખા રંગના દેખાય છે, તેવું શા માટે?

ઊડતી માછલીઓનાં મોટાં ટોળાં પાણીમાંથી તરતાં તરતાં નીકળી જાય છે. દરિયાનાં મોજાંઓની એકદમ ટોચ ઉપર અને નીચે વારાફરતી એવી રીતે લગભગ ૪૦ ફૂટ જેટલાં ઊંચા ઊડે છે અને નીચે આવે છે અને ફરીથી ઊડે છે. સમુદ્રી પક્ષીઓ કિકિયારીઓ કરતાં છલાંગો મારે છે. સૌથી ઝડપી ફ્રિગેટ પક્ષીઓ પોતાની વિશાળ પાંખોથી હવા કાપતાં સરસરાટ નીકળી જાય છે. તેઓમાંનું એક પક્ષી કે જેની વિશાળ વળાંકવાળા ચાંચ અને તીક્ષ્ણ પંજાઓ લીલા અને નારંગી રંગની છાંયવાળાં ઘેરાં ભૂરાં રંગના પીંછાં છે, તે નર પક્ષી છે. તેની માદા સફેદ છાતીવાળી અને આછાં પીંછાઓ વાળી તેની બાજુમાં જ રહે છે. અચાનક તે પથ્થરની જેમ નીચે પડે છે અને બીજી જ ક્ષણે ફરીથી ઉપર આવે છે, ત્યારે તેની ચાંચમાં રૂપેરી માછલી છટપટાતી દેખાય છે. આંધી તોફાનના એંધાણની અફર નિશાની આપતાં એલ્બાટ્રોસો ખૂબ ખૂબ ઊંચે ઊડ્ડયન કરી રહ્યાં છે.

ક્યાંક ત્યાં જ ઉપર સ્કીમર પક્ષીઓના અણછાજતાં નામવાળાં નીડર પક્ષીઓ પહેલાં જ સ્યાહી જેવા વાદળાઓને ટાંપવા ઝડપથી ઊડી રહ્યાં છે. માછલાં પકડવા માટેનાં નાનાં વહાણો તોફાનની સામે લડવા ઓછી આતુરતા દર્શાવે છે. સઢનાં પૂરે પૂરાં દબાણની

અંદર તેઓ કોઈ નજીકના બંદરનો આશ્રય શોધી રહ્યાં છે.

દરિયાના મોજાંઓની નીચે લીલાશ પડતો પ્રકાશ છવાઈ રહ્યો છે અને ઉભયવાસી પ્રાણી હજુ પણ વાદળા અને પાણીની સાથે મળેલી બેવડી સપાટીમાંથી સૂર્યના મોટા ગોળાને જોઈ, તેના દ્વારા તે પોતાનો રસ્તો શોધી શકે છે. જો તેને પોતાનું ખાણું ખાવું જ હોય તો સૂર્ય વાદળાઓથી ઢંકાઈ જાય તે પહેલાં જ છીપલાંનાં મેદાનમાં પહોંચી જવું જોઈએ. દેડકાની જેમ તરતો તરતો તે ઝડપથી આગળ વધે છે.

થોડી થોડી વારે, ભૂરાશ પડતા લીલા રંગના અર્ધ-અંધકારમય વાતાવરણમાં સૂર્યના ગોળાની પડતી છાયા દ્વારા પોતાના રસ્તાની સાપેક્ષ દિશા જોવા માટે ચત્તો થઈ જાય છે. પાણીમાંના દ્રવ્યોના નજીવા ફેરફારોને નોંધવા માટે, તેની ઝાલરો અને ચામડી પણ ઘણી જ મદદરૂપ છે. છીપલાંના મેદાન નજીકના પાણીમાં પ્રાણવાયુ વધારે પ્રમાણમાં હોય છે અને શરીરને એકદમ હલકું અને વધારે આનંદદાયક લાગે છે કારણ કે તેમાં વધારે ક્ષારો હોય છે. તેથી ઇક્થિઆન્દર પાણી ચાખે છે. અનુભવી દરિયાઈ માનવી કે જેનામાં માત્ર નિશાનો દ્વારા જમીન કેવી છે તે કહી શકે તેવી દૈવી શક્તિ છે, બિલકુલ તેની જેમ જ ઇક્થિઆન્દરને પણ ખાતરી થાય છે કે તે સાચે રસ્તે છે.

છેવટે તેની ડાબી-જમણી બાજુએ તેને લાંબી-જાણીતી પાણીની અંદરની ખડકોની હારમાળોનો આભાસ થાય છે. ખડકની પાછળ તેમની વચ્ચે બીજી દીવાલ સાથે એક સપાટ મેદાનનો ટુકડો છે. ઇક્થિઆન્દર આ જગ્યાને

પાણીની અંદરનું પોતાનું બંદર કહે છે, કારણ કે ગમે તેટલા ભયાનક તોફાનમાં પણ તે એકદમ શાંત રહે છે.

માછલાંની વિપુલ સંખ્યા માટે પણ તે બંદર છે પાણી તેમની માટે પણ ચાઉડરની કીટલી જેટલું ગાઢું છે! તેમાંની નાની માછલીઓ શરીરની ફરતે પીળા પટ્ટાઓવાળી અને પીળી પૂંછડીવાળી, બીજી કેટલીક સામ સામેની બાજુને જોડતા કેટલાંક ઘેરાં પટ્ટાઓવાળી, અને અસંખ્ય ચળકાટ મારતા લાલ, નારંગી, આસમાની રંગની છે. તેઓ પાણીની અંદર ક્યાંક અદૃશ્ય થઈ જાય છે, પછી ફરીથી ક્યાંકથી પાછી દેખાય છે, જ્યારે તમે ઉપર આવો છો ત્યારે રસ્તે માછલાં તમારી આજુબાજુ ભમતાં હોય છે, પણ જ્યારે તમે નીચે જુઓ છો ત્યારે એક પણ નથી દેખાતી. ઇક્થિઆન્દર જ્યાં સુધી માછલી પકડી નહીં ત્યાં સુધી લાંબો વખત તે મૂંઝાતો રહ્યો. માછલીનું શરીર ઇક્થિઆન્દરની હથેળી જેટલું લાંબું હતું પણ એકદમ સપાટ. પછી તેણે જાણ્યું.

હવે તેનો જમવાનો સમય થઈ ગયો છે. દરિયાના તળની આ સપાટી ઉપર અસંખ્ય કાલુમાછલાં છે. ઇક્થિઆન્દર આ સમુદ્ર વસાહતની બાજુમાં જ ગોઠવાઈ જાય છે, આરામથી બેસી જાય છે, અને જે પણ માછલું પહેલું તેના હાથમાં આવે છે તેને દબાવીને ખોલે છે. મનપસંદનું માછલું સીધું તેના મોંમાં જાય છે. આ પ્રમાણેની પાણીની અંદર તેની ખાવાની રીત બહુ સરળ છે. કોળિયો લીધા પછી તે સહજ રીતે અડધા ભીંચાયેલાં દાંતો વચ્ચેથી પાણી બહાર કાઢે છે. સ્વાભાવિક રીતે જ તે પોતાના ખોરાક સાથે થોડું પાણી પણ પી જાય છે, પણ તેને આ

સમુદ્રી પાણીની ટેવ પડી ગઈ છે.

સમુદ્રી વનસ્પતિઓ કે એગાર્સની છિદ્રોની હારવાળી લીલોતરી, મૅક્સિકન કાઉલેરપાના પંખાકાર ઘાસ જેવાં લીલાં પાંદડાઓ અને હલકા ગુલાબી રંગના પ્રકારનું દરિયાઈ ઘાસ તેની ફરતો ઝૂલે છે, પણ આજે, તોફાનને કારણે ફેલાયેલા અંધકારમાં તેઓ બધી જ એક જેવાં ઘેરા ભૂખરા રંગની દેખાય છે. ગર્જનાનો ધીમો પડેલો અવાજ નીચે ઈક્થિઆન્દરના રહેઠાણને ભેદતો આવે છે. તે ઉપર જુએ છે.

બિલકુલ તેના માથા ઉપરનો ભાગ ઘેરો થયેલો દેખાય છે. તે શું હોઈ શકે? તેનું ખાવાનું પૂરું થઈ ગયું, તે ઉપર જઈને તપાસ કરી શકે છે. સીધા ખડકની સાથે સાથે ઉપર તરફ ધીમે ધીમે સરકી તે સપાટી નજીક આવે છે અને જુએ છે કે વિશાળ એલ્બાટ્રોસ ઉપર-નીચે ડોલી રહ્યું છે, તેનાં નારંગી રંગના પગ એકદમ પહોંચમાં જ છે, તે પોતાના હાથ પક્ષીના પગની ફરતે ઉપર નજીક લઈ જાય છે. કેવી વિચિત્ર વાત છે! વ્યાકુળ એલ્બાટ્રોસ પોતાની શક્તિશાળી પાંખો એકદમ ઉતાવળે ખોલી અને ઈક્થિઆન્દરને પણ ઘસડી જાય છે. એક વખત જ્યારે ઈક્થિઆન્દરનું શરીર હવામાં આવી વજનદાર થાય છે. ત્યારે એલ્બાટ્રોસ એકદમ જોરથી નીચે પડે છે. અને તેને પોતાની પીંછાદાર છાતી વડે ઢાંકી દે છે. ઈક્થિઆન્દર વિશાળકાય પક્ષીના માથું ઊંચકી ચંચુ પ્રહાર કરવાની રાહ જોયા વગર એકદમ છલાંગ લગાવી બીજી જ ક્ષણે થોડેક દૂર ફરીથી સપાટી ઉપર આવી જાય છે. એલ્બાટ્રોસ દરિયામાંથી બહાર આવી ડુંગરાળ દરિયાની

પેલે પાર, નજરોથી ઓઝલ થતું દૂર દૂર ઊડી જાય છે.

ઈક્થિઆન્દર ચત્તો થઈ તરે છે. તોફાન પૂર્વ તરફ શમી ગયું છે. ગર્જનાઓનો ગડગડાટ પણ શાંત થઈ જાય છે. વરસાદ પડી રહ્યો છે. ઈક્થિઆન્દર પાછળ આડો પડે છે, તેની આંખો ઉત્કૃષ્ટ આનંદમાં અડધી બીડેલી છે. ધીરે ધીરે તે પોતાની આંખો ખોલી, પાછો વળે છે. અને ચારે બાજુ સારી રીતે જોવા માથું પાણીની સપાટી ઉપર અને શરીર એકદમ સીધુ રાખી પગ વડે તરે છે. તે એક પ્રચંડ મોજાની ટોચ ઉપર છે. આકાશ, દરિયો, પવન, વરસાદ બધાં જ એક મોટા ચક્રાકાર જેવાં, પોતાનાં આદિકાલિન આવેશમાં ગરજી રહ્યાં છે. મોજાંઓની ટોચ ઉપરના નાનાં નાનાં ફીણનાં પરપોટાંઓ જાણે અસહાય ઉન્માદમાં હોય તેમ ગુસ્સામાં ભરાઈ વાંકાચૂંકા તેમની બાજુઓમાં નીચે દોડી રહ્યાં છે. તોફાનથી અને ભયંકર પવનને કારણે દરિયાની સપાટીના ઉપર નીચે થવાની દરિયાના મોજાં રૂપી પહાડો એક બીજા ઉપર ચઢી એકબીજાને કચડી ફરીથી ઉપર કેવાં ઊઠી આવે છે.

પૃથ્વી ઉપરના માણસોમાં શેનાં કારણે ભય ફેલાય છે, તે ઈક્થિઆન્દરને માટે બહુ વિચિત્ર વાત છે. એ વાત ચોક્કસ છે કે આ મોજાંઓ તેના માટે પણ ભયંકર હોઈ શકે, પણ માછલીની જેમ તે તેમની દિશાઓ જાણે છે. મોજાંઓ ઘણાં પ્રકારનાં હોય છે. કેટલાંક મોજાં તમને ઉપર નીચે, ઉપર નીચે ઉછાળશે, તો બીજાં કેટલાંક તમે ક્યાં છો તે જાણો તે પહેલાં જ તમને ઊંધાવાળી દેશે. તે એ પણ જાણે છે કે મોજાંઓની અંદર શું ચાલી રહ્યું હોય છે, અને જ્યારે પવન ફૂંકાતો બંધ થઈ જાય છે

ત્યારે કેવી રીતે મોજાંઓ પણ અદૃશ્ય થાય છે. સૌથી પહેલાં નાનાં મોજાંઓ અને પછી મોટાં મોજાંઓ દૂર થઈ જાય છે, પણ દરિયાની પ્રશાંત ઊંચી-નીચી થતી સપાટી પાછળથી લાંબા સમય સુધી રહે છે. તેને ખડક સાથે અથડાતાં સમુદ્રનાં મોજાંમાં ઉલાંટગુલાંટ ખાવામાં મઝા આવે છે, જોકે તે ખતરનાક છે. એક વખત એક અતિ વિશાળ મોજાંએ તેને ઉથલાવી નાંખ્યો હતો અને એક ખડક સામે બેભાન અવસ્થામાં ફેંકી દીધો. એક સામાન્ય માનવી માટે તો તે અંત જ હોઈ શકે, પણ ઇક્થિઆન્દર માત્ર થોડા જ ખરાબ અનુભવે પાણીમાં પાછો ભાનમાં આવી ગયો.

હવે બિલકુલ વરસાદ નથી, તોફાનની સાથે સાથે તે પણ પૂર્વ ભણી ખેંચાઈ ગયો છે. પવને પણ દિશા બદલી છે, વિષુવવૃત્તની ઉત્તરેથી ગરમ સૂસવાટા ફૂંકાઈ રહ્યાં છે. આકાશ વાદળોથી છવાયેલું છે. વચ્ચે વચ્ચે ક્યાંક વાદળી ધબ્બો દેખાય છે. તેમાંથી સૂરજનાં કિરણો સીધાં દરિયા તરફ ફેંકાય છે. અગ્નિ દિશામાં હજુ પણ વરસાદનું એંધાણ આપતું આકાશ કાળું ડિબાણ છે. જ્યાંથી મેઘધનુષ્યનો બમણો પરિધિ દેખાય છે. હવે ઇક્થિઆન્દરની નજરે પડતો દરિયો બિલકુલ જ જુદો દેખાય છે. દરિયાની સપાટી હવે પ્રચંડ ફીણ વાળતી નથી, પણ જ્યાં જ્યાં સૂર્યનાં કિરણો પડે છે ત્યાં ત્યાં લીલા રત્નોની જેમ ચમકતી, વાદળી ઉલ્લાસિત સપાટીવાળો દરિયો છે.

સૂરજ! એક જ પળમાં તેણે બધી જ વસ્તુઓને બદલી નાંખી—આકાશ, દરિયો, કિનારો, દૂરનાં પહાડો બધું જ માન્યતાથી પર છે. અને ઓહ! તોફાન પછીની

હવા કેટલી ખુશનુમા છે. ઇક્થિઆન્દરને હવે જલદી જલદી દરિયાની હવા લેવામાં આનંદ આવે છે, હવે તે પોતાની ઝાલરો દ્વારા શ્વાસ લે છે. ઇક્થિઆન્દર કરતાં વધારે સારી રીતે બીજું કોઈપણ નથી જાણતું કે તોફાનથી આકાશ અને દરિયો એક થતાં પાણીમાં પ્રાણવાયુનું પ્રમાણ વધી જાય છે, તેથી તોફાન પછી ઝાલર દ્વારા કેવી સહેલાઈથી શ્વાસ લેવાય છે. કોઈપણ નહિ એટલે કે માણસોમાં.

પણ અસંખ્ય માછલાં અને સમુદ્રી જીવો તો આ વાત સારી રીતે સમજે છે, જાણે છે.

તોફાન શાંત થયા પછી દરિયાની ઊંડાઈઓ, ખડકોની તિરાડો, પરવાળાંની ઝાડીઓ, અને વાદળીઓ પોતાનાં ઉપર આશ્રય લેનારાંઓને છૂટાં કરે છે, નાનાં માછલાં મોટાં માછલાંઓ તરફ જાય છે અને જ્યારે ફરીથી શાંતિ સ્થપાય છે, ત્યારે નરમ કમજોર જેલીફીશ, પારદર્શક, હલકી ઝાંગા, કોમળ પોરપીટા, અને જાતજાતનાં સ્ટેનોફોર કે જેમાં સેસ્ટસ વેનેરીસના સૌથી સુંદર જૂથનો પણ સમાવેશ થાય છે, તેની તરફ જાય છે.

ઇક્થિઆન્દરની નજીક પાણી ઉપર સૂર્યનાં કિરણો અથડાતાં, તે ઘેરાં લીલા રંગમાં બદલાઈ જાય છે. હવાનાં નાનાં નાનાં પરપોટાંઓનો ઝગઝગાટ, ફીણનો હિસ્સ્સ્ અવાજ... ઇક્થિઆન્દરના સાથી ડોલ્ફીનો, તોફાની નજરોથી, આનંદમાં આવી નજીકમાં જ ગેલ કરી રહ્યાં છે. જ્યારે તેઓ રમતાં રમતાં ગર્જના કરતાં એક બીજાનો પીછો કરે છે ત્યારે તેમની ચળકતી કાળી પીઠો મોજાંઓમાંથી નજરે પડે છે. ઇક્થિઆન્દર હસીને તેમની

સાથે રમતમાં જોડાઈ જાય છે. તે અનુભવે છે કે આ દરિયો અને આ ડોલ્ફીનો આકાશ અને સૂરજ, બધાં જ ખાસ તેના આનંદ માણવા માટે સર્જાયાં ન હોય!

ઇક્થિઆન્દર પોતાનું માથું ઊંચું કરે છે અને પોતાની આંખો સૂરજ તરફ માંડે છે. આકાશની તે પશ્ચિમ દિશામાં છે. સાંજ પડવાની તૈયારી છે. પણ આજે તેને ઘરે વહેલાં પાછા ફરવાની ઇચ્છા નહોતી થતી. જ્યાં સુધી કાળા ડિબાણ આકાશમાં સૌથી પહેલો તારો દેખાય ત્યાં સુધી તે મોજાંઓ ઉપર સવાર થઈ પહાડો સુધી જાય છે.

વધુમાં સુસ્ત પડયા રહેવાથી તેને તરત જ કંટાળો આવવા લાગે છે. અને વળી, દરેક પળે નાશ પામતાં નાનાં નાનાં દરિયાઈ જીવોને તે કેવી રીતે ભૂલી શકે. તે પાણી કાપતો જાય છે અને દૂરના કિનારાની દિશામાં જુએ છે. રેતીનો લાંબો પાતળો દરિયામાં ખેંચાઈ આવતો રસ્તો! ત્યાં તેની મદદની સાચી જરૂર છે. ત્યાં દરિયાના ખડકો સાથે અફળાતાં મોજાં વિનાશ સર્જી રહ્યાં છે.

તોફાન પછી તે દરિયાકિનારા ઉપર દરિયાઈ શેવાળ અને દરિયાઈ પ્રાણીઓનાં ઢગલાં થઈ જાય છે જેમાં બધાં જ પ્રકારની માછલીઓ, કરચલાઓ, જેલીફીશ, તારા માછલી, અને વળી કેટલીક વખત અસાવધ ડોલ્ફીનનો પણ સમાવેશ થયો હોય છે. જેલીફીશ તો તરત જ નાશ પામે છે પણ કેટલાંક માછલાંઓ ગમે તેમ કરી સરકતાં સરકતાં દરિયામાં પાછા જવામાં સફળ થાય છે. એ જ પ્રમાણે લગભગ બધાં જ કરચલાઓ પણ પાછા જતાં રહે છે, જોકે વાસ્તવમાં તો તેઓ પોતે જ તોફાનનાં

શિકાર બનેલાં જીવોનો શિકાર કરવા પાણીમાંથી નીકળી બહાર રેતાળ દરિયા કિનારા ઉપર આવે છે. અને તેમના છુટકારા માટે તે તેને મદદ કરે છે.

તે કલાકો સુધી રેતાળ દરિયા કિનારા ઉપર ભટકતો રહે છે અને જેને મદદની જરૂર છે તેવાં પ્રાણીઓને શોધી શોધી મુશ્કેલીમાંથી છોડાવે છે. પાણીમાં ફેંકવામાં આવેલી પોતાની પૂંછડી વડે છબકારો કરી, તરી જતી, માછલીનો જોવામાં તેને ખૂબ જ આનંદ આવે છે. અને હજી વધારે, પાણી વિના તરફડતી માછલીઓને જુએ છે કે જેનું પેટ છેવટે ઉપર આવી જાય છે અને મરી જાય છે. મોટી માછલીને ઉપાડી તે તેને દરિયા તરફ લઈ જાય છે. તેના તરફડતાં શરીરને પોતાની તરફ દબાવી, જાણે તેને સાંત્વના આપતો હોય તેવા ભાવ સાથે હસી, ચોક્કસ, તે કોઈપણ જાતની રોકટોક વિના તે માછલીને ખાઈ જાત જો ભૂખ્યો હોત અને તેને દરિયામાં પકડત. પણ તે તો જરૂરતને માટે કરેલું પાપ છે. અહીં, રેતાળ દરિયા કિનારા ઉપર તે દરિયાવાસીઓના આશ્રયદતા, મિત્ર અને ઉદ્ધારક છે.

સામાન્યપણે તે પાણીની અંદરના પ્રવાહનો ઉપયોગ કરી તે ઘરે પણ પાછો જાય છે. પણ આજે લાંબા સમય સુધી તેને પાણીની અંદર જવાની ઇચ્છા નથી થતી, કારણ કે દરિયો અને આકાશ ખૂબ જ સુંદર લાગે છે. તે છલાંગ લગાવી પાણીની અંદર તરવા લાગે છે અને ફરીથી સપાટી કાપતો આગળ વધે છે માછલીનો શિકાર કરતાં દરિયાઈ પક્ષીની જેમ.

સૂરજનાં છેલ્લાં કિરણો પણ ઓઝલ થઈ ગયાં છે.

પીળો પટ્ટો પશ્ચિમી ક્ષિતિજમાં ડૂબી રહ્યો છે. ભૂખરાં રંગનાં પડછાયાઓ જેવાં ધૂંધળાં મોજાંઓ એકબીજાનો પીછો કરી રહ્યાં છે.

હૂંફાળા પાણીની સરખામણીમાં હવામાં ઠંડક છે. ગાઢ અંધકાર છે પણ ઇક્થિઆન્દરને કોઈ ભય નથી, દિવસ અને રાત વચ્ચેના આ શાંત સમયમાં કોઈપણ પ્રાણી તેની ઉપર હુમલો કરશે નહીં.

તેને જરૂર છે તે અહીં છે—સમુદ્રની સપાટીની એકદમ નજીક વહેતો ઉત્તરી પ્રવાહ. હજુ પણ અનુભવાતી પાણીની ઉપર-નીચે થતી સપાટીને કારણે પાણીની અંદરના પ્રવાહનો પણ થોડો થોડો વધારો ઘટાડો થાય છે. જેનું કારણ ઉત્તરનો નીચે ઠંડા દક્ષિણ તરફ ધીમે ધીમે જતો ગરમ પ્રવાહ છે. નીચે કેવી અદ્‌ભુત વહેંચણી—ઠંડો પ્રવાહ વહે છે અને તેની વિરુદ્ધ દિશામાં. જ્યારે તે ફરતો ફરતો કિનારની સાથે સાથે આવે છે ત્યારે ઇક્થિઆન્દર તે બંનેનો સારો એવો ઉપયોગ કરે છે.

હૂંફાળો પ્રવાહ તેને પોતાના ઘર સુધી લઈ જશે. તેણે એક જ વાતથી સાવધાન રહેવું જોઈએ કે તેણે ટનલનું મુખ પાર ન કરવું જે તેણે એક વખત કર્યું હતું. પોતાના હાથને માથા પાછળ લઈ બંને બાજુએ ખેંચી કસરત કરતો હોય તેમ. અને પોતાના પગને ખેંચીને ધીરે ધીરે પાછા ભેગાં કરતો તે દક્ષિણદિશા તરફ આગળ ખેંચાતો જાય છે. હૂંફાળા પાણી અને ધીમા હલનચલનની તેના ઉપર વાસ્તવિક અસર પડે છે.

જ્યારે ઇક્થિઆન્દર ઉપર જુએ છે તો તેને આકાશ અસંખ્ય નાનાં નાનાં ટપકાંઓ જેવાં તારાઓથી જડેલું દેખાય છે. તેઓ, દરિયાની સપાટી ઉપર પોતાનાં નાનાં નાનાં દીવાઓ ટમટમાવતાં ઉપર આવતાં નોકટીલુકેઈ હોવાં જોઈએ. અંધકારમાં આમ તેમ ચારે બાજુ તે ભૂરાશ પડતી અને ગુલાબી રંગની તેજસ્વી નિહારિકાઓને જુએ છે — જે અતિ સૂક્ષ્મ તેજસ્વી પ્રાણીઓના ગાઢ ઝુંડો છે. ગોળાઓ ઝાંખા લીલા પ્રકાશ ફેંકતા ધીરે ધીરે તરી રહ્યાં છે. ઇક્થિઆન્દરની એકદમ નજીકમાં ફેલાતો પ્રકાશ, એ લાંબી ઝાલરોના પટ્ટાની જટિલ છાયામાં એક દીવાની જેમ આખી દુનિયાને શોધતી જેલીફીશ છે. જેલીફીશના દરેક હલનચલને મંદ મંદ વાયુની જેમ તેની ઝાલરો હાલે છે. દરિયાના છીછરા ભાગમાં તારા માછલીઓ એ પહેલાં જ ચમકવાનું શરૂ કરી દીધું છે. નીચે ઊંડાણમાં, મોટી શિકારી માછલીઓ ઝડપથી તરી રહી છે. તેઓ એકબીજાનો પીછો કરતી ગોળ ગોળ દોડી રહી છે — છલાંગો મારી રહી છે અને તાજાં જન્મેલાં માછલાંઓને ઝપટ મારી પકડી રહી છે.

દરિયાનો બીજો છીછરો ભાગ પરવાળાનાં વિલક્ષણ થડ જેવાં ધડ અને ડાળીઓ જેવી ઝાલરો અંદર અંદરના વાદળી, ગુલાબી અને સફેદ રંગોથી સુશોભિત છે. કેટલાંક પરવાળાઓથી નિસ્તેજ પ્રકાશિત છે, તો બીજાં એકદમ તપેલી લાલ ધાતુની જેમ ઝળહળી રહ્યાં છે.

પૃથ્વી ઉપર રાત્રે તમે દૂર દૂર નાનાં નાનાં તારાઓ અને કેટલીક વખત ચંદ્રને જોઈ શકો છો. અહીં હજારો

તારાઓ, હજારો ચંદ્રો, હજારો નાનાં નાનાં પચરંગી સૂર્યો, બધાં જ નરમ નાજુક પ્રકાશનાં કિરણો ફેલાવી રહ્યાં હોય છે. પૃથ્વી ઉપરની રાત કરતાં દરિયાની અંદરની રાત ઘણી ઘણી સુંદર છે.

તેમની તુલના કરતો ઇક્થિઆન્દર ફરીથી સપાટી કાપતો આગળ વધે છે.

હવા થોડીક હૂંફાળી થઈ છે. માથા ઉપર ફેલાયેલું આકાશ તારાઓથી ગાઢ રીતે જડાયેલું છે. રૂપેરી ચાંદ ક્ષિતિજ ઉપર નીચો ચઢી આવ્યો છે. તેનાં રૂપેરી કિરણો દરિયા ઉપર ચારે બાજુ ફેલાઈ રહ્યાં છે. દૂરના બંદર તરફથી નીચે લંબાયેલો હુરિયાનો અવાજ આવે છે. તે દરિયાઈ સફરે પાછા ફરવાની તૈયારી કરતાં વિશાળ 'ગેરોક્સ'નો છે. ઓહ, પણ આ તો બહુ મોડું થઈ ગયું છે. પરોઢ થવાને હવે વાર નથી. તે લગભગ ૨૪ ક્લાક સુધી ભટકતો રહ્યો છે. પિતા જરૂર તેને ઠપકો આપશે.

ઇક્થિઆન્દર ટનલની તરફ આગળ વધે છે. લોખંડની આડી ગજ ઉપર પોતાનો હાથ લઈ જઈ, જાળી ખોલે છે અને સંપૂર્ણ અંધકારમાં તરતો આગળ વધે છે. હવે તે નીચેના ઠંડા પ્રવાહમાં છે, જે દરિયામાંથી બગીચાના તળાવો તરફ વહી રહ્યો છે.

તેના ખભા ઉપર હળવી ટપલી પડતાં તે એકદમ જાગૃત થઈ જાય છે. તે હવે તળાવમાં છે. તે એકદમ ઝડપથી ઉપર આવી; ફેફસાથી શ્વાસ લેવાનો શરૂ કરે છે અને હવામાં ભળેલાં ફૂલોનાં અત્તરની સુવાસને ભરે છે.

થોડી જ ક્ષણો પછી પોતાના પિતાને ખુશ કરવા તે ઘસઘસાટ ઊંઘી જાય છે.

છોકરી અને શામળો માણસ

એક વખત ઇક્થિઆન્દર તોફાન પછી દરિયામાં તરતો હતો.

સપાટી ઉપર આવતાં તેણે એક કોઈક વસ્તુ જોઈ, જે દેખાવમાં તોફાન સમયે માછલાં પકડવાના નાના વહાણથી ઘસડાઈ આવેલા સફેદ સઢના ટુકડા જેવું દેખાતું હતું. તેની નજીક આવતાં જોયું તો તેને આશ્ચર્ય થયું કે તે લાકડાનાં પાટિયા સાથે બંધેલી એક સ્રી તો નહીં પણ જુવાન છોકરી હતી. શું તેં મરેલી હતી? આ વિચાર માત્રથી તે એટલો તો અસ્વસ્થ થઈ ગયો કે પોતાની જિંદગીમાં પહેલી વાર દરિયા પ્રત્યે તેના દિલમાં વેરની ભાવના જાગી ઊઠી.

અથવા તો કદાચ માત્ર તે બેભાન હતી? ઇક્થિઆન્દરે, એક તરફ ગબડતા ખૂબસૂરત છોકરીના માથાને ઉપર કરી પાટિયાને પકડમાં લીધું અને કિનારા તરફ ધકેલી દીધું.

તે પોતાની બધી જ શક્તિઓ એકત્ર કરી પહેલાં કદી નહોતો તર્યો એટલી ઝડપથી તર્યો. વચ્ચે માત્ર પાટિયા ઉપરથી વારે વારે સરકી જતાં છોકરીના માથાને જોવા માટે રોકાતો હતો. તે સંકટમાં પડેલી પડેલી માછલીઓના કાનમાં કહેતો રહેતો હતો તે જ છોકરીના

કાનમાં પણ કહેતો રહ્યો, "થોડી વાર રાહ જો, બધું હમણાં જ ઠીક થઈ જશે." છોકરી પોતાની આંખો ખોલે તેમ તે ઇચ્છતો હતો અને તેમ છતાં ડરતો પણ હતો. તે ઇચ્છતો હતો કે છોકરીમાં જીવ પાછો આવી જાય સાથે સાથે તેને ડર તો પણ હતો કે છોકરી એકદમ ચોંકી જશે. પોતે પોતાનાં ચશ્માં અને દસ્તાના કાઢી નાંખે એ જ શું વધારે સારું નહોતું? પણ તેના માટે સમય લાગે તેમ હતું અને વળી દસ્તાના વિના તરવું વધારે મુશ્કેલ થશે. તેથી તે છોકરી સાથેના પાટિયાને ધકેલતો દરિયાકિનારાની વધારે ને વધારે નજીક તરફ આગળ વધતો રહ્યો.

છેવટે તે કિનારા ઉપર અથડાતાં મોટાં મોજાં ઉપર પહોંચી ગયો. હવે સાવધાની વરતવાની જરૂર હતી. મોજાં તેને દરિયાકિનારા તરફ ધકેલી રહ્યાં હતાં. ઇક્થિઆન્દર પોતાના પગ વડે છીછરા પાણીવાળી જગ્યાને શોધતો રહ્યો. છેવટે તે તળિયા સાથે અફળાયો. તેણે પોતાનો બોજો સાવધાનીથી કિનારા તરફ વાળ્યો. તેણે છોકરીને છોડીને રેતના ટેકરા પરનાં ઝાડવાંની છાયામાં મૂકીને તે કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવાનું શરૂ કર્યું.

તેને લાગ્યું હતું કે તેણે છોકરીની પાંપણોને હાલતી જોઈ હતી, અને પોતાનો કાન છોકરીના હૃદય પાસે મૂકતાં તેણે ધીમા ધીમા ધબકારા સાંભળ્યાં. તે જીવતી હતી! તે ખુશીથી લગભગ બરાડી જ ઊઠયો.

પછી છોકરીએ પોતાની આંખો અડધી ખોલી, ઇક્થિઆન્દરને એક નજરે જોયો અને ભયથી કાંપી જતાં, ફરી પોતાની આંખો બંધ કરી દીધી. ઇક્થિઆન્દર એક

ચાર તો પ્રસન્ન થયો અને સાથે સાથે નિરાશ પણ. તેણે વિચાર્યું: "ભલે, ગમે તેમ હોય, મેં છોકરીને તો બચાવી લીધી." હવે તેને ભય ન પમાડવા માટે તેણે પાછા જતું જ રહેવું જોઈએ. પણ હમણાં જ જે પરિસ્થિતિમાં છે તેમાં જ તે તેને બિલકુલ એકલી છોડી શકતો હતો? હજી તો તેણે આમ વિચાર્યું જ હતું કે ત્યાં જ કોઈકના ભારે પગલાં પડવાનો અવાજ તેણે સાંભળ્યો. દ્વિધામાં પડવાનો સમય નહોતો. ઈક્થિઆન્દર મોજાની અંદર નીચો નમ્યો અને સૌથી નજીકનાં ખડક સુધી પાણીની અંદર તરી ગયો. ખડક છાયામાં પડતી સપાટીને ભેદી તે ત્યાં શું ચાલી રહ્યું હતું તેના ઉપર નજર રાખતો રહ્યો.

રેતીના ઢગલા પાછળથી પહોળી કિનારવાળી ટોપીની અંદરથી ડોકાતી મૂછો અને બકરા જેવી દાઢીવાળો વાને શામળો માણસ નજરે પડયો. છોકરી નજરે પડતાં જ તે બોલી ઊઠયો: "અરે, ભગવાન!" અને તેની તરફ દોડવા લાગ્યો. પછી અચાનક જ તેણે કિનારા ઉપર આવતાં મોજાં તરફ પોતાની દિશા બદલી પૂરેપૂરો ભીંજાઈને તે પાછો દોડી આવ્યો, કૃત્રિમ શ્વાસોચ્છ્વાસની ક્રિયા શરૂ કરવા લાગ્યો (ગમે તે કારણ હોય, ઈક્થિઆન્દરને નવાઈ લાગી), પછી છોકરીના મોં તરફ ઝૂક્યો અને તેને ચુંબન કર્યું. તરત જ તેણે ઝડપથી અને વ્યાકુળતાથી છોકરી સાથે બોલવાનું શરૂ કર્યું હતું. ઈક્થિઆન્દરને કાને તેમાંના કેટલાંક છૂટાછવાયાં શબ્દો પડયાં: "મેં તમને ચેતવણી આવી હતી... તે તો નાર્યું ગાંડપણ જ હતું... એ તો સારું થયું કે મને તમને પાટિયા સાથે બાંધવાનો વિચાર આવ્યો."

છોકરીએ આંખો ખોલીને માથું થોડુંક ઊંચું કર્યું. તેના મોં ઉપર પહેલાં તો આશ્ચર્ય મિશ્રિત ભય દેખાયો, પણ પછી તેણે રોષ અને નાખુશી દર્શાવ્યા. બકરા જેવી દાઢીવાળો માણસ જ્યારે છોકરીને ઊઠવા માટે મદદ કરતો હતો ત્યારે ઘણીબધી વાતો સતત બોલતો જ રહ્યો. પણ હજી દેખીતું હતું કે તે અશક્ત હતી અને તેથી તે રેત ઉપર ફરીથી આડી પડી ગઈ. અડધા એક કલાક પછી તે ફરીથી ઊભી થઈ શકી અને ચાલવા લાગી. રસ્તામાં તેઓ જ્યાં ઇકિથઆન્દર સંતાઈ ગયો હતો, બિલકુલ તેની નજીકથી પસાર થયાં. છોકરી કહેતી હતી:

"તો મારી જિંદગી બચાવનાર એ તમે હતા? આભાર. ભગવાન આનો બદલો આપશે."

"તમે એકલાં જ છો કે જે મને બદલો આપી શકો," શામળા વાનવાળા માણસે કહ્યું.

છોકરીએ જાણે માણસનાં શબ્દો સાંભળ્યા જ નથી તેવો ડોળ કર્યો.

"કેવી વિચિત્ર વાત છે," તેણે ક્ષણિક વિરામ પછી કહ્યું, "મને લાગ્યું હતું કે મેં કોઈ વિચિત્ર પ્રાણીને મારી બાજુમાં જોયું હતું."

"તે તો તમારી કલ્પના હતી," માણસે કહ્યું, "કે પછી તમારા આત્મા ઉપર કબજો કરવા કોઈ ભૂતપ્રેત આવી ગયો હોવો જોઈએ. ભગવાનને પ્રાર્થના કરો. અને મારા હાથમાં હાથ મૂકી દો. મારી સાથે તમારે કોઈપણ ભૂતપ્રેતથી ડરવાની જરૂર નથી."

અને તેઓ જતાં રહ્યાં—અદ્‌ભુત છોકરી અને દુષ્ટ શામળો માણસ, જે છોકરીને એ મનાવવાનો પ્રયત્ન

કરી રહ્યો હતો કે દરિયામાંથી તેને બચાવનાર તે પોતે જ હતો. પણ ઈક્વિથઆન્દર તેને જૂઠો પાડવાની સ્થિતિમાં નહોતો. તેને જે ગમ્યું તે કરવા દો; ઈક્વિથઆન્દરે પોતે જે કરી શકતો હતો તે તેણે કર્યું.

છોકરી અને તેનો સાથી રેતીના ટેકરા પાછળ અદૃશ્ય થઈ ગયાં પણ ઈક્વિથઆન્દર હજુ પણ તેમના રસ્તા તરફ તાકતો ઊભો હતો. પછી તે પાછો ફર્યો અને દરિયા સામે મોં કર્યું. કેટલો વિશાળ દરિયો હતો પણ કેટલો ખાલી ખાલી ...

ત્યાં જ મોજાએ રૂપેરી પેટવાળી અને વાદળી પીઠવાળી માછલીને ઊછાળીને રેત ઉપર ફેંકી. ઈક્વિથઆન્દરે પોતાની ચારેબાજુ જોયું: કોઈ નજરે ન પડયું. તેણે પોતાનું આવરણ ઉતાર્યું, માછલીને હાથમાં લીધી અને તેને પાણીમાં ફેંકી દીધી. માછલી તો તરતી તરતી દૂર જતી રહી પણ ઈક્વિથઆન્દર ઉદાસ થઈ ગયો, પણ જાણતો નહોતો કે શા માટે. થોડા સમય સુધી તે વેરાન રેતાળ દરિયા કિનારા ઉપર ભટકતો રહ્યો, માછલાં ઉપાડતો રહ્યો અને તેમને પાછાં દરિયામાં ફેંકતો ગયો. ધીરે ધીરે તે પોતાના કામથી અકારણ આવેશમાં ઉત્તેજિત થઈ ગયો. થોડી જ વારમાં તેનું સામાન્ય મનોબળ પાછું આવી ગયું અને સમયનું ભાન ભૂલી તે એ કામ કરતો જ રહ્યો. માત્ર થોડી થોડી વારે પોતાની ઝાલરોને ઠંડી કરવા ડૂબકી મારવા રોકાતો. જ્યારે એકદમ અંધારું થઈ ગયું ત્યારે જ છેવટે તે ઘેર જવા પાછો ફર્યો.

ઇક્થિઆન્દરનો હજૂરિયો

સાલ્વાતોર ફરીથી પહાડોમાં જઈ રહ્યો હતો આ વખતે ક્રીસ્તોને સાથે લીધા વગર. સ્પષ્ટ હતું કે ક્રીસ્તોના કામથી તેને ખૂબ જ સંતોષ થયો હતો તેથી સાલ્વાતોર હવે તેને ઇક્થિઆન્દરના નોકરની કાયમી સેવામાં છોડી જતો હતો. તે ક્રીસ્તોને માટે વધારે સાનુકૂળ હતું કારણ કે તેથી તેને બલ્તાઝાર સાથે મુલાકાત કરવામાં સરળતા રહેતી હતી. ક્રીસ્તોએ તેને પહેલાં જ કહેવડાવી દીધું હતું કે તેણે "દરિયાઈ રાક્ષસ"ના ઠામઠેકાણાં શોધી લીધાં હતાં. હવે તેમના માટે "રાક્ષસ"નું અપહરણ કરવાની યોજના અમલમાં મૂકવાનો સમય આવી ગયો હતો.

હવે કેટલોક વખત ક્રીસ્તો સદાપર્ણ વેલાચ્છાદિત સફેદ પથ્થરની ઝૂંપડીમાં રહેતો હતો અને ઇક્થિઆન્દરને વારંવાર મળતો હતો. થોડા જ સમયમાં તેઓ સારાં મિત્રો બની ગયાં. ઇક્થિઆન્દરનાં ઘરડાં ઇન્ડિયન સાથે એકદમ સારાં સંબંધો થઈ ગયાં કારણ કે તેના માટે તો માણસની સોબત એ ખુશી ઉપજાવનારી નવીનતા હતી. વળી તે પૃથ્વી ઉપરનાં જીવન વિષેની એટલી બધી વાતોથી ભરપૂર હંમેશ માટે તૈયાર રહેતો હતો જેના વિષે ઇક્થિઆન્દર થોડું થોડું જાણતો હતો. પણ તે દરિયાઈ જીવન વિષે દુનિયા ભરનાં બધાં જ નિષ્ણાતોને એક કરવામાં આવે તો તેના કરતાં પણ ઘણું ઘણું વધારે જાણતો હતો. જ્યાં સુધી મહાસાગર, દરિયાઓ અને મોટી નદીઓને લગતું હતું ત્યાં સુધી તેની પાસે તેમની

ભૂગોળનું સારું એવું જ્ઞાન હતું; અને થોડું થોડું ખગોળવિદ્યા, નૌકાયાનશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર વિષે પણ જાણતો હતો. પણ તે માણસ વિષે નહિવત્ જાણતો હતો, વાસ્તવમાં પૃથ્વી ઉપર જુદી જુદી જાતિઓનું અસ્તિત્વ અને તેમના કંઈક અસ્પષ્ટ અર્થવાળા ઇતિહાસ વિષેની માત્ર વાસ્તવિકતાઓથી વધારે નહોતો જાણતો, અને જ્યાં સુધી તેમનાં રાજકીય અને આર્થિક સંબંધોને લગતું હતું, તો તેમાં તેનું જ્ઞાન પાંચ વર્ષના છોકરાને હોય તેટલું હતું.

બપોરે જ્યારે ગરમી વધી જતી ત્યારે ઇક્થિઆન્દર ભોંયતળિયાની ગુફામાં નીચે આવી જતો અને તરવા જતો રહેતો. જ્યારે ગરમી ઓછી થતી ત્યારે તે ઝૂંપડીમાં પાછો આવતો અને ત્યાં બીજા દિવસે સવાર સુધી રોકાતો. પણ જો વરસાદ પડતો હોય કે દરિયામાં તોફાન હોય તો તે ઘણી વાર આખો દિવસ ઝૂંપડીમાં રહેતો હતો અને વધારાના ભેજવાળી હવાને કારણે તેને સારું લાગતું.

ઝૂંપડી બહુ મોટી નહોતી, એકબીજા સાથે સંકળાયેલાં ચાર ઓરડા અને રસોડું. ક્રીસ્તો રસોડાની સાથેના ઓરડામાં રહેતો હતો. પછી જમવાનો ઓરડો અને પછી મોટું પુસ્તકાલય આવતું હતું. (ઇક્થિઆન્દર સ્પેનીશ અને અંગ્રેજી ભાષા વાંચી શકતો હતો). સૌથી છેલ્લો અને સૌથી મોટો ઓરડો ઇક્થિઆન્દરનો શયનખંડ હતો. તેની મધ્યનો મોટો ભાગ તરવા માટેનાં સ્નાનાગરે ઘેરેલો હતો. પલંગ એક દીવાલની સામે બાજુમાં પડેલો હતો, પણ એમ લાગતું હતું કે તેના માટે ઇક્થિઆન્દર સ્નાનાગરને જ પસંદ કરતો હતો. ગમે તેમ હોય, પણ બહાર જતાં

પહેલાં સાલ્વાતોરે ક્રીસ્તોને આદેશ આપ્યો હતો કે ઇક્થિઆન્દર અઠવાડિયામાં ઓછામાં ઓછી ત્રણ રાત્રિઓ પોતાની પથારીમાં સૂએ છે કે નહિ તે જોવું. તેથી ક્રીસ્તો દરેક રાત્રિએ ઇક્થિઆન્દરને પથારીમાં જોતો હતો અને જો જુવાન આજ્ઞાનો અનાદર કરતો તો ક્રીસ્તો ઘરડી પરિચારિકાની જેમ ગણગણાટ કરતો.

"પણ મને પાણીની અંદર સૂવામાં વધારે આનંદ આવે છે," ઇક્થિઆન્દર વિરોધ કરતો.

"દાક્તરના આદેશો હતા કે તારે પથારીમાં જ સૂઈ રહેવું જોઈએ, તારે તારા પિતાની આજ્ઞાનો અનાદર ન કરવો જોઈએ."

જોકે ઇક્થિઆન્દર સાલ્વાતોરને પિતા કહીને સંબોધતો હતો, તેમ છતાં પણ ઇન્ડિયનને શંકા હતી કે તેઓ વચ્ચે કોઈ લોહીનાં સંબંધ હતાં કે નહિ. સાચું હતું, ઉભયવાસી પ્રાણીની ચામડી જ્યાં જોઈ શકાતી હતી ત્યાં થોડીક સફેદ જેવી નિસ્તેજ હતી. પણ સંભવ છે કે તે લાંબા સમય સુધી પાણીમાં રહેવાને કારણે હોય. લાંબું માથું, સીધું નાક, પાતળાં હોઠ, અને મોટી ચમકતી આંખો જોતાં ક્રીસ્તોને લાગ્યું કે ઇક્થિઆન્દર આરાઉકાનીયન જેવો દેખાતો હતો. ક્રીસ્તોની તો જોવાની તીવ્ર ઇચ્છા હતી, કોઈક અજાણ્યા કપડામાંથી બનેલ, બિલકુલ તેના શરીર ઉપર બંધબેસતાં વસ્ત્રો નીચે ઢંકાયેલા ઇક્થિઆન્દરના શરીરની ચામડીનો રંગ કયો હતો.

"તું કદી પોતાની આ વસ્તુઓ કાઢતો નથી— રાત્રે સૂવા માટે પણ નહિ?" એક દિવસ સાંજે તેણે જુવાનને પૂછ્યું.

"શા માટે મારે કાઢવાં જોઈએ? મને આમાં જ વધારે આરામદાયક લાગે છે. તે ઝાલર કે ચામડીના શ્વસનને રોકતું નથી. તદુપરાંત તે સારું કવચ છે. ન તો શાર્કનાં દાંત કે પછી ન તો ધારદાર ચપ્પુ તેને ચીરી શકે છે," ઈક્થિઆન્દરે જવાબ આપ્યો.

"તું શા માટે પેલાં ચશ્માં, દસ્તાના અને પગરખાં પહેરે છે?" ક્રીસ્તોએ પલંગ નજીક પડેલી રહસ્યભરી વસ્તુઓ તરફ જોતાં પૂછ્યું. દસ્તાના લીલા રબરમાંથી બનાવેલાં હતાં અને તેની વચ્ચોવચની ચામડી સાથે એક વધારાની આંગળી જોડાયેલી હતી. પગરખાંના આંગળા વધારે લાંબા હતાં.

"દસ્તાના અને પગરખાં ઝડપથી તરવા માટે છે અને ચશ્માં મારી આંખોને ધૂળથી બચાવવા માટે છે. તદ્‌ઉપરાંત તેમના દ્વારા હું વધારે સારી રીતે વસ્તુઓ જોઈ શકું છું. ચશ્માં વિના ત્યાં નીચે દરિયાનાં અંધકારમાં કશું જ દેખાતું નથી." હસતાં હસતાં તેણે કહેવાનું ચાલુ રાખ્યું, "જ્યારે હું બહુ નાનો હતો ત્યારે પિતાજી મને બાળકો સાથે બીજા બગીચામાં રમવા દેતાં હતાં. તેમને દસ્તાનાઓ વગર તરતાં જોઈને મને ઘણું જ આશ્ચર્ય થતું હતું. 'તમે દસ્તાના વગર કેવી રીતે તરી શકો છો?' મેં તેમને પૂછ્યું, પણ તેઓ મારો કહેવાનો ભાવાર્થ શો હતો તે ન સમજી શક્યાં, કારણ કે હું તેમની હાજરીમાં કદી તરતો નહોતો."

"તું હજુ પણ બહાર અખાતમાં તરે છે?" ક્રીસ્તોએ પૂછ્યું.

"ચોક્કસ. હું માત્ર બાજુની ટનલ વાપરું છું.

કેટલાંક ખરાબ માણસોએ મને જાળી વડે લગભગ પકડી જ પાડ્યો હતો, તેથી હવે હું બહુ સાવચેત રહું છું."

"હુંઅ... તો ત્યાં એ બાજુની ટનલ દરિયા તરફ જાય છે?"

"હા, પણ વાસ્તવમાં તેમાંની કેટલીક. કેવી દુઃખની વાત છે કે તું મારી સાથે તરી નથી શકતો. હું તને ઘણી આશ્ચર્યકારક વસ્તુઓ દેખાડી શક્યો હોત. આપણે મારા દરિયાઈ ઘોડા ઉપર સાથે મળી સવારી કરી હોત. ઓહ, શા માટે બધાં જ લોકો પાણીની અંદર નથી રહી શકતાં?"

"તારો દરિયાઈ ઘોડો? તે શું છે?"

"તે ડોલ્ફીન છે. મેં તેને પાળ્યો હતો. દરિયાઈ તોફાન પછી તે બિચારો મને કિનારા ઉપર પડેલો મળ્યો હતો. તેની પાંખો એકદમ કચરાઈ ગઈ હતી. હું તેને પાણીમાં ઘસડી લાવ્યો. હું કહી શકું છું કે, તે બહુ મુશ્કેલ કામ હતું, ડોલ્ફીનોનું વજન પાણી કરતાં જમીન ઉપર ઘણું વધારે હોય છે. પછી બીજી બધી વસ્તુઓનું વજન પણ પૃથ્વી ઉપર વધી જાય છે. દુનિયામાં તમારા પોતાના શરીરનું પણ. તું જાણે છે, ત્યાં નીચે જીવન ઘણું સરળ છે. તેથી પહેલાં મેં કહ્યું હતું તેમ હું ડોલ્ફીનને પાણીમાં ઘસડી લાવ્યો, પણ જોયું કે તે તો તરી શકતો ન હતો, જેનો અર્થ એ થયો કે ખાવાનું પણ મેળવી શકતો ન હતો. હું આખો મહિનો તેને માછલાં ખવડાવતો રહ્યો. તે સમય દરમિયાન તે માત્ર પાળતું જ થઈ ગયો એટલું જ નહિ, પણ મારી સાથે લાગણીબદ્ધ થઈ ગયો. અમે સારાં મિત્રો બની ગયાં. બીજાં ડોલ્ફીનો પણ મને જાણવા લાગ્યાં. તું કલ્પના પણ નહિ કરી શકે કે સૂર્ય

ઊગેલો હોય તે દિવસે ડોલ્ફીન સાથે મોજાંઓમાં ગેલ કરવામાં કેટલો અસીમ આનંદ આવે છે! મોજાંઓની અંદર રહેવામાં પણ સારું લાગે છે. એમ લાગે છે કે જાણે તમે ગાઢી વાદળી હવામાંથી તરી રહ્યાં છો. ચારેબાજુ નીરવ શાંતિ છે. તમને લાગે જ નહિ કે તમારું શરીર છે; તે એકદમ મુક્ત અને દરેકે દરેક હલનચલનને વળતો જવાબ આપતું હળવું ફૂલ જેવું બની જાય છે... બહાર દરિયામાં મારાં ઘણાં મિત્રો છે. તું જેમ પક્ષીઓને ખવડાવે છે તેમ હું નાનાં નાનાં માછલાંને ખવડાવું છું, તેઓ મારી ફરતે ટોળે વળી પાછળ આવે છે."

"તારાં કોઈ દુશ્મનો નથી?"

"ઓહ, હા—શાર્ક અને ઓક્ટોપસો. પણ હું તેમનાથી ડરતો નથી. મારી પાસે ચપ્પુ છે."

"અને જો તું અસાવધ હોય ત્યારે હુમલો કરે તો?"

ઈક્થિઆન્દરે આશ્ચર્યથી જોયું.

"શા માટે, હું તેમને ઘણે દૂરથી આવતાં સાંભળી શકું છું."

"તેમને સાંભળે છે?" હવે ક્રીસ્તોનો આશ્ચર્યથી જોવા વારો હતો. "જ્યારે તેઓ છૂપી રીતે પ્રયત્ન કરે તોપણ?"

"તોપણ. તેમાં કંઈ આશ્ચર્ય થાય એવું શું છે? હું તેમને મારાં કાન અને આખા શરીર દ્વારા સાંભળી શકું છું. તેઓ પાણીમાં હલચલ પેદા કરે છે અને ઉત્પન્ન થતી લહેરો તેમની આગળ આગળ દોડે છે. હું તે અનુભવું છું અને આમ મને ચેતવણી મળે છે."

"જ્યારે તું ઊંઘતો હોય ત્યારે પણ?"

"ચોક્કસપણે."

"પણ સાંભળ, માછલાં વિશે કેવી રીતે?"

"માછલાંને અચાનક હુમલા દ્વારા મારી નથી શકાતાં પણ શક્તિશાળી માછલા દ્વારા મારી શકાય છે. અને તેમનામાં બધાં કરતાં વધારે શક્તિશાળી હું છું. શિકારી માછલાં તે પણ જાણે છે. તેઓ મારી પાસે આવવાની હિંમત નથી કરતાં."

"ઝુરીતા સાચું કહે છે — તે ઘણો કિમતી છે, તેને મેળવવા માટે ગમે તેટલી મુશ્કેલી ઉઠાવવી પડે તો તે લેખે લાગે એવી છે," ક્રીસ્તોએ વિચાર્યું, "અને તે તેને મેળવવા માટે બધી જ મુશ્કેલીઓ ઉઠાવશે. પોતાના આખા શરીર દ્વારા સાંભળે છે! તમને કેવું લાગે છે? ગમે તેવી સારામાં સારી જાળો તેને પકડી શકે તેમ નથી. મારે ઝુરીતાને તેના વિષે કહેવું જોઈએ."

"કેવી સુંદર છે પાણી અંદરની દુનિયા!" ઇક્થિઆન્દર કહેતો હતો. "ના, હું તમારી ગૂંગળામણ ભરેલી ધૂળભરેલી પૃથ્વી માટે કદીએ દરિયો ન છોડું."

"શા માટે, શું તે તારી પણ નથી? તું તો પૃથ્વી ઉપર જ જન્મ્યો હતો, નહીં? તારી મા કોણ હતી?"

"હું... હું નથી જાણતો," ઇક્થિઆન્દર થોથવાયો, "પિતાજી કહે છે કે મને જન્મ આપીને મારી મા મરી ગઈ."

"પણ ચોક્કસપણે તે સ્ત્રી હતી, માછલી નહિ."

"કદાચ," ઇક્થિઆન્દર સહમત થયો.

ક્રીસ્તો ધીમું હસ્યો.

"હવે, જરા મને કહે તો, તું શા માટે માછીમારોની

જાળી કાપીને, તેમનાં પકડેલાં માછલાં પાછાં દરિયામાં ફેંકીને અને તેવી બીજી રીતે તેમને હેરાન કરતો હતો?"

"કારણ કે તેઓ ખાઈ શકે તેનાં કરતાં વધારે પકડતાં હતાં:"

"પણ તેઓ માછલાં વેચવા માટે પકડતાં હતાં."

ઈક્થિઆન્દર આ વાત સમજી ન શક્યો.

"તેથી બીજાં લોકો પણ માછલાં ખાઈ શકે," ઈન્ડિયનને સમજાવવું પડ્યું.

"શા માટે ત્યાં એટલાં બધાં લોકો છે?" ઈક્થિઆન્દરે આશ્ચર્યમાં સવાલ કર્યો. "તેઓને પૃથ્વી ઉપર પૂરતાં પ્રાણીઓ અને પક્ષીઓ નથી મળતાં? તેઓ શા માટે દરિયા તરફ આવે છે?"

"ઓહ, તે સમજાવવું એટલું સરળ નથી," ક્રીસ્તોએ બગાસું ખાતા કહ્યું "હવે તારો સૂઈ જવાનો સમય થઈ ગયો છે. તેથી તું ફરીથી સ્નાનાગરમાં ન ઘસડાઈ જતો. તારા પિતાજી નારાજ થઈ જશે," અને તે બહાર જતો રહ્યો.

જ્યારે વહેલી સવારે ક્રીસ્તો તેને શોધતો નાના સ્નાનાગર પાસે આવ્યો ત્યારે ઈક્થિઆન્દર તેના પહેલાં જ ત્યાંથી જતો રહ્યો હતો.

"તે ફરીથી સ્નાનાગરમાં સૂઈ ગયો હતો," ઈન્ડિયને ચિડાઈને કહ્યું, "અને પછી દરિયામાં જતો રહ્યો."

ઈક્થિઆન્દર તે દિવસે પોતાના નાસ્તા માટે મોડો પડ્યો હતો.

કાંટાને પોતાની મોટી રકાબી ઉપર જેવી રીતે પછાડયો તેનાથી લાગતું હતું કે કોઈ કારણે અસ્વસ્થ હતો.

"ફરીથી ભૂંજેલું માંસ," તેણે કહ્યું.

"સાચું છે," ક્રીસ્તોએ કઠોર અવાજે કહ્યું. "તે દાક્તરના આદેશો છે. એમ લાગે છે કે ફરીથી તું દરિયામાં કાચાં માછલાં ખાઈને આવ્યો છે. જો લાંબા વખત સુધી આમ જ ચાલશે તો તું ભૂંજેલાં માંસને હાથ પણ નહીં લગાડી શકે, કાચાં માછલાં ઘણાં ઓછાં ખા. અને તું ફરી સ્નાનાગરમાં ઊંઘી ગયો હતો. તને ફરીથી તારાં પડખાંમાં દુ:ખાવો થશે, તે એટલું જ ચોક્કસ છે જેટલું ઈંડા ઈંડા છે. હવે તું નાસ્તા માટે ઘણો મોડો છે. જ્યારે દાક્તર પાછા આવશે ત્યારે હું તેમને ફરિયાદ કરીશ, જો જો મેં ન કરી તો. હમણાં હમણાંનો તું શા માટે હાથથી બહાર નીકળી ગયો છે."

"ક્રીસ્તો, તેમને ના કહીશ. હું તેમને દુ:ખી કરવા નથી ઇચ્છતો." ઇક્થિઆન્દરે પોતાનું માથું ઊંચું કર્યું. અને ફરી પાછો પોતાનાં વિચારોમાં ખોવાઈ ગયો. પછી અચાનક તેણે પોતાની મોટી, હવે વિષાદમય આંખો ઇન્ડિયનની તરફ ઊંચી કરી.

"સાંભળ, ક્રીસ્તો," તેણે કહ્યું, "આજે સવારે મેં એક છોકરી જોઈ. આ પહેલાં કદી મેં આટલી સુંદર કોઈ વસ્તુ જોઈ નહોતી—પાણીના મોજાંઓની અંદર પણ નહિ."

"અંહ, તો છેવટે અમારી પૃથ્વી એટલી તો ખરાબ નથી જ?" ક્રીસ્તોએ કહ્યું.

"જ્યારે હું મારા ડોલ્ફીન ઉપર સવારી કરી રહ્યો હતો ત્યારે મેં બૂએનસ-આઇરસના દરિયાકિનારા ઉપર તેને જોઈ હતી. તેની આંખો ભૂરી અને વાળ સોનેરી

હતાં." તેણે ઉમેર્યું, "પણ જ્યારે તેણે મને જોયો ત્યારે તે એકદમ બીને દોડી ગઈ. ઓહ, શા માટે મેં ચશ્માં અને દસ્તાના કાઢી ન લીધાં હતાં?" થોડીક ક્ષણો પછી તેણે ધીમા અવાજે કહ્યું: "એક વખત મેં એક છોકરીને દરિયામાંથી બહાર કાઢી હતી. તે વખતે મેં ધ્યાન નહોતું આપ્યું હતું કે તે કેવી દેખાતી હતી. જો તે છોકરી તે જ હોય તો? મને યાદ આવે છે કે તેના વાળ પણ સોનેરી હતાં. હા, મને લાગે છે કે તેને હતાં..." જુવાન ફરી વિચારમાં ખોવાઈ ગયો. તરત તે અરીસા સામે ગયો. અને પોતાની આટલી જિંદગીમાં પહેલી વાર પોતાને ધ્યાનથી જોયો.

"તે દોડી ગઈ પછી તેં શું કર્યું?"

"મેં રાહ જોઈ, પણ તે કદી પાછી ન આવી, ક્રીસ્તો, શું તે શક્ય છે કે તે હવે ફરી કદી દરિયા કિનારા ઉપર નહીં આવે?"

ક્રીસ્તોએ વિચાર્યું કે તે છોકરી પસંદ કરે છે તે કદાચ બિલકુલ ખરાબ તો નથી જ. અત્યાર સુધી, તે શહેરનાં સુખોના જેટલાં વખાણ કરી શકતો હતો કર્યાં હશે, પણ તે ઇક્થિઆન્દરને બુએનસ-આઇરસનાં જોખમીકાર્યો દ્વારા પ્રભાવિત નહોતો કરી શક્યો. ઝુરીતા માટે તેને ત્યાં પકડવો મુશ્કેલ નહોતો.

"તે તે હોઈ શકે, પણ હું તને છોકરીને શોધવામાં મદદ કરીશ. તું શહેરનાં કપડાં પહેરી લે, આપણે બૂએનસ-આઇરસ જઈ તેને શોધીશું."

"હું તેને જોઈશ, સાચું ને?" ઇક્થિઆન્દર એકદમ ખુશીથી બોલી ઊઠયો.

"ત્યાં ઘણી બધી છોકરીઓ છે. જો તારું નસીબ હશે તો તેં દરિયાકિનારે જે છોકરીને જોઈ હતી તેને શોધી શકીશ."

"ચાલ, આપણે સીધા જઈએ! હું મારા ડોલ્ફીન ઉપર સવારી કરીશ અને તું કિનારાની સાથે સાથે ચાલશે."

"તે તો બહુ મોડું થશે. અને શહેર પગપાળાં જઈ શકાય તેટલું નજીક પણ નથી."

"આપણે ચોક્કસપણે કરી શકીશું."

"તું ઉત્સુક નથી!" ક્રીસ્તોએ કહ્યું, "આપણે આવતીકાલે પરોઢે સાથે જ નીકળી જઈશું. તું અખાતમાં તરતો આવજે અને હું તારાં કપડાં લઈ કિનારા ઉપર રાહ જોઈશ. મારે પહેલાં તારા માટે તે લાવવા પણ જોઈએ. (ક્રીસ્તોએ વિચાર્યું: "મારે મારા ભાઈને રાત્રે બોલાવવો જોઈએ.") તો હવે આપણે પરોઢિયે મળીશું..."

શહેરમાં

આગલા દિવસની વહેલી સવારે જ્યારે ઈક્થિઆન્દર પાણીમાંથી બહાર નીકળી દરિયા કિનારા ઉપર ધીમે ડગલે ચાલી રહ્યો હતો ત્યારે ક્રીસ્તો તેના માટે સફેદ કપડાં તૈયાર રાખી તેની રાહ જોતો ઊભો જ હતો. ઈક્થિઆન્દરે કપડાં તરફ એવી રીતે જોયું કે જાણે તે સાપની કાચળી હોય અને નિશ્વાસ નાંખી પહેરવા લાગ્યો. તે સ્વાભાવિક હતું કે આ પહેલાં ઘણાં ઓછાં પ્રસંગો એવાં આવ્યાં હતાં જ્યારે તેણે આવાં કપડાં પહેર્યાં

હોય. ઈન્ડિયનને ઉભયવાસી પ્રાણીને ટાઈ બાંધવામાં મદદ કરી, તેને ઉપરથી નીચે સુધી જોયો અને જે પણ તેણે જોયું તેનાથી ખુશ થયો.

"ચાલો આપણે, જઈએ," તેણે પ્રસન્નતાથી કહ્યું.

ઈન્ડિયન ઈક્વિઆન્દર ઉપર ઊંડો પ્રભાવ પાડવા ઈચ્છતો હતો, તેથી તે તેને મુખ્ય કેન્દ્રીય ગલીઓમાંથી લઈને ગયો. જેમાં અવેનીદા દે અલ્વેઅર, અને પ્લાઝા વેર્ટીઝ, કે જ્યાં દેવળવાળા પ્લાઝા દે લા વિક્તોરી, મુરીશ શૈલીના ટાઉન હૉલ હતાં, અને પછી સુંદર ઘટાદાર વૃક્ષોની મધ્યમાં ઓબેલીસ્કો દે લા લીબેરટેડવાળી પ્લાઝા દેલ ૨૫ દે માયો * તરફ અને આ બધાં સર્વશ્રેષ્ઠ રાષ્ટ્રપતિના મહેલ તરફ લઈ ગયો.

પણ ક્રીસ્તોની આ નાનકડી યોજના નિષ્ફળ ગઈ. ઘોંઘાટ, શહેરનો સતત ચાલુ વાહનવ્યવહાર, ગરમી અને લોકોનાં ટોળેટોળાંથી ઈક્વિઆન્દર એકદમ આકુળ વ્યાકુળ અને અતિદુ:ખી થઈ ગયો. ટોળામાં તેણે છોકરીને શોધવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો, ક્ષણ પ્રતિક્ષણ તે એકદમ ક્રીસ્તોનો હાથ પકડી લેતો અને તેના કાનમાં કહેતો, "પેલી તે છે!" પછી પોતાની ભૂલ સમજાતાં, ફરી પાછો ટોળામાં ફાંફાં મારવા લાગતો.

બપોર થતાં ગરમી અસહ્ય થઈ ગઈ. ક્રીસ્તોએ નજીકનાં ઉપાહારગૃહમાં જમવા જવાનો સૂઝાવ મૂક્યો.

---

* લા-પ્લાતા પ્રાંતમાં ૧૮૧૦, ૨૫મી મેના દિવસે ક્રાંતિકારી દળ રચાયું હતું. વિજયી ક્રાંતિને કારણે અનુસરતાં તે પ્રાંત સ્પેનથી છૂટું પડ્યું અને ત્યાં કામચલાઉ સરકાર સ્થાપવામાં આવી હતી.

તે નીચે ભોંયતળિયામાં ઠંડી જગ્યામાં હતું, પણ ઘોંઘાટભરેલું, બંધિયાર, મેલાંઘેલાં કપડાં પહેરેલાં અને સિગારેટના ધુમાડા ઉડાડતાં લોકોથી ભરેલું હતું. ધુમાડાને કારણે ઇક્થિઆન્દરનો દમ ઘુટવા લાગ્યો. અને હજુ વધારામાં થોડું હોય તેમ લોકો કોઈ એક વિષય ઉપર ગરમાગરમ ચર્ચા કરી રહ્યાં હતાં, છાપાંઓને વાળી આમતેમ હવામાં ઘુમાવી રહ્યાં હતાં અને ઘાંટા પાડીને બોલી રહ્યાં હતાં, જેનાં વિષે ઇક્થિઆન્દર કશું જ જાણતો નહોતો. ઇક્થિઆન્દરે પુષ્કળ પ્રમાણમાં બરફનું પાણી પીધું પણ પોતાના જમવાનાંને હાથ પણ ન લગાડયો.

"આ માનવ વમળમાં છોકરીને શોધવા કરતાં દરિયામાં માછલી શોધવી સહેલ છે," તેણે ખિન્નતાથી કહ્યું, "તમારાં શહેરો ત્રાસદાયક છે. તેઓ ગૂંગળામણભરેલા અને બીભત્સ છે. મારાં પડખાંઓમાં દુ:ખાવો થાય છે. ક્રીસ્તો, હું ઘેર પાછો જવા ઇચ્છું છું."

"ભલે, ઠીક છે," ક્રીસ્તો સહમત થયો, "આપણે માત્ર મારાં એક મિત્રને જરા મળવા થોભીશું અને પછી ઘેર પાછા જતાં રહીશું."

"હું હવે એકપણ માણસને જોવા નથી ઇચ્છતો."

"તે આપણા રસ્તા ઉપર જ આવે છે. હું એક મિનિટથી વધારે નહીં લઉં."

ક્રીસ્તોએ તેમનાં પૈસા ચૂકવ્યાં અને તેઓ સૂર્યના તાપથી ધોમધખતી ગલીઓમાં ભળી ગયાં. મહામહેનતે શ્વાસ લેતો, પોતાના માથાને ઊંચું રાખતો ઇક્થિઆન્દર ઇન્ડિયનની પાછળ પાછળ ચાલતો હતો. તેઓ થોરિયાની વાડવાળા સફેદ પથ્થરના મકાનો, પીચની વાડીઓ,

અને જેતૂનનાં વૃક્ષો પસાર કરી ન્યૂ પોર્ટમાં બલ્તાઝારની જગ્યાએ પહોંચ્યા.

તેની ઘ્રાણેન્દ્રિયને દરિયાની તીવ્ર ગંધ આવતાં, ઇક્થિઆન્દરને ઉત્કટ આવેશ સાથે ઇચ્છા થઈ ગઈ કે તે પોતાનાં કપડાં ઉતારી ફેંકી દે અને પાણીમાં કૂદી પડે.

"આપણે લગભગ ત્યાં પહોંચી ગયાં છીએ," ક્રીસ્તોએ પોતાના સાથી ઉપર દહેશતભરી નજર નાખતાં કહ્યું.

તેઓએ રેલ્વેના પાટાઓ ઓળંગ્યા.

"આપણે પહોંચી ગયાં છીએ. આ જ જગ્યા છે," ક્રીસ્તોએ કહ્યું અને તેને થોડાં ડગલાં નીચેના રસ્તે નાનકડી અંધારી દુકાનમાં દોરી ગયો.

જ્યારે ઇક્થિઆન્દરની આંખો અર્ધ-અંધકારથી ટેવાઈ ગઈ ત્યારે તેની આજુબાજુ આશ્ચર્યથી અનિમેષ દૃષ્ટિએ જોઈ રહ્યો. દુકાન એ દરિયાના કોઈ ખૂણા જેવી દેખાતી હતી. ફલકો અને ભોંયતળિયાના કેટલાંક ભાગો ઉપર પણ દરેક પ્રકારનાં છીપલાંના ઊંચા ઢગલાં કરેલાં હતાં. છત ઉપરથી પરવાળાં તારા માછલી, સૂકાં કરચલાં, અને ભરેલાં માછલાંની હારમાળાઓ લટકતી હતી. કાચનાં કબાટોમાં સામસામાં મોતીઓ ગોઠવવામાં આવેલાં હતાં. તેમાંનાં એક ગુલાબી મોતીઓને, મરજીવાઓ "દેવતાઈ ચામડી"ના નામે ઓળખતાં હતાં. ઇક્થિઆન્દરે પોતાની જાણ-પરિચિતની વસ્તુઓ વચ્ચે વધારે રાહત અનુભવી.

· "થોડો આરામ કર, અહીં નીચે ઠંડક અને શાંતિ છે," જુવાનને જૂની કમજોર ખુરશી ઉપર બેસવામાં મદદ કરતાં ક્રીસ્તોએ કહ્યું.

"બલ્તાઝ્રાર! ગૂટ્યેરે!" ઈન્ડિયને બૂમ પાડી.

"કોણ, ક્રીસ્તો?" બારણાંની પાછળથી અવાજ આવ્યો. "અહીં અંદર આવ."

ક્રીસ્તોએ બીજા ઓરડામાં જવા માટે પોતાનું માથું નીચું કર્યું.

તે બલ્તાઝ્રારની પ્રયોગશાળા હતી. અહીં તે મોતીઓને પોતાનો ભેજને કારણે ખોવાયેલ ઝગમગાટ પાછો આપતો હતો. તેજાબનાં મંદ મિશ્રણમાં તેમને ડૂબાડતો હતો. ક્રીસ્તોએ પોતાની પાછળ બારણું બરાબર બંધ કરી દીધું. દીવાલની ઉપર ઊંચે આવેલી બારીમાંથી ચળાઈ આવતો ઝાંખો પ્રકાશ લાંબા વપરાશને કારણે કાળા પડી ગયેલાં જૂના ટેબલ ઉપર પડેલી બાટલીઓ અને કાચની ટાંકીઓ ઉપર પડતો હતો.

"કેમ છે, ભાઈ, ગૂટ્યેરે ક્યાં છે?"

"પડોશીને ત્યાં ઈસ્ત્રી કરવા ગઈ છે. ખાસ કંઈ નહિ પણ કિનાર અને તેના માથાની રીબન ઉપર જોકે કોઈપણ ક્ષણે તે પાછી આવી જશે."

"અને ઝુરીતા ક્યાં છે?" ક્રીસ્તોએ અધીરાઈથી પૂછ્યું.

"હજુ સુધી દેખાયો નથી, તેની આંખો ફૂટી જાય. ગઈકાલે અમારી વચ્ચે થોડી તકરાર થઈ હતી."

"ગૂટ્યેરે વિષે?"

"હા. તે તેને મનાવવા પોતાના આપામાંથી બહાર થઈ ગયો. પણ તેણે તેને મચક ન આપી. હવે હું તેનું શું કરી શકું? તે એકદમ જિદ્દી અને હઠીલી છે. પોતે વિચારે છે કે બીજાં બધાંથી તે ચડિયાતી છે. તે એટલું

પણ નથી સમજી શકતી કે કોઈપણ ખૂબસૂરત કે બદસૂરત ઇન્ડિયન છોકરીએ, ઝુરીતા જેવા પોતાના વહાણ અને મરજીવાઓની ટુકડીવાળા માણસ સાથે પરણવાના વિચાર માત્રથી નાચી ઊઠવું જોઈએ," મોતીઓના નવાં જૂથને ટાંકીમાં ડુબાડતાં બલ્તાઝારે બડબડાટ કર્યો. "ઝુરીતા પોતાની સતામણીને ક્યાંક દારૂમાં ડુબાડવાનો પ્રયત્ન કરી રહ્યો છે, એમ હું ધારું છું."

"પણ આપણે શું કરવું જોઈએ?"

"તું તેને લાવ્યો?"

"તે ત્યાં છે."

બલ્તાઝાર બારણા તરફ આગળ આવ્યો અને ચાવીના છિદ્ર ઉપર ઝૂક્યો.

"હું તેને નથી જોઈ શકતો," તેણે ધીમેથી કહ્યું.

"તે દુકાનના ગલ્લા ઉપર બેઠો છે."

"હું તેને નથી જોઈ શકતો. ત્યાં તો માત્ર ગૂટ્યેરે જ છે."

બલ્તાઝાર બારણું ઉઘાડીને એકદમ ઉછળ્યો અને ક્રીસ્તોની સાથે દુકાનમાં પ્રવેશ્યો.

ઇક્થિઆન્દર ત્યાં નહોતો. અંધારિયા ખૂણામાં ગુટ્યેરે ઊભી હતી, જે બલ્તાઝારની, ન્યૂ પોર્ટથી પણ દૂર દૂર સુધી પોતાની ખૂબસૂરતી માટે પ્રખ્યાત, દત્તક દીકરી હતી. તે આપખુદી મગજવાળી શરમાળ છોકરી હતી. તેના માટે યોગ્ય વરની કોઈ કમી નહોતી, પણ તેઓ બધાંને તેણે એક જ સરખો દૃઢ અને એક સૂરમાં "ના"નો જવાબ આપ્યો.

એક દિવસ પેદ્રો ઝુરીતાની નજર તેના ઉપર પડી

અને ત્યારથી જ તે તેને પોતાની પત્ની બનાવવા ઇચ્છતો હતો. અને ઘરડા બલ્તાઝારને પણ તેનો સસરો અને ભાગીદાર થવામાં કોઈ વિરોધ નહોતો.

પણ ઝુરીતાનાં બધાં જ પ્રયાસોના પ્રત્યુત્તરમાં એ જ એક સૂરીલી, દૃઢ "ના" મળી.

જ્યારે તેના પિતા અને ક્રીસ્તો અંદર આવ્યા ત્યારે પણ છોકરી નત મસ્તકે ઊભી હતી.

"કેમ છે, ગૂટ્યેરે," ક્રીસ્તોએ કહ્યું.

"જુવાન ક્યાં છે?" બલ્તાઝારે પૂછ્યું.

"હું જુવાન માણસોને સંતાડતી નથી," તેણે કહ્યું અને હસી, "જ્યારે હું અંદર દાખલ થઈ ત્યારે તેણે વિચિત્ર રીતે મારી સામે જોયું. જાણે કંઈક જોઈને ગભરાઈ ન ગયો હોય, તેમ એકદમ ઊભો થઈ ગયો અને પોતાની છાતીને જોરથી પકડીને ભીંચી અને હું કંઈ જાણું તે પહેલાં જ જતો રહ્યો."

"તો તે જ તે છોકરી હતી," ક્રીસ્તોએ વિચાર્યું.

પાછો દરિયામાં

દર્દભરી વ્યાકુળતાથી શ્વાસ લેતો ઇક્થિઆન્દર દરિયા તરફ જતા રસ્તા ઉપર દોડવા લાગ્યો. જેવો તો ત્રાસદાયક શહેરમાંથી બહાર નીકળી આવ્યો કે તરત જ સડક છોડી અને સીધો દરિયાકિનારા તરફ આગળ વધ્યો. ખડકના બહાર ઊપસી આવેલા ભાગની પાછળ આશ્રય લઈ તેણે પોતાનાં કપડાં ઉતારી લીધાં, તેને પથ્થરોની વચ્ચે છુપાવી

ને પાણીના કિનારા તરફ દોડયો અને તેમાં ઝંપલાવી દીધું.

થાકેલો હોવા છતાં પણ તે પહેલાં કદી જેટલી ઝડપ નહોતો તર્યો એટલી ઝડપથી તે તરવા લાગ્યો. બીકના માર્યે માછલાં પણ તેનાં રસ્તામાંથી આઘા-પાછાં થઈ ગયાં. પોતાની અને શહેર વચ્ચે થોડાં માઈલોનું અંતર કાપ્યા પછી જ તે થોડો ધીમો પડયો. અને નજીકના દરિયાકિનારા તરફ વળ્યો. અહીં તે ઘેર હતો. તે દરિયાના તળિયાનાં એક એક પથ્થર, એક તિરાડને જાણતો હતો. બિલકુલ તેની નીચે ફેલાયેલી રેતીની સપાટ સપાટી ઉપર શાંત ટર્બટ માછલાં રહેતાં હતાં, તેની ઉપર પરવાળાની લાલ ઝાડીઓ ઊગેલી હતી, જે નાનાં નાનાં લાલ પાંખોવાળાં માછલાંઓની સંતાવા માટેની જગ્યા હતી. પેલી માછલાં પકડવાની હોડીના ભગ્નાવશેષમાં ઓક્ટોપસના બે કુટુંબો ભાગ પાડીને રહેતાં હતાં, અને વખત જતાં, તેમનાં કુટુંબોની સંખ્યાઓમાં પણ વધારો થઈ ગયો હતો. પેલાં ભૂખરા પથ્થરોમાં કરચલાના અડ્ડા હતાં. ઈક્થિઆન્દર કલાકો સુધી તેમની ઉપર નજર રાખી શકતો હતો, તેમનાં ભાગ્યશાળી શિકારના આનંદમાં આનંદિત થતો કે પછી તેમનાં ચીમટી ગુમાવવાના કે પછી ઓક્ટોપસના આક્રમણના વિષાદ સાથે સહાનુભૂતિ બતાવતો. અને દરિયા કિનારાનાં ખડકો અસંખ્ય શંખલાઓના નિર્માણના મેદાન તરીકે પંકાયેલું હતું.

જ્યારે તે અખાતની નજીક હતો ત્યારે છેવટે તેણે પાણીના બાંધની ચારેબાજુ જોયું. મોજાંઓમાં ખેલ કરતાં ડોલ્ફીનોના જૂથને જોઈને તેણે બૂમ પાડી. મોટા ડોલ્ફીને તેના પ્રત્યુત્તરમાં ઉલ્લાસથી વળતી ગર્જના કરી અને

પોતાના મિત્ર તરફ આગળ વધ્યો, તેની ઓપદાર ચળકતી પીઠ મોજાંઓમાં અદૃશ્ય થઈ ગઈ, હવે ફરીથી પાછી સપાટી ઉપર આવી ગઈ.

"ચાલ આવ, લીડિંગ, સ્ફૂર્તિ કર," જ્યારે ડોલ્ફીનને મળવા માટે ઈક્થિઆન્દરે તરવા માંડયું ત્યારે બૂમો પાડતો હતો. તરત જ તેણે તેને પકડી લીધો અને રોકાયા વગર જ તેણે આગળ ધકેલતાં કહ્યું: "આપણે દૂર જઈએ!"

જુવાન માણસના માર્ગદર્શનને અનુસરતો ડોલ્ફીન ખુલ્લા દરિયા તરફ વળ્યો અને આગળ તરફ પવન અને મોજાંઓના મોંમાં ધસ્યો. જ્યારે પ્રાણી મોજાંઓમાંથી રસ્તો કરતું આગળ વધતું ત્યારે પાણીને પણ વલોવતું જતું હતું. અને પોતાની પાછળ ફીણનાં ધોવાવાને કારણે પંખા જેવાં આકાર ફેલાવતું હતું, પણ ઈક્થિઆન્દરને આટલાથી સંતોષ નહોતો. તે પોતાના ઘોડાને આગળ ધકેલતો રહ્યો.

"ચાલ, લીડિંગ, વધારે ઝડપથી, ચાલ!"

જ્યારે ઈક્થિઆન્દરે અચાનક આ હરિફાઈ રોકી દીધી ત્યારે ડોલ્ફીનની જોર જોરથી હાંફતી હતી, જોકે પોતે પણ હજી શાંત પડવામાં નહોતો. તે તરત જ ચમકતી પીઠ ઉપરથી નીચે પાણીમાં સરકી ગયો અને પોતાના મિત્રને પાછળ વ્યગ્રતામાં જ છોડી જતો રહ્યો. ડોલ્ફીને એક ક્ષણ રાહ જોઈ, ગર્જના કરી, ડૂબકી મારી અને તરત જ ફરી દેખાઈ, પછી નાખુશીમાં બીજી ગર્જના કરી અચાનક ધક્કો માર્યો અને વારંવાર પાછળ જોતો દરિયાકિનારા તરફ આગળ વધી ગયો. ક્યાંય ઉભયવાસી પ્રાણી દેખાતો નહોતો, તેથી પોતાના જૂથમાં જોડાઈ ગયો.

તે દરમિયાન ઇક્થિઆન્દર, ઊંડે અને વધારે ઊંડે, દરિયાની અંધકારમય ઊંડાઈમાં નીચે જઈ રહ્યો હતો. તે દિવસે તેણે જે કંઈ જોયું હતું, અને સાંભળ્યું હતું, તે બધું જ તેના માટે આકસ્મિક હતું, તેના અનુભવથી તે એટલું તો પર હતું કે તે એકલો જ રહેવા ઇચ્છતો હતો. તે ઊંડે ને ઊંડે જતો રહ્યો, સ્વાભાવિક હતું કે તે ભયંકર હતું. તે એકલો રહીને પ્રયત્ન કરી સમજવા ઇચ્છતો હતો કે શા માટે તે બીજાં બધાં કરતાં આટલો જુદો હતો, શા માટે તે જમીન અને દરિયા બંને માટે આટલો વિચિત્ર હતો.

પછી તેણે પોતાની ડૂબકીઓ ધીમી કરી નાંખી. પાણી વધારે ને વધારે ગાઢું થતું ગયું, તે તેના ઉપર દબાણ કરતું હતું, અને તેની શ્વસનક્રિયાને સતત રીતે મુશ્કેલ બનાવી રહ્યું હતું. ભૂખરા લીલા આવરણે ચારેબાજુની વસ્તુઓને ઢાંકી દીધી હતી. અહીં દરિયાઈ પ્રાણીઓ પ્રમાણમાં ઓછાં હતાં અને ઘણાં બધાંથી ઇક્થિઆન્દર અપરિચિત હતો: આ પહેલાં કદી તે આટલી ઊંડાઈ સુધી નહોતો ગયો. સૌથી પહેલી વાર આ ઘોર અંધારી દુનિયાએ ઇક્થિઆન્દરના હૃદયને ભયથી ધ્રુજાવી દીધું. તે જેટલી ઝડપથી જઈ શકે તેટલી ઝડપથી ઉપર ગયો, છેવટે પાણીની સપાટી કાપી દરિયાકિનારા તરફ તરી ગયો. સૂરજ આથમી રહ્યો હતો. તેનાં રાતાચોળ કિરણો દરિયામાં ડૂબી રહ્યાં હતાં. એક વખત તેઓ પાણીમાં ભળતાં, તેનાં વાદળી રંગમાં મળી લાઈલેક જેવા ગુલાબીમાંથી લીલાશ પડતાં વાદળી રંગમાં પરિવર્તિત થઈ જતાં હતાં.

ઇક્થિઆન્દરે પોતાનાં ચશ્માં નહોતાં પહેર્યાં તેથી નીચેની પાણીની સપાટી તેને, માછલીને દેખાય તેવી સપાટ નહિ પણ શંકુ આકારની, બિલકુલ તેવી જ જાણે કે એક વિશાળ ગળણીની ટોચ ઉપર તે હોય, એમ લાગ્યું. ગળણીની કિનારીઓ ફરતે લાલ, પીળી, વાદળી, અને જાંબલી રંગની ગોળ ગોળ પટ્ટીઓ વીંટળાઈ વળી હોય તેમ લાગતું હતું. આ બધાંથી વધારે પાણીની ફેલાયેલી પ્રકાશમય સપાટી અરીસાની જેમ નીચેની વસ્તુઓ— ખડકો, શેવાળ, માછલાંઓને પ્રતિબિંબિત કરતી હતી.

ઇક્થિઆન્દરે નીચેની તરફ મોં ફેરવ્યું, દરિયાકાંઠાની એકદમ નજીક તળિયાની સાથે સાથે આગળ વધ્યો, અને દરિયાનાં છીછરા ભાગની નજીકનાં પાણીની અંદરનાં ખડકોના સમૂહ વચ્ચે ઉભડક બેસી ગયો. નજીકના હોડીમાંના માછીમારો તૂતક ઉપરથી તેને કિનારા પર ખેંચવા કૂદી ગયાં. તેઓમાંનો એક પાણીની અંદર ઘૂંટણભેર ડૂબીને ઊભો રહ્યો. ઇક્થિઆન્દરે ઉપર પગવિનાના માછીમારને જોયો, અને પાણીની સપાટીના અરીસામાં તેના પગ નીચેનાં પાણીમાં જુદાં પ્રતિબિંબિત થતાં હતાં. બીજો માછીમાર ખભાભેર ઊંડો ઊતર્યો. પાણીની નીચેથી તે માથા વગરનું, પણ ચાર પગવાળું અતિશય વિચિત્ર પ્રાણી ઊભું થઈ ગયું હોય તેમ લાગતું હતું. તેઓ વિલક્ષણ જોડિયાં જેને ખભાથી ખભા મેળવી એકબીજાની ઉપર મૂકવામાં આવ્યાં હોય અને વધારે સારી રીતે જોડવા માટે તેમનાં માથાં કાપી કાઢયાં હોય તેના જેવાં દેખાતાં હતાં. જ્યારે જ્યારે પણ માણસો પાણીમાં આવી રીતે ઊતરી આવતાં, ત્યારે ત્યારે ઇક્થિઆન્દર

તેમને માછલીની નજરે જોઈ, સંપૂર્ણ રીતે આનંદ માણતો હતો, પણ જ્યારે કાચના દડામાં જોતો ત્યારે તેઓ તેને પકડી પાડે તે પહેલાં જ દૂર દૂર તરી જતો.

પણ આજે એ જ માથાં વગરનાં અને ચાર પગોવાળાં શરીર, અને શરીર વિનાનાં માથાં ઇક્થિઆન્દરને ચોક્કસપણે ઘૃણાજનક લાગ્યાં. માણસો... તેઓ કેટલાં બધાં ઘોંઘાટ ભરેલાં અને દુર્ગંધ મારતાં હતાં, તેઓ કેટલી સિગારેટોનું ધૂમ્રપાન કરતાં હતાં. હા, ડોલ્ફીનો તેમના કરતાં વધારે સારા હતા — એકદમ સ્વચ્છ અને ખુશખુશાલ ડોલ્ફીનો. જ્યારે ઇક્થિઆન્દરને યાદ આવ્યું કે એક વખત તેણે કેવી રીતે ડોલ્ફીનનું દૂધ ચાખ્યું હતું ત્યારે તેણે અટ્ટહાસ્ય કર્યું.

નીચે દક્ષિણ તરફના રસ્તા ઉપર એક નાની અલાયદી ખાડી હતી. અસ્ત્રા જેવા તીક્ષ્ણ ખડકોની હારમાળા અને રેતીના કિનારાઓને કારણે દરિયા તરફથી ત્યાં જવું એકદમ અસંભવ હતું, જ્યારે ખડકાળ ખડકોએ તેને જમીનથી કાપેલું હતું. માછીમારો કે મરજીવાઓ કદી આ ખાડી સુધી પહોંચી નહોતા શક્યા. તેના છીછરા તળિયા ઉપર રંગબેરંગી ઘીચોઘીચ દરિયાઈ વનસ્પતિઓ જાજમની જેમ પથરાયેલી હતી. નાની માછલી હૂંફાળા પાણીમાં આગળ અને પાછળ જતી હતી. ઘણાં વર્ષો માટે માદા ડોલ્ફીન પોતાનાં બે, ચાર, કેટલીક વખત છ છ બચ્ચાંઓને ખુલ્લામાં લાવવા અહીં આવતી હતી. નાનાં ડોલ્ફીનનાં બચ્ચાંઓને નિહાળવામાં ઇક્થિઆન્દરને ખૂબ જ આનંદ મળતો. કલાકો સુધી ખડકોની વચ્ચે સંતાઈને તેમને મોજાઓમાં ધિંગામસ્તી કરતાં અને કે પછી પોતાની મા

પાસે દૂધ પીવા પાછા ભાગતાં નિહાળતો રહેતો. પછી ઇક્થિઆન્દરે નાનાં માછલાંને પકડીને બાળ ડોલ્ફીનોને ખવડાવીને ધીરે ધીરે તેમને પાળવાનું શરૂ કર્યું. ધીમે ધીમે બાળ ડોલ્ફીનો અને તેમની મા તેનાથી ટેવાઈ ગયાં. નાનાં ડોલ્ફીનો તે તેમનો પીછો કરતો, તેમને પકડતો, કે તેમને હવામાં ઉછાળતો તોપણ વિરોધ ન કરતાં. વાસ્તવમાં તેઓને તે ગમતું હતું તેઓ તેનો કેડો નહોતાં છોડતાં અને જેવો દૂરથી જ પોતાના હાથમાં માછલાં કે પછી નાનાં નાનાં ઓકટોપસોને લઈને આવતો દેખાતો કે તરત તેની ફરતે ટોળે મળી જતાં.

એક દિવસ ડોલ્ફીન પોતાનાં નાનાં બચ્ચાં કે જેઓ હજી માછલાં નહોતાં ખાતચં, પણ માત્ર માનું દૂધ પીતાં હતાં, તેમને દૂધ પીવડાવતી હતી. ત્યારે ઇક્થિઆન્દરે વિચાર્યું કે તેણે પોતે પણ શા માટે તેને ન ચાખવું જોઈએ.

બીજી જ પળે તે ડોલ્ફીનની નીચે હતો, તેને જોરથી પકડી અને પોતાનું મોં તેની ડીંટડી તરફ દબાવ્યું. એક ક્ષણ પહેલાં જ એકદમ નિશ્ચિંત પ્રાણી, હવે એકદમ ભયગ્રસ્ત થઈ ભાગ્યું. ઇક્થિઆન્દરે એક વખત તો તેને જવા દીધી. માછલીનું દૂધ ચાખી લીધું હતું.

અણધાર્યા સ્તનપાનથી ગભરાયેલી ડોલ્ફીન ખાડીમાંથી જ બહાર જતી રહી, જ્યારે તેનાં બચ્ચાં આમ તેમ ઉછળકૂદ કરતાં પાછળ ત્યાં જ રહી ગયાં, તેઓ પણ ગભરાયેલાં અને બેચેન હતાં. તે નબળાં નાનાં ડોલ્ફીનોને ફરીથી એકત્ર કરવામાં ઇક્થિઆન્દરને થોડો સમય લાગ્યો અને પ્રયત્ન પણ કરવો પડયો. સમય જતાં તેણે તેઓ બધાંને એકત્રિત કર્યાં અને તેમની મા પાછી આવી અને

તેમને લઈને નજીકની ખાડીમાં જતી રહી. ઘણાં દિવસો પછી ઇક્થિઆન્દર તે કુટુંબનો વિશ્વાસ પાછો જીતી શક્યો ...

ચિંતાને કારણે ક્રીસ્તોનું માથું લગભગ ભમી જ ગયું હતું. ઇક્થિઆન્દર ત્રણ દિવસો અને રાતો સુધી જતો રહ્યો હતો, અને છેવટે જ્યારે પાછો દેખાયો ત્યારે તેનું મોં એકદમ ઊતરી ગયેલું અને થાકેલું પણ સ્વસ્થ દેખાતું હતું.

"હવે તું પોતાને ક્યાં સંતાડી રહ્યો હતો?" ઇન્ડિયને કઠોર અવાજે પૂછતાછ કરી. જોકે વાસ્તવમાં ઇક્થિઆન્દરને પાછો આવેલો જોઈ બેહદ ખુશ થયો હતો.

"શા માટે તું એકદમ નિસ્તેજ થઈ ગયો છે?"

"મેં મારી જિંદગી લગભગ ખોઈ જ નાંખી હતી," ઇક્થિઆન્દરે પોતાના જીવનમાં પહેલું જૂઠાણું કહ્યું અને પછી થોડાં સમય પહેલાં બની ગયેલી ઘટનાના સાહસની વાર્તા કહેવાની શરૂ કરી.

દરિયાની અંદર એક ખડકાળ ઉચ્ચપ્રદેશ બહાર નીકળી આવેલો હતો, જેની વચ્ચોવચ્ચ એક મોટું અંડાકાર પોલાણ હતું, જે બિલકુલ દરિયા અંદરના પહાડના સરોવર જેવું દેખાતું હતું.

તેના ઉપર તરતાં તરતાં, એક દિવસ ઇક્થિઆન્દરને તેના તળિયાના વિલક્ષણ ભૂખરા રંગે આશ્ચર્યચકિત કર્યો હતો. ઊંડાણમાં જતાં, જોઈને તો તે દંગ જ રહી ગયો કે આ પોલાણ એ બીજું કંઈ નહિ પણ દરિયાઈ

પ્રાણીઓ માટેનું નાનાં માછલાંથી માંડીને શાર્ક અને ડોલ્ફીનો માટેનું, વિશાળ કબ્રસ્તાન હતું. તેમાંનાં કેટલાંક હાલમાં જ ઉમેરાયાં હોય તેમ લાગતું હતું, પણ એટલી વિચિત્ર વાત હતી કે ક્યાંય સડેલું માંસ ખાનારા શિકારી પ્રાણીઓ નહોનાં દેખાતાં. એક મોતનો પ્રતિકાર ન કરી શકાય તેવી શાંતિનો પ્રસંગ હતો. માત્ર કેટલાંક ગેસનાં નાનાં નાનાં પરપોટાંઓ જ આમતેમ છટકીને પોતાનો રસ્તો શોધી શક્યાં હતાં. જ્યારે ઈક્થિઆન્દર વધારે ઊંડાઈમાં જવા માટે પ્રેરાયો હતો, ત્યારે તે પોલાણની ઉપસેલી કિનારી ઉપર તરી રહ્યો હતો. ત્યાં જ અચાનક તેની ઝાલરોમાં તીક્ષ્ણ દર્દ ભોંકાયું અને ત્યાં જ પોલાણની ઉપસેલી કિનારી ઉપર બિલકુલ અસહાય પરિસ્થિતિમાં ઢગલો થઈ બેભાન થઈ ગયો. તે ત્યાં જ આડો પડી ગયો, તેનું દિલ જોર જોરથી ધડકવા લાગ્યું, તેનાં લમણામાં જોર જોરથી હથોડા ઠોકાતા રહ્યા. તે તેનો અંત હતો. પછી પોતાની આંખ આગળનાં રાતાં અંધારિયામાંથી તેણે શાર્કને જોઈ. માત્ર થોડાં ફૂટની દૂરીએ પોલાણની અંદર તેનું શરીર મરડાઈને પડી રહ્યું હતું. તે ચોક્કસ તેનો પીછો કરતી હોવી જોઈએ અને તે પણ સબમરીન સરોવરનાં પ્રાણઘાતક પાણીનાં સંપર્કમાં આવી ગઈ. તેનું પેટ અને પડખાં જોર જોરથી હાંફવા લાગ્યાં, તેની મોં ફાડ ઉઘાડી જ રહી ગઈ હતી, જેમાં તેનાં દાંતની સફેદ તીક્ષ્ણ પટ્ટી ચમકતી હતી. પ્રાણી મરી રહ્યું હતું. ઈક્થિઆન્દર ભયથી ધ્રૂજી ઊઠયો. પાણીને પોતાની ઝાલરોથી દૂર રાખવાનો પ્રયત્ન કરતાં, તેનાં દાંત એકદમ સર્વોચ્ચ સ્થિતિમાં ગોઠવાયાં, ઈક્થિઆન્દર પૂરાં જોરથી તે પ્રાણઘાતક

જગ્યાએથી દૂર સરકી ગયો, પછી પોતાના પગો વડે સંઘર્ષ કરતાં કરતાં તે ઓચિંતો એક બાજુ નમી પડયો. તેને તમ્મર આવી ગયાં હોય એમ લાગ્યું અને ફરી તળિયા ઉપર પડી ગયો. પછી તેણે તેને ધક્કો માર્યો, પોતાના હાથ વડે જઈ પહોંચ્યો અને છેવટે તે પોલાણથી બાર ડગલાં દૂર હતો અને મરણિયો પ્રયાસ કરી દૂર દૂર તરતો તરતો જતો રહ્યો...

વાર્તાને પૂરી કરતાં અંતમાં ઈક્થિઆન્દરે ક્રીસ્તોના લાભ માટે ઉમેર્યું કે સાલ્વાતોરથી તેણે ત્યારપછી શું શીખ્યું હતું.

"કદાચ એમ લાગે છે કે કેટલાંક નુકસાનકારક વાયુ, હાઇડ્રોજન સલ્ફાઇડ કે કાર્બન ઍનહાઇડ્રાઇડ કેટલાંક વર્ષોથી ત્યાં એકત્રિત થતાં રહ્યાં છે," ઈક્થિઆન્દરે કહ્યું, "તમે જાણો છો જ્યારે તે સપાટી સુધી પહોંચે છે ત્યારે તે દરમિયાન તેમાં પ્રાણવાયુ પહેલાં જ પૂરતો ભળી જાય છે અને તેથી તે એટલો નુકસાનકારક નથી રહેતો, પણ તે પોલાણમાં તો તેનું પ્રમાણ ઘણું વધારે હોય છે. ઠીક તો હવે, હું થોડો નાસ્તો કરી શકું છું—હું એકદમ ભૂખે મરી રહ્યો છું."

ઈક્થિઆન્દરે એકદમ ઝડપથી ખાવાનું ખાધા પછી પોતાનાં ચશ્માં અને દસ્તાના ઉપાડયાં અને સીધો બારણા તરફ જતો રહ્યો.

"શું તું માત્ર પેલી વસ્તુઓ લેવા જ ઘેર પાછો આવ્યો હતો?" ક્રીસ્તોએ ચશ્માં તરફ ચીંધતા કહ્યું. "તને શું થઈ ગયું છે? તું મને શા માટે કંઈ કહેતો નથી?"

પણ ઇક્થિઆન્દર હવે ખુલ્લા-હૃદયવાળો નહોતો રહ્યો.

"ક્રીસ્તો, મને કંઈ પૂછ નહીં. હું પોતે જ નથી જાણતો કે મને શું થઈ ગયું છે," તે બોલીને ઝડપથી બહાર નીકળી ગયો.

રોચક બદલો

અચાનક છોકરીને જોતાં જ ઇક્થિઆન્દર એવો તો કંપી ઊઠયો હતો કે તે સીધો બલ્તાઝ્રારની દુકાનમાંથી બહાર ધસી આવ્યો અને સીધો દરિયામાં વણથંભે દૂર દૂર તરી ગયો. હવે તે તેને જોવા માટે તરસતો હતો પણ તેને સમજાતું નહોતું કે તે કેવી રીતે કરવું. સૌથી સહેલી વાત એ હતી કે ક્રીસ્તોની મદદનો સહારો લેવો. પણ ઇન્ડિયનની હાજરીમાં કદાચ તે તેને મળવા ઇચ્છતો નહોતો. દરરોજ સવારે ઇક્થિઆન્દરે સૌથી પહેલાં તેને દરિયાકિનારા ઉપર જ્યાં જોઈ હતી ત્યાં જ તરતો તરતો જતો અને તેને જોવાની આશા લઈને, કેટલાંક ખડકોની વચ્ચે સાંજ સુધી છુપાઈ રહેતો. કિનારા ઉપર આવતાં, તે પોતાનાં ચશ્માં અને દસ્તાના કાઢી નાંખતો અને પોતાનાં સફેદ વસ્ત્રો પહેરી લેતો, રખેને કંઈ છોકરી ફરીથી તેને જોઈને બી જાય તો. કેટલીક વખત તે માછલાં અને શંખલાવાળા પ્રાણીઓ ખાઈને જ દિવસ ગુજારતો અને કિનારા પરનાં પાણીમાં જ પોતાની સતર્કતાથી બેચેન રાત ગાળતો અને પોહ ફાટવાના સમય પહેલાં પોતાનાં અડ્ડે પાછો જતો.

એક સાંજે તેણે બલ્લાઝ્રારની દુકાને જવાનો નિર્ણય કર્યો. બારણું ખુલ્લું હતું. પણ ગલ્લા પાછળ માત્ર ઘરડા ઇન્ડિયનને જ તે જોઈ શકતો હતો. ઈક્થિઆન્દર પોતાના રસ્તે પાછો જ જઈ રહ્યો હતો ત્યારે ખડકાળ ભૂશિરની ટોચે હલકાં સફેદ વસ્ત્રોમાં સજ્જ અને તણખલાંની ટોપી પહેરેલી છોકરીને જોઈ. તે તે જ હતી. ઈક્થિઆન્દર રોકાઈ ગયો, પણ તેની વધારે નજીક જવાની હિંમત ન થઈ. જોઈને લાગતું હતું કે છોકરી કોઈકની રાહ જોઈ રહી હતી. થોડી થોડી વારે સડક ઉપર નજર નાંખતી, ને ખડકાળ ચોતરા ઉપર અધીરાઈથી આમતેમ આંટા મારી રહી હતી. તેણે પોતાના પગ નીચે ઊભેલા ઇક્થિઆન્દરને જોયો નહીં.

પછી છોકરીએ કોઈકની તરફ હાથ હલાવ્યો. ઈક્થિઆન્દર પાછળ ફર્યો અને જોયું તો લાંબો પહોળા ખભાવાળો જુવાન માણસ સડક તરફથી ઝડપથી આવી રહ્યો હતો. ઈક્થિઆન્દરે આ પહેલાં કદીએ કોઈ અજાણ્યાં માણસની આવી ચંચળ આંખો અને આવાં આછાં વાળ જોયાં નહોતાં. જુવાન વિશાળકાય માણસ છોકરી તરફ આવ્યો અને પોતાનો પહોળો હાથ તેની સામે લંબાવ્યો.

"કેમ છે, ગૂટ્યેરે," તેણે મૃદુતાથી કહ્યું.

"કેમ છે, ઓલ્સેન."

અજાણ્યા માણસે ગૂટ્યેરેના હાથને સારી રીતે હલાવ્યો.

ઈક્થિઆન્દરે ઉદાસીનતાભરી વેરની લાગણીથી તેની સામે નજર ફેંકી.

"તે લાવી?" જુવાન માણસે કહ્યું.

તેણે ફક્ત માથું ધુણાવ્યું.

"તારા પિતાએ ધ્યાન આપ્યું હશે?" ઓલ્સેને પૂછ્યું.

"ના," તેણે કહ્યું. "ગમે તેમ આ મોતી મારાં છે. તેનું હું જે ઇચ્છું તે કરી શકું છું."

મંદ સ્વરે બોલતાં ગૂટ્યેરે અને ઓલ્સેન ખડકના એકદમ કિનારા તરફ ચાલવા લાગ્યાં. તરત જ ગૂટ્યેરે પોતાની કંઠી ખોલી અને તેને એક છેડેથી ઊંચી કરી પકડી.

"જો, આથમતા સૂર્યનાં કિરણોમાં ચમકતાં આ મોતી કેટલાં સુંદર લાગે છે," તેણે પ્રશંસા કરતાં કહ્યું. "લે, આ લઈ લે."

પણ જેવો ઓલ્સેન પોતાનો હાથ લંબાવ્યો કે ત્યાં જ કંઠી ગૂટ્યેરેના હાથમાંથી સરકી ગઈ અને દરિયાના ઊંડાણમાં પહોંચી ગઈ.

"અરે, મેં આ શું કર્યું!" છોકરી ચીસ પાડી ઊઠી.

બંને જણાં હેબતાઈને ત્યાં જ ઊભા રહી ગયા, જાણે તે જગ્યાએ ચોંટી ગયા હોય.

"કદાચ તેને શોધી શકાશે?" ઓલ્સેને કહ્યું.

"ના, અહીં પાણી બહુ ઊંડું છે," ગૂટ્યેરેએ કહ્યું. "અરે, શું તે એટલું ભયંકર નથી!"

છોકરીને એટલી બધી અસ્વસ્થ થયેલી જોઈને, ઇક્થિઆન્દર બધું જ ભૂલી ગયો કે તે છોકરી તે કંઠીને પેલા સુંદર વાળવાળા માણસને ભેટ આપવાનો ઇરાદો રાખતી હતી. તે માત્ર સાક્ષી તરીકે વધારે એક પળ પણ નહોતો રોકાઈ શકતો. દૃઢ નિશ્ચય સાથે તે ઉપર ગયો અને જ્યાં ગૂટ્યેરે ઊભી હતી ત્યાં તેની સામે પહોંચી ગયો.

જ્યારે ગૂટ્યેરે કુતૂહલ અને આશ્ચર્યથી ઈક્રિથઆન્દર તરફ જોયું ત્યારે ઓલ્સેનનાં ભવાં ચઢી ગયાં. તે દિવસે ઓચિંતા જ પોતાના પિતાની દુકાન છોડીને ભાગી ગયેલા આ જુવાનને તેણે ઓળખી કાઢ્યો.

"તમારી જે મોતીની કંઠી દરિયામાં પડી ગઈ છે, તે તમારા માટે જો તમે ઇચ્છો તો હું પાછું લાવી આપીશ," તેણે કહ્યું.

"મારા પિતા પણ અહીંથી તે ન કાઢી લાવી શકે જે સૌથી બાહોશ મરજીવાઓમાંથી એક છે," છોકરીએ સણસણતો જવાબ આપ્યો.

"હું માત્ર પ્રયત્ન કરી શકું છું," ઈક્રિથઆન્દરે નમ્રતાથી કહ્યું અને તેમના આશ્ચર્ય વચ્ચે તેઓ જ્યાં ઊભાં હતાં ત્યાંથી જ તેણે દરિયામાં ઝંપલાવ્યું. પહેરેલ કપડાંઓમાં જ તે મોજાંઓમાં અદૃશ્ય થઈ ગયો.

ઓલ્સેનને તો શું વિચારવું-કરવું તેની સમજણ જ નહોતી પડતી.

"પેલો કોણ હતો? તે ક્યાંથી ફૂટી નીકળ્યો?"

એક ક્ષણ, પછી બે ક્ષણ, એમ કરતાં કરતાં થોડો સમય પસાર થઈ ગયો, પણ જુવાનનું ક્યાંય કોઈ નિશાન નહોતું.

"તેણે પોતાને હાથે કરીને મારી નાંખ્યો," ચિંતાતુર નજરે મોજાઓમાં ડોકિયાં કરતી ગૂટ્યેરેએ કહ્યું.

ઈક્રિથઆન્દર નહોતો ઇચ્છતો કે છોકરી કે ઓલ્સેન એ હકીકત જાણી જાય કે તે પાણીની અંદર રહી શકતો હતો. પણ મોતીની શોધના કામમાં એટલો તો એ ખોવાઈ ગયો હતો કે તેને સમયનું ભાન ન રહ્યું અને એક સામાન્ય

મરજીવાને જેટલી વાર લાગે તેનાં કરતાં પણ વધારે સમય તે અંદર રોકાઈ ગયો. સપાટી ઉપર આવતાં તેણે હસીને કહ્યું: "થોડી ધીરજ રાખો. તે જગ્યા તૂટેલા ખડકથી ઘેરાયેલી છે. પણ હું તે શોધી કાઢીશ," અને પાછી ડૂબકી લગાવી દીધી.

ગૂટ્યેરે મરજીવાનાં કામ વિષે ઘણું જાણતી હતી. તેથી આટલી ઊંડી ડૂબકી મારી માત્ર બે જ મિનિટમાં પાછા આવી ગયેલા, સામાન્ય રીતે શ્વાસ લેતાં અને એકદમ સ્ફૂર્તિલા દેખાતા માણસને જોઈને તેને આશ્ચર્ય થયું.

બીજી બે મિનિટોમાં ફરી તેનું માથું ડોલતું નજરે પડ્યું. જ્યારે તેણે કંઠીને બતાવવા પોતાનો હાથ ઊંચો કર્યો ત્યારે તેનાં મોં ઉપર પ્રસન્નતા ભર્યો મલકાટ ઝળકતો હતો.

"તે એક ભેખડ ઉપરથી મળ્યો," તેણે બૂમ પાડી. તેની શ્વસનક્રિયા એટલી સામાન્ય હતી કે જાણે તેણે પાસેનાં જ ઓરડામાંથી કંઠી ખેંચી કાઢી હતી. "જો તે ફાટમાં પડી ગઈ હોત તો આના કરતાં અડધું પણ સહેલ ન થયું હોત."

તે ખડકો ઉપર ઝડપથી ઘૂંટણભેર ચઢી ગૂટ્યેરે તરફ ગયો અને તેને તેની કંઠી પાછી આપી દીધી. તેનાં કપડાંમાંથી પાણી નીતરતું હતું જેની પ્રત્યે તેણે ધ્યાન ન આપ્યું.

"આ કંઠી લો."

"ઘણો આભાર," ઇક્થિઆન્દર સામે ફરી કુતૂહલથી જોતાં ગૂટ્યેરેએ કહ્યું.

ક્ષણ વીતી ગઈ. તેઓમાંથી કોઈને સમજણ નહોતી પડતી કે હવે આગળ શું કરવું. ઇક્થિઆન્દરની હાજરીમાં ગૂટ્યેરેને આ કંઠી ઓલ્સેનને આપવામાં સંકોચ થતો હતો.

"મને લાગે છે કે તમે આ મોતી તેને આપવા ઇચ્છતા હતા," ઇક્થિઆન્દરે ઓલ્સેનની તરફ આંગળી ચીંધતા કહ્યું.

શરમને માર્યે ઓલ્સેનના મોં પર લાલાશ ચડી આવી.

"અરે, હા, હા," ગૂટ્યેરેએ મૂંઝવણમાં કહ્યું. અને પોતાનો હાથ ઓલ્સેનની તરફ લંબાવ્યો. ઓલ્સેને કંઠી લઈ લીધી અને એક પણ શબ્દ બોલ્યા વિના પોતાના ખિસ્સામાં સરકાવી દીધી.

ઇક્થિઆન્દર આ નાનકડા બદલાના પ્રસંગને કારણે ખૂબ ખુશ થયો. ઓલ્સેનને પોતાની ખોવાયેલી કંઠી ગૂટ્યેરેના હાથે પાછી મળી, હા, પણ તે ઇક્થિઆન્દર હતો જેણે તેના માટે તે મેળવી હતી.

છોકરીને અભિવાદન કરી, ઇક્થિઆન્દર ઝડપથી ફાળ ભરતો રસ્તા તરફ દૂર દૂર જતો રહ્યો.

પણ તેની આહ્લાદક લાગણી ક્ષણજીવી હતી. તેના મગજમાં પ્રત્યુત્તર શોધતાં નવાં મૂંઝવણભર્યાં સવાલો ઘૂમવા લાગ્યાં. પેલો સુંદર વાળવાળો કદાવર માણસ કોણ હતો? શા માટે ગૂટ્યેરેએ પોતાની કંઠી તેને ભેટ આપી? પેલા ખડકના શિખર ઉપર તેમને શેના વિષે વાતો કરી હતી?

તે રાત્રે ઇક્થિઆન્દર ફરીથી ડોલ્ફીન ઉપર સવાર થઈ મોજાઓમાં, પોતાની અતિશય ભયાનક બૂમરાણો દ્વારા માછીમારોમાં ભય ફેલાવતો દોડતો રહ્યો.

બીજો આખો દિવસ ઈક્વિઆન્દરે ચશ્માં પહેરીને પણ દસ્તાનાં પહેર્યાં વગર, પાણીની નીચે ગાળ્યો. તે રેતાળ તળિયામાં મોતીનાં છીપલાંઓની શોધમાં સરકતો રહ્યો. છેક સાંજે તે પાછો આવ્યો. ક્રીસ્તો ગણગણાટ કરી રહ્યો હતો. બીજા દિવસે વહેલી સવારે તે ગૂટ્ટયેરે અને ઓલ્સેનનું જે નિર્ધારિત મિલનસ્થાન હતું તે ખડક ઉપર તે ગયો. જ્યારે સાંજે સૂર્ય ઢળી ચૂક્યો હતો ત્યારે ગૂટ્ટયેરેં આવી.

ઈક્થિઆન્દરે તેને મળવા માટે પોતાનું આશ્રયસ્થાન છોડયું. તેને જોતાં જ ગૂટ્ટયેરેએ અભિવાદન કરતું માથું ઝુકાવ્યું.

"તમે મારો પીછો કરી રહ્યા છો, નહીં?" તેણે હસતાં હસતાં કહ્યું.

"હા," ઈક્થિઆન્દરે સરળતાથી કહ્યું, "જ્યારે તમને પહેલી વાર જોયાં હતાં ત્યારથી," અને શરમનાં શેરડા સાથેની મૂંઝવણમાં, તેણે કહેવાનું ચાલુ રાખ્યું, "તમે તમારી કંઠી પેલા... ઓલ્સેનને આપી દીધી. પણ તમે કંઠી આપી તે પહેલાં તેને આદર ભાવથી જોઈ રહ્યા હતા. તમને મોતી ગમે છે?"

"હા."

"તો પછી, આ લો... મારા તરફથી," તેણે એક મોતી બહાર કાઢયું.

જ્યારે ગૂટ્ટયેરેએ મોતી જોયું ત્યારે શ્રેષ્ઠ કક્ષાનાં મોતી તે જાણતી હતી પણ ઈક્થિઆન્દરની હથેળીમાં ચમકતું મોતી સૌથી ચડિયાતી કક્ષાનું હતું. તેણે કદી આવું મોતી ન જોયું હતું કે ન તો તેના પિતાને આવાં કોઈ મોતી

વિષે વાત કરતાં સાંભળ્યાં હતાં. ખૂબ જ મોટું અતિ સુંદર આકારનું, એકદમ સફેદ રંગનું મોતી હતું. તે ઓછામાં ઓછા ૨૦૦ તોલા વજનનું હતું. સોનાના દસ લાખ પીસાનો એક એક પીસો તેની ઉપર ખર્ચેલો વ્યાજબી હતો.

આશ્ચર્યદંગ ગૂટ્યેરેએ આ સર્વશ્રેષ્ઠ રત્ન ઉપરથી નજર હટાવી, સુંદર દેખાવડા જુવાન તરફ ફેરવી જેનો હાથ તેની તરફ લંબાયેલો હતો.

ખડતલ અને ચપળ, પણ થોડો શરમાળ, ચોળાયેલાં સફેદ કપડાં પહેરેલો તે જુવાન બૂએનસ-આઇરસના કોઈ પૈસાદાર જુવાન જેવો તો નહોતો જ લાગતો. અને અહીં એક એવી છોકરી કે જેને તે જાણતો પણ નહોતો તેને આવી અમૂલ્ય વસ્તુ ભેટ આપવા તૈયાર હતો.

"આ, મહેરબાની કરીને, લઈ લો," ઇક્થિઆન્દરે આગ્રહપૂર્વક વિનંતી કરી.

"ના," ગૂટ્યેરેએ પોતાનું માથું ધુણાવતાં કહ્યું. "હું આવી અતિ મૂલ્યવાન ભેટ તમારી પાસેથી ન સ્વીકારી શકું."

"મૂલ્યવાન!" ઇક્થિઆન્દરે આવેશમાં આવી ફરી કહ્યું. "શા માટે, દરિયાના પેટાળમાં આના જેવાં બીજાં હજારો મોતીઓ છે."

ગૂટ્યેરે હસી. ઇક્થિઆન્દર ફરી એક વખત મૂંઝવણમાં પડયો અને એક ક્ષણ માટે ચૂપ થઈ ગયો.

"મહેરબાની કરીને, લઈ લો," તેણે કહ્યું.

"ના."

ઇક્થિઆન્દરનાં ભવાં ચઢી ગયાં. હવે તેની લાગણી

દુભાર્યા, ને નારાજ થયો.

"જો તમે તમારા માટે લેવા ન ઇચ્છતા હોય તો, પછી ઓલ્સેન માટે લઈ લો. તેઓ ના નહીં પાડે."

ગૂટ્યેરેને ગુસ્સો આવ્યો.

"તેમણે કંઈ પોતાના માટે નહોતાં લીધાં," તેણે તૂટક અવાજે કહ્યું. "તમે કંઈપણ જાણતા નથી."

"તો પછી ના જ છે, એમ કે?"

"ના."

પછી ઇક્વિથઆન્દરે મોતી દૂર દરિયામાં ફેંકી દીધાં. નોછરું અભિવાદન કરી પોતાની એડીઓ ઉપર પાછળ ફર્યો અને સડક તરફ જતો રહ્યો.

ગૂટ્યેરે અવાક્ થઈ ગઈ કે તેણે શું કર્યું હતું. જાણે દરિયા કિનારા ઉપરથી કાંકરાં ઉઠાવીને ફેંક્યા હોય તેમ દસ લાખની કિંમતનું ભવિષ્ય દરિયામાં ફેંક્યું! તે પણ શરમથી ઝંખવાણી પડી ગઈ. અને પોતાને પેલા અપરિચિત જુવાનની લાગણીઓને દુભાવવા જેટલી હૃદયહીન થવા બદલ પોતાની જાતને ઠપકો આપવા લાગી.

"ઊભા રહો, તમે ક્યાં જઈ રહ્યા છો?"

પણ ઇક્વિથઆન્દર નતમસ્તક ચાલતો જ રહ્યો. પછી ગૂટ્યેરેએ તેને પકડી પાડયો અને તેના હાથ પકડી તેના મોં તરફ જોયું. જુવાનનાં ગાલ ઉપરથી આંસુ વહી રહ્યાં હતાં. પહેલાં કદી તે રડયો નહોતો, તેથી તેને આશ્ચર્ય થતું હતું કે ચારેબાજુની વસ્તુઓ શા માટે ધૂંધળી દેખાતી હતી, જાણે કે તે પાણીની અંદર ચશ્માં પહેર્યાં વિના ન તરતો હોય!

"મહેરબાની કરીને મને માફ કરી દો. તમને

દુભવવાનો મારો કોઈ ઇરાદો નહોતો," છોકરીએ તેના બંને હાથ પકડતાં કહ્યું.

ઝુરીતાની અધીરાઈ

આ પ્રસંગ પછી ઇક્થિઆન્દર દરરોજ સાંજે શહેરની નજીકના કિનારા તરફ તરતો આવતો, જ્યાં તેણે પોતાનાં કપડાં સંતાડયાં હતાં તે જગ્યાએ જઈ, કપડાં પહેરી અને તે જ ઉચ્ચસ્થાને ગૂટ્ટિયેરેને મળવા માટે જતો. તેઓ બંને સાથે કિનારા ઉપર ઉત્સાહથી વાતો કરતાં, લટાર મારતાં. ગૂટ્ટિયેરેનો નવો મિત્ર કોણ હતો? તેનો તેની પાસે જવાબ નહોતો. તે બુદ્ધિશાળી અને રમૂજી હતો, તે ઘણી વસ્તુઓ જાણતો હતો, જે તે નહોતી જાણતી. તેમ છતાં પણ, કેટલીક વખત નિશાળનાં છોકરાને જેના વિશે બીજી વખત વિચારવાની પણ જરૂર ન પડતી, તે વસ્તુઓને તે સમજતો નહોતો. અને તેને તે સમજાવી પણ શકતી નહોતી. ઇક્થિઆન્દર પોતાના વિષે વધારે કંઈ બોલતો નહોતો. તેને પોતાના વિષે સાચી વાત કહેવામાં સંકોચ થતો હતો. છોકરી એટલું સમજી શકી હતી કે ઇક્થિઆન્દર એક કોઈ સાધનસંપન્ન દાક્તરનો દીકરો હતો. તેણે પોતાના દીકરાને શહેરો અને લોકોથી દૂર ઉછેર્યો હતો અને તેને કોઈ વિશિષ્ટ એક તરફી શિક્ષણ આપ્યું હતું.

કેટલીક વખત તેઓ કલાકોનાં કલાકો ઘૂઘવાતા દરિયાની નજીક, રેતાળ કિનારા ઉપર બેસી રહેતાં.

તારાઓ આકાશમાં ચમકવા લાગતાં. ધીરે ધીરે તેમનાં વાર્તાલાપો ઓછાં થઈ જતાં. ઇક્વિઆન્દર ખુશ હતો.

"હવે મારો પાછા જવાનો સમય થઈ ગયો," છોકરી કહેતી.

અનિચ્છાએ ઇક્વિઆન્દર ઊભો થતો, તેને શહેર સુધી જતી જ્યાં સુધી જોઈ શકે ત્યાં સુધી જોતો, ઝડપથી પાછો ફરતો, પોતાના કપડાં ઉતારી અને ઘર તરફના રસ્તે પાછો તરી જતો.

સવારે, પોતાનો નાસ્તો કર્યા પછી, તે પોતાની સાથે પાઉંરોટીનો મોટો ટુકડો લઈ અખાતમાં તરી જતો. રેતાળ તળિયા ઉપર ઠીક રીતે ગોઠવાઈ, તે માછલાંઓને પાઉંના નાનાં ટુકડાં કરી ખવડાવવાનું શરૂ કરતો. તેઓના ઝુંડનાં ઝુંડ આવી તેની ફરતે ટોળે વળી જતાં, તેનાં હાથોની વચ્ચેથી અંદર-બહાર સરકતાં અને પાણીથી તરબોળ ટુકડાંઓને લલચાઈને ઝપટી લેતાં. કેટલીક વખત વગર બોલાવ્યો જ મોટાં માછલાં આવતાં અને નાનાં માછલાંઓનો પીછો કરતાં. ઇક્વિઆન્દર ઊભો થતો અને તેમને શૂ-શૂ-કરીને દૂર કરતો, ત્યારે નાનાં માછલાં તેની પીઠ પાછળ આશ્રય લેતાં.

તેણે કેટલાંક પોતાની પસંદનાં મળ્યાં એટલાં મોતીનો સંગ્રહ પણ કર્યો હતો. થોડાં જ સમયમાં તે આ કામમાં સૌથી મોખરે હતો અને પેટાળની ગુફા કે જ્યાં તે સંગ્રહ કરતો હતો, ત્યાં એક ખૂણામાં જોતજોતામાં સર્વશ્રેષ્ઠ શ્રેણીનાં મોતીઓનો ખાસ્સો એવો ઢગલો થઈ ગયો.

તે આ કામમાં વધુ ઝડપી થઈ રહ્યો હતો — પણ એ વાતથી બિલકુલ અજાણ હતો કે — ઑજૅન્તાઇન અને

કદાચ આખા લેટીન અમેરિકામાં સૌથી વધુ ધનવાન હતો. જો તેણે માત્ર ઇચ્છયું જ હોત તો, તે દુનિયાભરમાં સૌથી ધનવાન સહેલાઈથી બની શક્યો હોત. પણ આ તો તેના વિચારમાત્રથી કોસો દૂરની વાત હતી.

આમ શાંતિથી દિવસો પસાર થયાં. માત્ર તેની ખુશીઓની દુનિયામાં એક જ દુ:ખનું વાદળું છવાયેલું હતું કે છોકરી પેલા ગૂંગળાવનારા ધૂળ અને ઘોંઘાટ ભરેલાં શહેરમાં રહેતી હતી. તેને લોકો અને તેમનાં ઘોંઘાટથી દૂર, પાણીની અંદર રહેવાનું શક્ય બનાવવા માટે તે શું નહીં આપે! કેવું અદ્ભુત જો એમ થઈ જાય તો! તેણે દરિયાની અંદરનાં ફૂલાચ્છાદિત મેદાનોમાં તેની સાથે ચાલી, તેને નવી જ દુનિયા બતાવી હોત. પણ અફસોસ, તે પાણીની અંદર રહી નહોતી શકતી. કે ન તો પોતે પૃથ્વી ઉપર. સ્પષ્ટત: તેના માટે જરૂરી હતો તેના કરતાં પણ વધારે સમય તેણે પૃથ્વી ઉપર વિતાવ્યો હતો. તે તેના માટે પહેલાં જ ભોગવી રહ્યો હતો: દરિયાકિનારે વિતાવેલા દરેક દિવસની સાથેસાથે તેના પડખાઓમાં દર્દ વધતું જતું હતું. પણ જ્યારે એકદમ અસહ્ય દર્દ થતું હોય, ત્યારે પણ કદી તે પહેલો પાછો નથી ગયો. અને વળી ચિંતાનું બીજું પણ એક કારણ હતું. ભલે ગમે તે કહો, પણ તે ખડકના શિખર ઉપરના ગૂટ્યેરે અને સુંદરવાળવાળા અપરિચિત માણસ વચ્ચેના ગુસપુસ વાર્તાલાપ તે કદી નહીં ભૂલી શકે. દરેક વખતે ઇક્થિઆન્દર તેને પૂછવાનો વિચાર કરતો પણ ન પૂછતો, તે ડરતો હતો કે રખેને તે તેને નારાજ કરી દે.

એક સાંજે છોકરીએ તેને કહ્યું કે આવતીકાલે તે આવવાની નથી.

"શા માટે?" તેણે પૂછ્યું, અને તેનાં ભવાં ચઢી ગયાં.

"હું કામમાં વ્યસ્ત હોઈશ."

"કયા કામમાં?"

"તમારે મારી ખાનગી વાત જાણવા આટલાં ઊત્સુક ન થવું જોઈએ," છોકરીએ હસતાં હસતાં કહ્યું. "મને છોડવા ન આવતો," તેણે ઉમેર્યું અને જતી રહી.

ઇક્થિઆન્દર દરિયામાં ડૂબી ગયો. આખી રાત તે લીલ ઊગેલાં પથ્થરોની પથારી ઉપર પડયો રહ્યો અને અત્યંત દુ:ખી થતો રહ્યો. સૂર્યનું પહેલું કિરણ પડતાં તે ઘર તરફ આગળ વધ્યો.

જ્યારે તે અખાતની નજીક પહોંચ્યો ત્યારે કેટલાંક માછીમારોને ડોલ્ફીનનો શિકાર કરતાં જોયાં. તેની આંખો સામે જ, ગોળીથી ઘવાયેલો એક મોટો ડોલ્ફીન પાણીની બહાર જોરથી કૂદ્યો અને જોરથી પાણીનો છલકારો કરતો પાછો પડયો.

"લીડિંગ!" ઇક્થિઆન્દરે ભયની કંપારીમાં ધ્રૂજતાં કહ્યું.

માછીમારોમાંનો એક હજુ દરિયામાં જ હતો, તે પાણી કાપતો ઘવાયેલાં પ્રાણીના સપાટી ઉપર આવવાની રાહ જોતો હતો. પણ દરિયાને તળિયે નાખેલાં તારનાં દોરડાના અડધા રસ્તા સુધી ઉપર આવી, હવા માટે વ્યાકુળ થઈને હાંફવાં લાગી અને ફરીથી નીચે જતો રહ્યો.

જેવો માછીમાર પોતાના શિકારને રોકવા ઝડપથી તરતો આવ્યો તેવો જ ઇક્થિઆન્દર પોતાના મિત્રના બચાવમાં આગળ ધસ્યો. ડોલ્ફીન ફરી ઉપર આવ્યો.

બીજી જ પળે માછીમાર તેની ઉપર હાવી થઈ ગયો હતો અને આવતી હોડી તરફ તેને તેની પાંખો પકડીને ઘસડીને લઈ જઈ રહ્યો હતો.

મોજાઓની અંદર જ જોરદાર પ્રયાસ કરતાં, ઇક્થિઆન્દરે માછીમારને પકડી પડયો અને પોતાનાં દાંત તેની પગની પિંડીમાં ઘૂસાડી દીધાં. માછીમારે થોડાં તીવ્ર ઝટકા આપ્યા. એમાં કોઈ શંકા નહોતી કે તેના ઉપર શાર્કે હુમલો કર્યો હતો. અને પછી પોતાના હાથમાંના ચપ્પુ વડે ઊંધું ઘાલીને આડા અવળા પ્રહાર કર્યા. ઇક્થિઆન્દરના રક્ષાત્મક કવચ વગરના ગરદનના ભાગ ઉપર ચપ્પુ વાગ્યું. તેણે માછીમારના પગને જવા દીધો અને પાછળથી દુ:ખના આવેશમાં ઉન્મત્ત બનેલો હોડી તરફ જતો રહ્યો. હવે બંને ઘાયલો — ઇક્થિઆન્દર અને ડોલ્ફીન અખાતની તરફ આગળ વધ્યાં. ઉભયવાસી પ્રાણીએ ડોલ્ફીનને પોતાની પાછળ આવવાનો આદેશ આપી પાણીની અંદરની ગુફામાં ડૂબકી લગાવી દીધી. તે પાણીથી માત્ર અડધી જ ભરાયેલી હતી. ચિરાડોવાળા ખડકમાંથી હવા અંદર આવતી હતી. અહીં તે પૂરી સલામતીમાં ડોલ્ફીનના ઘાવને સારી રીતે તપાસી શક્યો. તે કંઈ ગંભીર ઘાવ નહોતો. ગોળી ચરબીવાળા ભાગમાં વાગી હતી. થોડી વારના પ્રયત્ન પછી, દસ્તાના પહેર્યાં વગરના હાથે તે ગોળી બહાર કાઢી શક્યો. ડોલ્ફીન સહનશીલ દરદી હતી.

"હવે, તે ઘાવ થોડાં જ સમયમાં રુઝાઈ જશે," ઇક્થિઆન્દરે પ્રેમથી પોતાના મિત્રની પીઠ થાબડતાં કહ્યું.

હવે તે પોતાનો વિચાર કરી શકતો હતો. ઇક્થિઆન્દર પાણીની અંદરની ટનલમાંથી વાડીમાં દાખલ થયો અને

પછી પોતાની મઢૂલીમાં પ્રવેશ્યો.

પોતાના સગીરને ઘવાયેલો જોઈને ક્રીસ્તોને એકદમ ફાળ પડી.

"શું થયું આ?"

"જ્યારે હું ડોલ્ફીનને બચાવી રહ્યો હતો ત્યારે કેટલાંક માછીમારોએ મને ઘાયલ કર્યો," ઇક્થિઆન્દરે કહ્યું. પણ ક્રીસ્તોને તેની વાત ઉપર વિશ્વાસ ન બેઠો.

"ફરીથી પોતાની મેળે જ શહેરમાં ગયો હતો, ખરું ને?" તેના ઘાવ ઉપર પટ્ટી બાંધતાં, ક્રીસ્તોએ સંદેહથી પૂછ્યું. ઇક્થિઆન્દર ચૂપ રહ્યો.

"તારું કવચ થોડું હટાવ," ક્રીસ્તોએ કહ્યું. ઇક્થિઆન્દરના ખભાના ખુલ્લા ભાગ ઉપર લાલ ડાઘ હતો.

તેનાથી ક્રીસ્તોના ગભરાટમાં ઉમેરો થયો.

"તેમણે હલેસાં વડે પ્રહાર કર્યો હતો?" તેણે ખભાને ગૂંદતાં પૂછ્યું. પણ ત્યાં તો કંઈ થયું હોય એમ ન લાગ્યું. તે ડાઘ જન્મખૂંટ હોય તેમ લાગ્યું.

"ના," ઇક્થિઆન્દર કહ્યું.

પછી જુવાન પોતાના ઓરડામાં થોડો આરામ કરવા ગયો જ્યારે ઘરડો ઇન્ડિયન કંઈક વિચારતો બેસી રહ્યો. થોડી વાર પછી તે ઊભો થયો અને બહાર ગયો.

ક્રીસ્તો શહેર તરફ ચાલ્યો. થોડી વારમાં તે બલ્તાઝારની દુકાને એકદમ હાંફતો પહોંચ્યો. તે અંદર પ્રવેશ્યો અને ગલ્લાની પાછળ બેઠેલી ગૂટ્યેરે સામે એકદમ સંદેહથી જોયું.

"પિતા ઘેર છે?" તેણે પૂછ્યું.

"ત્યાં છે," છોકરીએ પોતાના માથા વડે બીજા ઓરડા તરફ ઈશારો કરતાં કહ્યું.

ક્રીસ્તો પોતાની પાછળ બારણું બંધ કરતો બલ્તાઝારની પ્રયોગશાળામાં ગયો.

તેણે જોયું કે તેનો ભાઈ કામમાં હતો અને ફરીથી ખરાબ મિજાજમાં હતો.

"તમારાં આ બધાં સતત ચાલુ રહેનારાં કરતૂતો, કોઈને ગાંડો કરવાં પૂરતાં છે," બલ્તાઝાર ગણગણાટ કરી રહ્યો હતો. "ઝુરીતા તમારા પેલા 'દરિયાઈ રાક્ષસ' સાથેના ખોટા ચેનચાળાના કારણે તમારી સામે ગુસ્સામાં સાપની જેમ ફૂંફાડા મારતો રહે છે, ગૂટ્યેરે પણ આખો દિવસ ક્યાંક બહાર હતી. તે ઝુરીતા વિષે એક શબ્દ પણ સાંભળવા તૈયાર નથી. 'ના,' જ કહેતી રહે છે. ઝુરીતા કહે છે કે તે હવે 'ના' સાંભળી સાંભળીને થાકી ગયો છે. તે કહે છે: 'હું તેની સાથે જબરજસ્તી કરીશ, તે થોડી વાર રડશે અને પછી ઠેકાણે આવી જશે,' અને તેના તરફથી કંઈપણ થાય એની આશા રાખી શકે છે, તેની આંખો ફૂટી જાય."

ક્રીસ્તોએ ચૂપચાપ પોતાના ભાઈની વિપદકથા સાંભળી. છેવટે તેણે કહ્યું:

"જો સાંભળ, હું ઇક્થિઆન્દરને અહીં નથી લાવી શકવાનો કારણ કે તે મારી સાથે શહેરમાં આવવાનો નથી. તે પણ દરરોજ મોડે સુધી બહાર રહે છે, તદ્દન હાથ બહાર જતો રહ્યો છે. ઇક્થિઆન્દરનું બરાબર ધ્યાન ન રાખવા બદલ દાક્તર મને ગરમાગરમ ઝાડ પીવડાવવાનાં જ છે."

"તેનો અર્થ એ છે કે સાલ્વાતોર આવી પહોંચો તે પહેલાં જ આપણે ઈક્થિઆન્દરને પકડી પાડવો જોઈએ, પછી તું સાફ સાફ બચી શકીશ અને ..."

"એક પળ થોભી જા, બલ્તાઝાર. મને વચ્ચે ન રોક. સાંભળ, આપણે સીધા ઈક્થિઆન્દર તરફ જ ન ધસવું જોઈએ."

"કારણ?"

ક્રીસ્તો પોતાનાં મનમાં શું હતું તે કહેવા માટે જાણે એકદમ તૈયાર ન હોય તેમ તેણે ઊંડો નિશ્વાસ નાખ્યો.

"જો સાંભળ..." તેણે શરૂ કર્યું.

પણ તે જ ક્ષણે કોઈક દુકાનમાં પ્રવેશ્યું. અને તેઓએ ઝુરીતાનો બુલંદ અવાજ સાંભળ્યો.

મોતીઓના જૂથને ડૂબાડતાં બલ્તાઝાર બબડયો: "હા, તે ફરીથી આવ્યો."

ઝુરીતા બારણા તરફ ધસ્યો અને ઉઘાડીને ફાળ ભરતો અંદર ઘૂસ્યો.

"ઓહ, તો અજોડ જોડી અહીં છે, સારું, હવે, ક્યારે તમે પોતાની વાહિયાત યુક્તિઓ મારી સાથે રમવાનું છોડવાના છો?" બલ્તાઝારથી ક્રીસ્તો તરફ નજર માંડતાં તેણે કહ્યું.

"હું મારાથી બનતાં બધાં જ પ્રયત્નો કરું છું." પ્રતિકાર કરતાં અને વિવેકથી મલકાતાં ક્રીસ્તોએ કહ્યું. "થોડી ધીરજ રાખો, માલિક, 'દરિયાઈ રાક્ષસ' એ કંઈ નાનકડું માછલું નથી. તમે તેને તેની જેમ ન ઉપાડી શકો. હું તેને એક વખત શહેરમાં લાવ્યો હતો, પણ તમે બહાર હતાં. તેણે શહેર જોયું, પણ જે પણ તેણે જોયું તે

તેને ગમ્યું નહિ અને તે ફરીથી આવવા માટે એટલી સહેલાઈથી ફોસલાવાનો નથી."

"ઠીક છે, ભલે તે પોતાની જાતને ખુશ રાખી શકે. ગમે તેમ પણ હવે મેં બહુ રાહ જોઈ લીધી. આ અઠવાડિયે એક જ ઝાટકે બે કામ કરવાનો છું. સાલ્વાતોર હજુ બહાર જ છે?"

"હવે, ગમે તે દિવસે તે આવે, એવી ધારણા છે."

"તેનો અર્થ એ કે આપણે ઉતાવળ કરવી જોઈએ. ક્રીસ્તો, એક એક ચુનંદા મહેમાનોના ટોળાંનાં સ્વાગત માટે તૈયાર રહેજે. તું અમારા માટે બારણું ખોલશે, બીજું બધું હું જોઈ લઈશ. જ્યારે બધી જ તૈયારીઓ થઈ જશે ત્યારે હું બલ્તાઝારને જણાવી જઈશ," અને બલ્તાઝારની તરફ ફરતાં કહ્યું. "પણ તું સાંભળી લે, આપણે આવતીકાલે વાતચીત કરીશું. ધ્યાન રાખજે તે આપણી છેલ્લી વાતચીત હશે."

બંને ભાઈઓએ ચૂપચાપ પોતાનું માથું ઝુકાવ્યું. પણ જેવી ઝુરીતાની પીઠ તેમને છોડતી તેમની તરફ ફરી, કે તરત જ તેમનાં મોં ઉપરથી વિવેક સભર હાસ્ય ગાયબ થઈ ગયાં. બલ્તાઝારે મનમાં જ તેને શાપ આપ્યો. ક્રીસ્તો કંઈક ઊંડું મનન કરી રહ્યો હોય તેમ લાગતું હતું.

બહાર દુકાનમાં ઝુરીતા ગૂટ્ટયેરેને કોમળ શબ્દોમાં કંઈક કહી રહ્યો હતો.

"ના!" બંને ભાઈઓએ તેનો જવાબ સાંભળ્યો.

બલ્તાઝારે વિષાદમાં પોતાનું માથું ધુણાવ્યું.

"એય, ક્રીસ્તો!" ઝુરીતાએ બૂમ પાડી. "મારી સાથે આવ, આજે તારી જરૂર પડશે."

અણધાર્યું મિલન

ઇક્થિઆન્દર સાચે જ બહુ દયનીય સ્થિતિમાં હતો. તેના ઘાવમાં હજી પણ સખત દર્દ થતું હતું, તેને ખૂબ તાવ પણ ચઢેલો હતો અને પોતાનાં ફેફસાં વડે શ્વાસ લેવામાં તેને બહુ મુશ્કેલી પડતી હતી.

પણ આ બધું થતું હોવાં છતાં પણ તે સવારે ગૂટ્યેરેને મળવા ખડક ઉપર આવ્યો. જ્યારે ધોમધખતી ગરમી પડતી હતી ત્યારે છેક બપોરે તે આવી. ગરમ હવા અને સફેદ ધૂળથી શું વળવાનું હતું, જ્યાં ઇક્થિઆન્દર તો હાંફતો હાંફતો શ્વાસ લેતો હતો. તે ઇચ્છતો હતો કે ગૂટ્યેરે તેની સાથે દરિયા કિનારા ઉપર થોડી વાર રોકાઈ જાય, પણ તે પાછા જવાની ઉતાવળમાં હતી.

"પિતા ધંધા અંગે બહાર જઈ રહ્યાં છે, તેથી તે ઇચ્છે છે કે હું દુકાનમાં રહું," તેણે કહ્યું.

"તો પછી હું તમને છોડવા આવીશ," તેણે કહ્યું. અને તેઓ ગરમ ધૂળિયાં રસ્તા ઉપર શહેર ભણી નીકળી પડયાં.

માથું ઝુકાવી તેમની તરફ આવતો, ઓલ્સેન હતો. દેખીતું હતું કે મનમાં પહેલેથી જ કંઈ વિચારતો તે દૂર રહ્યો. તે તેમની પાસે આવી શકતો હતો, અને ન તો છોકરીએ તેને બૂમ પાડી બોલાવ્યો.

"મારે તેની સાથે કંઈક વાત કરવી છે," ગૂટ્યેરેએ ઇક્થિઆન્દરને કહ્યું અને ઓલ્સેનની સાથે થઈ ગઈ. તેઓ ઝડપથી ધીમા અવાજે બોલ્યાં. એમ લાગતું હતું કે છોકરી તેને કંઈક વાત કરવાનો પ્રયત્ન કરી રહી હતી.

ઇક્રિથઆન્દર થોડાં ડગલાં દૂર ઊભો ઊભો રાહ જોતો હતો.

"ઠીક તો પછી, મધરાતે મળીશું," તેણે ઓલ્સેનનો અવાજ સાંભળ્યો. તેણે છોકરીનો હાથ હલાવ્યો અને ઝડપથી પોતાના રસ્તે ચાલતો થયો.

જ્યારે ગૂટ્રયેરે ઇક્રિથઆન્દર પાસે પાછી આવી ત્યારે તેના મોં ઉપર લાગણી ઊભરાઈ આવી હતી. તે ઓલ્સેન વિષે તેને કંઈ કહેવાની અણી ઉપર જ હતો પણ તેને યોગ્ય શબ્દો જડતાં નહોતાં.

"હું તે સહન નથી કરી શકતો," હાંફતાં હાંફતાં શ્વાસ લેતાં તેણે કહેવાનું શરૂ કર્યું: "મારે જાણવું જ જોઈએ... ઓલ્સેન... તમે મારાથી કંઈક છુપાવો છો. તમે તેમને આજે મધરાતે મળવા જવાના છો, ખરું ને? તમે તેમને પ્રેમ કરો છો?"

ગૂટ્રયેરેએ ઇક્રિથઆન્દરનાં હાથ પકડયાં અને તેની તરફ શાંતિપૂર્વક જોયું.

"તમને મારી ઉપર વિશ્વાસ છે?" તેણે કહ્યું.

"હા, છે... તમે જાણો છો—હું તમને ચાહું છું," છેવટે તેને શબ્દ જડયો, "પણ હું... પણ હું પીડાઉં છું..."

તે પીડાતો પણ હતો જ. તે અનિશ્ચિતતાને કારણે અને સાથે સાથે તે જ ક્ષણે તેનાં પડખાંઓમાં થતાં તીવ્ર દર્દને કારણે પીડાતો હતો. તે શ્વાસ લેવા માટે તરફડતો હતો. તેના ગાલ ઉપરથી રંગ ઊડી ગયો હતો.

"તમે તદ્દન માંદા લાગો છો," છોકરીએ ચિંતાતુર સ્વરમાં કહ્યું. "કોશિશ કરો અને પોતાનું ધ્યાન રાખો.

મારાં પ્રિયે, હું તમને બધું જ કહેવા ઈચ્છતી નથી પણ તમારા દિલની શાંતિ માટે હું કહીશ. સાંભળો."

ઘોડાની પીઠ ઉપર સવાર માણસ ત્યાંથી એકદમ ઝડપથી પસાર થયો, પછી તે એકદમ પાછો ફર્યો અને જુવાન યુગલ તરફ આવ્યો. ઈક્થિઆન્દરે ઉપર જોયું તો જુવાન નહીં પણ અણિયાળી મૂછો અને બકરા જેવી દાઢીવાળો શામળો વાનવાળો માણસ જોયો.

તેને ખાતરી હતી કે તે માણસને કોઈક વખત ક્યાંક જોયો હતો. શહેરમાં? ના... હા, તે વખતે દરિયાકિનારે!

જ્યારે ઘોડેસવારે ઈક્થિઆન્દર તરફ તિરસ્કારપૂર્ણ નજરે જોયું ત્યારે તે પોતાના ચમકતાં પગરખાં ઉપર લગામ ટપ ટપ મારી રહ્યો હતો અને પછી પોતાનો હાથ ગૂટ્યેરે તરફ લંબાવ્યો.

તેનો હાથ પકડતાં, તેણે એકદમ ઊંચો કરી ચુંબન આપ્યું.

"તમને પકડી લીધા!" તેણે અટ્ટહાસ્ય કર્યું અને ભવાં ચઢાવતી ગૂટ્યેરેનો હાથ છોડતાં મજાક ભરેલાં વિનોદનાં અવાજમાં પણ ક્રૂરતાથી કહેવાનું ચાલું રાખ્યું. "શું એક જુવાન નવવધૂને માટે પોતાના લગ્ન પ્રસંગની સાંજે જ કોઈ પણ બીજાં જુવાન સાથે ફરવું એ બધું છાજે એવું છે?"

ગૂટ્યેરે ગુસ્સામાં લાલપીળી થઈ ગઈ પણ તેણે તેને બોલવાનો સમય ન આપ્યો.

"પિતા તમારી રાહ જોઈ રહ્યાં છે. હું એક કલાકમાં પાછો આવીશ."

ઈક્થિઆન્દરે છેલ્લાં શબ્દો ન સાંભળ્યાં. અચાનક

જ તેની આંખો સામે અંધારું છવાઈ ગયું. તેના ગળામાં સોજો ચઢી આવ્યો હતો, તેનો શ્વાસોચ્છ્વાસ લગભગ રોકાઈ જ ગયો હતો. તેને લાગ્યું કે હવે તે એક પળ પણ જમીન ઉપર રોકાઈ નહીં શકે.

"તો તમે... છેવટે... મને છેતરી રહ્યાં હતાં," પોતાનાં વાદળી પડી ગયેલાં હોઠ વડે તે એટલું જ બબડી શક્યો. તે પોતાના સંતાપ સભર અવાજ આખી સચ્ચાઈ શોધી કાઢવા, બોલવા ઇચ્છતો હતો, પણ તેનાં પડખાઓમાંનું દર્દ અસહ્ય ચરમસીમા પર પહોંચી ગયું હતું. તેને લાગ્યું કે તે હમણાં જ બેભાન થઈ જવાનો હતો.

ઈક્થિઆન્દર એકદમ દરિયા તરફ દોડી ગયો અને ખડકની ટોચ ઉપરથી પાણીમાં કૂદી પડયો.

ગૂટ્યેરે એકદમ બૂમરાણ કરવા લાગી અને આમતેમ દોડવા લાગી પછી તે પેદ્રો ઝુરીતા તરફ ધસી.

"જલદી કરો, તેને બચાવો!"

પણ ઝુરીતા સહેજે ચસક્યો નહિ.

"મારી એ ટેવ નથી કે જો કોઈ પોતાની જાતને ડૂબાડવા ઇચ્છતું હોય તો હું વચ્ચે પડું," તેણે બનાવટથી કહ્યું.

ગૂટ્યેરે દરિયા તરફ દોડી ગઈ. એમ લાગતું હતું કે તે પોતે પણ દરિયામાં કૂદી પડવા ઇચ્છતી હતી. ઝુરીતાએ એડી મારી ઘોડાને દોડાવ્યો, છોકરી સાથે થઈ ગયો, તેને ખભેથી ઉપાડી, ઊંચકીને જીન ઉપર લઈ લીધી. અને ઘોડાને સડક તરફ પૂરપાટ દોડાવી મૂક્યો.

"જેમની સાથે મારે કંઈ લેવાદેવા નથી તેમની વચ્ચે પડવાની મને ટેવ નથી. તે રસ્તો વધારે સારો પણ છે.

કોશિશ કરો અને ડાહ્યાં-સમજદાર થાઓ, ગૂટ્યેરે."

ગૂટ્યેરે એક શબ્દ પણ ન બોલી. તે બેભાન થઈ ગઈ હતી. માત્ર જ્યારે પોતાના પિતાની દુકાન પાસે આવ્યાં ત્યારે તે હોશમાં આવી.

"પેલો જુવાન કોણ હતો?" પેદ્રોએ પૂછ્યું.

ગૂટ્યેરેએ તેના તરફ ઘૃણાથી જોયું જેને તે છુપાવવા નહોતા ઇચ્છતી.

"મને જવા દો." તેણે કહ્યું.

ઝુરીતાનાં ભવાં ચઢી ગયાં. "ઠીક છે, એમાં કંઈ નહીં," ઝુરીતાએ વિચાર્યું. "અને વળી તેનો પ્રેમી તો દરિયામાં ગયો છે. વધારે સારું ન કરી શક્યો." દુકાનની તરફ ફરતાં તેણે બૂમ પાડી:

"એય, બલ્તાઝાર!"

બલ્તાઝાર બહાર દોડી આવ્યો.

"લે, આ તારી છોકરીને લે. અને મારો આભાર માન કે તું તેને જીવતી જોઈ રહ્યો છે. મેં તેને બચાવી — તે તો એક અતિ દેખાવડા જુવાનની પાછળ દરિયામાં લગભગ કૂદી જ ગઈ હતી. આ બીજી વખત મેં તારી છોકરીની જિંદગી બચાવી છે અને તેમ છતાં હજી પણ તેને મારા સાથી થવામાં શરમ આવે છે. ઠીક છે, એને પણ હું થોડા જ વખતમાં રોકવા જવાનો છું," તેણે અટ્ટહાસ્ય કર્યું. "એક કલાકમાં પાછો આવું છું. આપણો સોદો યાદ રાખ જે!"

બલ્તાઝાર તાબેદારની જેમ ઝૂક્યો.

ઝુરીતાએ ઘોડાની એડી મારી અને પૂરપાટ વેગે જતો રહ્યો.

પિતા અને પુત્રી દુકાનમાં પ્રવેશ્યાં. ગૂટ્યેરે ખુરશી ઉપર બેસી પડી અને પોતાના હાથ વચ્ચે મોં છુપાવી દીધું.

બલ્તાઝારે બારણું બંધ કર્યું. અને ઉશ્કેરાટમાં આમતેમ આંટામારતાં બોલવાનું શરૂ કર્યું. પણ કોઈ તેનું સાંભળનાર નહોતું. તે માત્ર સૂકાયેલાં કરચલાં અને ફલકો ઉપર પડેલી વસ્તુઓ સાથે બોલી રહ્યો હતો.

છોકરીએ વિચાર્યું: "બિચારો છોકરો, દરિયામાં કૂદી પડયો," તેની આંખો સામે ઇક્થિઆન્દરનો ચેહરો તરવરવા લાગ્યો. "પહેલાં ઓલ્સેન અને પછી ઝુરીતા સાથેનો અણધાર્યો અણબનાવ. તેની હિંમત કેવી રીતે ચાલી મને નવવધૂ કહીને બોલાવવાની? બધું જ ધૂળમાં મળી ગયું છે..."

ગૂટ્યેરે રડવા લાગી. તેને ઇક્થિઆન્દર માટે ખૂબ દુ:ખ થતું હતું. સાદો, શરમાળ, બધાં જ દુન્યવી મિથ્યાડંબરથી અને મગરૂર જુવાનોથી પર એવો તે એક જ જુવાન તેણે શહેરમાં જોયો હતો.

"મારે શું કરવું જોઈએ?" તેણે વિચાર્યું, "ઇક્થિઆન્દરની જેમ પોતાને પણ દરિયામાં ફેંકી દઉં? બધી જ વાતનો અંત લાવવો?"

બલ્તાઝાર કહી રહ્યો હતો:

"તું સમજે છે તેનો અર્થ શો છે, ગૂટ્યેરે? તેનો અર્થ છે વિનાશ. આ દુકાનમાં તું જે વસ્તુઓ જુએ છે તે બધી જ ઝુરીતાની છે. મારું શું છે તેનાથી એક દશાંશ પણ ફેર નથી પડવાનો. બધાં જ ઝુરીતા પાસેથી મેળવેલાં મારાં મોતી તે આડત ઉપર છે. તે જ્યાં

ઇચ્છે ત્યાં મને લઈ જાય છે. જો આ વખતે તું નિરાશ કરીશ તો જે પણ તેનું છે તે બધું જ તે લઈ લેશે અને મારી સાથે ધંધો કરવાનું બંધ કરી દેશે. તેનો અર્થ છે વિનાશ. સંપૂર્ણ વિનાશ! શાણી છોકરી થા. તારા ઘરડા બાપ ઉપર દયા ખા…"

"કહો, આગળ કહો, શા માટે નથી કહેતાં,… 'અને તેની સાથે પરણી જા!' પણ હું નહીં પરણું!" ગુટ્ટયેરેએ તીખા શબ્દોનાં કહ્યું.

"તારું સત્યાનાશ થાય!" બલ્તાઝારનું લોહી ઊકળી ઊઠયું અને તે બરાડી ઊઠયો. "એ પરિસ્થિતિમાં હું… ઝુરીતા પોતે જ તને તેમ કરવા જબરજસ્તી કરશે!" ઘરડો ઇન્ડિયન પોતાની પ્રયોગશાળામાં જતો રહ્યો અને ધડામ કરતું બારણું બંધ કર્યું.

ઓકટોપસો સાથેની લડાઈ

એક વખત ઇક્થિઆન્દર દરિયામાં પૃથ્વી પર તેની ઉપર ઊતરી આવેલા દુર્ભાગ્ય ભૂલી જવા પોતાના ઉપર જોર કરી રહ્યો હતો. તપતી અને ધૂળભરેલી જમીન પછી ઠંડું પાણી વધારે તાજગી અને સાંત્વના આપનારું લાગતું હતું. ચૂભતું દર્દ શમી ગયું હતું. તેની શ્વસનક્રિયા ફરી એક વાર ઊંડી અને સામાન્ય થઈ ગઈ હતી. હવે તે માત્ર આરામ કરવા અને બધું જ ભૂલી જવા ઇચ્છતો હતો.

પણ ઇક્થિઆન્દર એ કાર્યરત રહેવાનાં સ્વભાવવાળો

હતો. આળસ તેને બધું ભૂલવા માટે મદદ નહીં કરી શકે. તેણે કંઈક કરવા વિચારવાનો પ્રયત્ન કર્યો. અંધારી રાતે ઊંચા ખડક ઉપરથી છલાંગ લગાવી દરિયાના પેટાળને સ્પર્શાય તેટલી ઊંડાઈ સુધી ડૂબકીઓ મારવાનો તે શોખીન હતો. પણ હજુ તો માત્ર મધ્યાહ્ન પસાર થયો હતો અને તેના માથા ઉપર માછલાં પકડવાની હોડીઓનાં તળિયા નજરે પડતાં હતાં. જે પાણીમાં તેમનાં શિકારનો પીછો કરી રહ્યાં હતાં.

"હું જાણું છું હું શું કરીશ. હું ગુફાને વ્યવસ્થિત કરીશ," ઇક્થિઆન્દરે મનમાં કહ્યું.

અખાતમાં ખડકની સીધા ઢોળાવવાળી દીવાલમાં આકર્ષક વળાંકવાળા પ્રવેશદ્વારવાળી એક ગુફા હતી. જે દરિયાના ઊંડાણમાં ઢળતાં સપાટ દરિયાઈ મેદાનનું અતિ સુંદર દૃશ્ય પૂરું પાડતી હતી. લાંબા વખત સુધી તો ઇક્થિઆન્દર આ જગ્યાને પ્રશંસાની નજરે નિહાળતો રહ્યો. પણ છેવટે સ્વસ્થ થઈ નિર્ધાર કર્યો કે સૌથી પહેલાં તો તેણે અંદર કબજો જમાવી બેઠેલા અસંખ્ય ઓક્ટોપસનાં કુટુંબોને બહાર કાઢવા.

ઇક્થિઆન્દર પોતાના સહેજ વળાંકવાળા તીક્ષ્ણ ધારવાળા ચપ્પુથી સજ્જ થઈ ગુફા તરફ તરી આવ્યો, અને અંદર પ્રવેશવાની હિમ્મત ન ચાલતાં ગુફાના મુખદ્વાર આગળ જ રોકાઈ ગયો. પછી તેણે વિચાર કર્યો કે દુશ્મનોને તે ખુલ્લામાં જ પજવશે. પહેલાંની મુલાકાતોને કારણે તેને યાદ આવ્યું કે તેણે ત્યાં નજીકમાં ઊંધી વળી ગયેલી હોડી પાસે એક માછલીનો શિકાર કરવાનો લાંબો ભાલો પડેલો જોયો હતો. તેને શોધીને તેણે ગુફાના દ્વાર આગળ

ઠીક રીતે ગોઠવાઈને પોતાની જગ્યા લીધી અને તેમાં ભાલો ભોંકવા લાગ્યો. આક્રમણને કારણે ઓકટોપસ સળવળ્યાં અને ક્રોધે ભરાઈ ગયાં. તેમના પાતળી સૂંઢ જેવી જેલીફીશ મુખ્ય રસ્તા ઉપર ઘસડાતી આવતી નજરે પડતી. સાવધાનીથી તેઓ ભાલા નજીક પહોંચ્યા પણ તેઓ હજુ ભાલાને પકડમાં લઈ શકે તે પહેલાં જ ઇક્થિઆન્દરે તેણે બહાર ખેંચી લીધો. થોડીક મિનિટો પૂરતી જ્યાં સુધી મુખ્ય રસ્તા ઉપર બહુ બધી પાતળી સૂંઢ જેવી સ્પર્શેન્દ્રિયો સાપના માથાવાળા "મેદૂઝા ગોરગોના"*ની જેમ મરડાતી અને ઝૂલતી રહી ત્યાં સુધી આ રમત ચાલી. છેવટે એક વિશાળકાય ઓકટોપસની ધીરજ ખૂટી ગઈ. તેણે આ ઉદ્ધત આક્રમણકારીને પાઠ ભણાવવાનો નિર્ણય કર્યો. તેણે પોતાની જાતને બહારની તરફ દબાવી અને ધમકી આપતો હોય તેમ, પોતાની પાતળી સૂંઢ-સ્પર્શેન્દ્રિયોનો રંગ બદલતો તેમને હલાવતો ધીમેથી દુશ્મનની ઉપર ઉથલાઈને પડયો. ઈક્થિઆન્દર એક બાજુ તરફ તરી ગયો, પોતાનો ભાલો ફેંકી દીધો અને લડાઈ માટે કમર કસી. તે પોતાના અનુભવથી સારી રીતે જાણતો હતો કે માણસમાં પોતાનાં બે હાથ વડે આઠ લાંબા શક્તિશાળી સૂંઢોવાળા ઓકટોપસ સાથે લડવાની શક્તિ ઓછી હતી. જો સીધો તે તેના શરીર ઉપર જ હુમલો કરો તો એ જુદી વાત છે. તેથી તેણે ઓકટોપસને એકદમ નજીક આવવા દીધો, પછી અચાનક

---

* "મેદૂઝા-ગોરગોના" — ગ્રીક પુરાણમાં વાળને બદલે સાપના માથાવાળી પાંખવાળી રાક્ષસી.

જ આગળની તરફ તેની પાતળી સૂંઢોની એકદમ વચ્ચેના ગૂંચળામાં, પ્રાણીના માથાની નજીક ધસ્યો.

હંમેશાં ઓકટોપસ અચાનક આમ ફસાય છે. અને હંમેશાંની જેમ આ ઓકટોપસે પણ પોતાની પાતળી સૂંઢોના અણિદાર છેડાને લાવવામાં ચાર સેંકડ જેટલો સમય લીધો. પણ તે દરમિયાન ઇક્થિઆન્દરે પહેલાં જ એક જ સચોટ ઝટકાએ પ્રાણીના શરીરનાં બે ટુકડા કરી નાંખ્યાં, જે તેનાં હલનચલનની ઇન્દ્રિયો તરીકે કામ કરતું હતું. તેની ચારે બાજુ પડેલી મોટી પાતળી સૂંઢો સુસ્ત થઈ ગઈ અને નીચે પડી ગઈ.

"આ એક હતો."

તેણે પોતાનો ભાલો ફરીથી ઉપાડયો. આ વખતે બે ઓકટોપસ બહાર તરી આવ્યા. તેમાંનો એક તો સીધો ઇક્થિઆન્દરને ઝપટવા આવ્યો જ્યારે બીજાએ તેના બાજુમાંથી પસાર થઈ પાછળથી હુમલો કરવાનો પ્રયત્ન કર્યો. પરિસ્થિતિ હવે વધારે ભયંકર સ્વરૂપ ધારણ કરી રહી હતી. તેમ છતાં પણ નીડર ઇક્થિઆન્દરે પોતાની સામેના ઓકટોપસ ઉપર હુમલો કર્યો પણ તે હજુ પૂરું કરે તે પહેલાં જ બીજા ઓકટોપસે પોતાની પાતળી સૂંઢો તેના ગળા ફરતે વીંટાળી દીધી. જુવાને તેના એકદમ ગળા ઉપરનીચે તો એક ઝાટકે કાપી નાંખી અને ગોળ ફરી બીજી સૂંઢોનો પણ ટુકડા કરવાનું શરૂ કર્યું. છેવટે, જ્યારે અપંગ બનેલું ઓકટોપસ ધીમે ધીમે તળિયા તરફ પડવા લાગ્યું ત્યારે ઇક્થિઆન્દર પહેલાની તરફ પાછો ફર્યો અને તેને પણ ખલાસ કર્યો.

"ત્રણ," ઇક્થિઆન્દરે ગણ્યું.

પણ હવે થોડી વાર માટે તેણે પાછા હઠવાની જરૂરી હતી. લોહિયાળ પાણી સ્પષ્ટપણે દેખાતી, ઓક્ટોપસની આખીને આખી ટુકડી જ ગુફાના દ્વાર પાસે ઊભરાઈ આવી હતી. પેલાં ભૂખરાં કાળાં ઝુંડની સાથેની તેની એકલાની લડાઈના પરિણામો તેના માટે ભારે થઈ પડશે, કારણ કે દુશ્મન સ્પર્શ દ્વારા સહેલાઈથી તેને પકડી શકતો હતો. તે થોડેક દૂર સ્વચ્છ પાણી તરફ તરી ગયો. ત્યાં પણ તેણે આ લોહિયાળ વાદળામાંથી બહાર આવવાનું મૂર્ખામીભર્યું સાહસ કરેલાં ચોથા ઓક્ટોપસને મારી નાંખ્યું.

લડાઈ કેટલાંક ક્લાકો સુધી ચાલ્યા પછી પૂરી થઈ.

જ્યારે જેવટે છેલ્લું ઓક્ટોપસ મારી નાંખ્યું અને પાણી સાફ થયું ત્યારે ઇક્થિઆન્દરે અસંખ્ય મૃતશરીરો અને હજી પણ તરફડતી પાતળી સૂંઢો તેની ચારેબાજુ પડેલી જોઈ.

પછી તે ગુફામાં પ્રવેશ્યો. હજી પણ ત્યાં કેટલાંક નાનાં નાનાં મુઠ્ઠીના માપનાં ઓક્ટોપસ હતાં. તેમની સૂંઢો માત્ર આંગળી જેટલી જાડી હતી. ઇક્થિઆન્દરે પહેલાં તો તેમને પણ મારી નાંખવાનો વિચાર કર્યો પણ પછી તેમની ઉપર દયા ખાધી. તેણે વિચાર્યું: "હું તેમને પાળવાનો અને કેળવવાનો પ્રયત્ન કરીશ. વધારે સારાં ચોકીદાર આ જગ્યા માટે નહીં શોધી શકું."

મોટા ઓક્ટોપસોથી ગુફાને સાફ કર્યા પછી ઇક્થિઆન્દર પોતાનાં નવા અડ્ડાને રાચરચીલાંથી સજ્જ કરવા સામાન લેવા ગયો. પોતાની મઢૂલીમાંથી તે ચાર લોખંડનાં મજબૂત પાયાવાળું આરસપહાણના પથ્થરવાળુ

એક ટેબલ અને બે ચાઈનીઝ કળશો ખેંચી લાવ્યો. તેણે ટેબલને ગુફાની વચમાં મૂક્યું અને કળશોને તેની ઉપર મૂકી, તેમાં માટી ભરી, કેટલાંક દરિયાઈ ફૂલોનાં છોડ વાવ્યાં. કેટલીક માટી ધોવાઈ ગઈ હતી પાણીમાં થોડી વાર સુધી તેના લિસોટા પડતાં રહ્યાં અને પછી પાણી સાફ થઈ ગયું. માત્ર ફૂલો જ થોડાં થોડાં ઝૂલી રહ્યાં હતાં જાણે મંદ મંદ સમીરે હલાવ્યાં હોય.

એક દીવાલમાં કુદરતી રૂપે નીકળી આવેલ પથ્થરનાં બાંકડાની અભરાઈ હતી. ગુફાના નવા માલિકે તેની ઉપર લંબાવ્યું અને પોતાની મહેનતનાં પરિણામોને સ્વીકૃતિથી જોયું. પાણીની અંદર પથ્થરનો બાંકડો એકદમ મુલાયમ જણાતો હતો.

ટેબલ અને તેના ઉપર બે ચાઈનીઝ કળશોવાળો આ દરિયાની આંદરનો વિચિત્ર ઓરડો હતો. આસંખ્ય જિજ્ઞાસુ માછલાં વિચિત્ર ઘર-ધૂંફને જોવા આવ્યાં. તેઓ ટેબલના પાયાઓની વચમાં અંદર અને બહાર ઉછળતી કૂદતા રહ્યાં, કળશોમાં રાખેલાં ફૂલો તરફ તરત ગયા જાણે તેમની પ્રશંસામાં કરતાં સૂંઘતાં હોય. વળી ઈક્થિઆન્દરના હાથ અને માથાની વચ્ચે પણ ભાગતાં રહ્યાં. કે જેના ઉપર તે આરામ કરી રહ્યો હતો. આરસ પહાણ જેવો બુલ હેડે (નર વહેલે) પ્રવેશદ્વાર પાસેથી જ અંદર જોયું, મૂંઝવણભર્યા ભયથી પોતાની પૂંછડી હલાવીને તરતું તરતું જતું રહ્યું. એક મોટો કરચલો સફેદ રેતીમાંથી અંદરની તરફ સરકી આવ્યો. પોતાની ચીપિયા જેવી સૂંઢને ઊંચી કરી અને નીચી કરી, જાણે ઘરના માલિકને સલામ ન કરતો હોય! અને પછી ટેબલની

નીચે ગોઠવાઈ ગયો.

ઇક્થિઆન્દરને આ બધું ખૂબ જ રમૂજકારક લાગતું હતું. ત્યાં આડો પડયો પડયો જ તેણે પોતાનાં નવાં ઘરને સુંદર બનાવવા બીજી વધારે વસ્તુઓ માટે વિચાર્યું. "પ્રવેશદ્વારની બહાર હું દરિયાનાં સૌથી સુંદર ફૂલોને વાવીશ. હું ભોંયતળિયા ઉપર મોતીઓ બિછાવી દઈશ અને દીવાલોનાં પાયા ઉપર છીપલાં જડી દઈશ. જો માત્ર ગૂટ્યેરે મારો દરિયાઈ ખંડ જોઈ શકતી હોત તો! પણ તે તો મને છેતરી રહી છે. કે પછી તે? ગમે તેમ પણ તે મને ઓલ્સેન વિષે કંઈક કહેવા તો ઇચ્છતી હતી પણ તેને મોકો ન મળ્યો." ઇક્થિઆન્દરનાં ભવાં ચઢી ગયાં. પછી જગ્યાની નિઃસ્તબ્ધતા તેની ઉપર છવાવા લાગી. કામ પૂરું કરતાં જ તે ફરીથી એકલતા અનુભવવા લાગ્યો. તેણે વિચાર્યું: "શા માટે મારી જેમ બીજાં લોકો પણ પાણીની અંદર નથી રહી શકતાં? હું ઇચ્છું છું કે પિતાજી જલદી પાછા આવી જાય. હું તેમને કહીશ..."

તે પોતાનું નવું ઘર કોઈકને બતાવવા ઇચ્છતો હતો. અચાનક તેને લીડિંગની યાદ આવી. સારો લીડિંગ!

ઇક્થિઆન્દરે પોતાનો બોલતો શાંખ ઉપાડયો, સપાટી ઉપર આવી તે વગાડયો. તરત જ તેણે પરિચિત ગર્જના સાંભળી.

જ્યારે ડોલ્ફીન તેની પાસે આવી ગયો ત્યારે પોતાનાં મિત્રને ભેટી પડયો.

"મારી સાથે આવ, લીડિંગ!" તેણે કહ્યું. "હું તને મારું નવું ઘર બતાવીશ. તેં પહેલાં કદી ટેબલ કે કળશો નહીં જોયાં હોય." પછી ડોલ્ફીનને પોતાની

પાછળ આવવાનો આદેશ આપી તેણે નીચે ડૂબકી લગાવી દીધી.

પણ ડોલ્ફીન એ મુશ્કેલીભર્યો મહેમાન સાબિત થયો. મોટો અને વિચિત્ર, તેણે તો ગુફામાં એવી તો ધાંધલ ઊભી કરી દીધી કે કળશો હચમચી ગયાં જાણે હમણાં જ નીચે પડી જશે. પછી તે ટેબલનાં પાયાઓને પોતાના નાક પર ઘસવા લાગ્યો અને ટેબલ ઊંધું પાડી દીધું. તેની ઉપરના કળશોને પણ ભોંય ભેગા કરી દીધાં. પૃથ્વી ઉપર જો આ બન્યું હોય તો તેનાં ચૂરેચૂરાં થઈ ગયાં હોત, પણ અહીં એવું કશું ન બન્યું, પૂરી ઝડપથી આમતેમ ભાગતો ભડકેલો કરચલો માત્ર તેનાથી બચી ગયો.

"તું તો કેટલો વિચિત્ર છે," ટેબલને ગુફાની પાછળ ધકેલી, કળશોને ઉઠાવીને ઇક્થિઆન્દરે કહ્યું.

પછી તે ડોલ્ફીનની તરફ ગયો અને પોતાના બંને હાથ તેની ફરતે મૂક્યાં.

"લીડિંગ, અહીં મારી સાથે રોકાઈ જા," તેણે કહ્યું.

પણ તરત જ ડોલ્ફીને પોતાના બેચેનીનાં ચિહ્નો બતાવતાં, પોતાનું માથું હલાવવાનું શરૂ કર્યું. તેને હવાની જરૂર હતી. તેથી પોતાની પાંખોનાં એક જબરજસ્ત ઝટકે જ ડોલ્ફીન બહાર તરી આવ્યો. અને સીધી સપાટી તરફ ઉપર જતો રહ્યો.

ઇક્થિઆન્દરે ઉદાસ થઈ વિચાર્યું: "ડોલ્ફીન પણ મારી સાથે પાણીની અંદર નથી રહી શકતો, ફરીથી એકલો-અટૂલો માત્ર માછલાં જ, પણ તેઓ તો બહુ ભડકણ અને મૂર્ખ છે."

અને તે ફરી પાછો પોતાના પથ્થરના બિછાનાં ઉપર

ઢળી પડયો. સૂરજ આથમી ગયો હતો, ગુફામાં ઘોર અંધારું છવાઈ ગયું હતું. તેની અંદરનું પાણી ઉપર અને નીચે જતાં થોડી સાંત્વનાની અસર ઊભું કરતું હતું.

થોડી જ વારમાં આખા દિવસની ઉત્તેજના અને કામથી થાકેલો ઇક્રિથઆન્દર ભર ઘેનમાં ડૂબી ગયો.

નવો મિત્ર

ઓલ્સેન પાણીમાંના પટ્ટા ઉપર જોતો, મોટા યાંત્રિક મછવાના તૂતક ઉપર હતો. સૂરજ હજી ઊગ્યો જ હતો, પણ તે છીછરાં અખાતના એકદમ તળિયાને પોતાનાં ત્રાંસા કિરણો દ્વારા વાદળી ઝાંયવાળી સર્ચલાઈટની જેમ ભેદવા પૂરતો ઊંચો હતો. કેટલાંક ઇન્ડિયનો દરિયાના તળિયાની સફેદ રેત ઉપર સરકી રહ્યાં હતાં. દરેક ક્ષણ પ્રતિક્ષણ તેઓ સારી હવા દ્વારા શ્વાસ લેવા માટે ઉપર આવતાં હતાં અને પાછાં ફરી ડૂબકી લગાવી દેતાં હતાં. ઓલ્સેન તેમની ઉપર નજર રાખી રહ્યો હતો. બહુ વહેલી સવાર હોવા છતાં પણ ખૂબ જ ગરમી હતી. થોડી વાર પછી તેને લાગ્યું કે તે પણ ડૂબકી મારી શકતો હતો. તેણે ઝડપથી પોતાનાં કપડાં ઉતાર્યાં અને તૂતક ઉપરથી ડૂબકી મારી ઓલ્સેને આ પહેલાં કદી દરિયામાં મરજીવાની જેમ ડૂબકી નહોતી મારી પણ થોડી વારમાં જ તેણે જોયું કે તે એક ધંધાદારી ખેલાડી કરતાં વધારે લાંબો સમય પાણીની અંદર રહી શકતો હતો. તેથી તે મરજીવાઓની સાથે જોડાઈ ગયો. કંઈક કરવાનો રોમાંચક

પ્રસંગ તેના માટે તદ્દન નવો જ હતો.

તળિયા તરફ ત્રીજી વખત પાછાં જતાં ઓલ્સેને સાથે સાથે કામ કરતાં બે ઇન્ડિયનોને અચાનક ઉપરની તરફ કૂદી, સપાટી તરફ તરી જવાનો મરણિયો પ્રયાસ કરતાં જોયાં. જાણે શાર્ક કે સો-માછલીનું ઝુંડ તેમની પાછળ ન પડયાં હોય. ઓલ્સેને ચારે બાજુ જોયું. એક વિચિત્ર રૂપેરી ચળકતી ચામડીવાળું પ્રાણી તેની તરફ એકદમ ઝડપથી દેડકાની જેમ હુમલો કરતું આવતું હતું. તે અડધું માણસ, અડધું દેડકા જેવું દેખાતું હતું. તેની વિશાળ આંખો બહારની તરફ ઉપસી આવેલી હતી. અને તેનાં પંજાના આંગળાં એકબીજા સાથે જોડાયેલાં હતાં.

ઓલ્સેન હજી પોતાનાં ઘૂંટણો ઉપર ઊઠે તે પહેલાં જ તે રાક્ષસે તેની નજીક પહોંચી તેને પોતાના દેડકા જેવા પંજા વડે તેના હાથે પકડી લીધો. ઓલ્સેન ચોંકેલો હતો તોપણ તેણે અનુભવ્યું કે પ્રાણીનો ચહેરો માણસ જેવો હતો. તેના સુદંર દેખાવની કલ્પના માત્ર ઉપસી આવેલી ચમકતી આંખોની જોડી દ્વારા થતી હતી. વિચિત્ર પ્રાણીએ પાણીની અંદર હોવા વિષે એકદમ ભૂલતાં જ તેની સાથે બોલવાનું શરૂ કરી દીધું. ઓલ્સેન એક શબ્દ પણ સાંભળી નહોતો શકતો. તેણે માત્ર બોલતો હોય તેમ હોઠ હાલતાં જોયાં. પોતાનાં આગળનાં બંને પંજાઓ વડે પ્રાણીએ ઓલ્સેનના હાથને કસીને પકડયો હતો. ઓલ્સેને પોતાના પગોનો ઉપયોગ કરી, તળિયાની વિરુદ્ધમાં ધક્કો માર્યો અને ઉપર ગયો. રાક્ષસ પણ તેના હાથને છોડયા વગર તેની પાછળ પાછળ ઉપર સરકી આવ્યો. સપાટી ઉપર આવતાં ઓલ્સેને પોતાના છૂટા હાથ વડે

હોડીની ઉપરની પટ્ટીને મજબૂત રીતે પકડી રાખી, પોતાના પગમાં ભરાવી અને મહામુશ્કેલીએ હોડીમાં ચઢી ગયો. એક જોરદાર ધક્કો મારી અડધા-માણસ, અડધા-દેડકાને છબાક કરતો પાણીમાં ધકેલી દીધો. હોડીમાંનાં ઇન્ડિયનો પાણીમાં કૂદી પડયાં. અને પોતાનો જીવ બચાવવા દરિયાકિનારા તરફ તરી ગયાં.

ઇક્થિઆન્દર ફરીથી હોડી તરફ તરી આવ્યો.

"સાંભળો, ઓલ્સેન," તેણે સ્પેનીશ ભાષામાં કહ્યું. "મારે ગૂટ્યેરે વિષે તમને કહેવું જોઈએ."

ઓલ્સેનને એક પળ માટે તો જ અદ્ભુત લાગ્યું પણ તેને એટલો અંદાજ બાંધી હતો કે જે તેની સાથે બોલી રહ્યું હતું તે વિચિત્ર પ્રાણી નહીં પણ માણસ હતો.

"સારું, હું સાંભળું છું," તેણે કહ્યું.

ઇક્થિઆન્દર હોડીમાં ચઢી આવ્યો, અને અદબ-પલાંઠીવાળી બેસી ગયો.

"શા માટે તેણે આ ચશમાં પહેર્યા હતાં," સારી રીતે વિચિત્ર ચહેરા સામે જોયા પછી, તેણે વિચાર્યું.

"મારું નામ ઇક્થિઆન્દર છે, એક વખત તમારા માટે દરિયાના તળિયામાંથી કંઠી લાવી આપી હતી."

"પણ ત્યારે તો તમારાં માણસ જેવી આંખો અને હાથ હતાં."

ઇક્થિઆન્દર ધીમું હસ્યો અને પોતાનાં દેડકા જેવાં પંજા હલાવ્યાં.

"દસ્તાના," તેણે ટૂંકમાં કહ્યું.

"મેં તેમ જ વિચાર્યું હતું."

કિનારા ઉપર કેટલાંક ખડકોની પાછળ આશ્રય લેનારાં

જિજ્ઞાસુ ઇન્ડિયનો તેમને બોલતાં ધ્યાનથી જોઈ રહ્યાં હતાં, જોકે એક શબ્દ પણ તેમના સુધી પહોંચતો નહોતો.

"તમે ગૂટ્યેરેને પ્રેમ કરો છો?" ઇક્વિઆન્દરે પળવાર થોભ્યા પછી પૂછ્યું.

"હા," ઓલ્સેને સરળતાથી કહ્યું.

ઇક્વિઆન્દરે ઊંડો નિશ્વાસ મૂક્યો.

"તે તમને પ્રેમ કરે છે?"

"તે પણ મને પ્રેમ કરે છે."

"પણ શું તે મને પ્રેમ નથી કરતી?"

"તે તો તે જાણે," ઓલ્સેને પોતાનાં ખભા ઊંચા ચઢાવતાં કહ્યું.

"એટલે? કેમ, તે તો તમારી નવવધૂ છે."

જોકે ઓલ્સેને એકદમ આશ્ચર્યથી જોયું, તેમ છતાં હજી પણ તેણે પોતાની શાંતિ જાળવી રાખી હતી.

"ના, તે નથી."

"તમે જૂઠું બોલો છો!" ઇક્વિઆન્દર એકાએક ભભકી ઊઠયો. "મેં મારાં કાને ઘોડેસવાર શામળા માણસને તેને નવવધૂ કહેતાં સાંભળ્યો હતો."

"મારી નવવધૂ?"

ઇક્વિઆન્દર મૂંઝાઈ ગયો. ના, પેલા શામળા માણસે એમ નહોતું કહ્યું કે તે ઓલ્સેનની નવવધૂ હતી. પણ એટલું ચોક્કસ કે ગૂટ્યેરે જેવી જુવાન છોકરી પેલા કાળા ચહેરાવાળા ગંદા ઘરડા માણસની નવવધૂ તો ન જ હોઈ શકે? ચોક્કસપણે તેમ ન જ હોઈ શકે? શામળો માણસ તેનો કોઈ સંબંધી હોવો જોઈએ. ઇક્વિઆન્દરે વાતને

બીજી બાજુ વાળવાનો પ્રયત્ન કરવાનો નિર્ણય કર્યો.

"તમે અહીં શું કરી રહ્યા હતા? મોતી શોધી રહ્યા હતા?"

"મારે એટલું તો ચોક્કસ કહેવું જોઈએ કે મને તમારાં સવાલો નથી ગમતાં," ઓલ્સેને ચીડાઈને કહ્યું. "જો મેં ગૂટ્યેરે પાસેથી તમારા વિષે થોડું ઘણું જાણ્યું ન હોત તો હોડીમાંથી ધક્કો મારી દૂર કરી દીધો હોત અને બસ એટલું જ. તમારો હાથ પોતાના ચપ્પાથી દૂર રાખો. તમે તમારો હાથ ઉઠાવો તે પહેલાં જ હું હલેસાં વડે તમારું માથું ફોડી શકું છું. પણ મને નથી લાગતું કે શા માટે મારે તમને એ કહેવું ન જોઈએ કે હું સાચે જ મોતી શોધી રહ્યો હતો."

"પેલું મોટું મોતી કે જે મેં દરિયામાં ફેંકી દીધું હતું? ગૂટ્યેરે તમને તેના વિષે કહ્યું?"

ઓલ્સેને સંમતિમાં માથું હલાવ્યું.

"તો એમ વાત છે. શા માટે, મેં તેમને કહ્યું હતું કે તમે તે લેવા માટે ના નહીં પાડો. મેં કહ્યું હતું કે તેમણે મોતી લઈ લેવું જોઈએ અને તમને આપી દે. તેમણે સ્પષ્ટ ના પાડી અને હવે તમે તેને શોધી રહ્યો છે."

"હા, કારણ કે હવે તે દરિયાનાં છે, તમારાં નહીં. જો મને તે જડશે તો તે માત્ર મારા પોતાના કારણે હશે."

"તમે મોતીઓને એટલા બધાં ચાહો છો?"

"હું કંઈ સ્ત્રી નથી કે એવાં નિર્મૂલ્ય આભૂષણોને પસંદ કરું." ઓલ્સેને સણસણતો જવાબ આપ્યો.

"પણ તમે કરી શકો છો... હવે ક્યો છે પેલો

ચન્દ? હા, તેને વેચી દો અને તેના બદલામાં બહુ બધાં પૈસા મેળવી લો."

ઓલ્સેને ફરીથી સંમતિ દર્શાવતાં માથું હલાવ્યું.

"તો તમે પૈસાને પ્રેમ કરો છો?"

"તમે શું મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છો?" થોડાં ચીડાઈ જતાં, ઓલ્સેને પૂછ્યું.

"મારે જાણવું જોઈએ કે શા માટે ગૂટ્રયેરેએ પોતાનાં મોતી તમને ભેટ આપ્યાં હતાં. તમે તેની સાથે પરણવાના હતા, નહીં?"

"ના, હું નહોતો," ઓલ્સેને કહ્યું. "વળી જો હું પરણવાનો હોત તો પણ હવે તો ઘણું મોડું થઈ ગયું હતું. તેઓ પરણી ચૂક્યાં છે."

ઈક્રિથઆન્દરનો ચહેરો એકદમ ફિક્કો પડી ગયો.

"ચોક્કસપણે, પેલા શામળા માણસને તો નહીં," તે માત્ર એટલું જ કહી શક્યો.

"હા, તેઓ પેદ્રો ઝુરીતા સાથે પરણી ગયાં છે."

"પણ તેઓ... હું વિચારતો હતો કે તેઓ તો મને પ્રેમ કરતાં હતાં." ઈક્રિથઆન્દરે નરમાશથી કહ્યું.

ઓલ્સેને, પોતાની ટૂંકી પાઈપ સળગવતાં, તેની તરફ સહાનુભૂતિથી જોયું.

"હા, મને પણ લાગે છે કે તેઓ તમને પ્રેમ કરતાં હતાં. પણ તમે તો તેની પોતાની આંખો સામે દરિયામાં કૂદીને મરી ગયા હતા, કે કદાચ તેમણે તેમ વિચાર્યું હતું."

ઈક્રિથઆન્દરે આશ્ચર્યમાં ઓલ્સેનની સામે જોયું. તેણે કદી ગૂટ્રયેરેને કહ્યું નહોતું કે પોતે પાણીની અંદર પણ રહી

શકતો હતો. પણ તેનાં મનમાં કદી એ આવ્યું નહોતું કે તેના કૂદકાને તે આત્મહત્યા તરીકે પણ લઈ શકતી હતી.

"મેં તેમને છેલ્લી રાત્રે જ જોયાં હતાં," ઓલ્સેને કહેવાનું ચાલુ રાખ્યું. "તમારા મૃત્યુએ તેમને ખૂબ જ અસ્વસ્થ કરી મૂક્યાં છે. તે તેના માટે પોતાને જ દોષ આપતા હતા," તેણે કહ્યું.

"પણ શા માટે તે આટલી જલદી બીજા સાથે પરણી ગયાં? તેઓ... મેં તેમની જિંદગી બચાવી, હા, મેં બચાવી! લાંબા વખત સુધી મને લાગ્યું કે એક વખત જે છોકરીને મેં દરિયામાંથી બહાર કાઢી હતી તેના જેવી જ તે દેખાતી હતી. હું તેને કિનારા ઉપર લઈ આવ્યો અને પોતે ખડકોની પાછળ છુપાઈ ગયો. પછી પેલો કાળી ચામડીવાળો માણસ આવ્યો. તેને પહેલી નજરે જ હું ઓળખી ગયો હતો. અને તેણે છોકરીને મનાવવાનો પ્રયત્ન કર્યો કે તેણે જિંદગી બચાવી હતી."

"ગૂટ્યેરેએ મને આ વિષે કહ્યું હતું," ઓલ્સેને કહ્યું. "તે બરાબર સમજી નહોતી શકી કે કોણે તેની જિંદગી બચાવી હતી—ગુરીતા કે પછી બેભાન અવસ્થામાં જોયેલાં પેલાં વિચિત્ર પાણીએ. શા માટે તમે તેને કહ્યું નહીં કે તે તમે હતા?"

"પોતાના વિષે જ કહેવું એ મૂંઝવણભર્યું છે. તદુપરાંત પહેલાં તો હકીકતમાં જ્યાં સુધી મેં ગુરીતાને જોયો ત્યાં સુધી મને ખાતરી નહોતી. પણ તે સહમત કેવી રીતે થઈ શકી?" ઇક્થિઆન્દરે પૂછ્યું.

"તે તો હું પોતે પણ નથી જાણતો," ઓલ્સેને ધીમેથી કહ્યું.

"મહેરબાની કરીને તમે જે પણ જાણતો હોય તે મને કહો, કહેશો?"

"હું બટનના કારખાનામાં કામ કરું છું છીપલાં નિરીક્ષક તરીકે. ત્યાં હું ગૂટ્યેરેનાં પરિચયમાં આવ્યો. તે છીપલાં લઈને આવતી હતી. જ્યારે તેના પિતા બીજા કામમાં વ્યસ્ત રહેતાં ત્યારે તે તેને મોકલતાં. અમારી વચ્ચે મિત્રતા થઈ. કેટલીક વખત અમે બંદર પર મળતાં અને કિનારા ઉપર ફરવા જતાં. પછી તેણે પોતાના દુર્ભાગ્ય વિષે મને કહ્યું: એક પૈસાદાર સ્પેનીઆર્ડે તેને સામે લગ્ન માટે પ્રસ્તાવ મૂક્યો છે."

"પેલો જ? ઝુરીતા?"

"સાચી વાત છે, ઝુરીતા. ગૂટ્યેરેના પિતા ઇન્ડિયન બલ્તાઝાર તેની તરફેણમાં હતો અને આવાં રાજકુમાર જેવા યોગ્યા માણસ સાથે પરણવા માટે તેમને સમજાવવા પોતાનાથી બનતું બધું જ કરતો હતો."

"તેનામાં વળી રાજકુમાર જેવું શું હતું? શા માટે, તે તો એટલો ઉંમરલાયક, કદરૂપો અને દુર્ગંધ મારતો..." ઇક્થિઆન્ડર પોતાની જાતને કાબૂમાં ન રાખી શક્યો.

"બલ્તાઝાર માટે, તે આશા કરી શકે તેવો સૌથી શ્રેષ્ઠ જમાઈ હતો. આનું વધારામાં બીજું કારણ એ પણ હતું કે બલ્તાઝાર ઝુરીતાનાં ઋણમાં પગથી માથા સુધી ડૂબેલો હતો. જો ગૂટ્યેરેનું કારણ ન દેખાતું હોત તો તો ઝુરીતાએ તેને ક્યારનો પાયમાલ કરી નાખી શક્યો હોય. માત્ર કલ્પના કરો તેના માટે શો રસ્તો હતો: એક બાજુ ઝુરીતાની માગણીઓ અને બીજી બાજુ પિતાની ચીડ..."

"શા માટે ગૂટ્યેરેએ તેને બંધ ન કરાવી દીધાં?

12–1005

શા માટે તમે તેને સહારો આપવા ન ગયા, તમે તો આટલા મોટા અને બળવાન છો?"

ઓલ્સેન તેના વ્યક્ત કરેલા ઊભરા પ્રતિ ધીમું હસ્યો પણ તેણે તેને આશ્ચર્યમાં જ છોડી દીધો. ગમે તેમ ઇક્થિઆન્દર એટલો મૂર્ખ નહોતો. તેમ છતાં હજી પણ તેનાં સવાલો બહુ વિચિત્ર હતાં. તે ક્યાં ઊછર્યો હતો?

"તે કરવા કરતાં કહેવું બહુ સહેલ હતું," ઓલ્સેને જવાબ આપ્યો. "ઝુરીતા અને બલ્તાઝારે પોલીસ અને અદાલતો અને કાયદાને પોતાની તરફ કરી લીધાં હોત. ટૂંકમાં, હું કરી શકતો નહોતો."

પણ તેનાથી ઇક્થિઆન્દર સમજી ન શક્યો.

"ઠીક તો પછી, શા માટે તે ભાગી ન ગઈ?" તેણે પૂછ્યું.

"ચોક્કસપણે, તે સહેલાઈથી થઈ શક્યું હોત. ખરેખર તે પણ તેમ જ કરવા ઇચ્છતી હતી અને મેં તેની મદદ કરવાનું વચન પણ આપ્યું હતું. હકીકતમાં મારો થોડા વખત માટે ઉત્તર અમેરિકા સુધી જવાનો ઇરાદો હતો. તેથી મેં તેને કહ્યું કે તે ખુશીથી મારી સાથે આવી શકતી હતી."

"તમારો તેમની સાથે પરણવાનો ઇરાદો હતો?" ઇક્થિઆન્દરે પૂછ્યું.

"તમે પણ વિચિત્ર માણસ છો," ઓલ્સેને ફરીથી ધીમું હસીને કહ્યું. "મેં તમને કહ્યું કે અમે મિત્રો જ હતાં. પાછળથી શું બની શકવાનું હતું, તે હું નથી જાણતો."

"તો પછી તમે શા માટે ગયા નહિ?"

"કારણ કે અમારી પાસે ભાડા પૂરતાં પૈસા નહોતા."

"'હોર્રોક્સ' દ્વારા જળપ્રવાસ શું સાચે જ એટલો મોંઘો છે?"

"'હોર્રોક્સ' જાય ભાડમાં એ તો લખપતિઓ માટેની સ્ટીમર છે. શા માટે, ભલા માણસ, તમે સીધા ચંદ્ર ઉપરથી આવ્યા છો કે શું?"

ઈક્વિઆન્દર છોભીલો પડી ગયો. તેણે વિચાર્યું કે પ્રયત્ન કરીને હવે વધારે એવા કોઈ સવાલો નહીં પૂછે કે જેથી તેની અજ્ઞાનતા ઓલ્સેન પારખી જઈ શકે.

"'હોર્રોક્સ'ને તો છોડી દો, પણ એક સાધારણ હોડીના ભાડા જેટલાં પૈસા પણ અમારી પાસે નહોતાં. અમારા પહોંચ્યાના શરૂઆતનાં થોડાં દિવસનાં ભરતી-ઓટથી બચવા અમારી પાસે થોડાં પૈસા હોવાં જરૂરી હતાં. અહીંની જેમ ત્યાં પણ કહેતાં વેંત જ નોકરી મળી જાય તેમ નહોતું."

ઈક્વિઆન્દરનાં મનમાં બીજો પ્રશ્ન ઊઠયો હતો પણ તે રોકાઈ ગયો.

"તે પછી જ ગૂટ્યેરેએ પેલી પોતાની મોતીની કંઠી વેચવાનું નક્કી કર્યું."

"જો હું માત્ર જાણતો હોત તો!" પાણીની અંદર એકઠાં કરેલાં મોતીઓને યાદ કરતાં તે એકદમ ઓંચિતાનો બોલી ઊઠયો.

"શાના વિષે?"

"કંઈ નહીં, આગળ કહો, ઓલ્સેન."

"પલાયન થવા માટે બધી જ તૈયારી થઈ ગઈ હતી."

"એક મિનિટ થોભી જા. અને મને... મારો કહેવાનો અર્થ છે કે, તેમ કેવી રીતે બની શક્યું હોત? શું તેનો અર્થ એવો છે કે તે મને પણ છોડવા ઇચ્છતી હતી?"

"તમે તેમના પરિચયમાં આવ્યા તે પહેલાં આ બધું શરૂ થયું હતું. પણ પછી જ્યાં સુધી મારો ખ્યાલ છે, તેમનો તમને પણ સાથે.લઈ જવાનો ઇરાદો હતો. કદાચ વળી તેની સાથે જતા રહેવા માટે પણ તમને કહેત. જો તેઓ જતા રહ્યા તે પહેલાં તમને કંઈ કહી નહોતા શક્યાં તો છેવટે પત્ર તો લખી જ શક્યાં હોત."

"પણ શા માટે તમારી સાથે અને મારી સાથે નહીં? તેના માટે હંમેશાં તમે, કહેવાનું તમને, જવાનું પણ તમારી સાથે..."

"તે મને એક વર્ષ કરતાં પણ વધારે સમયથી જાણતી હતી. જ્યારે તમે..."

"મહેરબાની કરીને આગળ કહો. મારું માઠું ન લગાડતા."

"ઠીક, ભલે, મેં કહ્યું તે પ્રમાણે, બધું જ તૈયાર હતું," ઓલ્સેને કહેવાનું ચાલુ રાખ્યું. "પણ પછી તમે ગયા અને ઝુરીતાની હાજરીમાં, તેમની પોતાની આંખો સામે દરિયામાં કૂદી પડયા. બીજે દિવસે વહેલી સવારે, મારા કામની પાળી શરૂ થતાં પહેલાં હું ગૂટ્યેરેને મળવા ગયો. તે અમારી પહેલી મુલાકાત નહોતી. બલ્તાઝારને વાંધો હોય તેમ લાગતું નહોતું. કદાચ તે મારી બંધ મુઠ્ઠીની તાકાતને માન આપતો હતો તે કારણ હતું. કદાચ, એ પણ કારણ હોય કે હું સારો દેખાતો હતો, જ્યારે ઝુરીતા લાગણીવિહોણો હતો. ગમે તેમ પણ બલ્તાઝારે

કોઈ મુશ્કેલી ઊભી ન કરી, પણ માત્ર એટલી વિનંતી કરી કે ઝુરીતાની હાજરીમાં દૂર રહેવું. એટલું ચોક્કસ કે ઘરડા ઇન્ડિયનને અમારી યોજનાનો અણસારો પણ નહોતો. તે સવારે હું ત્યાં ગૂટ્યેરેને કહેવા ગયો હતો કે મને બે ટિકિટના ભાડા મળી ગયા હતાં અને રાત્રે દસ વાગે નીકળી જવા તે તૈયાર રહે બલ્તાઝ્રાર મને મળ્યો, તે એકદમ ઉશ્કેરાયેલો હતો.

"'ગૂટ્યેરે અંદર નથી. તે જતી રહી છે — સારા માટે,' તેણે મને કહ્યું. 'અડધા એક કલાક પહેલા ઝુરીતા તેને પોતાની નવી નકોર ચમકતી મોટરગાડીમાં લઈ ગયો. કેટલી સુંદર હતી તે ગાડી!' તેણે કહેવાનું ચાલુ રાખ્યું. 'અમારી ગલીમાં અને ખાસ કરીને મારા પોતાના જ બારણા સામે ઓચિંતી આવેલી મોટરગાડી અમે કદી નહોતી જોઈ. ગૂટ્યેરે અને હું બહાર દોડી આવ્યાં. ઝુરીતા પહેલાં જ મોટરમાંથી બહાર નીકળી આવ્યો હતો. તે ગૂટ્યેરેને બજાર તરફ સવારી કરી પાછા આવવા માટે આમંત્રી રહ્યો હતો. તે જાણે છે કે તે સમયે તે ત્યાં જાય છે. ગૂટ્યેરેએ ભભકદાર વસ્તુ તરફ જોયું. હું ધારું છું કે તમે સમજી શકો છો એક જુવાન છોકરી માટે કેવું આકર્ષણ છે તે. પણ ગૂટ્યેરે તેટલી જ તરકટી અને અવિશ્વાસી હતી જેટલા તેઓએ તેમને બનાવ્યાં હતાં. તેણે નમ્રતાથી 'ના' કહી. 'તે છોકરી જેટલી હઠીલી બીજી કોઈ કદી નથી જોઈ!' તે ગુસ્સામાં બોલી ઊઠયો. પણ પછી હસવાનું શરૂ કર્યું, જોકે ઝુરીતા પણ ચાલાક હતો. તે કહે છે: 'તમે શરમાવ છો, લાવો હું તમને મદદ કરું.' અને એમ કહી તેણે તેને એકદમ પકડી

લીધી અને મોટરની અંદર ધકેલી દીધી. તેની પાસે માત્ર એક જ વખત 'પિતા' કહીને બૂમ પાડવા જેટલો સમય હતો અને તેઓ જતાં રહ્યાં.

"'મને નથી લાગતું કે હવે તેઓ કદી પાછા આવશે. જો તમે મને પૂછતા હોય તો ઝુરીતા તેને પોતાના ઘેર લઈ ગયો છે,' બલ્તાઝારે પોતાની વાર્તા પૂરી કરી. હું સહેલાઈથી જોઈ શકતો હતો કે તેને તે વાર્તા કહેવામાં ખૂબ જ આનંદ આવ્યો હતો.

"'તમારી છોકરીને તમારી પોતાની આંખો સામે બળજબરી લઈ જવામાં આવી અને તમે ત્યાંના ત્યાં જ ઊભા છો. ઉપરથી મને બધું એવી રીતે કહો છો કે જાણે કોઈ મોટો રમૂજી પ્રસંગ હોય!' મેં રોષે ભરાઈ બલ્તાઝારને કહ્યું.

"'મારે શા માટે ચિંતા કરવી જોઈએ?' બલ્તાઝારે આશ્ચર્યથી જોયું. 'જો બીજું કોઈ હોત તો—હા, તમારી વાત ખરી. પણ ઝુરીતા—હું તો તેને એક અરસાથી જાણું છું. જો તેના જેવો માખીચૂસ કંજૂસ એક મોટરગાડી ખરીદવા જેટલા પૈસા ખર્ચી શકતો હતો, શા માટે, તે ગૂટ્ટ્યેરે ઉપર મરે છે, તેમાં કોઈ ભૂલ નથી. તે તેની સાથે લગ્ન કરશે તે પણ એટલી જ સાચી વાત છે. તે તેના હઠાગ્રહી થવાનો પાઠ શીખવશે. જ્યારે તે તે જોશે ત્યારે જ તે સારું નસીબ જાણશે. તેમાં તેના માટે રડવા જેવું કંઈ નથી. ઝુરીતાની પાસે પરાના શહેરની બહાર જ પોતાનું 'ડોલોરેસ' કહેવાતું હેસીએંડા* છે.

---

* ઉમરાવનો મકાન, મહેલ (સ્પેનીશ).

તેની મા ત્યાં રહે છે. મને ખાતરી છે કે તે મારી ગૂટ્યેરેને ત્યાં લઈ ગયો છે...'"

"તમે બલ્તાઝારને ફટકાર ન ચખાડયો?" ઇક્વિઆન્દરે પૂછયું.

"તમને સાંભળતાં મને લાગે છે કે મારે બીજું કંઈ ન કરતાં લોકોને મારવાં જોઈએ," ઓલ્સેને કહ્યું. "જોકે મને પોતાને પણ તેને સોટીએ ફટકારવાનું મન થયું હતું. પણ પછી મેં તેના કરતાં પણ વધારે સારો વિચાર કર્યો. મેં વિચાર્યું કે હજી પણ પરિસ્થિતિ સુધારી શકાય તેમ હતી. હું બધું વિગતવાર જણાવવા નથી ઇચ્છતો. ગમે તેમ હોય, પણ મારાં કહેવાં પ્રમાણે, હું ગૂટ્યેરેને જોઈ શક્યો."

"હેસીએંડા 'ડોલોરેસ'માં?"

"હા."

"અને તમે ઝુરીતાને મારી નાખી, ગૂટ્યેરેને મુક્ત ન કરાવી?"

"હવે તો મારે લોકોનાં ખૂન પણ કરવા જોઈએ. કેમ કોણે વિચાર્યું હતું કે તમે આટલા લોહી તરસ્યા હતા?"

"હું નથી," ઇક્થિઆન્દર ઓચિંતાનો મોટેથી બોલી ઊઠયો. તેની આંખોમાં આંસું ભરાઈ આવ્યાં હતાં. "પણ કોઈના લોહીને ઉકાળવા માટે આટલું પૂરતું છે!"

ઓલ્સેનને ઇક્થિઆન્દર માટે દુઃખ થયું.

"તમે સાચું કહો છો," ઓલ્સેને કહ્યું. "ઝુરીતા અને બલ્તાઝાર હેવાનોની જોડી છે. તેઓ ખૂબ જ માર ખાવા યોગ્ય છે. પણ જિંદગી, દેખીતી રીતે તમે વિચારો

છો તેનાં કરતાં વધારે જટિલ છે. તમે જાણો છો, ગૂટ્યેરેએ ઝુરીતા પાસેથી ભાગી છૂટવાની ના પાડી."

"શું? ના પાડી?" ઇક્થિઆન્દરને પોતાના કાનો ઉપર વિશ્વાસ ન બેઠો.

"હા."

"પણ શા માટે?"

"એક તો એ કે તેને ખાતરી થઈ ગઈ છે કે તમે તમારો જીવ તેના કારણે લીધો. તેના માટે તમારું મૃત્યું બહુ કઠિન થઈ પડયું. બિચારીએ, સાચે જ તમને પ્રેમ કર્યો હોવો જોઈએ. 'મારી જિંદગી હવે પૂરી થઈ ગઈ છે, ઓલ્સેન,' તેણે મને કહ્યું. 'હવે મને કોઈ વસ્તુ મેળવવાની ઝંખના નથી. હું કોઈ વસ્તુની પરવા નથી કરતી. જ્યારે ઝુરીતાએ લગ્નની વિધિ કરવા પાદરીને આમંત્ર્યો હતો ત્યારે હું સંદિગ્ધતામાં હતી. ભગવાનની ઈચ્છા વગર કશું જ નથી થતું, મારી આંગળીમાં લગ્નની વીંટી પહેરાવતાં તેણે કહ્યું. ભગવાને કેવાં તમને બંનેને સાથે જોડયાં છે, કોઈ માણસ તમને જુદાં ન પાડે. હું ઝુરીતાની સાથે ખુશ નહીં થાઉં પણ ભગવાનનો પ્રકોપ મારી ઉપર ઉતરી આવે તેનાથી હું ડરું છું. હું તેને છોડીને નહીં જાઉં'."

"કેવો બકવાસ! ભગવાન સાચે જ છે! પિતા કહે છે કે ભગવાન એ ઘરડી સ્ત્રીઓની વાર્તાઓ છે!" ઇક્થિઆન્દરે તપી જતાં કહ્યું. "તમે તેમને ખાતરીપૂર્વક આમાંથી બહાર કાઢી વાત કરી શક્યા હોત?"

"કમનસીબે ગૂટ્યેરે એ જ ઘરડી સ્ત્રીઓની વાર્તાઓમાં વિશ્વાસ કરે છે. ધર્મપ્રચારકોએ તેને કૅથોલિક ધર્મનિષ્ઠ

બનાવી દીધી હતી. મેં મારાથી બનતો બધો જ પ્રયત્ન કર્યો તેને સમજાવ્યું કે તે શું હતું અને શાના માટે થઈ રહ્યું હતું. વળી તેણે એ પણ કહ્યું કે જો હું તેની હાજરીમાં ભગવાનની કે પવિત્ર કૅથોલિક દેવળની વિરુદ્ધમાં બોલતો રહું તો તે કદી ફરીથી મારું મોં નહીં જુએ. તેથી મારે પડતું મૂકવું પડ્યું. હૅસીએંડામાં મારી પાસે એટલો સમય નહોતો કે હું એ વાતનાં ઊંડાણમાં ઊતરી જાઉં. માત્ર બસ થોડા શબ્દોની આપલે જ પૂરતી હતી. પણ, તેણે એ સિવાય એક બીજી વાત પણ મને કહી. જ્યારે લગ્નવિધિ પૂરી થઈ ગઈ, ત્યારે ઝુરીતાએ ખડખડાટ અટ્ટહાસ્ય કરતાં કહ્યું: 'સરસ એક કામ તો પૂરું થઈ ગયું. નાનું પંખી તો પકડાઈ ગયું અને પિંજરામાં પૂરી દીધું, હવે નાનકડી માછલીનો વારો છે.' પછી તેણે ગૂટ્યેરેને અને ગૂટ્યેરેએ મને સમજાવ્યું કે નાની માછલી તે કોણ હતી. તેણે કહ્યું કે ગૂટ્યેરેને કરોડપતિની પત્ની બનાવવા તે 'દરિયાઈ રાક્ષસ'ને પકડવા માટે બૂએનસ-આઇરસ જઈ રહ્યો હતો. કોઈપણ રીતે તમે જ તો પેલા 'દરિયાઈ રાક્ષસ' નથી ને? તમે કલાકો સુધી પાણીની અંદર રહો છો, તમે મરજીવાઓને ભડકાવો છો..."

ઓલ્સેનને પોતાનું રહસ્ય જણાવવા દેવામાં ઇક્થિઆન્દરે સાવધાની વર્તી. એમ નહોતું કે કોઈપણ રીતે તે તેને સમજાવી શક્યો હોત. તેથી ઓલ્સેનના પ્રશ્નનો ઉત્તર આપ્યા વિના જ તેણે જાતે જ પૂછ્યું:

"તે તેને શા માટે પકડવા ઇચ્છે છે?"

"પેદ્રોનો ઇરાદો છે કે 'દરિયાઈ રાક્ષસ' તેના

માટે મોતી શોધી લાવે. જો તમે જ તે 'દરિયાઈ રાક્ષસ' હોય તો, સાવધાની વર્તજો!"

"ચેતવણી માટે આભાર," ઉભયવાસી પ્રાણીએ કહ્યું.

હવે ઈક્વિથઆન્દરને વિચાર સુદ્ધાં ન આવ્યો કે થોડી જ દિવસોમાં તે બુએનસ-આઈરસમાં સમાચારોમાં મથાળે થઈ ગયો હતો.

"હું ન બને..." ઈક્વિથઆન્દરે ક્રોધમાં આવી કહ્યું. "મારે તેમને જોવાં જવું જ જોઈએ. પછી ભલેને એ છેલ્લી વખત હોય. શહેર પરાના કહ્યું તમે? હા, હું તે જાણું છું. તે નદી પરાનાની ઉપર છે. પણ હું હંસીએંડા 'ડોલોરેસ' કેવી રીતે શોધું?"

ઓલ્સેને સમજાવ્યું.

ઈક્વિથઆન્દરે દૃઢતાપૂર્વક ઓલ્સેનનો હાથ હલાવ્યો.

"મારે માફી માંગવી જ જોઈએ. હું આવ્યો હતો દુશ્મનને મળવા અને મળ્યો મિત્ર. આવજો, હું ગૂટ્યેરેને મળવા જાઉં છું."

"સીધા જ?" ઓલ્સેન હસતો હતો.

"હા, એક પળ પણ ગુમાવ્યા વિના," ઈક્વિથઆન્દરે તૂતક ઉપરથી કૂદતાં જવાબ આપ્યો અને કિનારા તરફ તરી ગયો.

ઓલ્સેને માત્ર પોતાનું માથું ધુણાવ્યું.

ભાગ ૨

રસ્તામાં

ઇક્થિઆન્દરને પ્રવાસ માટે તૈયારીઓ કરવામાં લાંબો સમય ન લાગ્યો. તેણે પોતાનાં શહેરનાં પાટલૂન-ખમીસ અને પગરખાં લઈ ચામડાના પટ્ટા સાથે કમરે બાંધી દીધા. પોતાનું ચપ્પુ લઈને ચશ્માં તથા દસ્તાના પહેરી તે નીકળી પડયો.

તેના રસ્તા અખાત લા-પ્લાતામાં આમતેમ જતી, લંગર નાખેલી માછલાં પકડવાની હોડીઓ, નાની નાની આગબોટો પડી હતી. આ આગબોટો નીચેથી જોતાં અહીં નહીં ઝડપથી દોડા ઘણાં બધાં જળકીટો જેવી લાગતી હતી. દરિયાઈ જંગલની જેમ ફેલાયેલાં પાતળાં થડ જેવાં લંગરની સાંકળો અને બોયું દોરડાં દરિયાના પેટાળમાંથી તેલની વળેલી સપાટી તરફ લંબાયેલાં હતાં. આ દરિયાનું પેટાળ તૂટેલાં કોલસાનાં ઢગલાં અને નકામી ધાતુને શુદ્ધ કરતાં નીકળેલાં મેલથી, ક્ષીણ થયેલી રબરની લાંબી નળીઓ, સઢના ટુકડાં, નકામા ટિનના ડબ્બા ઈંટો, તૂટેલી બાટલીઓ અને દરિયાકિનારાની નજીક મરેલાં કૂતરાં અને બિલાડીઓથી ભરપૂર હતું.

સૂરજ હજી પણ ઊગેલો હતો, પણ અહીં નીચે સંધ્યાકાળનું આછું અજવાળું પથરાઈ ગયું હતું. પરાના

નદીનું કાંપથી ભરપૂર પાણી અખાતમાં જતું હતું.

ઇક્થિઆન્દર રસ્તામાં પથરાયેલી સાંકળો અને દોરડાંની ઝાડીઓમાં સહેલાઈથી ભૂલો પડી ગયો હોત પણ અખાતની અંદર તરફ વહેતી નદીના પ્રવાહના ચિહ્નને તે આગળ વધી શક્યો. તેણે વિચાર્યું: "તે આશ્ચર્યકારક છે કે એક વિશાળ નકામા ઉકરડા જેવા દેખાતા દરિયાના પેટાળ ઉપર લોકો કેવી રીતે આટલી અતિચોક્સાઈવાળી આંખો દોડાવવા જેટલાં બેઢંગા છે. જ્યારે તે અખાતનાં મધ્યમાં આગળ તરફ તરતો તરતો વહાણનાં પઠાણની એકદમ નીચે ગયો ત્યારે શ્વાસ લેવો ધીરે ધીરે ઓરડામાં બંધ કરી દીધેલા માણસને માટે થાય તેટલો જ મુશ્કેલ થઈ રહ્યો હતો.

રસ્તામાં તેણે કેટલાંક મડદાં જોયાં—તેમાંનાં એકની એકદમ નજીકથી તે પસાર થયો હતો, તેનું માથું એકદમ કચડાયેલું હતું અને તેની ગરદન ફરતે ભારે પથ્થર બાંધેલું. લાંબું દોરડું હતું. કોઈકનું દુષ્કૃત્ય અહીં દફનાવવામાં આવ્યું હતું. આવાં કમકમાટી ઉપજાવનારાં દૃશ્યોથી ભાગી છૂટવા ઇક્થિઆન્દરે ઝડપ વધારી.

પણ તે અખાતમાં વધારે ઊંચો જતો રહ્યો ત્યારે આવતો પ્રવાહ વધારે પ્રબળ થઈ ગયો હતો.

સમુદ્રમાં પણ પ્રવાહો હતાં, પણ નાવિક જેમ પવનની દિશામાં મૂકવાનું જાણે છે તેમ તે પણ તેમાંથી રસ્તો કેવી રીતે કરવો તે જાણતો હતો. અહીં માત્ર એક જ પ્રવાહ હતો, અને તે ઊલટી દિશામાં હતો. તે ઇક્થિઆન્દર જેવાં અદ્‌ભુત તરવૈયાને પાછો નહોતો પછાડી શકતો પણ તેને ગુસ્સે કરવા પૂરતી તેની ઝડપ ધીમી કરતો હતો.

અચાનક કોઈક ભારે વસ્તુ તેના પડખાંને લગભગ અડતી ધડાકા સાથે અફળાતી પસાર થઈ ગઈ. વહાણનું લંગર નાંખવામાં આવ્યું હતું: ઇક્થિઆન્દરે વિચાર્યું: "અરે બાપરે, તરવા માટે આ જગ્યા તો ખતરનાક લાગે છે," અને તેણે પોતાની ફરતે જોયું. પાછળથી એક મોટી સ્ટીમર આવી રહી હતી.

ઇક્થિઆન્દર વધારે નીચે જતો રહ્યો અને જ્યારે વહાણ બિલકુલ તેની ઉપરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે તેણે વહાણનો પઠાણ પકડી લીધો. સ્ટીલની પટ્ટીઓ ઉપર ચોંટેલા છીપ સમૂહોએ સપાટી ખરબચડી બનાવી દીધી હતી, જેથી તે સારી રીતે પકડી શક્યો. વહાણના પઠાણ ઉપર લટકતાં રસ્તો પસાર કરવો એકદમ આરામપ્રદ નહોતો, પણ એટલું ચોક્કસ હતું કે તે બિલકુલ ભયમુક્ત હતો અને આવતા પ્રવાહમાં યોગ્ય ઝડપથી આગળ ખેંચાઈ રહ્યો હતો.

વહાણ હવે નદીની ઉપર જઈ રહ્યું હતું. ઇક્થિઆન્દરે કાંપથી ગાઢા બનેલા પાણીમાં મહામહેનતે શ્વાસ લીધો. તેના હાથ એકદમ જકડાવા લાગ્યા હતા. પણ તે વહાણને છોડવા નહોતો ઇચ્છતો.

ડોલ્ફીનને યાદ કરતાં તેણે વિચાર્યું: "કેટલું દુઃખદાયક હતું કે હું લીડિંગને સાથે ન લાવી શક્યો." તેને પોતાની આખી યોજનાને પડતી મૂકવાની ફરજ પડી: લીડિંગ આખી મુસાફરી પાણીની અંદર નહોતો કરી શકતો, જ્યારે ઇક્થિઆન્દરને વહાણોની આવજાવાળી સપાટી ઉપરથી નદી પાર કરવામાં ડર લાગતો હતો.

ઇક્થિઆન્દરના હાથ એટલાં બધાં તો જકડાઈ ગયા

હતા કે પોતાની પકડ રાખવાનું વધારે અને વધારે મુશ્કેલ થતું જતું હતું. તદુપરાંત તેને જોરથી ભૂખ લાગી હતી, કલાકો સુધી તેણે કશું જ નહોતું ખાધું. થોડો વિરામ કરવાનો નિર્ણય કરતાં તેણે પકડ છોડી દીધી અને નદીના તળિયામાં ડૂબકી લગાવી દીધી.

ઊંડા ઝાંખા પ્રકાશમાં ઈક્થિઆન્દરે કાંપવાળા તળિયાને તપાસ્યું. પણ ન તો ફ્લાઉંડર માછલી કે પછી ન તો ઓઈસ્ટર છીપલાં શોધી શક્યો. તેની નજીકમાં આમતેમ ઊછળતી કૂદતી માછલીઓ તે મીઠા-પાણીની માછલીઓ હતી કે જેના વિષે તે જાણતો નહોતો. કેટલાંક નિષ્ફળ પ્રયાસો પછી તેણે માની લીધું કે ખારા પાણીની માછલીઓ કરતાં આ માછલીઓ વધારે ચાલાક હતી. જ્યારે રાત પડતાં માછલાં સૂવા ગયાં માત્ર ત્યારે જ ઈક્થિઆન્દર એક મોટી પાઇક પકડી શક્યો હતો. તેનું માંસ ચવડ અને કાંપના સ્વાદવાળું હતું પણ ભૂખે મરતો ઉભયવાસી પ્રાણી સ્વાદ માણતો ખાઈ ગયો અને હાડકાં સહિત બધું જ ગળી ગયો.

પછી તેણે વિચાર્યું કે હવે થોડો આરામ કરવો જોઈએ. નદીમાં હોવાથી એક ફાયદો જરૂર હતો કે તે શાર્ક કે ઓક્ટોપસનો વિચાર કર્યા વગર થોડા કલાકો સુધી આરામથી નિશ્ચિત ઊંઘ ખેંચી શકતો હતો. તેણે માત્ર એટલી જ ખાતરી કરી લેવાની હતી કે ઊંઘમાં પાણીનો પ્રવાહ તેને નીચે તરફ ન ઘસડી જાય. ઈક્થિઆન્દરે કેટલાંક મોટાં પથ્થરોનો ઢગલો કર્યો અને એક પથ્થરની ફરતે પોતાના હાથ વીંટાળી, તેની ઓથમાં ગોઠવાઈ ગયો.

ગમે તેમ પણ તેની ઊંઘ બહુ ટૂંકી હતી. તેને લાગ્યું

ે સ્ટઈ વહાણ આવી રહ્યું હતું, તેણે પોતાની આંખો
ત્રાંસી નાં સિગ્નલ બત્તીઓ જોઈ. વહાણ ઉપરના પ્રવાહ
તરફથી આવતું હતું. ઉભયવાસી પ્રાણી ઝડપથી ઉપર ગયું
અને તેની ઉપર લટકવા તૈયાર થયું. પણ આ વખતે
કાચ જેવી લીસી સપાટીવાળાં તળિયાવાળી મોટર બોટ
હતી, તેથી લગભગ પંખાની સામે ખેંચી જતાં કેટલાંક
પ્રયત્નો પછી, ઈક્થિઆન્દરે પડતું મૂક્યું.

અને આમ ને આમ કેટલીક હોડીઓ નીચેના પ્રવાહ તરફ ગઈ ત્યાં સુધી તે કંઈ નહોતો કરી શક્યો, પણ છેવટે એક નદી ઉપર જતી આગબોટ ઉપર તે મજબૂતીથી લટકી શક્યો.

આ પ્રમાણે ઈક્થિઆન્દર પરાના શહેર પહોંચ્યો. તેની મુસાફરીનો પહેલો ભાગ પૂરો થયો હતો. પણ સૌથી વધુ મુશ્કેલ ભાગ, પૃથ્વી ઉપરનો ભાગ, હજી આગળ હતો.

વહેલી સવારે ઈક્થિઆન્દર ઘોંઘાટભર્યાં બંદર તરફથી તરી આવ્યો, જ્યાં કોઈપણ માણસ નજરે ન પડ્યું તેવી નદીકિનારાનો લંબાયેલો ભાગ શોધીને કિનારા ઉપર આવી ગયો. તેણે પોતાના દસ્તાના અને ચશ્માં કિનારા ઉપર દબાવી દીધાં, પછી તડકામાં પોતાનાં પાટલૂન અને કોટ સૂકવીને પહેરી લીધાં. કરચલીઓવાળાં કપડાંએ તેને ભટકતા માણસ જેવો બનાવી દીધો. પણ તેને તેની પરવા નહોતી.

ઓલ્સેનના કહેવા પ્રમાણે જમણા કિનારાની સાથે ચાલતાં, ઈક્થિઆન્દર મળતાં માછીમારોને પેદ્રો ઝુરીતાની માલિકીના હૅસીએંડા 'દોલોરેસ' તરફના રસ્તા

વિષે પૂછતો રહ્યો.

માછીમારોએ શંકાભરી નજરે તેની તરફ જોયું અને નકારમાં પોતાનાં માથાં ધુણાવ્યાં.

કલાકોના કલાક વીતી ગયાં, ગરમી માથે ચઢી ગઈ હતી. પણ જ્યારે તે સવારે નીકળી પડયો હતો તે વખતે પોતાના રસ્તા માટે જેટલો ખાતરી વગરનો હતો તેટલો જ હમણાં હતો. જમીન ઉપર અપરિચિત વાતાવરણમાં ઇક્વિઆન્દરને પોતાના સ્થળની સાપેક્ષ દિશા શોધવાનો રસ્તો નહોતો જડતો. તદુપરાંત ગરમીને કારણે તેનું માથું ભમતું હતું અને તેને ચિત્તને એકાગ્ર કરવું વધારે અને વધારે મુશ્કેલ લાગતું જતું હતું.

થોડી થોડી વારે પોતાને ફરીથી તાજગી આપવા તે નદીમાં ડૂબકી મારી આવતો હતો.

છેવટે, જ્યારે બપોરના ચાર વાગવામાં માત્ર થોડી મિનિટો બાકી હતી ત્યારે તેની નજર એક ઘરડા ખેડૂત ઉપર પડી, જે દેખાવમાં ખેતમજૂર જેવો લાગતો હતો. ઇક્વિઆન્દરને સાંભળ્યા પછી તેણે સંમતિ દર્શાવતાં માથું હલાવ્યું.

ખેડૂતે તેને કહ્યું: "ખેતરોની વચ્ચે, પેલા રસ્તે સીધો જા. જ્યારે તું મોટા તળાવે પહોંચે ત્યારે પુલ પાર કરી જા અને એક ટેકરીની ટોચ ઉપર તારી જગ્યા છે—જ્યાં તારી મૂછોવાળી દોન્ના* દોલોરેસ હશે."

"મૂછોવાળી શા માટે? 'દોલોરેસ' હસીએંડા છે, શું તે સાચું નથી?"

---

* શ્રીમતી (સ્પેનીશ).

"સાચું છે. પણ હસીએંડાની ઘરડી શેઠાણીને પણ દોલોરેસ કહેવામાં આવે છે. પેદ્રો તેનો દીકરો છે. મોટી મૂછોવાળી જાડી ઘરડી સ્ત્રી. પણ તું તેમની પાસે નોકર તરીકે કામ કરવા તો નથી વિચારતો. તે તારાં કપડાં અને બધી વસ્તુઓ સહિત તને કાચો ને કાચો જ ખાઈ જશે. તે એક કાયમી કર્કશા છે. લોકો કહે છે, ઝુરીતા જુવાન પત્નીને ઘેર લાવ્યો છે. તેની સાસુ તેના માટે માથા ભારે બનશે," વાતોડિયા ડોસાએ કહ્યું.

"તે ચોક્કસ ગૂટ્યેરે હોવી જોઈએ," ઇક્થિઆન્દરે વિચાર્યું.

"તે દૂર છે?" તેણે પૂછ્યું.

"સાંજ પડતાં તું ત્યાં પહોંચી જઈશ," સૂર્યની ગણતરી કરતાં ડોસાએ કહ્યું.

તેનો આભાર માનતાં, ઇક્થિઆન્દરે રસ્તાની સાથે સાથે ઝડપથી ઘઉં અને મકાઈનાં ખેતરો પસાર કર્યાં, ચરતાં ઘેટાંઓનાં ઝુંડોવાળાં લીલાંછમ ઘાસવાળાં ગોચરો પસાર કર્યાં. ઘણાં કલાકોનો લાંબો પગપાળા પ્રવાસ તેની તાકાતને જવાબ આપવા લાગ્યો હતો. આગળ સફેદ પટ્ટીઓવાળો અંતહીન રસ્તો ફેલાયેલો હતો.

તેના હોઠ સૂકાતાં હતાં પણ જ્યારે તેણે જોયું ત્યારે આજુબાજુ ક્યાંય પાણી નજરે ન પડયું. તેણે દિલથી ઇચ્છા કરી કે છેવટે તેની નજરે પેલું તળાવ પડે. તેણે ઝડપથી જવા પ્રયત્ન કર્યો, તેનો ચહેરો ખેંચાઈ ગયો હતો અને તેને શ્વાસ લેવામાં મુશ્કેલી થતી હતી. વળી પેલાં તેનાં પડખાંઓનું દર્દ શરૂ થઈ ગયું હતું. તે ભૂખ્યો પણ હતો. પણ રસ્તાની નજીક એવી કોઈ વસ્તુ નહોતી

કે જેને તે ખાઈ શકતો હતો. નજીકમાં ગોચરમાં ઘેટાં ચરી રહ્યાં હતાં, જે ભરવાડ અને તેનાં કૂતરાંઓ દ્વારા રક્ષાયેલાં હતાં. પથ્થરની દીવાલ ઉપરથી પીચ અને નારંગીનાં પાકાં ફળોથી લદાયેલી ડાળીઓ નજરે પડતી હતી. આ દરિયો નહોતો. અહીં બધી જ વસ્તુઓ કોઈકની મિલકત હતી, દરેક વસ્તુઓ વહેંચાયેલી વાડમાં બાંધેલી અને રક્ષાયેલી હતી. એકલાં પક્ષીઓ જ કોઈનાં નહોતાં, તે માથા ઉપર કલરવ કરતાં આમતેમ ઊડી રહ્યાં હતાં. પણ પ્રયત્ન કરીને તેમને પકડવા. અને પછી, તેને તેમને પકડવાની પરવાનગી હતી? કદાચ તેઓ પણ કોઈની મિલકતનાં હોય? અહીં જમીન ઉપર, વાડીઓ, તળાવો અને માનવ સમુદાયોની વચ્ચે કોઈપણ ભૂખે અને તરસે મરી શકતું હતું.

સફેદ ટોપી અને ચળકતાં બટનોવાળું સફેદ જાકીટ પહેરેલો, પોતાના પટ્ટામાં પિસ્તોલ લટકાવી, પીઠ પાછળ પોતાના હાથ વાળીને એક જાડો માણસ ઈક્થિઆન્દરની તરફ આવી રહ્યો હતો.

"શું તમે મને કહી શકો છો કે હેસીએંડા 'દોલોરેસ' અહીંથી કેટલું દૂર છે?" ઈક્થિઆન્દરે પૂછ્યું.

જાડા માણસે તેની તરફ શંકાભરી નજરે જોયું.

"ત્યાં તારે શું કરવું છે? તું ક્યાંથી આવ્યો છે?"

"બુએનસ-આઈરસથી."

જાડા માણસની આંખો સતર્ક થઈ ગઈ.

"મારે એક કોઈકને ત્યાં મળવું જોઈએ," ઈક્થિઆન્દરે ઉમેર્યું.

"હાથ આગળ કર," માણસે કહ્યું.

આ વિનંતી ઇક્થિઆન્દરને કંઈક આશ્ચર્યકારક લાગી પરંતુ, શંકા વિના, તેણે પોતાના હાથ આગળ કર્યા.

જાડા માણસે ઝડપથી પોતાના ખિસ્સામાંથી હાથકડીની જોડ કાઢી. પછી ઇક્થિઆન્દર જાણે તે પહેલાં જ હાથકડીઓ તેનાં કાંડાની ફરતે બંધ થઈ ગઈ હતી.

"એમ વાત છે," જાડો માણસ બબડયો અને ઇક્થિઆન્દરને ધક્કો આપતાં, હળવો પ્રહાર કર્યો.

"ચાલ મારી સાથે! હું તને હેસીએંડા 'દોલોરેસ' લઈ જઈશ."

"પણ મારા હાથમાં શા માટે આ વસ્તુઓ મૂકી છે?" ઇક્થિઆન્દરે મૂંઝવણમાં હાથકડીઓ તરફ તાકતાં પૂછ્યું.

"મોં બંધ રાખ. આગળ વધ!" જાકીટવાળા માણસે કર્કશ અવાજમાં કહ્યું.

ઇક્થિઆન્દર પોતાનું માથું લટકાવતાં આગળ ઘસડાતો ચાલવા લાગ્યો. ઠીક છે, ઓછામાં ઓછું તે પાછળ ફર્યો નહોતો, પણ તેને એ વિચાર માત્ર નહોતો કે તેના માથે શી આફત પડવાની હતી. તે જાણતો નહોતો કે ગઈકાલે રાત્રે નજીકનાં ખેતરમાં ખાતરપાડ થઈ હતી અને એક માણસનું ખૂન કરવામાં આવ્યું હતું. તેથી પોલીસ ગુનેગારની શોધમાં હતી. તેણે એ પણ ન અનુભવ્યું કે કરચલીઓવાળાં કપડાંમાં તે શંકાસ્પદ લાગતો હતો. તેના અસ્પષ્ટ જવાબોએ આખી પરિસ્થિતિ તેની વિરુદ્ધમાં પાકી કરી હતી.

પોલીસનો માણસ ઇક્થિઆન્દરને પરાના શહેરમાં મોકલવા માટે નજીકના ગામમાં લઈ જઈ રહ્યો હતો.

ઇક્થિઆન્દર એક વસ્તુ સમજી શક્યો: તે હવે

પોતાના પ્રવાસ ઉપર આગળ વધવા જેટલો સ્વતંત્ર નહોતો. પહેલી તક મળતાં જ તેણે મુક્તિ માટે માગણી કરવાનો નિર્ણય કર્યો.

પોતાના સદ્‌ભાગ્યથી અત્યંત ખુશ થયેલ જાડા પોલીસે લાંબી સિગાર સળગાવી અને ઇક્થિઆન્દરની પાછળ નજીકમાં ચાલતાં, ધુમાડા છોડવાનું શરૂ કર્યું. ઇક્થિઆન્દર યાતના અનુભવવા લાગ્યો.

"મહેરબાની કરીને, તમને વાંધો ન હોય તો ધુમાડા ન છોડો. મને શ્વાસ લેવામાં મુશ્કેલી થાય છે," પાછા ફરતાં તેણે પોતાના સશસ્ત્ર રક્ષકને કહ્યું.

"શું? સિગાર ફૂંકવાનું બંધ કરું? એ તો બહુ સારું છે!" તેના ચહેરા પર કરચલીઓ પાડતાં, પોલીસે અટ્ટહાસ કર્યું. "બહુ નાજુક છે તું?" અને સીધો ઇક્થિઆન્દરના મોં પર ધુમાડો છોડતાં, તે ભસ્યો: "આગળ વધ!"

ઉભયવાસી પ્રાણીએ તેને કહેવા પ્રમાણે કર્યું.

છેવટે સાંકડા પુલવાળું તળાવ નજરે પડયું અને ઇક્થિઆન્દરે સાહજિકતાથી ઝડપી ફાળો ભરવા માંડી.

"આટલી ઝડપ ના કર, તું હમણાં જ તારાં દોલોરેસને જોઈશ," જાડો માણસ બરાડયો.

તેઓ પુલ ઉપર ચાલવા લાગ્યાં. જ્યારે તેઓએ અડધો રસ્તો પસાર કર્યો ત્યારે ઇક્થિઆન્દર અચાનક કઠેરા ઉપર નમ્યો અને પાણીમાં કૂદી ગયો.

આ એક છેલ્લી જ વસ્તુ હતી કે જેની હાથકડીવાળા માણસની પાસેથી પોલીસ આશા રાખી શકતો હતો.

પણ પછી પોલીસે શું કર્યું તે ઇક્થિઆન્દર માટે

એવું એકદમ આશ્ચર્યકારક હતું: પોતાના કબજામાં અને કસ્ટડીમાંનો તેનો કેદી કદાચ ડૂબીને મરી જશે તે ડરથી, બધી જ જાતનાં સંભવિત કડવાશ ભરેલાં પરિણામો સાથે, તે તેની પાછળ કૂદ્યો. સાચે જ, આ કરવામાં તે એટલો તો ત્વરિત હતો કે ઈક્થિઆન્દરના વાળ પકડી શક્યો અને તેને ઊંચો કર્યો. પછી, પોતાની ખોપરી ભયમાં મૂકાતાં, ઈક્થિઆન્દર પોલીસને તળિયા તરફ ઘસડી ગયો. તરત જ તેનાં વાળને છોડી દેવામાં આવ્યાં હતાં. ઈક્થિઆન્દરે બાજુ તરફ તરી જઈ પોલીસ ઉપર આવ્યો કે કેમ તે જોવા સપાટી ઉપર માથું બહાર કાઢ્યું. તે આવી ગયો હતો અને ચારે બાજુ જોતો પાણીમાં તરતો હતો.

"તું ડૂબીને મરી જઈશ, ઓ મૂરખ! અહીં ઉપર તરી આવ!" પોતાના કેદીનું માથું જોતાં પોલીસે બૂમ પાડી.

ઈક્થિઆન્દરે વિચાર્યું કે આ ખોટો વિચાર નથી, અને બૂમ પાડવા લાગ્યો: "મદદ કરો! મદદ કરો!" તે તળિયા તરફ ડૂબી ગયો.

ત્યાં નીચેથી જ તેણે પોલીસને તેના માટે થોડી વાર સુધી ગોતા મારતો જોયો. છેવટે, બધી જ આશા ગુમાવી દેતાં, પોલીસ કિનારા ઉપર જતો રહ્યો.

"તે હવે જતો રહેશે," ઈક્થિઆન્દરે વિચાર્યું. પણ પોલીસ ગયો નહોતો. એમ લાગતું હતું કે તેણે જાંચ સત્તાવાળાઓનાં આવવાની શબની પાસે રાહ જોવાનો નિર્ણય કર્યો છે. શબ તળાવના તળિયા ઉપર જ ક્યાંક પડ્યું હતું આ હકીકતમાં કોઈ ફેરફાર થવાનો નહોતો.

રસ્તા ઉપર કોથળાઓથી લદાયેલ ખચ્ચર ઉપર સવારી

કરતો એક ખેડૂત દેખાયો. પોલીસે તેને પોતાના કોથળા જ્યાંના ત્યાં જ પડતા મૂકીને એકદમ નજીકના પોલીસ મથકમાં ઘટનાની નોંધ લઈ જવાનો આદેશ આપ્યો. ઈક્થિઆન્દર માટે પરિસ્થિતિ ખરાબ વળાંક લઈ રહી હતી. આ ઉપરાંત તળાવમાં ઘણા જળાઓ હતા. તેઓનાં ઝુંડનાં ઝુંડ તેના શરીર ઉપર ચોંટી ગયાં હતાં. અને થોડી જ વારમાં જ તે પરાજિત લડાઈ લડતો રહ્યો. મરણિયો પ્રયત્ન કરી તે તેમને અલગ કરતો હતો તેમ તેમ તેઓ વધારે સંખ્યામાં આવ્યા, વધુમાં હલનચલનને મર્યાદિત કરવાની પણ ચિંતા હતી કારણ કે પાણીમાં જરા પણ હલચલ તે પોલીસનું ધ્યાન આકર્ષી શકતી હતી.

અડધા કલાકમાં ખેડૂત પાછો ફર્યો. તેણે રસ્તાની દિશામાં પોતાનો હાથ હલાવ્યો અને પોતાના કોથળાંઓ ઊંચકીને ઝડપથી પોતાને રસ્તે પડયો. હજી વધારે બીજી પાંચ મિનિટમાં પોલીસની ત્રિપુટી નજરે પડી, જેમાંના બે પોતાનાં માથાંઓ ઉપર હલકી હોડી ઉપાડી લાવી રહ્યાં હતાં, જ્યારે ત્રીજાની પાસે હલેસાં અને હોડીનાં કાંટા હતાં.

હોડીને પાણી ઉપર ઉતારવામાં આવી, બે પોલીસો તેમાં ચઢી ગયા અને ઘસડવાનું શરૂ કર્યું. એમ નહોતું કે ઈક્થિઆન્દર પહેલી જ વખત તેનાથી મૂંઝાયો હતો. તે તો તેના માટે નાનાં છોકરાંઓની રમત જેવું હતું, માત્ર એક જગ્યાએથી બીજી જગ્યાએ ભાગતાં રહેવાનું હતું. પુલની આજુબાજુ ઘસડાવાનું સીધું હતું પણ નિષ્ફળ.

ઈક્થિઆન્દરને પકડનાર પોલીસ આશ્ચર્યમાં હાથનાં હાવભાવ દર્શાવી રહ્યો હતો. તે પણ ઈક્થિઆન્દરને માટે

સ્મૃજ આપનારું હતું—પણ લાંબા વખત માટે નહિ. પોલીસોએ પોતાની હોડીનાં કાંટા સાથે કાંપનાં થર ફેંકી દીધાં. તેનાથી પાણી ગાઢું થઈ ગયું, હાથની લંબાઈ જેટલા અંતર સુધી પણ ઇક્રિથઆન્દર કંઈ જ જોઈ શકતો નહોતો, જે ખતરનાક હતું. અને તેનાથી પણ વધારે ખરાબ એ હતું કે—બધો જ કાંપ વધતાં તે મહામુશ્કેલીથી શ્વાસ લઈ શકતો હતો.

શ્વાસોચ્છ્વાસ વધારે અને વધારે મુશ્કેલ ભર્યો બનતાં અને તેની ઝાલરોમાં વધારે અને વધારે તીવ્ર વેદના થતાં, તેને લાગ્યું કે હવે તે એક ક્ષણ પણ તે સહન કરી શકતો નહોતો. તેણે નિસાસો નાખ્યો, તેના મોંમાંથી કેટલાંક પરપોટાં નીકળ્યાં. તે શું કરી શકતો હતો? તેને ઉપર આવવું જ પડે એમ હતું, એના સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. ગમે તે જોખમ સમાયેલું હોય, તો પણ તેને ઉપર આવવું જ પડે તેમ હતું. ચોક્કસ હતું કે તેઓ તેને પકડી લેશે, કદાચ તેને મારે પણ. તેણે પરવા ન કરી. ઇક્રિથઆન્દર કિનારા તરફ વળ્યો અને પોતાનું માથું પાણીમાંથી બહાર કાઢ્યું.

હોડીમાંનો પોલીસ બેસી ગયેલા અવાજે ચિચિયારી પાડતો પાટિયા ઉપરથી કૂદી પડ્યો અને સીધો કિનારા તરફ ભાગ્યો. તેનો સાથી તેના પેટ ઉપર પડી ગયો અને વારંવાર બૂમરાણો કરવા લાગ્યો, "ઈસુ મારીયા! ઓ-ઓ!.."

કિનારા ઉપર ઊભેલા ભયને કારણે ફિક્કા પડેલા બંને પોલીસો થરથર કાંપતાં પ્રાર્થના કરી રહ્યા હતા, અને એક બીજાની પાછળ સંતાવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં.

ઇક્થિઆન્દરને આવી કોઈ ધારણા નહોતી અને એક ક્ષણ માટે તે જરાક પાછો પડયો. પછી તેને સ્પેનિયાર્ડનો પ્રસિદ્ધ અંધવિશ્વાસ યાદ આવ્યો. તો પોલીસોએ વિચાર્યું કે તે બીજી દુનિયામાંથી આવેલ ભૂત હતો, તેઓએ એમ વિચાર્યું હતું! સરસ, તે તેમને જરા વધારે ડરાવી શકતો હતો પોતાના દાંત દેખાડતાં અને આંખો ઘૂમાવતાં, તેણે ભયાનક રીતે તીણી ચીસ પાડી અને ધીમેથી કિનારે ટાંપી જતાં રસ્તા તરફ આવી તેની સાથે સાથે નીકળી ગયો. તે જાણીબૂઝીને મોટી મોટી ફાળો ભરી ચાલતો હતો.

એક પણ પોલીસ તેને રોકવા માટે હલ્યો નહીં. તેમની ફરજની સભાનતાએ સંઘર્ષ કર્યો પણ તેમની વહેમી ભીતિમાં તેઓ ડૂબી ગયા.

આ તો "દરિયાઈ રાક્ષસ" છે!

પેદ્રો ઝુરીતાની મા—દોલોરેસ—હુક જેવા નાક, બહાર નીકળી આવેલી હડપચીવાળી અને વધારામાં એકદમ અરુચિકર વિચિત્ર અસર ઉત્પન્ન કરતી જાડી મૂછોવાળી જાડી લોથા જેવી સ્ત્રી હતી. તેની જાતિથી એકદમ જુદા પડતા, એવા તેના વિશિષ્ટ લક્ષણને કારણે—દોન્ના દોલોરેસ લા મોસ્ટાચા—મૂછોવાળી દોલોરેસ એવું તેનું હુલામણું નામ પડવામાં આવ્યું હતું. તે આખા લત્તામાં આ નામે જાણીતી હતી.

જ્યારે પેદ્રો પોતાની જુવાન નવવધૂને પોતાની મા પાસે લાવ્યો ત્યારે તેણે છોકરી તરફ શિષ્ટાચાર વિહીન

અનિમેષ દૃષ્ટિ નાંખતા તેનું અભિવાદન કર્યું. દોલોરેસની નજર માત્ર ઊણપો ઉપર જ રહેતી હતી. છોકરીની સુંદરતાએ તેની ઉપર અસર કરી હતી પણ એમ લાગતું હતું કે તેણે કોઈપણ રીતે તે ન દર્શાવી અને તેના રસોડાના કામ ઉપરથી નિર્ણય કરવાનું વિચાર્યું કે છોકરીમાં કઈ ખામીઓ હતી.

"સ્વાદિષ્ટ વાનગી છે!" તે દિવસે તેણે પોતાના દીકરાની સાથે એકલા રહેતાં પોતાનું માથું ધુણાવ્યું, "ઘણી જ સ્વાદિષ્ટ!" અને, નિસાસો નાખ્યા પછી, "જોજે તું આટલી સુંદર પત્નીને કારણે મુશ્કેલીમાં ન આવી પડે. મને લાગે છે તારે સ્પેનીશ છોકરી સાથે પરણવું જોઈતું હતું," તેણે ક્ષણભર રોકાઈને પછી ઉમેર્યું: "અંહકારી, પણ છે. અને તેના હાથ, શા માટે, તે ઘરનું કામ પોતાના નાજુક હાથો વડે નથી કરતી."

"આપણે તેના તે પણ તોડી પાડીશું," પેદ્રોએ કહ્યું અને પોતાના હિસાબ ઉપર ઝૂક્યો.

દોલોરેસ બગાસું ખાતાં પેદ્રોને તેના કામમાં છોડી દેડી સાંજે બગીચામાં જતી રહી. તેને એકલીને જ, મિમોસાની ખુશ્બોવાળા બગીચામાં ચાંદનીમાં બેસી પોતાનાં જ સપનાઓમાં રાચવાનો શોખ હતો.

તે ચાંદનીમાં ચમકતાં સફેદ કમળોની સીમા પસાર કરી, હવાથી સરસરાહટ કરતી લીલી ઝાડીઓ પસાર કરી, ધીચોધીચ ઊગેલી મેંદીવાળા કિનારા તરફ ગઈ, તે તેની ઉપર નીચે બેસી ગઈ અને તરત જ પોતાનાં સ્વપ્નોમાં ખોવાઈ ગઈ. સ્વપ્નોમાં તે પડોશીના ખેતરને ખરીદી રહી હતી, નવી છાપરીઓ અને ઓરડીઓ બંધાવી

રહી હતી, સુંદર ઊનવાળાં ઘેટાં ઉછેરી રહી હતી...

"તારું સત્યાનાશ જાય," પોતાના ગાલ ઉપર લપડાક મારતાં ડોસી ગુસ્સામાં બરાડી ઊઠી. "પેલાં મચ્છરો એક ક્ષણ પણ આરામ નથી લેવા દેતાં."

આકાશમાં વાદળાં છવાઈ ગયાં અને બગીચામાં અંધારું થઈ ગયું. અંધારિયા આકાશની ક્ષિતિજ ઉપર આસમાની પટ્ટો નમેલો હતો. શહેર પરાનાની બત્તીઓ ઝગમગી ઊઠી હતી.

અચાનક, નીચા પથ્થરની વાડ ઉપર, તેણે માણસનું માથું જોયું. હાથકડીવાળા ઊંચકાયેલાં હાથ નજરે પડયાં અને માણસ સાવધાનીથી વાડ ઉપર આવ્યો.

ડોસી ભયને કારણે ધ્રૂજી ઊઠી. નાસી છૂટેલો ગુનેગાર તેના બગીચામાં! તે બૂમ પાડવા ઇચ્છતી હતી પણ પાડી નહોતી શકતી. તેણે ઊભા થઈ દોડવાનો પ્રયત્ન કર્યો પણ તેના પગ અકડાઈ ગયાં હતાં. ત્યાં જ કિનારા ઉપરથી, મંત્રમુગ્ધ ડોસી અજાણ્યા માણસને જોતી રહી.

તે દરમિયાન માણસે ઝાડીઓની વચ્ચેથી સાવધાનીથી ઘર તરફ રસ્તો લઈ લીધો હતો. અને એક પછી એક બારીમાં ડોકિયાં કરતો ચુપચાપ જઈ રહ્યો હતો.

પછી તેણે નરમાશથી બોલતો તેને સાંભળ્યો — કે તેની ભૂલ થઈ હતી? — "ગૂટ્યેરે!"

"તે તારી સુંદરતા તારા માટે જ છે." તેણે વિચાર્યું, "તે તેવા જ પ્રકારના લોકોની પાછળ વળગે એવી છે. જો તે મારું અને પેદ્રોનું ખૂન કરે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નહોતું. તે તો ઘરમાં જ ખાતર પાડીને પેલાં પોતાનાં ગુનેગાર સાથે ભાગી જાય..."

ગૂટ્યેરે માટે ઈર્ષા ભરેલાં ધિક્કારની લાગણીથી ડોસી [illegible]. તેની તાકાત પાછી આવી ગઈ અને તે કૂદીને ઉપરથી ઠેલતી ડોલતી અંદર ચાલી ગઈ.

"જલદી કર!" દોલોરેસે પોતાના દીકરાના કાનમાં કહ્યું. "આપણા બગીચામાં એક ગુનેગાર છે. તે ગૂટ્યેરેને નચાવી રહ્યો છે."

પેદ્રો જાણે ઘરમાં આગ લાગી હોય તેમ ધસ્યો, બગીચાના રસ્તા પાસે પડેલી કોદાળી ઉપાડીને ખૂણા તરફ દોડયો.

દીવાલની પાસે ઊભેલો અને બારીમાં ડોકિયાં કરતો અજાણ્યો માણસ કરચલીવાળા કપડાંમાં હતો અને તેના હાથમાં હાથકડીઓ હતી.

"તારું સત્યાનાશ થાય!" ઝુરીતા બબડયો અને માણસના માથા ઉપર પોતાની કોદાળી મારી આવ્યો.

જાણે કપાઈ ગયો હોય તેમ માણસ નીચે પડયો.

"તે તેનો બદલો છે..." ઝુરીતાએ ધીમા અવાજે કહ્યું.

"તે હકીકત છે," તેના સૂરમાં સૂર પુરાવતી દોલોરેસ સહમત થઈ. જો તેના દીકરાએ વીંછીને છૂંદી નાંખ્યો હોય તો પણ તેવા જ સ્વરનો ઉપયોગ કર્યો હોત.

ઝુરીતાએ પોતાની મા સામે જોયું.

"આપણે તેને ક્યાં લઈ જવો જોઈએ?"

"તળાવમાં," ડોસીએ દર્શાવ્યું. "તે ઊંડું છે."

"તે સપાટી ઉપર આવશે."

"આપણે તેને વજન બાંધીશું. પળવાર ઊભો રહે."

દોલોરેસ અંદર દોડી ગઈ અને મરેલા માણસને અંદર

મૂકવા માટે બેચેનીથી કોથળો શોધ્યો. પણ તે જ સવારે તેણે પોતાનાં બધાં જ કોથળાઓ ઘઉં ભરીને મિલમાં મોકલી દીધાં હતાં. તેથી તેણે તકિયાનો ગલેફ અને લાંબી દોરી દીધાં.

"એકપણ કોથળો નથી," તેણે પોતાના દીકરાને કહ્યું. "આ લે, તકિયાના ગલેફમાં થોડાં પથ્થરાં મૂક અને તેને તેની હાથકડીઓ સાથે બાંધી દે."

ઝુરીતાએ હકારમાં માથું ધુણાવ્યું, પોતાની પીઠ ઉપર તે શરીરને ઉપાડયું અને બગીચાની પાછળના નાના તળાવ તરફ તેને ઘસડી ગયો.

"લોહીનું ધ્યાન રાખ," હાથમાં તકિયાનો ગલેફ અને દોરી લઈને, પાછળ ડોલતી ડોલતી ચાલતી દોલોરેસે તેના કાનમાં કહ્યું.

"તું તેને ધોઈ કાઢજે," માણસનું માથું નીચે મૂકતાં, પેદ્રોએ જવાબ આપ્યો. ગમે તેમ, તેથી કરીને લોહી જમીન ઉપર પડે.

તળાવ ઉપર ઝુરીતાએ ઝડપથી તકિયાના ગલેફમાં પથ્થરાં ભરી દીધાં, તેને જુવાન માણસના હાથ સાથે સખત રીતે બાંધી દીધો. અને શરીરને પાણીમાં ધકેલી દીધું.

"મારે કપડાં બદલવાં જોઈએ." પેદ્રોએ આકાશ તરફ નજર નાખી. "વરસાદ પડવાનો છે. સવાર પડતાં સુધી તો ઘાસ ઉપર લોહીનું નિશાન પણ નહીં હોય."

"અને તળાવ વિષે શું, તેનું પાણી લાલ નહીં થઈ જાય?" દોલોરેસે પૂછ્યું.

"ના, વહેતા પાણીના તળાવમાં નહીં. અરે, તે ભાડમાં જાય!" ઝુરીતા ખીજમાં બબડયો અને ઘરની

[illegible] પોતાની બંધ મુઠ્ઠીઓ હલાવી.

"તે તારા માટેની તારી સુંદરતા છે," ડોસી પોતાના [illegible]ની પાછળ પાછળ ઘર તરફ જતાં, ભરાયેલાં અવાજે [illegible] રહી હતી.

ગૂટ્યેરેને માળિયામાં ઓરડો આપવામાં આવ્યો. તે [illegible] ગૂંગળામણ, મચ્છરોનાં કરડવાને કારણે અને પોતાના [illegible]માં ઉભરાતાં ખરાબ વિચારોને કારણે તે ઊંઘી નહોતી [illegible].

ઈક્ષિથઆન્દરની યાદ હજી પણ તેની અને તેની [illegible]ની વચ્ચે આવતી હતી. તે પોતાના પતિને પ્રેમ નહોતી [illegible]તી. પોતાની સાસુ પ્રત્યે તેને સખત ધૃણા હતી, તેમ છતાં તે તેમની સાથે જ રહેતી હતી...

ગૂટ્યેરેએ વિચાર્યું કે તેણે તેને બોલાવતો ઈક્ષિથઆન્દરનો અવાજ સાંભળ્યો. મંદ પડેલા અવાજો જેવો ગણગણાટ તેની બારી તરફથી આવતો હતો. તેણે સાંભળ્યું પણ કંઈપણ ન સંભળાયું. પરોઢ પડવા તરફ તેણે નિર્ણય કર્યો કે તે રાત્રે બિલકુલ નહીં ઊંઘે. તે બહાર બગીચામાં ગઈ.

હજુ સૂર્ય ઊગ્યો નહોતો. પરોઢ પહેલાંની ઝાકળમાં લપેટાયેલો બગીચો તેની સામે હતો. વાદળાઓ એકબીજાનો પીછો કરી રહ્યાં હતાં. અને ઝાકળનાં ટીપાં ઘાસ અને વૃક્ષોમાં ચળકતાં હતાં. હલકાં ઝભ્ભામાં અને ઉઘાડા પગે ગૂટ્યેરે ઘાસ ઉપર ચાલી રહી હતી. અચાનક તે પળવાર રોકાઈ ગઈ. રસ્તામાં, તેની બારી બહાર, રેતી લોહીથી ખરડાયેલી હતી. લોહીથી ખરડાયેલી કોદાળી નજીકમાં જ પડી હતી.

તે રાત્રે કોઈ ગુનો કરવામાં આવ્યો હતો, કે આ લોહીનાં નિશાનો માટે કોઈ બીજો ખુલાસો હતો?

સાહજિકતાથી ગૂટ્યેરે નિશાનને અનુસરી જે તેને તળાવ તરફ લઈ ગયું.

ત્યાં નીચે, પેલા લીલા પાણીમાં સીધું તેના તરફ જોતો ઈક્વિથઆન્દરનો ચહેરો હતો. લમણાની નજીક ઘાવ હતો. ચહેરા ઉપર પ્રસન્નતા મિશ્રિત પીડા દેખાતી હતી.

તે ગાંડી થઈ શકતી હતી?

ગૂટ્યેરે ભાગી જવા ઈચ્છતી હતી, પણ ન ભાગી શકી. ન તો ઈક્વિથઆન્દરના ચહેરા ઉપરથી પોતાની આંખો દૂર કરી શકી.

તે દરમિયાન ઈક્વિથઆન્દરનો ચહેરો ધીમે ધીમે ઉપર આવી રહ્યો હતો, છેવટે પાણીની લહેરીઓ વચ્ચે તેનો ચહેરો સ્પષ્ટ દેખાયો. ઈક્વિથઆન્દરે પોતાના હાથકડીવાળા હાથ ગૂટ્યેરે તરફ લંબાવ્યા અને ફિક્કું હસ્યો.

"ગૂટ્યેરે!" તેણે કહ્યું. "મારી સૌથી પ્રિય! છેવટે..." પણ તેણે પૂરું નહોતું કર્યું.

પોતાનું માથું બંને હાથોમાં પકડી ગૂટ્યેરે બૂમરાણ કરી રહી હતી:

"જતો રહે! જતો રહે! કમનસીબ ભૂત! હું જાણું છું તું મારી ગયો છે. તું શા માટે મારી સામે આવ્યો છે?"

"ના, ના, ગૂટ્યેરે, હું મરેલો નથી," ભૂતે ઉત્તાવળથી જવાબ આપ્યો, "હું ડૂબીને મરી નહોતો ગયો. મને માફ કરી દે... તું મારા વિષે ઘણી વાતો નથી જાણતી... શા માટે મેં તને કહ્યું નહીં... અરે, જતી ના રહે, મને સાંભળ, હું જીવતો છું, અહીં, મારા હાથોને સ્પર્શી જો..."

ને તેના તરફ હાથ લંબાવી રહ્યો હતો. ગૂટ્યેરે તેની તરફ અપલક નજરે તાકતી રહી.

"ગભરા નહીં, હું જીવતો છું... હું પાણીની અંદર રહી શકું છું. હું બીજાં લોકો જેવો નથી. હું પાણીની અંદર રહી શકું છું. હું પેલી વખતે ડૂબીને મરી નહોતો ગયો, હું દરિયામાં કૂદી પડયો હતો. મારા માટે જમીન ઉપર શ્વાસ લેવો મુશ્કેલ હતો તેથી મેં કર્યું હતું."

ઇક્થિઆન્દરે તેને પ્રભાવિત કરી, પછી પહેલાં જેટલી જ ઝડપથી અને અસંબદ્ધતાથી આગળ કહેવાનું ચાલું રાખ્યું:

"હું તારી શોધમાં હતો, ગૂટ્યેરે. ગઈકાલ રાત્રે જ્યારે હું તારી બારી બહાર ઊભો હતો ત્યારે તારા પતિએ મારા માથા ઉપર ઘા કર્યો અને પછી મને તળાવમાં ફેંકી દીધો. હું પાણીમાં આવ્યો. મેં પેલાં પથ્થર ભરેલાં કોથળાને દૂર કરી શકતો હતો પણ કરી ન શક્યો," અહીં ઇક્થિઆન્દરે હાથકડીઓ ઉપર કરી બતાવી, "આ..."

ગૂટ્યેરેને હવે એકદમ વિશ્વાસ બેસી ગયો હતો.

"પણ તારા હાથમાં હાથકડીઓ શા માટે પડી છે?"

"તેના વિષે હું પછી કહીશ. મારી સાથે ચાલ, ગૂટ્યેરે. આપણે મારા પિતાની પાસે સંતાઈ જઈશું, કોઈપણ આપણને ત્યાં શોધી નહીં શકે... અને આપણે સાથે થઈ જઈશું... મારા હાથને અનુભવે છે, ગૂટ્યેરે. ઓલ્સેને મને કહ્યું હતું કે લોકો મને 'દરિયાઈ રાક્ષસ' કહે છે પણ હું માનવી છું. શા માટે તું મારાથી ડરે છે?"

માથાથી પગ સુધી કાંપથી ખરડાયેલો ઇક્થિઆન્દર ધીમે ડગલે તળાવમાંથી બહાર આવ્યો અને થાકેલો ઘાસ ઉપર નમી પડયો.

ગૂટ્યેરેએ તેની ઉપર ઝૂકતાં તેનાં હાથ પકડયાં.

"બિચારો છોકરો," તેણે કહ્યું.

"કેવું રોચક મિલનસ્થાન છે!" અચાનક તેમની તરફ ઉપહાસ કરતો અવાજ આવ્યો.

તેઓએ પાછળ ફરીને જોયું તો નજીકમાં જ ઝુરીતા ઊભો હતો.

ગૂટ્યેરેની જેમ, ઝુરીતા પણ રાત્રે એક મટકું મારી નહોતો શક્યો. તે ગૂટ્યેરેની બૂમથી આકર્ષાઈને બગીચામાં આવ્યો હતો. અને તેણે આખો વાર્તાલાપ સાંભળ્યો હતો. જ્યારે પેદ્રોને સમજાયું કે જે "દરિયાઈ રાક્ષસ"ને પકડવા માટે તે લાંબા સમયથી પ્રયત્ન કરતો હતો તે તેનાથી વેંતભર દૂર હતો. તેણે પોતાના ભાગ્યશાળી સિતારાઓનો આભાર માન્યો અને તે જ સમયે ઇક્થિઆન્દરને 'જેલીફીશ' પર લઈ જવાનો નિર્ણય કર્યો. પણ પછી તેણે બીજો વિચાર કર્યો.

"મને નથી લાગતું કે તું ગૂટ્યેરેને ડૉક્ટર સાલ્વાતોર સુધી લઈ જઈ શકશે. તું જાણે છે, એ મારી પત્ની છે. તદ્ઉપરાંત પોલીસ તારી પાછળ છે."

"પણ મેં કોઈ ખોટું કામ કર્યું નથી!" જુવાન ચીસ પાડી ઉઠયો.

"લોકો કે જેણે કંઈ ખોટું કર્યું નથી તેમને પેલાં સુંદર નાનાં બ્રેસલેટથી નવાજવામાં નથી આવતા. અને હવે તું મારાં હાથમાં છે તેથી હું માનું છું કે તને પોલીસને સુપુર્દ કરવાની મારી ફરજ છે."

"ચોક્કસપણે, તું તેમ નથી કરવાનો?" ગૂટ્યેરેએ પોતાના પતિને રોષે ભરાઈને કહ્યું.

"મારી ફરજ મને તેમ કરવા ચીંધે છે," પોતાનાં ...માં ઊંચકતાં પેદ્રોએ કહ્યું.

"તે સારી વાત હતી," હમણાં જ આવેલી દોલોરેસે ...માં જ કાપ્યું. "ગુનેગારને છોડી મૂકવો. અને શા માટે? બીજા માણસના બગીચામાં શિકાર કરવા માટે અને તેની પત્નીને ભગાડી જવા માટે તક આપવા માટે?"

ગૂટ્યેરે પોતાના પતિની સામે ગઈ, તેનાં હાથ પકડ્યાં અને વિનમ્રતાથી કહ્યું:

"મહેરબાની કરીને જવા દે તેને. મેં તારું કંઈ ...ગાડ્યું નથી..."

દોલોરેસે જોશથી પોતાનું માથું હલાવ્યું, તેને ડર લાગ્યો કે તેનો દીકરો છોડી દેશે.

"તેને ન સાંભળ, પેદ્રો!" તેણે બૂમ પાડી.

"સ્ત્રીની આજીજીનો હું વિરોધ નથી કરી શકતો," ઝુરીતાએ શિષ્ટતાથી કહ્યું. "હું તારી ઇચ્છા પ્રમાણે કરીશ."

"હમણાં જ પરણેલો અને એકદમ સ્ત્રીનો ગુલામ," ડોસીએ ચીડથી કહ્યું.

"એક મિનિટ રાહ જો, મા. અમે તારી હાથકડીઓ કાનસથી કાપી કાઢીશું, ભલા જુવાન, કંઈક શોભાસ્પદ વસ્ત્રપરિધાનની છટા આપીશું અને 'જેલીફીશ'ના તૂતક ઉપર તને લઈ જઈશું. જ્યારે આપણે અખાત લા-પ્લાતામાં પહોંચીએ ત્યારે તારી જ્યાં પણ ઇચ્છા હોય ત્યાં તૂતક ઉપરથી કૂદી શકે છે. પણ માત્ર એક જ શરત ઉપર હું તને જવા દઈશ: તારે ગૂટ્યેરેને ભૂલી જવાની. અને ગૂટ્યેરે, હું તને પણ સાથે લઈ જઈશ. તું મારી સાથે વધારે સલામત રહીશ."

"મેં વિચાર્યું હતું તેના કરતાં તું વધારે સારો છે," ગૂટ્યેરેએ નિખાલસતાથી કહ્યું.

ઝુરીતા આત્મસંતોષથી પોતાની મૂછને વળ આપતાં પોતાની પત્ની તરફ નમ્યો.

દોલોરેસ પોતાના દીકરાને સારી રીતે જાણતી હતી. તેણે કલ્પના કરી કે તે કંઈક બીભત્સ યોજના યોજી રહ્યો હતો. પણ, તેની રમત રમવા માટે, તેણે બડબડાટ કરવાનો ચાલુ રાખ્યો: "સ્ત્રીના ગુલામ જેવો છે તું. ભલે, તને જે બધું મળશે, તેને લાયક જ છે તું."

આગળ સંપૂર્ણ ઝડપ!

"સાલ્વાતોર આવતીકાલે આવે છે. જ્યારે આપણી પાસે વાત કરવા માટે ઘણું હતું તે જ વખતે મારા તાવે મને દૂર રાખ્યો," ક્રીસ્તો બલ્તાઝારને તેની દુકાનમાં કહી રહ્યો હતો. "તારાં કાન સરવા કરી ધ્યાનથી સાંભળ, અને મને વચ્ચે ન રોક, જેથી હું એક પણ વાત ન ભૂલું."

તાવ ઊતર્યા પછી હજી પણ અશક્ત એવો ક્રીસ્તો પળવાર રોકાયો, પોતાના વિચારો ક્રમબદ્ધ કર્યાં પછી આગળ ચલાવ્યું:

"આપણે ઝુરીતા માટે ઘણું બધું કર્યું, ભાઈ. તેની પાસે આપણાં બંને કરતાં વધારે ચીજવસ્તુઓ છે પણ તેમ છતાં હજુ વધારે મેળવવા ઇચ્છે છે, તે 'દરિયાઈ રાક્ષસ'ને પકડવા ઇચ્છે છે..."

બલ્તાઝાર બોલવા ગયો.

"ઊભો રહે, ભાઈ. બીજું હું કંઈક ભૂલું છું. ઝુરીતા 'દરિયાઈ રાક્ષસ'ને પોતાની ગુલામી માટે ઇચ્છે છે. અને તું જાણે છે 'દરિયાઈ રાક્ષસ' શું છે? નિયમિત ખજાનો. ન કહેવાય તેવી સંપત્તિ. 'દરિયાઈ રાક્ષસ' દરિયાના તળિયામાંથી મોતીઓ વીણી શકે છે — ગમે તેટલી સંખ્યામાં. પણ તેટલું જ પૂરતું નથી. દરિયાના તળિયા ઉપર પુષ્કળ પ્રમાણમાં ડૂબેલો ખજાનો છે. તે તેને આપણા માટે લાવી શકે છે. હું કહું છું, 'આપણા', ઝુરીતા નહીં, અને મારો ઇરાદો તે છે. તું જાણે છે, ભાઈ, કે ઇક્થિઆન્દર ગૂટ્યેરે સાથે પ્રેમમાં છે?"

બલ્તાઝાર કંઈક કહેવા ઇચ્છતો હતો પણ ક્રીસ્તોએ તેને બોલવા ન દીધો.

"શાંતિ રાખ અને સાંભળ, સાંભળીશ તું. જ્યારે કોઈ મને વચ્ચેથી રોકે ત્યારે હું બોલી શકતો નથી. હા, ઇક્થિઆન્દર ગૂટ્યેરેના પ્રેમમાં છે. તે મારાથી છૂપું નથી. જ્યારે હું તે સમજ્યો ત્યારે મેં મનમાં કહ્યું: 'તે ખરાબ વાત નથી,' મેં કહ્યું. 'તેને સારી રીતે અને યોગ્ય રીતે તેના પ્રેમમાં પડવા દો. તે ઝુરીતા કરતાં વધારે સારો પતિ અને જમાઈ બનશે.' અને ગૂટ્યેરે પણ ઇક્થિઆન્દરને પ્રેમ કરે છે. ઇક્થિઆન્દરને વચ્ચે કોઈપણ રીતે ન આવીને મેં તેમને સાથ આપ્યો છે."

બલ્તાઝારે નિસાસો નાખ્યો. પણ કંઈપણ કહેવાનો પ્રયત્ન ન કર્યો.

"અને તેટલું જ પૂરંતુ નથી, ભાઈ. આગળ સાંભળ. હું ઘણાં, ઘણાં વર્ષો પહેલાં બનેલી પેલી ઘટનાઓને તારા ધ્યાનમાં લાવવા ઇચ્છું છું. લગભગ વીસ વર્ષ પહેલાંની

વાત હતી, તને યાદ હશે કે હું પોતાનાં સગાંવહાલાંને મળીને ઘરેથી આવતી તારી પત્નીની સંગાથે હતો. અમે તેની માને દફનાવવા પહાડોમાં હતાં. રસ્તામાં જ મરેલા બાળકને જન્મ આપી તારી પત્ની મરી ગઈ હતી. તે સમયે મેં તને બધી વાત કહી નહોતી, તારી લાગણીઓને ન દુભાવવાની ઇચ્છાને કારણે. અહીં સાંભળ આખી વાત. તારી પત્ની રસ્તામાં મરી ગઈ હતી તે સાચું છે, પણ બાળક જીવતું જન્મ્યું હતું, જો કે બહુ જ નબળું હતું. આ બધું જ એક નાના ઇન્ડિયન ગામમાં બન્યું હતું. અને એક ડોસીએ મને કહ્યું કે એક મહાન જાદુગર, દેવ સાલ્વતોર, બહુ દૂર નથી રહેતો ... "

બલ્તાઝારના કાન સરવા થયાં.

"તેણે મને બાળકને સાલ્વાતોર પાસે લઈ જવાની સલાહ આપી, કહ્યું કે તેની પાસે તેનો ઇલાજ હતો. મેં તેના કહેવા પ્રમાણે કર્યું. સાલ્વાતોરે બાળકને લીધું. તે છોકરો હતો ... પોતાનું માથું ધુણાવ્યું અને કહ્યું: 'તેને બચાવવો એ બહુ મુશ્કેલ છે.' પણ તેમ છતાં તેણે તેને અંદર લીધો. હું રાત પડી ત્યાં સુધી ત્યાં રાહ જોતો રહ્યો. જ્યારે અંધારું વધી ગયું ત્યારે એક હબસી બહાર આવ્યો અને મને કહ્યું કે બાળક મરી ગયું હતું. પછી હું જતો રહ્યો ... "

"આમ," પળવાર થોભ્યા પછી ક્રીસ્તોએ આગળ કહ્યું, "સાલ્વાતોરે હબસી મારફત મને કહ્યું કે બાળક મરી ગયું હતું. હવે તે વખતે તરતનાં જન્મેલાં બાળક ઉપર લાખું જોયું હતું. મને તેનો આકાર અને બીજું બધું થોડુંક થોડુંક યાદ હતું."

ત્રીજા પળભરના વિરામ પછી ક્રીસ્તોએ ફરીથી પોતાની વાર્તા આગળ ચલાવી.

"થોડા વખત પહેલાં ગળા ઉપર ઘાવ લઈને ઇક્વિથઆન્દર ઘેર આવ્યો. જ્યારે હું તેની પટ્ટી બાંધી રહ્યો હતો ત્યારે મેં તેના કવચના કોલરને ઊંચો કરતાં બિલકુલ તારા દીકરાનાં જેવું લાખું જોયું."

આવેશમાં આંખો પહોળી કરતાં બલ્તાઝારે પૂછ્યું:

"તારો વિચાર છે ઇક્વિથઆન્દર મારો દીકરો છે?"

"શાંત રહે, ભાઈ, અને સાંભળ. હા, હું બિલકુલ તેમ જ વિચારું છું. સાલ્વાતોરે મને ખોટું કહ્યું. તારો દીકરો મરી નહોતો ગયો, સાલ્વાતોરે તેને 'દરિયાઈ રાક્ષસ' બનાવી દીધો."

"ઓહ!" મૂંઝાયેલો બલ્તાઝાર બરાડી ઊઠયો. "તેની તેમ કરવાની હિંમત કેવી રીતે થઈ! હું મારા હાથે તેને મારી નાખીશ."

"શાંતિ રાખ. સાલ્વાતોર તારા કરતાં વધારે શક્તિશાળી છે. અને પછી કદાચ મારી કોઈ ભૂલ પણ થતી હોય. વીસ વર્ષો વીતી ગયાં. કોઈક બીજાને પણ બિલકુલ તેવું જ લાખું હોઈ શકે. ઇક્વિથઆન્દર તારો દીકરો હોઈ પણ શકે અને ફરી ન પણ હોઈ શકે. તારે સાવધાનીથી રમત રમવી જોઈએ. તું સાલ્વાતોર પાસે જા અને તેને કહે કે ઇક્વિથઆન્દર તારો દીકરો છે. હું તારી સાક્ષી આપીશ. તું તારા દીકરાને તને પાછો સોંપવાની માંગણી કરજે. એ ભૂલતો નહીં કે તું તેને કહીશ કે બાળકોને અપંગ બનાવવાને કારણે તે તેના ઉપર અદાલતમાં દાવો કરશે. તેનાથી તે બરાબર ગભરાઈ જશે.

જો તે હઠ કરે તો તું અદાલતમાં જશે. આપણે તેને અદાલત સુધી નહીં ખેંચી શકીએ તો માત્ર ઈક્વિથઆન્દર ગૂટ્યેરે સાથે પરણશે અને બધું જ પૂરું થશે. છેવટે તો તે તારી માત્ર દત્તક દીકરી જ છે..."

બલ્તાઝારે પોતાના સ્ટૂલ ઉપરથી કૂદીને દુકાનમાં ઉપર અને નીચે ડગલાં ભરવાનું શરૂ કર્યું. ભોંયતળિયા ઉપરનાં બધાં જ કરચલાઓ અને છીપલાંઓને કચડી નાખ્યા.

"મારો દીકરો! મારો દીકરો! અને આ તો કેવું કમનસીબ!"

"શા માટે કમનસીબ?" ક્રીસ્તોએ આશ્ચર્યની પૂછ્યું.

"મેં તને સાંભળી લીધો, હવે તું મને સાંભળી લે. જ્યારે તું તાવમાં પટકાયો હતો ત્યારે ગૂટ્યેરે પેદ્રો ઝુરીતા સાથે પરણી ગઈ."

આ સમાચારે ક્રીસ્તોને આઘાત પહોંચાડ્યો.

"અને ઈક્વિથઆન્દર, બિચારો મારો દીકરો," બલ્તાઝારે પોતાનું માથું લટકાવતાં કહ્યું. "ઝુરીતાના હાથમાં છે."

"અસંભવ," ક્રીસ્તોએ કહ્યું.

"હા, ઈક્વિથઆન્દર 'જેલીફીશ'ના તૂતક ઉપર છે. આજે સવારે ઝુરીતા મને અહીં મળવા આવ્યો હતો. તે હસ્યો અને અમારા માટે અપશબ્દો બોલ્યો. તેણે કહ્યું અમે તેને છેતરી રહ્યાં હતાં. વિચાર માત્ર કર, તેણે પોતાની મેળે જ, આપણી કોઈપણ મદદ વિના ઈક્વિથઆન્દરને પકડી લીધો. તે આપણને કંઈપણ બદલો નહીં ચૂકવે. પણ કોઈપણ રીતે હું એની પાસેથી કંઈપણ નથી લેવાનો. હું મારા પોતાના દીકરાને નથી વેચવાનો."

ગાંડો થયેલ બલ્તાઝાર દુકાનની બધી વસ્તુઓ તોડવા ફોડવા લાગ્યો. ક્રીસ્તોએ અણગમાથી તેની તરફ જોયું. આખી ઘટના હવે હાથમાં જ હતી. પણ આ પ્રમાણે લેતાં તો, બલ્તાઝાર તરત જ સ્થિતિ વેડફી શકતો હતો. ક્રીસ્તો પોતે, બલ્તાઝારના પિતૃત્ત્વમાં વધારે વિશ્વાસ નહોતો રાખતો. એ સાચું કે તેણે જન્મેલાં બાળક ઉપર લાખું જોયું હતું. પણ શું તે પૂરતું હતું આખી ઘટના ઊભી કરવા માટે? તેવું જ લાખું ઇક્વિથઆન્દરના ગળા ઉપર જોતાં આખો પ્રસંગ તેની ઉપર નિર્ધારિત કર્યો હતો. તે કેવી રીતે જાણી શકતો કે બલ્તાઝાર આમાં ગાંડાની જેમ વર્તશે. અને વળી બલ્તાઝાર પાસેથી સાંભળેલા સમાચારથી તે થોડો ભય પામ્યો હતો.

"હવે આંસુ વહેવડાવવા માટે સમય નથી. આપણે કંઈક કરવું જોઈએ. આવતીકાલે પરોઢિયે સાલ્વાતોર આવે છે. સ્વસ્થ થા અને સાંભળ. તું પરોઢિયે બંધ ઉપર મારી રાહ જોશે. આપણે ઇક્વિથઆન્દરને બચાવવો જોઈએ. પણ, હવે ધ્યાનમાં રાખજે, જઈને સાલ્વાતોરને એ ન કહેતો કે તું ઇક્વિથઆન્દરનો પિતા છે. ઝુરીતા ક્યાં ગયો છે?"

"તેણે કહ્યું નહોતું પણ મને લાગે છે કે તે ઉત્તરમાં છે. તેણે બહુ પહેલાં જ પનામાના કિનારા તરફ જવાનો નિર્ણય કર્યો હતો."

ક્રીસ્તોએ સંમતિ દર્શાવતાં માથું નમાવ્યું.

"તો યાદ રાખજે, તું ઊભો થજે અને પરોઢના પહેલા કિરણે બંધ ઉપર પહોંચજે. અને જો રાત પડે ત્યાં સુધી રાહ જોવી પડે તો પણ તે જ જગ્યાએ રહેજે."

ક્રીસ્તો ઉતાવળે ઘેર ગયો. આખી રાત તેણે સાલ્વાતોર સાથેની મુલાકાત વિષે વિચાર્યું. બીજો કોઈ રસ્તો નહોતો. તેણે તેનો સામનો કરવો પડે તેમ જ હતું અને આખી વાર્તા તૈયાર રાખવી જોઈએ.

પરોઢિયે સાલ્વાતોર આવી પહોંચ્યો. જ્યારે તે પોતાના માલિકને આવકારી રહ્યો હતો ત્યારે ક્રીસ્તોએ ચહેરા ઉપર વ્યથિત વફાદારીના ભાવો ધારણ કર્યા.

"આપણું દુર્ભાગ્ય છે..." તેણે કહ્યું, "મેં ઇક્વિથઆન્દરને અખાતમાં ન તરવા ચેતવ્યો હતો..."

"તેને શું થયું?" સાલ્વાતોરે અધીરાઈથી પૂછ્યું.

"તેને પકડી પાડવામાં આવ્યો અને વહાણના તૂતક ઉપર લઈ જવામાં આવ્યો. હું..."

સાલ્વાતોરે ક્રીસ્તોના ખભા પકડી લીધાં અને એકદમ નજીકથી તેની આંખોમાં તાક્યું. થોડી જ વારમાં તેણે નજર હટાવી, ક્રીસ્તો પેલી શોધતી નજરોમાં બદલાતાં રંગોને સહન ન કરી શક્યો. પછી સાલ્વાતોરે પોતાની ભ્રૂકુટીઓ ખેંચી, કંઈક બબડયો અને પોતાનાં હાથ ઢીલા કર્યાં.

"તું તેના વિષે મને વિગતવાર પછી કહેશે."

તેણે હબસીને બોલાવીને થોડાંક શબ્દો કોઈક ભાષામાં કહ્યાં, જેને ક્રીસ્તો જાણતો નહોતો. તે ફરીથી ઇન્ડિયન તરફ ફર્યો.

"મારી પાછળ આવ!" સાલ્વાતોરે આદેશ આપ્યો.

મુસાફરીએથી આવીને આરામ કર્યા વગર અને મુસાફરીનાં કપડાં પણ બદલ્યા વગર સાલ્વાતોર ઘરમાંથી બહાર નીકળી આવી બગીચો ઓળંગી ગયો. ક્રીસ્તો બહુ મુશ્કેલીથી તેની સાથે રહી શકતો હતો. ત્રીજી દીવાલે

નાજાં બે હબસીઓ તેમની સાથે થઈ ગયાં.

"મેં વફાદાર કૂતરાની જેમ રાત અને દિવસ ...ચ્યઆન્દરની રખેવાળી કરી હતી," હાંફતાં હાંફતા ક્રીસ્તો ...રહ્યો હતો. "મેં તેને જરાપણ છોડયો નહોતો..." પણ સાલ્વાતોર તેને સાંભળતો નહોતો. તળાવ પાસે ઊભા ...ને ઊઘડીને પહોળાં થતાં બાકોરાંમાંથી આવતાં પાણીના ...સારાને જોતો અને પોતાનાં પગથી ટપટપ કરતો હતો.

"મારી પાછળ આવો," ભૂગર્ભમાં દોરી જતાં નીચેનાં પગથિયાં તરફ ઉતાવળથી જતાં ફરીથી તેણે આદેશ આપ્યો. ક્રીસ્તો અને બે હબસીઓ ડૉક્ટરની પાછળ અંધારામાં અનુસર્યાં. સાલ્વાતોર એક સાથે પગલા ...નાં પગથિયાંઓની નીચેથી ધરતીના પેટાળમાંના ભુલભુલામણીવાળા રસ્તાઓમાં એકદમ ઘરમાં જ હોય તેમ, દોડી ગયો.

તળિયા ઉપર ઉતરતાં સાલ્વાતોર પહેલાં એક વખતની જેમ બત્તી ચાલુ કરવા ન ફર્યો પણ, પોતાના હાથના પગવારના સ્પર્શ પછી, પોતાની જમણી બાજુનું બારણું ઉઘાડયું. અને અંધારી પરસાળ ને ઓળંગી ગયો. ત્યાં પગથિયાં નહોતાં અને એકદમ ઘોર અંધકાર હોવા છતાં પણ, સાલ્વાતોર હવે એકદમ ઝડપથી જઈ રહ્યો હતો.

"ભગવાન પાસેથી હું આશા રાખું છું કે અહીં માણસને છેતરવાની કોઈ યુક્તિ નહોતી," સાલ્વાતોરની પાછળ ઉતાવળે જતાં ક્રીસ્તો વિચારી રહ્યો હતો. તેઓ ઘણાં લાંબા સમય સુધી જતાં રહ્યાં ત્યારે ક્રીસ્તોએ અનુભવ્યું કે જમીને નીચેની તરફ ઢોળાવ લેવાનો શરૂ કર્યો છે. તેણે વિચાર્યું કે તે પાણીનાં છબકારાં સાંભળી શકતો હતો.

પછી તેમનો પ્રવાસ પૂરો થયો. તેમનાથી સારા એવા આગળ પહોંચેલા સાલ્વાતોરે રોકાઈને બત્તી ચાલુ કરી. ક્રીસ્તોએ જોયું કે તે એક મોટી ગુફામાં હતો. જે દૂરના કિનારે ઢળતી છત સાથે વળતાં પાણીના મોટા લંબચોરસમાં ગોઠવાયેલ પથ્થરનાં ભોંયતળિયાના ટુકડા ઉપર ઊભી હતી. ભોંયતળિયાના કિનારા તરફ, પાણી ઉપર ક્રીસ્તોએ એક નાની સબમરીન જોઈ. નાની ટુકડી વહાણના તૂતક ઉપર ગઈ. સાલ્વાતોરે કેબીનમાં બત્તી ચાલુ કરી, જ્યારે એક હબસી તૂતક પરથી ભડકમાં જવાનાં દ્વારોને પાટિયાં વડે બંધ કરી રહ્યો હતો. અને બીજો મશીન ચાલુ કરી રહ્યો હતો. ક્રીસ્તોને લાગ્યું કે વહાણ હાલ્યું, ધીમેથી ગોળ ફરી, અંદર ડૂબ્યું અને ધીરે ધીરે આગળ વધ્યું. લગભગ બે એક મિનિટ પછી તેઓ સપાટી ઉપર આવ્યા. સાલ્વાતોર અને ક્રીસ્તો બહાર તૂતક ઉપર આવ્યા. ક્રીસ્તો પહેલાં કદી સબમરીનના તૂતક ઉપર ગયો ન હતો અને તેણે કુતૂહલથી તેને ચારેબાજુથી જોઈ.

"ઇક્થિઆન્દરને ફસાવનારા ક્યાં ગયાં છે?"

"ઉત્તરની તરફ, કિનારા સાથે," ક્રીસ્તોએ કહ્યું. "માલિક, મને આશા છે કે—તમે મને એ કહેવાની હિમ્મત કરવા બદલ માફ કરશો—જો હું મારા ભાઈને સાથે લેવાનો સૂઝાવ આપું તો તેને ચેતવવામાં આવ્યો છે અને તે કિનારા ઉપર રાહ જુએ છે."

"શા માટે?"

"મોતીના વેપારી ઝુરીતાએ ઇક્થિઆન્દરને પકડયો હતો."

"તું આ બધું કેવી રીતે જાણે છે?" સાલ્વાતોરે તેને

વચ્ચેથી જ કાપતાં પૂછ્યું.

"મેં મારા ભાઈને વહાણ વિષે જણાવ્યું હતું અને તેને ખાતરી હતી કે તે પેદ્રો ઝુરીતાનું 'જેલીફીશ' હતું. મારી ધારણા છે કે ઝુરીતા ઇક્થિઆન્દરને મોતી મેળવવાના કામમાં ઉપયોગમાં લેવા ઇચ્છે છે. અને મારો ભાઈ—બલ્તાઝાર—અહીંના આસપાસનાં મોતિયા મેદાનો વિષે બધું જ જાણે છે. તમે જોશો કે તે આપણને મદદરૂપ થશે."

સાલ્વાતોરે ઊંડો વિચાર કર્યો.

"ભલે. આપણે તારા ભાઈને સાથે લઈશું."

વહાણને કિનારા તરફ વાળવામાં આવ્યું અને નજરે પડતા રાહ જોતા બલ્તાઝારને લેવામાં આવ્યો. બંધ ઉપરથી બલ્તાઝારે પોતાના દીકરાને ચોરનાર અને તેને બેડોળ કરનાર માણસની સામે ભવાં ચડાવતાં જોયું. ગમે તેમ, જ્યારે સબમરીન કિનારાની વધારે નજીક આવી ત્યારે, તૂતક ઉપર જતાં પહેલાં, તેણે સાલ્વાતોરને વિનમ્રતાથી અભિવાદન કર્યું.

"આગળ એકદમ ઝડપથી ચાલો!" સાલ્વાતોરે આદેશ આપ્યો.

તે દૃઢતાથી વિશાળ મહાસાગરમાં તાકતો, તૂતક ઉપર જ રોકાયો.

અનોખો કેદી

ઝુરીતાએ વચન આપ્યા પ્રમાણે ઇક્થિઆન્દરની હાથકડીઓ દૂર કરી, તેને કપડાં આપ્યાં અને જ્યાં તેણે

પોતાનાં દસ્તાના અને ચશ્માં હતાં ત્યાં તે લેવા માટે નદી તરફ પણ લઈ ગયો. પણ જેવાં તેઓ 'જેલીફીશ'ના તૂતક ઉપર પહોંચ્યાં કે તરત જ ઝુરીતાના આદેશો ઉપર કામ કરતી ટુકડીએ ઇક્થિઆન્દરને પકડી લીધો અને બંધ કરી દીધો. બૂએનસ-આઇરસ ઉપર ઝુરીતા માલ-સામાન લેવા થોડી વાર રોકાયો. તે પોતાનું નસીબ બતાવવા બલ્તાઝારને મળવા ગયો. અને પછી બંદર છોડીને કિનારાને છેલ્લાં સલામ કરી અખાત રીઓ દા જાનેઇરો તરફ ઊપડી ગયો. તેનો ઇરાદો ઉત્તર તરફ દક્ષિણ અમેરિકા તરફ જવાનો અને કેરેબીઅન દરિયામાં મોતી વીણવાનું કામ શરૂ કરવાનો હતો.

ગૂટ્ટયેરેને તેણે કૅપ્ટનની કૅબીનમાં રાખી હતી. તેણે તેને ખાતરી આપી હતી કે તેણે ઇક્થિઆન્દરને અખાત લા-પ્લાતામાં જવા દીધો હતો. ગમે તેમ પણ થોડી જ વારમાં તેણે જાણી લીધું હતું કે તે સાચું નહોતું. સાંજે ગૂટ્ટયેરે ધીમી બૂમરાણો સાંભળીને ઓળખી ગઈ કે તે ઇક્થિઆન્દરનો અવાજ હતો. કૅબીનમાં તે એકલી જ હતી અને જ્યારે તેણે બહાર જવાનો પ્રયત્ન કર્યો ત્યારે જોયું કે બારણું બંધ હતું. તેણે બારણાં ઉપર મુક્કા મારી ખખડાવ્યું અને બૂમો પાડી પણ કોઈએ લેશ માત્ર ધ્યાન ન આપ્યું.

ઇક્થિઆન્દરની બૂમરાણો સાંભળતા ઝુરીતા ગાળોની ઝડી વરસાવતો બહાર આવ્યો, પુલ છોડીને, ઇન્ડિયન નાવિકને અનુસરતો, નીચે અંધારિયા અને ગૂંગળામણ ભરેલાં તૂતક નીચેનાં ભંડકિયામાં ગયો.

"શી યાતના છે કે જેના માટે તું બૂમબરાડા પાડી

રહ્યા છે?" ઝુરીતાએ પૂછ્યું.

"મને... મને ગૂંગળામણ થાય છે," ઈક્થિઆન્દરનો અવાજ તેની તરફ આવ્યો. "હું પાણી વિના જીવી નહીં શકું. અહીં બહુ ગૂંગળામણ છે. મને તરી આવવા દો. હું સવાર સુધી જીવતો નહીં રહું..."

ઝુરીતા તે જગ્યામાં દ્વારને ખણખણાવીને તૂતક ઉપર આવ્યાં. તે સાચે જ બકવાટ કરે છે, તેણે ચિંતાતુરતાથી વિચાર્યું. તેમાં તો ભલાઈ નથી.

તેણે નીચે ભંડકિયામાં પાણીથી ભરેલું પીપ ઉતારવાનો આદેશ આપ્યો.

"અહીં તારા માટે નાવણિયું છે, લે," ઝુરીતાએ ઈક્થિઆન્દરને કહ્યું. "તું તેમાં તરી શકે છે, અને આવતીકાલે હું તને દરિયામાં તરવા દઈશ."

ઈક્થિઆન્દર પીપમાં ચઢી ગયો. ઇન્ડિયન ટુકડીએ આશ્ચર્યનાં આંખો પહોળી કરતાં બારણું ચારેબાજુ દબાવી દીધું. તેઓ હજુ જાણતાં નહોતાં કે કેદી વાસ્તવમાં "દરિયાઈ રાક્ષસ" હતો.

"અહીંથી દૂર થઈ જાઓ!" ઝુરીતાએ બારણાના રસ્તા ઉપરથી જ તેમની તરફ બૂમ પાડી.

ઈક્થિઆન્દરને લાંબા થઈ શકવા જેટલી જગ્યા પણ ત્યાં પીપમાં નહોતી તો તરવાની વાત તો ક્યાંય દૂર રહી અને તેથી તેને પૂરા ડૂબવા માટે નીચા નમવું પડ્યું. તદુપરાંત પીપનો ખારું માંસ રાખવા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેમાંનું પાણી થોડી જ વારમાં તીવ્ર દુર્ગંધ છોડવા લાગ્યું, જેનાથી ઈક્થિઆન્દર માટે પહેલાં કરતાં પણ વધારે કફોડી પરિસ્થિતિ સર્જાઈ.

તે દરમિયાન વહાણ ઉત્તર તરફ વેગથી વધ્યું: તાજી અગ્નિ દિશાની હવા સામે દોડી રહ્યું હતું.

ઝુરીતા પરોઢ પહેલાંનાં સમયે પુલ ઉપરથી નીચે પોતાની કેબીનમાં ગયો. ધાર્યું હતું કે તેની પત્ની પહેલાં જ સૂઈ ગઈ હશે. પણ તેણે તેને સાંકડા ટેબલની નજીક, પોતાના હાથ ઉપર માથું ટેકવીને બેઠેલી જોઈ. તેના પ્રવેશતાં જ ગૂટ્ટયેરે ઊભી થઈ અને છત પરથી લટકતી બત્તીના ઝાંખા પ્રકાશમાં ઝુરીતાએ નિસ્તેજ પણ દૃઢનિશ્ચયી ચહેરો જોયો.

"તેં મને છેતરી," તેણે બોદા અવાજે કહ્યું.

કંઈક મૂંઝાયેલા, પોતાની પત્નીની રોષભરી નજરોથી શરમાયેલા, તેમ છતાં તેને છુપાવવા ચિંતાતુર ઝુરીતાએ— મને ખાતરી છે; હું નથી જાણતો; તારા કહેવાનો શો અર્થ છે—એવા ભાવની અસર ઉપજાવી અને પોતાની મૂછોને સ્ફૂર્તિથી વળ ચઢાવ્યો.

"ઇક્થિઆન્દરે 'જેલીફીશ'ના તૂતક ઉપર તારી નજીક રહેવાનું પસંદ કર્યું," તેણે મજાકમાં વિનોદ કરતાં કહ્યું.

"તે જૂઠાણું છે! તમે સ્વાર્થી અને તિરસ્કરણીય માણસ છો. હું તમને ધિક્કારું છું!" કોઈપણ જાતની ચેતવણી વિના તેણે દીવાલ ઉપરથી ખંજર ખેંચ્યું અને સીધું ઝુરીતા તરફ વીંઝયું.

"ઓહો," તેનો હાથ પકડતાં ઝુરીતાએ કહ્યું અને તેને એટલી જોરથી કચડયો કે તેના હાથમાંથી હથિયાર પડી ગયું.

પછી તેણે ખંજરને લાત મારી કેબીનમાંથી બહાર કર્યું અને પોતાની પત્નીનો હાથ છોડયો.

"હવે ઠીક છે," તેણે કહ્યું. "બરફનું પાણી તારો ... ઠંડો કર."

... તે બહાર જતો રહ્યો અને બારણે તાળું મારી ... દીધું.

જ્યારે તે તૂતક ઉપર આવ્યો ત્યારે પૂર્વી ક્ષિતિજ ગુલાબી ... થઈ રહ્યું હતું, જ્યારે હજી પણ સંતાયેલા સૂરજે ... કિનારાના સળગતાં વાદળાં છોડયાં હતાં. સવારની તાજી ... હવાથી સઢ ફરફરતાં હતાં. સમુદ્રી પક્ષીઓ અસાવધ ...વાંઓની શોધમાં ઉપર ગોળગોળ ઊડવા લાગ્યાં.

જ્યારે સૂરજ ઊગ્યો ત્યારે હજી પણ ઝુરીતા પીઠ ... હાથની પકડ રાખતો તૂતક ઉપર આંટા મારી ... હતો.

"સરસ, મેં સૌથી ખરાબ વસ્તુઓને પણ વ્યવસ્થિત ... દીધી છે, શું મેં નથી કરી," છેવટે તેણે પોતાની ... જ કહ્યું.

પછી તેણે ટુકડીને સઢોને સંકેલવાનો આદેશ આપ્યો. ...માં 'જેલીફીશે' નાના નાના તરંગો ઊછળતાં હોય ...વાં દરિયા તરફ લંગર નાખેલું હતું.

"કેદીને અને સાંકળને ખેંચી લો," ઝુરીતાએ આદેશ આપ્યા. જ્યારથી તે ઇક્થિઆન્દરને તૂતક ઉપર લાવ્યો ...ના ત્યારથી તેને તેની મરજીવા તરીકેની કામગીરી ચકાસણી કરવાની તીવ્ર ઇચ્છા હતી. "તદુપરાંત તે પાણીની અંદર ... આત્મશ્રદ્ધા પાછી મેળવશે," તેણે વિચાર્યું.

બે ઇન્ડિયનો ઇક્થિઆન્દરને ટાંગાટોળી કરી કૂવાથંભ પાસે તૂતક ઉપર લાવ્યા અને ત્યાં રોકાઈ ગયાં. પણ તેણે ...ની ફરતે નજર નાંખી વહાણનો કઠેરો માત્ર થોડા ડગલાં

જ દૂર હતો. ચેતવણી વિના ઇક્થિઆન્દર કઠેરા તરફ અચાનક ધસ્યો. અને બસ તૂતક ઉપરથી કૂદવામાં જ હતો કે ત્યાં જ ઝુરીતાની ભારી મુઠ્ઠીઓ તેના માથાની એક બાજુએ પડી. તે ઊંહકારો કર્યા વગર જ પડી ગયો.

"ઉતાવળ કરવાથી કંઈ વળવાનું નથી," ઝુરીતાએ ટૂંકમાં કહ્યું.

જ્યારે એક નાવિક એક છેડેથી બાંધવાનાં લીરાવાળી પાતળી સાંકળનું ગૂંચળું તૂતક ઉપર ઘસડી લાવ્યો કે જે લોખંડની બનેલી હતી, ત્યારે લોખંડનો ખણખણાટ થયો. હજી પણ બેભાન ઉભયવાસી પ્રાણીની શરીરની વચ્ચે—કમર ઉપર—ઝુરીતાએ લીરાને ઠીક રીતે ગોઠવ્યો અને તેના ઉપર તાળું મારી દીધું.

"તેના માથા ઉપર થોડું પાણી રેડો." તેણે નાવિકોને કહ્યું.

થોડી વાર પછી જુવાન ભાનમાં આવ્યો અને મૂંઝવણમાં સાંકળ તરફ તાકવા લાગ્યો કે જેમાં તે બંધાયેલો હતો.

"તે તને ભાગી જતો રોકવા માટે છે," ઝુરીતાએ સમજાવ્યું. "હું તને દરિયામાં જવા દઉં છું. તું મારા માટે મોતીનાં છીપલાં શોધશે. જેટલાં તું વધારે મોતી શોધશે, તેટલો વધારે લાંબો સમય તું દરિયામાં રોકશે. પણ કોઈ વિચિત્ર ધંધો નહીં, ધ્યાન રાખજે, કે પાછો ફરતાં તું પોતાના પીપમાં જતો રહેજે. સમજ્યો? હવે સોદો ઠીક છે?"

ઇક્થિઆન્દરે સંમતિ દર્શાવતાં માથું ધુણાવ્યું.

ને ઝુરીના માટે દરિયાનો બધો જ ખજાનો લાવવા તૈયાર હતો, જેથી લાંબો સમય તે તેના સાફ પાણીમાં રહી શકે.

ઝુરીના, બંધાયેલો ઈક્થિઆન્દર અને તેનો ઈન્ડિયન નોકર ફરીથી કઠેરા તરફ ગયાં. ગૂટ્યેરેની કેબીન વહાણની બીજી બાજુ હતી: ઝુરીના ખાસ કરીને નહોતો ઈચ્છતો કે તે ઈક્થિઆન્દરને સાંકળે બંધાયેલો જુએ.

ઈક્થિઆન્દરને પાણીમાં અને દરિયાના તળિયા ઉપર નીચે ઉતારવામાં આવ્યો. જો તે માત્ર સાંકળ તોડી શકતો હોત ના! પણ તે તેના માટે ખૂબ જ મજબૂત હતી અને સંપૂર્ણ આત્મસમર્પણ કરી ચૂકેલ ઈક્થિઆન્દર મોતીનાં છીપલાં એકઠાં કરીને તેના પડખામાં લટકતી થેલીમાં મૂકવા લાગ્યો. તેનાં પડખાંઓ ઉપર દબાયેલ લોખંડના ઘેરાને કારણે તેને શ્વાસ લેવામાં મુશ્કેલી થઈ રહી હતી. અને તેમ છતાં આખી રાત પેલાં દુર્ગંધ ભરેલાં પીપમાં રહ્યા પછી, ઈક્થિઆન્દર લગભગ ખુશી અનુભવી રહ્યો હતો.

તૂતક ઉપરના તલપતાં નાવિકો આ ઘટનાને જોઈ રહ્યાં હતાં. મિનિટો પસાર થઈ ગઈ પણ દરિયાના તળિયા ઉપરના માણસના ઉપર આવવાનાં કોઈ ચિહ્નો ન દર્શાવ્યાં. સપાટી ઉપર હવાનો પહેલો પરપોટો દેખાયો પણ તરત જ તે પણ શમી ગયો.

"જો પોતાના ફેફસામાં રહેલી હવા તેને મળતી રહેશે તો મને શાર્ક ખાઈ જશે. એમ લાગે છે કે માછલીની જેમ જાણે તે પોતાનાં ઘરમાં ન હોય તેમ અનુભવે છે," ઘરડા મરજીવાએ નીચે પાણીમાં કે જ્યાં જુવાનને પોતાના

15-1005

ચારેય હાથો સાથે દરિયાના તળિયા ઉપર ઘસડાતો સહેલાઈથી જોઈ શકાતો હતો ત્યાં ડોકિયું કરતાં મૂંઝવણમાં કહ્યું.

"કદાચ તે પોતે જ 'દરિયાઈ રાક્ષસ' છે?" નાવિકે ધીમેથી કહ્યું.

"'દરિયાઈ રાક્ષસ' હોય કે ન હોય પણ કૅપ્ટને સરસ સોદો કર્યો છે," પહેલાં સાથીએ કહ્યું. "આના જેવો એક મરજીવો બાર મરજીવા બરાબર છે."

જ્યારે સાંકળને ઉપર ખેંચવા માટે તેણે જોરથી ખેંચી ત્યારે સૂરજ બરાબર માથા ઉપર આવવામાં જ હતો. તેની થેલી છલોછલ ભરાઈ ગઈ હતી અને તે તેને ખાલી કરવા ઇચ્છતો હતો જેથી તે પોતાના કામ માટે આગળ વધી શકે.

ઇન્ડિયન નાવિકોએ અદ્ભુત મરજીવાને પળવારમાં ઉપર ખેંચી લીધો. દરેકે દરેક જણ પકડેલાં મોતીને જોવા પડાપડી કરી રહ્યું હતું.

સામાન્યપણે મોતીનાં છીપલાંઓને કેટલાંક દિવસો સુધી સડાવવા મૂકવામાં આવે છે. પણ આ વખતે ઝુરીતા અને તેની ટુકડી એકદમ અધીરા થઈ ગયાં હતાં. તેથી દરેક કામે લાગી ગયાં અને પોતાનાં ચપ્પાં વડે છીપલાંને તોડી તોડીને ખોલવા લાગ્યાં.

જ્યારે તેઓએ છીપલાં તોડવાનું પૂરું કર્યું ત્યારે દરેકે એક સાથે જ બોલવાનું શરૂ કર્યું. આતુર અવાજોનો ઘોંઘાટ તૂતક ઉપર છવાઈ ગયો. કદાચ ઇક્થિઆન્દર સારો એવો બદલો ચૂકવનારા શોધવામાં ભાગ્યશાળી રહ્યો હતો, પણ ગમે તેમ પોતાની પહેલી થેલીમાં તે જે કંઈ

લાવ્યો હતો તે દરેકની ધારણાથી પર હતું. અસંખ્ય મોતીઓમાં ઘણાં બધાં ઉચ્ચ કક્ષાનાં, ઉત્કૃષ્ટ આકાર અને મનોહર રંગોમાં હતાં. ખરેખર તેનો સૌથી પહેલો પકડાયેલો જથ્થો ઝુરીતા માટે ધનસંપત્તિ લાવ્યો હતો. વધારે મોટાં મોતીઓમાંથી એકની જ કિંમતથી તે નવું વહાણ ખરીદી શકતો હતો. ઝુરીતા સંપત્તિના રસ્તે હતો. તેનાં સપનાં સાચા પડી રહ્યાં હતાં.

પછી ઝુરીતા નાવિકોની મોતીઓ ઉપર પડતી લોભી નજરોથી સાવધાન થઈ ગયો. તેને તે ન ગમ્યું અને બહુ ટૂંકા સમયમાં કરેલી અઢળક કમાણી મોતીઓને પોતાની ઘાસની ટોપીમાં મૂકવાની તેણે ઉતાવળ કરી.

"આપણાં બધાંનો નાસ્તાનો સમય થઈ ગયો છે," ટુકડીને વિખેરવા તેણે કહ્યું. "તું ખોટો મરજીવો નથી, ઇક્થિઆન્દર. મારી પાસે અલાયદી કેબીન છે. હું તે તને આપવાનો છું. તે ત્યાં એટલી બંધિયાર નહિ હોય. અને હું તારા માટે ઝીંકની ટાંકી બનાવડાવીશ, જોકે, એમ જોતાં કે તને દરરોજ દરિયામાં તરવું ગમે છે તો કદાચ તને તેની જરૂર નહિ પડે. સાંકળે બંધાયેલું રહેવું પડશે, તે ચોક્કસ. પણ હું શું કરી શકું? નહીં તો તું પાછો પોતાની જગ્યાઓમાં, મારાથી દૂર તરી જાય."

ઇક્થિઆન્દરને ઝુરીતા સાથે બોલવામાં તીવ્ર અણગમો હતો. પણ જ્યાં સુધી તે પેલા માણસનો કેદી હતો ત્યાં સુધી તેણે પ્રયત્ન કરવો જોઈએ અને તેની પાસેથી રહેવા માટે યોગ્ય સગવડો લેવી જોઈએ.

"દુર્ગંધ મારતાં પીપ કરતાં તો ટાંકી વધારે સારી છે,"

તેણે ઝુરીતાને કહ્યું. "પણ મારા સાનુકૂળતાથી શ્વાસ લેવા માટે તારે વારંવાર પાણી બદલવું જોઈએ."

"કેટલી વાર?"

"દરેક અડધા કલાકે," ઇક્થિઆન્દરે કહ્યું. "વહેતું પાણી હજી પણ વધારે સારું રહેશે."

"હું જોઈ શકું છું કે સફળતાની સાથે જ તારું માથું ફરી ગયું છે. મેં તારાં જરા વખાણ કરી દીધાં તો વળી તું તો પસંદની અને નાપસંદની વસ્તુઓની માંગણીઓ કરવા લાગી ગયો."

"હું પસંદ – નાપસંદની વાત નથી કરતો," ઇક્થિઆન્દરે દુભાયેલાં અવાજે કહ્યું. "હું... તું નથી જાણતો, જો એક મોટી માછલીને તું પાણીની ડોલમાં મૂકે તો તે તરત જ ઊંઘી જાય છે. માછલી પાણીમાંથી પ્રાણવાયુ લે છે. અને હ... હું વાસ્તવમાં એક મોટી માછલી કરતાં વધારે કંઈ નથી," ઇક્થિઆન્દરે આત્મ-સભાન હાસ્ય સાથે કહ્યું.

"હું પ્રાણવાયુ વિષે કંઈ નથી જાણતો પણ હું એટલું જાણું છું કે જો તેમનું પાણી બદલવામાં ન આવે તો માછલી મરી જાય છે. કદાચ તું સાચો છે. પણ ઘડિયાળની સાથે સાથે તારી ટાંકીમાં પાણી ભરવામાં મારે ઘણાં 'પેની' ચૂકવવાં પડે, જે તારા મોતીઓની કિંમત કરતાં પણ વધારે છે. આમ તો તું મારો સર્વનાશ કરી નાખશે."

હવે ઇક્થિઆન્દરને પકડેલાં મોતીઓની કિંમત વિષે કોઈ સ્પષ્ટ ખ્યાલ નહોતો, કે ન તો એ તે જાણતો કે ઝુરીતા પોતાની ટુકડીના માણસને કંઈપણ ચૂકવતો નહોતો. તેણે તેને જે કહ્યું તે માની લીધું.

"જો તને મને રાખવાનું એટલું ખર્ચાળ લાગતું ... ... મને તરી જવા દે!" ઇક્થિઆન્દર ઉત્કંઠાથી ... તરફ જોતાં એકદમ બોલી ઊઠયો.

"મજાક છે, નહિ તું." ઝુરીતાએ અટ્ટહાસ્ય કર્યું.

"મહેરબાની કર. હું મારી સ્વેચ્છાથી તારા માટે ...આ લાવીશ. મેં લીસા ગોળ મોતીઓનો આટલો ... કમતા એકઠો કર્યો છે," અને ઇક્થિઆન્દર પોતાનાં ... અટ્યો, "બધાં જ એકસરખા અને વાલ જેટલાં ... છે. હું તને તેમાંનાં એકે એક આપી દઈશ, માત્ર ... મને જવા દે."

તેનાથી વાસ્તવમાં ઝુરીતાનો શ્વાસ અદ્ધરનો અદ્ધર ... રહ્યો.

"સાચું ન હોઈ શકે," અવાજને ઠંડો રાખવાનો ... કરતાં તે આટલું જ કહી શક્યો.

"હું મારી જિંદગીમાં કદી જૂઠું નથી બોલ્યો," ...આન્દર એકાએક ભભકી ઊઠયો.

"તારો તે ખજાનો ક્યાં દબાવ્યો છે?" તેના આવેશને ... લાંબો વખત છુપાવી ન શકતાં, ઝુરીતાએ પૂછ્યું.

"દરિયાની અંદર ગુફામાં. લીડિંગને છોડીને બીજું ... એ નથી જાણતું કે તે ક્યાં છે."

"લીડિંગ કોણ છે?"

"મારો ડોલ્ફીન."

"ઓહ, એમ વાત છે? આ તે કેવી શયતાનિયત ...!" તેણે વિચાર્યું. "પણ જો તે જે કંઈ કહે છે તે સાચું છે—અને મને એ પણ શંકા છે—શા માટે, તે ... કદી સ્વપ્યું હોય તેના કરતાં પણ કંઈ વધારે મોટું

છે. હું કલ્પના પણ ન કરી શકાય તેટલો ધનવાન થઈ જઈશ. રોથશીલ્ડ્સ અને રોકેફેલર્સ સરખામણીમાં ભિખારીઓ જેવાં દેખાશે. મને લાગે છે કે જુવાનનો વિશ્વાસ કરી શકાય એમ છે. શું મારે તે જોખમ લેવું જોઈએ?"

પણ ઝુરીતા એમાંનો એક નહોતો કે જે કોઈપણ માણસના શબ્દોનો પૂરતી સલામતીથી વિશ્વાસ કરે. અને પછી ઇક્થિઆન્દરના ખજાનામાંથી મેળવવાનું અને તેને રાખવાનું એ બંને ગમે તે રીતે ઝુરીતાને વધારે યોગ્ય લાગતું હતું. પછી તેની યોજના તેના ઉપર છતી થવા લાગી. "જો ગૂટ્યેરે ઇક્થિઆન્દરને તેના મોતી લાવવા કહે તો તે તેમ કરશે," તેણે વિચાર્યું.

"કદાચ, હું તને જવા દઈશ," ઝુરીતાએ કહ્યું, "પણ સીધી રીતે નહીં. હું તને થોડા સમય માટે રાખીશ. હા, ચોક્કસ મારી પાસે મારાં કારણો છે. અને હું ધારું છું થોડું મોડું થવામાં તને અફસોસ કરવાનું કોઈ કારણ નહિ રહે. અને જ્યારે તું મારો મહેમાન છે, પછી ભલેને અણગમતો પણ હોય, હું એ જોઈશ કે તું આરામપ્રદ છે કે નહીં. એમ જોતાં કે ટાંકીમાં બહુ ખર્ચો છે, તો કદાચ તારા માટે એક મોટું લોખંડનું પીંજરા માત્રથી કામ ચાલશે. તને તેમાં પૂરી તૂતકની નીચે લટકાવી દઈશું – શાર્કથી તને દૂર રાખવા માટે પણ એ સારું છે."

"હા, પણ સાથે સાથે મારે કેટલીક વાર હવા પણ લેવી જોઈએ."

"ભલે, અમે તેના માટે પાંજરું ઉપર ખેંચી લઈશું. ટાંકીમાં પાણી ભરાવવા કરતાં તે વધારે સસ્તું પડશે.

…ગ્યાં, તને ખુશ રાખવા, હું બધી જ વસ્તુઓ જોઈ …
…શ."

ઝુરીના અદ્ભુત માનસિક લાગણીઓથી ઘેરાયેલો હતો. … નાસ્તામાં દરેકને રમનો પેગ આપવાનો પણ આદેશ …વ્યા — એવું કંઈક પહેલાં કદી તેનાં વહાણનાં તૂતક … કરવામાં આવ્યું નહોતું.

જ્યારે ટાંકી કે પાંજરાની રાહ જોતાં ઇક્થિઆન્દરને … પાછો કેદમાં લેવામાં આવી રહ્યો હતો ત્યારે ઝુરીતા …ચે ગયો અને કેપ્ટનની કેબીન ખોલી. તેને ખાતરી …તી કે તેનું સ્વાગત થશે, તે બારણા પાસે જ, …તીઓથી ભરેલી ટોપી ગૂટ્યેરેને બતાવતો રોકાઈ ગયો.

"મેં મારું વચન પાળ્યું છે," તેની તરફ જોઈને …તનાં તેણે શરૂ કર્યું, "અને હું જાણું છું કે મારી …ની મોતીઓ — ઘણાં બધાં મોતીઓની શોખીન છે. …ને તેના માટે તમારે સારા મરજીવાની જરૂર પડે. તેથી … તો મેં ઇક્થિઆન્દરને રાખ્યો છે. જો, આ માત્ર … સવારનો જ પકડેલો માલ છે."

ગૂટ્યેરે મોતીઓ પ્રત્યે એક ઊડતી નજર નાખી. … આશ્ચર્યના ઉદ્‌ગારોને કચડી નાખી શકતી હતી. …ણ ઝુરીતાએ તેને અનુભૂતિ થતાં આત્મસંતુષ્ટ હાસ્ય કર્યું.

"તું આર્જેન્ટીનામાં, અને આખા અમેરિકામાં સૌથી ધનવાન સ્રી થશે. પૈસાથી ખરીદી શકાય તેવી બધી જ વસ્તુએ તારી પાસે હશે. હું તારા માટે મહેલ બંધાવીશ કે જેને રાજાઓ પણ અદેખાઈથી અનિમેષ દૃષ્ટિએ જોશે. …ડેરઆની કરીને પહેલા હપ્તામાંથી — આમાંનાં અડધા …ની સ્વીકારી લે."

"ના. હું પાપની કિમતે મેળવેલા પેલા મોતીઓમાંથી એક મોતીને પણ હાથ નથી લગાડવાની," ગૂટ્યેરે કરડાકીથી સણસણતો જવાબ આપ્યો. "અને, મહેરબાની કરીને, મને એકલી છોડી દો."

ઝુરીતા નિરાશ થઈ ગયો અને ચીડાઈ ગયો. તેણે આવું કંઈ નહોતું ધાર્યું.

"એક મિનિટ ઊભી રહે. હું તને કંઈક પૂછવા ઇચ્છતો હતો. હું ઇક્થિઆન્દરને જવા દઉં તે તને ગમશે?"

ગૂટ્યેરેએ અવિશ્વાસથી ઝુરીતા સામે જોયું. તેણે કલ્પના કરવાનો પ્રયત્ન કર્યો કે હવે તેણે કયું નવું કપટજાળ વિચાર્યું હતું.

"હવે શું?" તેણે ભાવશૂન્યતાથી તેને પૂછ્યું.

"તેનું નસીબ તારા હાથમાં છે. તારે માત્ર ઇક્થિઆન્દરને પાણીની અંદર ક્યાંક તેણે છુપાવેલાં મોતીઓને 'જેલીફીશ'ના તૂતક ઉપર લાવવા માટે બાંધવાનો છે અને પછી તે જ્યાં પણ જવા ઇચ્છે ત્યાં જવા મુક્ત થશે."

"હવે મને સાંભળી લે, ઝુરીતા. હું તારા એક શબ્દ ઉપર પણ વિશ્વાસ નથી કરતી. તું મોતીઓ અને ઇક્થિઆન્દરને મેળવવા માટે ઇચ્છુક અને પ્રયત્નશીલ છે. મને એના માટે એ હકીકત જેટલી જ ખાતરી છે કે હું સૌથી મોટા જૂઠ્ઠા બોલાની અને પ્રપંચીની પત્ની છું કે જે હંમેશાં પગરખાંનાં ચામડાંમાં ચાલ્યો હતો. આ યાદ રાખજે અને ફરી કદી તારા પાપી કૃત્યોમાં મને ભાગીદાર બનાવવાનો પ્રયત્ન ન કરતો. એક વખત વધારે — મને એકલી છોડી દે — મહેરબાની કરીને."

...ના કંઈ વધારે કહી શકતો હતો તેવું કંઈ જણાયું ... તેથી તે બહાર નીકળી ગયો. પોતાની કેબીનમાં ... આવી તેણે મોતીઓ થેલીમાં પાછા ભર્યાં, તેને ...પૂર્વક તિજોરીમાં મૂકી દીધાં અને તિજોરીને તાળું ... પાછો તૂતક ઉપર ગયો. તેની પત્નીએ હમણાં ... કંઈ કહ્યું તેની તેના ઉપર વધારે અસર નહોતી ... તેના મનઃચક્ષુમાં તેણે પોતાને પૈસાદાર માણસ ... જોયો. જેની આસપાસ લોકોનાં ટોળેટોળાં તેને ...આવ આપવાં ઘેરાઈ વળ્યાં હતાં.

તે પુલની ઉપર ગયો અને સિગાર સળગાવી. ...નાં સપનાં તેને પ્રસન્નતાભરી હૂંફ આપતાં આવતાં ... સામાન્યપણે જાગ્રત, એવાં તેણે નાવિકોને એકઠાં ... કંઈક ચર્ચા કરતાં જોયાં નહોતાં.

પરિત્યક્ત 'જેલીફીશ'

અચાનક જ્યારે કેટલાંક ખલાસીઓએ ઝુરીતાના એક ... ઉપર હુમલો કર્યાના ચિહ્નો મળ્યાં ત્યારે તે વહાણના ...ના કૂવાથંભની સામે, કઠેરાની નજીક ઊભો હતો. ... નિઃશસ્ત્ર હતાં પણ તેમની સંખ્યા ઘણી બધી હતી. ... તેમ પણ ઝુરીતા સહેલો સામનો સાબિત ... થયો. બે ખલાસીઓએ તેને પાછળથી પકડી લીધો. ... હુમલાખોરોથી પોતાને છોડાવી થોડાં ડગલાં પાછળ ... પોતાની પૂરી તાકાત લગાવી કઠેરાની સામે ગબડી ...

ખલાસીઓ નિસાસો નાખતા પોતાની પકડ ગુમાવતાં તૂતક ઉપર પડી ગયાં. ઝુરીતા એક ક્ષણમાં સીધો ઊભો થઈ ગયો. બીજાઓએ ફરીથી તેના ઉપર હાથ ઝપટવાનો પ્રયત્ન કર્યો અને તેણે પોતાના મુક્કાઓથી ડાબી અને જમણી બાજુથી દૂર કર્યા. તે કદી પોતાની પિસ્તોલ વિના બહાર નહોતો જતો પણ હુમલો એટલો અણધાર્યો હતો કે તેને ખેંચી કાઢવા જેટલો સમય તેની પાસે નહોતો. ધીમે ધીમે પાછા જતાં તે વહાણના આગળના કૂવાથંભ પાસે પહોંચી ગયો. પછી વાંદરા જેવી ચપળતાથી તેણે તેની ઉપર ચઢવાનું શરૂ કર્યું.

ખલાસીએ તેને પગેથી પકડયો પણ બીજા પગની એડી વડે ઝુરીતાએ તેના માથા ઉપર જોરથી પ્રહાર કર્યો. જેથી માણસ તૂતક ઉપર ગબડી પડી બેશુદ્ધ થઈ ગયો. ઝુરીતા થંભની એકદમ ટોચ ઉપર પહોંચતા ત્યાં ગોઠવાઈને ગાળો ભાંડવા લાગ્યો. થોડી વાર પછી તેને લાગ્યું તે સલામત હતો. તેણે પોતાની પિસ્તોલ બહાર ખેંચી અને બૂમ પાડી:

"જે પહેલો મારી સામે આવશે તેના માથામાં ગોળી પાર કરી દઈશ."

નીચે ખલાસીઓ પોતાના આગળનાં પગલાં વિષે જોરશોરથી ચર્ચા કરી રહ્યાં હતાં.

"કેપ્તનની કેબીનમાં બંદૂકો છે," પહેલા સાથીએ બીજા બધાની બૂમરાણો દબાવતા મોટીથી બોલવાનો પ્રયત્ન કર્યો. "ચાલો આપણે જઈને બારણાને તોડીને ઉઘાડીએ."

કેટલાંક માણસો નાની બારી તરફ ગયાં.

ઝુરીતાએ વિચાર્યું: "એમ લાગે છે કે મેં જે કર્યું

...ના માટે તેઓ મારો બેઠેલા બતકની જેમ શિકાર કરી ...શે."

તેણે જાણે મદદ શોધવા માટે કરતો હોય તેમ દરિયા ...રફ નજર ફેંકી. અને પોતાની આંખો ઉપર વિશ્વાસ ન કરી શક્યો, જ્યારે તેણે એકદમ વેગથી, ઊછળતી-...ની સબમરીનને 'જેલીફીશ' તરફ આવતી જોઈ.

ઝુરીતાને તીવ્ર ઇચ્છા થઈ કે તે ફરી પાછી ડૂબી ન જાય. પછી તેણે સબમરીનનાં સૌથી ઊંચા ભાગ ઉપર ...ને જોયાં.

"મદદ! ખૂન!" ઝુરીતાએ મોટા મોટા અવાજે ...મરાણ કરી.

તેઓએ સબમરીન ઉપરથી તેને જરૂર જોયો હોવો ...એ. પોતાની ઝડપ ઓછી કર્યા વિના સબમરીને ...યા 'જેલીફીશ' તરફ આગળ વધવાનું ચાલુ રાખ્યું.

સશસ્ત્ર ખલાસીઓ બહાર તૂતક ઉપર આવી ગયાં અને હવે શું કરવું તેની દુવિધામાં પડેલાં ત્યાંને ત્યાં જ ઊભા રહી ગયાં. ચોક્કસપણે નૌકાસૈન્ય જેવી દેખાતી સબમરીનની સામે તેઓ ઝુરીતાને નહોતા મારી નાખી ...ના.

ગમે તેમ, ઝુરીતાનો વિજય ક્ષણજીવી હતો. સબમરીનનાં તૂતક ઉપર તેણે બલ્તાઝાર અને ક્રીસ્તોને, ...મ જ અગ્રધર્ષી નાક અને ગરુડના જેવી આંખોવાળા ઊંચા માણસની બાજુમાં ઊભેલાં જોયાં. પછી તેણે ...મ પાડી:

"પેદ્રો ઝુરીતા! તું તરત જ ઇક્થિઆન્દર, કે જેને ...રા વહાણના તૂતક ઉપર તેં કેદી બનાવી રાખ્યો છે,

તેને અમારે હવાલે સુપ્રત કરશે. હું તને પાંચ મિનિટ આપું છું, ત્યારબાદ હું તને ડૂબાડી દઈશ."

જ્યારે ઝુરીતાએ પોતાની તિરસ્કાર ભરેલી આંખો વડે ક્રીસ્તો અને બલ્તાઝાર તરફ તાક્યું ત્યારે તેણે વિચાર્યું: "વિશ્વાસઘાતીઓ... વિશ્વાસઘાતીઓ!" પણ વિચાર કરતાં તેણે નક્કી કર્યું કે પોતાનું માથું ગુમાવવા કરતાં ઇક્શિઆન્દરને ગુમાવવો જોઈએ.

"હું તેને સીધો ઉપર લાવીશ," વહાણના કૂવાથંભનાં દોરડાં વડે નીચે ઊતરતાં ઝુરીતાએ બૂમ પાડી કહ્યું.

તેનાં હુમલાખોરોએ જોયું કે તેમની પોતાની જ સલામતી સંકટમાં હતી. તેઓમાંનાં કેટલાંકે ઉતાવળથી ક્રેન ઉપરથી હોડીઓ પાણીમાં ઉતારી, બીજાં તૂતક ઉપરથી કૂદીને કિનારા તરફ તરી ગયાં. દરેકે દરેકે પોતાનો જીવ બચાવવામાં પડયાં હતાં.

ઝુરીતા સાથેની સીઢી નીચેથી પોતાની કૅબીનમાં દોડી ગયો અને પોતાની તિજોરીમાંથી મોતી ભરેલી થેલી ખેંચી કાઢીને તેને પોતાના ખમીસમાં ઘૂસાડી દઈ પટ્ટો અને બન્દાના સાથે લીધાં. બીજી જ પળે તેણે ગૂટ્યેરેની કૅબીન ઉઘાડી તેને પોતાનાં હાથમાં ઊંચકીને બહાર તૂતક ઉપર લઈ આવ્યો.

"ઇક્થિઆન્દર થોડો અસ્વસ્થ છે. તે કૅબીનમાં છે," ગૂટ્યેરેને હોડીમાં મૂકતાં તેણે કહ્યું અને હોડીને પાણીમાં ઉતારી પોતે પણ કૂદીને તેમાં જતો રહ્યો.

સબમરીન હોડીનો પીછો ન કરી શકી કારણ કે પાણી તેના માટે ઘણું છીછરું હતું. પણ ગૂટ્યેરે પહેલાં જ બલ્તાઝારને તૂતક ઉપર ઓળખી ગઈ હતી.

"પિતાજી, ઇક્થિઆન્દરને બચાવો! તે ..." પણ
...ું ન કરી શકી કારણ કે ઝુરીતાએ તેનાં મોંમાં ડૂચો
... દીધો અને પટ્ટા વડે તેના હાથ બાંધવાનું ઝડપથી
...ર્યું.

"આ સ્ત્રીથી તારા હાથ દૂર લે!" સાલ્વાતોરે
... આપ્યો.

"આ સ્ત્રી મારી પત્ની છે અને અમારી વચ્ચે
...વાનો કોઈને પણ હક્ક નથી," ઝુરીતાએ વળતા
... પાડી અને તેને ઘસડી ખેંચી ગયો.

"સ્ત્રી સાથે આવી રીતે આચરવાનો કોઈને હક્ક
..." સાલ્વાતોરે બૂમ પાડી કહ્યું. "તારાં હલેસાં
... નહિ તો હું તને ઠાર કરીશ."

પણ ઝુરીતાએ હલેસાં મારવાનું ચાલુ રાખ્યું. સાલ્વાતોરે
...ાલનું નિશાન તાક્યું. ગોળી પાણી સપાટી ઉપરની
... સાથે અથડાઈ.

ઝુરીતાએ રક્ષણ માટે ગૂટ્યેરેને ઉપર કરી.

"આગળ વધ!" તેણે બૂમ પાડી.

ગૂટ્યેરે તેનાં હાથમાં છૂટવા માટે તરફડિયાં મારી
...ની.

"એકદમ નીચ છે તે!" સાલ્વાતોરે એમ કહેતાં
...ની પીસ્તોલ નીચે મૂકી.

બલ્તાઝાર પાણીમાં કૂદી હોડી તરફ તરવા લાગ્યો.
... ઝુરીતા ઘણો આગળ નીકળી ગયો હતો. બીજાં
...ક મોજું હોડીને કિનારે ઘસડી ગયું. ઝુરીતા ગૂટ્યેરેને
...ડી ખડકોની પાછળ અદ્રશ્ય થઈ ગયો.

બલ્તાઝાર ઝુરીતાને ટાંપી નહિ શકે તે જોતાં તે

વહાણ તરફ આગળ વધ્યો અને લંગરનાં દોરડા દ્વારા પોતાને નૂતક ઉપર ખેંચી ગયો. બીજી જ પળે ઈક્થિઆન્દરની શોધમાં નીચે અદૃશ્ય થઈ ગયો. થોડી વાર પછી તે ફરીથી દેખાયો.

"ઈક્થિઆન્દર નૂતક ઉપર નથી!" બલ્તાઝારે બૂમ પાડીને સાલ્વાતોરને કહ્યું.

"પણ તે જીવતો છે અને ત્યાં જ ક્યાંક નજીકમાં હોવો જોઈએ," ક્રીસ્તોએ કહ્યું. "પેલા જંગલીએ ગૂટ્યેરેના મોંમાં ડૂચો માર્યો તે પહેલાં એટલું જ માત્ર કહેવાનો તેની પાસે સમય રહ્યો હતો. નહિ તો પછી હવે આપણે જાણવું જોઈએ કે તેની તપાસ ક્યાં કરવી."

દરિયાની સપાટીની બારીક તપાસ કરતાં ક્રીસ્તોએ વહાણનો કૂવાથંભની ટોચ પાણી ઉપર જોઈ. તેણે વિચાર્યું કે ઈક્થિઆન્દર નીચે પેલાં વહાણનાં તૂટી પડેલાં ધ્વંસમાં હોઈ શકે.

"કદાચ ઝુરીતાએ ઈક્થિઆન્દરને પેલા ધ્વંસ વડે નૂતક ઉપર ખજાનો શોધવા માટે મોકલ્યો હતો?" ક્રીસ્તોએ કહ્યું.

બલ્તાઝારે એક છેડેથી વળવાળી સાંકળ તેમને બતાવવા ઉપાડી ઉપર કરી.

"એમ લાગે છે કે ઝુરીતા ઈક્થિઆન્દરને આ વસ્તુ સાથે બાંધી પાણીમાં નીચે ઉતારતો હતો. તેના વિના તે તરીને છટકી જઈ શકતો હતો. ના, તે પેલા વહાણ ઉપર ન હોઈ શકે."

"ના," સાલ્વાતોરે ગમગીનતાથી કહ્યું. "આપણે ઝુરીતાને પરાજય આપ્યો પણ તે મૂલ્યહીન વિજય છે."

ડૂબેલું વહાણ

તે સવારે 'જેલીફીશ'ના તૂતક ઉપર શું બની ગયું - જાણવાનો કોઈ રસ્તો નહોતો.

આખી રાત ટુકડીના માણસોએ સાથે મળીને વિચાર કર્યો અને સવાર પડતાં સુધી પહેલી જ તકે હુમલો કરી ઝુરીતાને મારી નાખીને વહાણ અને મરજીવાનો કબજો લેવાની યોજના તેઓએ ઘડી કાઢી.

ઝુરીતા ઊભો થયો અને પહેલે કિરણે પુલ ઉપર આવ્યો. મંદ મંદ હવા ચાલી રહી હતી અને 'જેલીફીશ' ધીમે ધીમે પવનની દિશા તરફ બે ફ્નોટ્* જેટલી આગળ વધી રહી.

પછી ઝુરીતાએ આગળ ઝાંખું ઝાંખું કંઈક જોયું. પોતાના દૂરબીન વડે જોતાં તેને ખબર પડી કે તે કંઈક ડૂબેલા વહાણનો રેડિયો કૂવાથંભ હતો.

તરત જ ઝુરીતાએ સપાટી ઉપર તરતી જીવનરક્ષક હોય જોઈ.

તેણે પાણી ઉપરની હોડીને તે ઉઠાવી લેવાનો આદેશ આપ્યો.

જ્યારે તેને ઉપર ઝુરીતા પાસે લાવવામાં આવી ત્યારે તેના આશ્ચર્યમાં તેની ઉપર મોટા અક્ષરોમાં 'મફાલ્દા' શબ્દ લખેલો જોયો.

"'મફાલ્દા' ડૂબી ગઈ?" ઝુરીતાએ સીટી વગાડી તે પેલા મોટી અમેરિકી વેગીલી ઉતારુ સ્ટીમરને જાણતો

---

* વહાણની ગતિનો એકમ.

હતો. તેણે વિચાર્યું કે તેના જેવી સ્ટીમર ઉપર ઘણી બધી કિંમતી વસ્તુઓ હોવી જોઈએ. જો હું ઇક્થિઆન્દરને તે લેવા માટે મોકલું તો. પણ સાંકળ એટલી લાંબી હશે? ભાગ્યે જ. બીજી બાજુ જો સાંકળ વિના ઇક્થિઆન્દરને મોકલવામાં આવે તો તે પાછો નહીં આવે.

ઝુરીતાના મનમાં એકબીજાથી ઉપર આવતી માલમિલકતની લાલસા અને સાવચેતી વચ્ચે મથામણ શરૂ થઈ.

ધીમે ધીમે 'જેલીફીશ' પાણીમાંથી બહાર નીકળેલાં કૂવાથંભની વધારે અને વધારે નજીક જઈ રહી હતી.

ટુકડીનાં બધાં ખલાસીઓ કઠેરા પાસે ઘેરાઈ વળ્યાં. હવા ચાલતી બંધ થઈ ગઈ. વહાણ નિશ્ચલતામાં આવી ગયું.

"હું એક વખત 'મફાલ્દા'માં મુસાફરી કરતો હતો," એક ખલાસીએ કહ્યું. "સરસ સ્ટીમર હતી તે. શહેર જેટલી મોટી. પૈસાદાર અમેરિકીઓ તેમાં નૌકાવિહાર કરતાં હતાં."

"'મફાલ્દા' ચોક્કસ કોઈ મદદનાં સમાચાર પ્રસારિત કર્યા વિના જ ડૂબી ગઈ હોવી જોઈએ," ઝુરીતા વિચારી રહ્યો હતો. "કદાચ તેનો વાયરલેસ કામ નહિ કરતું હોય, નહિ તો જગ્યા તો મોટી હોડીઓ, વેગીળી હોડીઓ, અધિકારીઓ, પત્રકારો, ફોટોગ્રાફરો, વિનાશના જોખમમાંથી વહાણને ઉગારનારી ટુકડીઓ અને એવા બીજા કંઈક કંઈકથી લદાયેલી પડોશનાં બધા બંદરો તરફથી આવતી વિહાર માટેની નાની હલકી નૌકાઓથી લદાયેલી રહેતી હતી. તે આના જેવી તક છોડી દઈ

...ના નહોતો, તે શું છોડી શકતો હતો? ઈક્વિઆન્દરને ... વિના જવા દેવાનું જોખમ તેને લેવું જ પડે તેમ ... બીજો કોઈ રસ્તો નહોતો. પણ તે ઈક્વિઆન્દર ... પાછો આવે જ તેવું કંઈક કેવી રીતે કરી શકતો હતો? ... જો તેને જોખમ લેવું જ હોય તો શા માટે ઈક્વિઆન્દરને તેનો ખજાનો લાવવા ન મોકલવો, પેલા ... મોતીના ઢગલા માટે? પણ શું તે સાચે જ એટલાં ...નાં હતા? ઈક્વિઆન્દર તેના વિષે જૂઠું તો નહોતો ...તો?"

ચોક્કસ તેણે બંને ખજાનાઓ મેળવવા જોઈએ. ઈક્વિઆન્દરની મદદ વિના તેને કોઈપણ શોધી શકે તેમ ... અને જ્યાં સુધી ઈક્વિઆન્દર પોતાના હાથોમાં ... ત્યાં સુધી તે સલામત હતું. જ્યાં સુધી 'મફાલ્દા'ના ... ઉપરના ખજાનાઓની વાત છે ત્યાં સુધી તેઓ ... જ દિવસોમાં, કદાચ વળી કેટલાંક કલાકોમાં પણ ... પહોંચથી પર હશે.

ઝુરીનાએ 'મફાલ્દા'થી શરૂઆત કરવાનો નિર્ણય કર્યો. ... લંગર નાખવાનો આદેશ કર્યો. પછી તે નીચે પોતાની કેબિનમાં ગયો. ત્યાં તેણે એક નોંધ લખી અને તેને ...માં લઈ ઈક્વિઆન્દર જે કેબીનમાં હતો ત્યાં ગયો.

"ઈક્વિઆન્દર, તું વાંચી શકે છે? લે, આ ગૂટ્યેરે ...થી તારા માટે નોંધ છે."

ઈક્વિઆન્દરે ઝડપથી નોંધ ઉઘાડી અને નીચે પ્રમાણે ...યું:

"ઈક્વિઆન્દર, મહેરબાની કરીને હું જે પ્રમાણે ... તેમ તું કર. 'જેલીફીશ'ની નજીક ડૂબેલું વહાણ છે.

નીચે જા અને ત્યાં તને જે કંઈપણ કિમતી વસ્તુઓ મળે તે પાછી લાવ. ઝુરીતા તને સાંકળ વિના જવા દેશે પણ તારે 'જેલીફીશ' ઉપર પાછા જરૂર આવવું જોઈએ. મારા માટે આટલું કર, ઈક્થિઆન્દર, અને થોડાં જ વખતમાં તને તારી સ્વતંત્રતા પાછી મળી જશે. ગૂટ્યેરે."

ઈક્થિઆન્દરને આ પહેલાં કદીએ ગૂટ્યેરે તરફથી કોઈ પત્રો નહોતાં મળ્યાં, તેથી તે તેનાં હસ્તાક્ષરો જાણતો નહોતો. એક પળ માટે તો આ નોંધ મેળવવા માટે તે ખુશ થયો પણ પછી અચાનક તેના મનમાં વિચાર ઉદ્ભવ્યો કે આ વળી ઝુરીતાની કોઈ બીજી ચાલ પણ હોઈ શકે.

"તે શા માટે રૂબરૂ આવીને તેની માંગણી નથી કરતી?" ઈક્થિઆન્દરે કહ્યું.

"તે થોડી અસ્વસ્થ છે," ઝુરીતાએ જવાબ આપ્યો, "પણ જ્યારે તું પાછો આવીશ કે તરત જ તેને જોઈ શકીશ."

"પેલી બધી કિમતી વસ્તુઓથી તે શું ઈચ્છે છે?" હજી પણ અસમંજસમાં પડેલા ઈક્થિઆન્દરે પૂછ્યું.

"જો તું સાચો માણસ હોય તો તારે તેમ ન પૂછવું જોઈએ. છે કોઈ એવી સ્ત્રી કે જે સુંદર વસ્ત્રો અને કિમતી દાગીના પહેરવા ન ઈચ્છતી હોય? પણ તેના માટે પૈસા લાગે. અને ત્યાં ડૂબેલા વહાણમાં તે પુષ્કળ પ્રમાણમાં છે. હમણાં કોઈ નથી, શા માટે તે ગૂટ્યેરે માટે ન પ્રાપ્ત કરવાં? તારે સૌથી પહેલાં શું કરવાનું છે તેમાં છે સોનું શોધવાનું. પછી ચામડાની મુસાફરી માટેની બૅગ. શોધ. તદુપરાંત ઉતારુઓએ કદાચ સોનાનાં દાગીનાં, વીંટીઓ, વગેરે પહેર્યાં હોય..."

"તું એમ ધારે છે કે હું મડદાંઓને તપાસવા જઈ રહ્યો છું?" ઇકિથઆન્દરે રોષે ભરાતાં કહ્યું. "અને વળી મને તારી વાત ઉપર વિશ્વાસ પણ નથી. ગૂટ્યેરે લોભી નથી, તે કદી મને આવું કોઈ કામ કરવા કહી ન શકે."

"કરામ્બા!" ઝુરીતા એકદમ મોટેથી બોલી ઊઠયો. તે જોઈ શકતો હતો કે જો તે બીજા કોઈ ચાલ નહિ ચાલે તો તેની આખી યોજના ધૂળમાં મળી રહી હતી. તેથી તેણે પોતાની જાતને ફરીથી સ્વસ્થ કરી.

"તું કોઈ મૂરખ નથી, હું જોઈ શકું છું," તેણે વ્યંગ ભરેલું હાસ્ય કરતાં કહ્યું. "સારું. હું તારી સાથે નિખાલસતાથી વાત કરીશ. તે આમ છે. 'મફાલ્દા'માંથી સોનું મેળવવા ઇચ્છનાર ગૂટ્યેરે નથી પણ હું છું. તું તે માની શકે છે?"

ઇકિથઆન્દર હસવાનું ન રોકી શક્યો.

"કદાચ."

"સરસ. તેં મારામાં વિશ્વાસ કરવાનું શરૂ કર્યું છે તેનો અર્થ એ છે કે આપણે કરાર તરફ આવી રહ્યાં છીએ. હા, મને પેલા સોનાની જરૂર છે. અને જો તું તારા મોતીની કિંમત જેટલું સોનું 'મફાલ્દા'માંથી મારા માટે લાવીશ હું તને જવા દઈશ. મુશ્કેલી એ છે કે તું મારા ઉપર વિશ્વાસ નથી કરતો કે નથી હું તારા ઉપર વિશ્વાસ કરતો. તારી સાંકળ વિના તને નીચે જવા દેવામાં મને ડર લાગે છે કે તું જાય અને..."

"જો હું એક વાર પાછા આવવાનું વચન આપું તો હું તે જરૂર પાળીશ."

"અત્યાર સુધી તો મને તેની પરીક્ષા લેવાની તક નથી મળી. તું મને જરાપણ પસંદ નથી કરતો અને જો તું તારું વચન ન પાળે તો મને કોઈ આશ્ચર્ય પામવા જેવું નથી. પણ તું ગૂટ્યેરેને પસંદ કરે છે અને તે તને જે પણ કહે તે તું કરવા તૈયાર થાય, ખરું ને? તેથી મેં તેને કહ્યું અને તે તેનું પરિણામ ઝડપથી જોવા ઇચ્છતી હતી. ચોક્કસપણે તે મારાથી ઇચ્છે છે કે હું તને જવા દઉં. તેથી કરીને તેણે નોંધ લખી અને તારી મુક્તિના રસ્તા ઉપર તને મદદ કરવાની ઇચ્છા કરતાં તે મને આપી. હવે તને બધું સ્પષ્ટ છે?"

ઝુરીતાએ ઇક્થિઆન્દરને જે પણ કહ્યું તે તેને માત્ર સંભવ જ નહિ પણ જાણે સચ્ચાઈનો ઠપ્પો ધરાવતું હોય તેમ લાગ્યું. પોતાનાં મોતીની કિંમત જેટલું સોનું 'મફાલ્દા' ઉપરથી લાવવાની શરત માત્ર તેને છોડાવી શકતી હતી.

ઝુરીતાએ ગણતરી કરી: "હવે તેમની કિંમતોની સરખામણીમાં, તેણે તેના મોતીના ઢગલાને મારા વહાણના તૂતક ઉપર લાવવું જ પડશે—અને હું પણ તેના ઉપર ભાર મૂકીશ. પછી મારી પાસે 'મફાલ્દા'નું સોનું, મોતીનો ઢગલો અને ઇક્થિઆન્દર પોતે બધું જ મારા હાથમાં હશે."

પણ ઝુરીતાના મનમાં શું ચાલી રહ્યું છે તે ઇક્થિઆન્દર કોઈપણ રીતે નહોતો જાણવાનો. ઝુરીતાની બનાવટી નિખાલસતાએ તેને જીતી લીધો હતો અને પળવારના વિચાર પછી ઇક્થિઆન્દર સહમત થયો.

ઝુરીતાએ રાહતનો દમ ભર્યો.

"તે મને છેતરશે નહીં," તેણે વિચાર્યું.

"ચાલ આપણે ઝડપથી જઈએ!"

તેઓ ઉતાવળે તૂતક ઉપર આવ્યાં અને ઈક્વિઆન્દર ... તૂતક ઉપરથી કૂદી ગયો.

ઈક્વિઆન્દરને સાંકળ વિના તૂતક ઉપરથી કૂદતો જોતાં, ટુકડીના ખલાસીઓ તરત જ સમજી ગયાં કે ... 'મફાલ્દા'ની માલમિલકત લેવા માટે ગયો હતો. ... બધું જ હડપી જવાનો હતો ને વિચારે ખલાસીઓને ...ક્રિયા કરવા પ્રેર્યાં.

બિલકુલ જ્યારે ઈક્વિઆન્દર નાશ પામેલાં વહાણના ... તૂતક ઉપર પહોંચ્યો ત્યારે જ ખલાસીઓએ ઝુરીતા ... હુમલો કર્યો.

મોટી બારીમાંથી પસાર થઈ સાથેની નીચે જતી નિસરણી કે જે કોઈ મોટા મકાનની નિસરણી જેવી ...ની હતી તેની મારફત ઈક્વિઆન્દર ધીમે ધીમે વિશાળ ... ઉપર સરક્યો. ત્યાં એકદમ અંધારું હતું. તેની ...નાં કેટલાંક ખુલ્લાં બારણાઓમાંથી માત્ર ઝાંખો પ્રકાશ ...વી રહ્યો હતો.

ઈક્વિઆન્દર આ બારણાઓમાંથી એકમાંથી તરી ગયો અને તે એક વિશાળ લાઉન્જમાં પહોંચી ગયો. મોટા ...ના દ્વારમાંથી વિશાળ ખંડ ઝાંખો ઝાંખો પ્રકાશિત ... હતો. જેમાં એક જ વખતમાં કેટલાંક સો લોકો ...ઈ શકતાં હતાં. ઈક્વિઆન્દર વચ્ચેના ભપકાવાળા ...ચાનાં ઝુમ્મરની ઉપર બેઠો અને ચારેબાજુ સારી રીતે જોયું. તે ભયાનક દૃશ્ય હતું. તેની ફરતે ચારેબાજુ છતની ...મે ખુરશીઓ અને નાની મેજો ઝુલતી હતી. ઉઘાડાં ...વાળો વિશાળ પિયાનો નાના મંચ ઉપર નરમ-

કલીનવાળા ભોંયતળિયાના વિસ્તારમાં કપાયેલો પડયો હતો. દીવાલોમાંથી એકની ઉપર જગ્યા જગ્યાએ લાકડાનું કોતરણીકામ કરેલું હતું અને તેની સાથે સાથે પામ વૃક્ષોનાં કુંડાઓની હરોળ લંબાયેલી હતી.

ઈક્વિથઆન્દર ઝુમ્મરને ધક્કો મારીને પામ વૃક્ષોની તરફ તરી ગયો. અચાનક તે રોકાઈ ગયો: એક માણસ તેની તરફ તરતો આવતો હતો. તે પણ ઈક્વિથઆન્દરની જેમ જ રોકાઈ ગયો. ઉભયવાસી પ્રાણીએ કલ્પ્યું કે તે અરીસો હતો. દીવાલના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાયેલ વિશાળ અરીસામાં ખંડનાં ઝાંખા પ્રકાશમાં તેનું પ્રતિબિંબ પડતું હતું.

ફેલાયેલ વિશાળ અરીસામાં ખંડનાં ઝાંખા પ્રકાશમાં તેનું પ્રતિબિંબ પડતું હતું.

અહીં તેને કોઈ ખજાનો ન મળ્યો. ઈક્વિથઆન્દર પગથીયમાંથી બહાર તરી નીચેના તૂતક ઉપર ગયો. તે ઉપર જેટલાં જ મોટા અને સુસજ્જિત ખંડમાં પહોંચી ગયો. તે ભોજનાલય હતું. ભોજનાલયના ગલ્લા ઉપર અને નજીકમાં દારૂની શીશીઓ, ડબ્બા અને પૂંઠાની પેટીઓ વિખરાયેલી પડી હતી. પાણીના દબાણને કારણે ઘણી બધી શીશીઓનાં બૂચ અંદર દબાયેલાં હતાં જ્યારે કેટલાંક ડબ્બાઓ લગભગ ચપટાં થઈ ગયાં હતાં...

અંદર અને બહાર તરતાં તે અમેરિકી છેલ્લા શબ્દોમાં કહેવાતા આરામપ્રદ જેવી દેખાતી કેબીનોમાં તે ગયો. તેઓ બધી જ ખાલી હતી. ત્રીજા તૂતક ઉપર એક કેબીનમાં તેણે સૂજેલું શરીર જોયું જે છતીની નજીક ઝૂલી રહ્યું હતું.

તેણે વિચાર્યું: "ઉતારુઓને હોડીમાં જતાં રહેવા માટેનો સમય જરૂર મળી ગયો હોવો જોઈએ..."

પણ નીચે ત્રીજા વર્ગમાં ભયાનક દૃશ્ય તેની રાહ જોતું હતું. તે જગ્યાએ બાળકો, મોટેરાં, માણસો, સ્ત્રીઓ, ગોરા લોકો, ચીનીઓ, હબસીઓ, ઇન્ડિયનોનાં શરીરો વેરવિખેર પડયાં હતાં...

દેખીતું હતું કે વહાણની ટુકડી પ્રથમ વર્ગના ઉતારુઓના બચાવ માટે દોડી હતી અને બીજાંઓને પોતાનો બચાવ જાતે જ કરવા માટે છોડીને ચાલી ગઈ હતી. ભયગ્રસ્ત ટોળાની આમતેમ નાસભાગને કારણે લોકો કેટલાંક બારણાંઓની ચારેબાજુ ધસી આવ્યાં હતાં, એકબીજાને મોતને ઘાટ કચરી રહ્યાં હતાં, ઉપર જવાનો રસ્તો રૂંધી રહ્યાં હતાં અને બીજાઓની જિંદગીને પણ રૂંધી રહ્યાં હતાં. કેટલીક કેબીનોનાં બારણાંઓ શબો વડે ઘેરાયેલાં હતાં જેથી ઇક્થિઆન્દર અંદર જોઈ ન શક્યો.

ખુલ્લી બારીઓમાંથી લાંબી પગથીમાં આવતાં પાણીમાં ફૂલેલાં મડદાંઓ ડોલી રહ્યાં હતાં. ઇક્થિઆન્દર ભયથી કાંપી ઊઠયો અને ઊતાવળે આ પાણીની અંદરનાં કબ્રસ્તાનમાંથી બહાર નીકળી આવ્યો.

ઇક્થિઆન્દરે વિચાર્યું: "ચોક્કસપણે ગૂટ્યેરે એ જાણતી નહોતી કે તે મને ક્યાં મોકલી રહી હતી. ચોક્કસ ને કદાચ મારી પાસેથી મરેલા માણસોનાં ખિસ્સા ખાલી કરાવવાનું અને તેમની સંદૂકોની શોધખોળ કરીને લૂંટવાનું કામ કરાવવા નહોતી ઇચ્છી શકતી. ચોક્કસપણે નહિ."
તેનો અર્થ એ થયો કે તે ફરીથી ઝુરીતાની જાળમાં ફસાયો હતો. તેથી તેણે ઉપર આવી ગૂટ્યેરે નૂતક ઉપર આવી

જાતે પોતાની વિનંતીને પાકી કરાવવાની માંગણી કરવાનો નિર્ણય કર્યો.

માછલી જેટલી ત્વરાએ જુવાન એક પછી એક તૂતક પસાર કરતો. જ્યારે વહાણનું કાઠું સ્પષ્ટ દેખાયું ત્યાં સુધી ઉપર ગયો. તે સપાટી ઉપર આવી 'જેલીફીશ' તરફ તરી ગયો.

"એય, ઝુરીતા!" તેણે બૂમ પાડી. "ગૂટ્યેરે!"

કોઈ જવાબ ન મળ્યો. શાંત 'જેલીફીશ' મોજાંઓ ઉપર ડોલી રહી હતી.

તેઓ બધાં ક્યાં ગયાં? ઉભયવાસી પ્રાણીએ વિચાર્યું કે હવે ઝુરીતા શું કરવાનો છે? સાવધાનીથી ઇક્થિઆન્દર વહાણ તરફ તર્યો અને તૂતક ઉપર ચઢી આવ્યો.

"એય, ગૂટ્યેરે!" તેણે ફરીથી બૂમ પાડી.

"અમે અહીં છીએ," તેણે દૂર કિનારા તરફથી તેના સુધી મુશ્કેલીથી પહોંચતો ઝુરીતાનો અવાજ સાંભળ્યો. ઇક્થિઆન્દર પાછળ ફર્યો. તેણે કિનારા ઉપર કેટલીક ઝાડીઓની પાછળથી ડોકિયા કરતાં ઝુરીતાને જોયો.

"ગૂટ્યેરે માંદી પડી છે. અહીં તરી આવ, ઇક્થિઆન્દર!" તેણે બૂમ પાડી.

તે માંદી હતી અને તેણે તેને મળવું જોવી જોઈએ! ઇક્થિઆન્દર તૂતક ઉપરથી કૂદીને ઝડપથી કિનારા તરફ તરી ગયો.

જ્યારે ઇક્થિઆન્દરે ગૂટ્યેરેના ધીમા અવાજવાળી બૂમ સાંભળી ત્યારે તે પાણી પસાર કરી ચૂક્યો હતો.

"તે જૂઠું બોલે જે! ભાગી જા, ઇક્થિઆન્દર!"

ઉભયવાસી પ્રાણી પાછળ ફરી ડૂબકી મારીને પાણીની અંદર તરી ગયો. જ્યારે તેણે પોતાની અને કિનારા વચ્ચે સારું એવું અંતર કાપી લીધું ત્યારે તેણે પાણીની સપાટી ચીરીને પાછળ જોયું. તે માત્ર એટલું જ સમજી શક્યો કે કિનારા ઉપર કંઈક સફેદ ફરફરી રહ્યું છે.

કદાચ તે તેને વિદાય આપતા હાલતો ગૂટ્યેરેનો હાથ હતો. તે તેને ફરી કદી જોઈ શકશે?..

ઝડપથી ઈક્થિઆન્દર ખુલ્લા સમુદ્ર તરફ વેરાન જળ પાણીની નીચે દક્ષિણ તરફ આગળ વધતાં, નાના ટાપુ માટે તરી ગયો. વહાણે પોતાના તીક્ષ્ણ મોરા અને પાછળ ફીણવાળાં ચીલા જેવાં લિસોટા છોડતાં ખુલ્લા પાણીને વલોવ્યું.

“માનવીઓને તેમની જાત માટે છોડવા તે જ સૌથી શ્રેષ્ઠ છે,” ઈક્થિઆન્દરે વિચાર્યું અને ડૂબકી મારતો દરિયામાં ખોવાઈ ગયો.

ભાગ ૩

લાંબો સમય ખોવાયેલા પિતા

પેલી સબમરીન ઉપરની મુસાફરી નિષ્ફળ થઈ ત્યારથી બલ્તાઝાર ગમગીન મનઃસ્થિતિમાં હતો.

"ગોરાઓનું સત્યાનાશ થાય!" એક બપોરે પોતાની દુકાનમાં એકલા જ બેઠાં બેઠાં ચિડાઈને તે કહી રહ્યો હતો. "તેઓએ અમારી પાસેથી અમારી જમીનો છીનવી લીધી અને અમને તેમનાં ગુલામ બનાવ્યાં. તેઓ અમારાં બાળકોને અપંગ બનાવે છે અને અમારી દીકરીઓને છીનવે છે. હાથમાંનાં નાના બાળક સુધીનાં અમને બધાંને તેઓ મારી નાખવા ઇચ્છે છે."

"કેમ છે ભાઈ," તેણે ક્રીસ્તોનો અવાજ સાંભળ્યો. "હું સમાચાર લાવ્યો છું. બહુ મોટા સમાચાર. ઈક્વિઆન્દર જડી ગયો છે."

"શું?!" બલ્તાઝાર પોતાની જગ્યાએથી ઊછળ્યો. "સરસ, આગળ કહે, ભગવાનને ખાતર."

"હું આગળ કહીશ. જો તું વચ્ચે બોલશે નહિ — જો તું બોલશે તો હું કંઈક ભૂલી જઈશ. તે પાછો આવ્યો છે. તે વખતે હું સાચો હતો: તે પેલાં વિધ્વંસ પામેલા વહાણ ઉપર હતો."

"હમણાં તે ક્યાં છે? સાલ્વાતોર પાસે?"

"હું સાલ્વાતોર પાસે જઈશ અને મારા દીકરાને પાછો સોંપવાની માંગણી કરીશ."

"તે માનશે નહિ," ક્રીસ્તોએ કહ્યું. "અને તેણે ઇક્થિઆન્દરને મહાસાગરમાં બહાર તરવાની મનાઈ કરી છે. જોકે કેટલીક વખત હું જવા દઉં છું..."

"તે માનશે! જો તે નહિ માને તો હું તેને મારી નાખીશ! ચાલ આપણે સીધા જ જઈએ!"

ક્રીસ્તોએ ભય પામી સંકેતમાં ના પાડતાં પોતાના હાથ હલાવ્યા.

"ઓછામાં ઓછી આવતીકાલ સુધી રાહ જો. મારી 'દૌહિત્રી' જોવાની પરવાનગી મળતાં હું મહામુશ્કેલીએ મેળવી શક્યો છું. તે બહુ શંકાશીલ થઈ ગયો છે. તે દૃઢતાથી પોતાની પેલી આંખો વડે સીધું તમારાં હૃદયમાં ઝાંકે છે. આવતીકાલ સુધી તે પડતું મૂક, હું કહું છું."

"ભલે. આવતીકાલે થવા દો. આજે હું અખાત તરફ જઈશ. કદાચ હું મારા દીકરાને જોઈ શકું, પછી ભલેને તે દૂરથી પણ હોય."

તે આખી બપોર અને રાત બલ્તાઝારે મોજાઓમાં ડોકિયા કરતાં અખાત ઉપરના એક ખડક ઉપર વિતાવી. દરિયો તોફાની હતો. દક્ષિણ દિશા તરફથી ફૂંકાતા પવનના ઉગ્ર સપાટા મોજાના શિખરો ઉપરથી ફીણ ઘસડી રહ્યાં હતાં અને તેને ખડક ઉપર છાંટી રહ્યાં હતાં. મોજાં કિનારા સાથે અથડાતાં હતાં. દોડતાં વાદળાની અંદર અને બહાર દેખાતો ચાંદ મોજાઓ ઉપર ચંચળ ચાંદની ફેંકતો હતો. પ્રયત્ન કરવા છતાં પણ બલ્તાઝાર

આકળવ્યાકુળ મહાસાગરમાં કંઈ જ ન જોઈ શક્યો. પરોઢ થયું અને પોતાને હજીપણ ખડકના શિખર ઉપર ઘૂંટણભેર બેઠેલો જોયો. મહાસાગર હવે ઓછો અંધકારમય હતો પણ પહેલાં જેટલો જ ખાલી ખાલી.

પછી બલ્તાઝાર હાલ્યો. તેની ઉત્કટ આંખોએ અચાનક મોજાઓ ઉપર આવતી અને નીચે જતી કોઈ ગાઢી વસ્તુને જોઈ. માણસ! કદાચ, ડૂબેલો માણસ? ના, માણસ લાંબો થઈને પોતાના હાથ માથા પાછળ રાખી તરી રહ્યો હતો. પેલો તે હોઈ શકતો હતો?

બલ્તાઝારે ભૂલ નહોતી ખાધી. તે ઈક્થિઆન્દર હતો.

ડોસો ઊભો થયો, પોતાનાં હાથ છાતી સરસાં દબાવતાં બૂમ પાડી: "ઈક્થિઆન્દર, મારા દીકરા!" અને પોતાના હાથ ઊંચા કરી ડૂબકી મારી.

તે બહુ ઊંડી ડૂબકી હતી અને જ્યારે તે પાણી કાપી ઉપર આવ્યો ત્યારે માણસ જતો રહ્યો હતો. બલ્તાઝારે ફરીથી ડૂબકી મારી પણ પછી એક પ્રચંડ મોજાંમાં તે ઝડપાઈ ગયો. જેણે તેને ગોળ ફેરવી કિનારા તરફ ઉછાળ્યો અને ઊંડા ઘૂરકાટ સાથે પાછું ગબડી ગયું.

બલ્તાઝાર નીતરતે કપડે ઊઠયો, મોજાંઓ તરફ જોયું અને નિસાસો નાખ્યો.

"હું તે કલ્પી શકતો હતો?"

જ્યારે સૂરજના તાપે અને પવને તેનાં કપડાં સૂકવી નાખ્યા ત્યારે તે સાલ્વાતોરની જાગીરની વિશાળ દીવાલ તરફ નીકળી ગયો અને પોલાદના દરવાજાઓ ઠોક્યાં.

"ત્યાં કોણ છે?" અડધી ખુલેલા જાસૂસી છિદ્રમાંથી

બલ્લાઝાર તરફ તાકતાં હબસીએ પૂછ્યું.

“એક અત્યંત જરૂરી કામ અંગે હું ડૉક્ટરને મળવા આવ્યો છું.”

“ડૉક્ટર કોઈને મળતા નથી,” હબસીએ કહ્યું. અને જાસૂસી છિદ્રની પટ્ટી બંધ કરી દીધી.

બૂમો પડતા બલ્લાઝારે દરવાજા ઠોકવાનું શરૂ કર્યું પણ તે બંધ જ રહ્યાં. દીવાલની પેલે પારથી માત્ર કૂતરાઓના ભસવાનો અવાજ આવી રહ્યો હતો.

“માત્ર તું રાહ જો, તું સ્પેનીશ ફાંસી યોગ્ય માણસ!” બલ્લાઝાર ધમકી આપતો બૂએનસ-આઇરસ તરફ નીકળી ગયો.

અદાલતના મકાન નજીક પૂલકેરિયા* હતી, જે ‘લા પાલ્મેરા’ કહેવાતી હતી. તે જાડી સફેદ દીવાલોવાળું નીચા ઘાટનું મકાન હતું. તેના આગળના ભાગમાં સાંકડો વરંડો હતો. ત્યાં પડદાઓ લટકતાં હતાં, મેજો લાઈનમાં ગોઠવાયેલાં હતાં. વાદળી પાસ ચડાવેલાં કુંડાઓમાં થોર હતાં. સાંજના સમયે તે અત્યંત વ્યસ્ત જગ્યા હતી; દિવસના સમયે ગ્રાહકો ઠંડી નીચી છતવાળા ઓરડાઓ પસંદ કરતાં હતાં. અદાલતના સત્ર દરમિયાન પૂલકેરિયા એક નાની અદાલતના ખંડ જેવું હતું. જ્યાં દાવેદાર અને આરોપીઓ, બચાવ માટેના સાક્ષીઓ અને ફરિયાદ પક્ષના સાક્ષીઓ દારૂ કે પૂલકે**ના પ્યાલા ઉપર ચર્ચાભર્યાં કલાકો પછી કલાકો વિતાવતા. કેટલાંક તેજસ્વી

* પીણું (સ્પેનીશ).
** દારૂ (સ્પેનીશ).

જુવાનિયાં અદાલત અને 'લા પાલ્મેરા'ની વચ્ચે આમતેમ આવતાં જતાં રહેતાં અને પોતાને છેલ્લી ક્રમિક વૃદ્ધિથી માહિતગાર રાખતાં હતાં. આ વ્યવસ્થા બધાને માફક આવતી હતી. બેઈમાન વકીલો અને ખોટી સાક્ષીઓ તે જગ્યાએ ગ્રાહકની શોધમાં વારંવાર આવજા કરતાં હતાં.

બલ્તાઝારના વિલક્ષણ ધંધાએ એક કરતાં પણ વધારે વખત તેને 'લા પાલ્મેરા'માં લાવ્યો હતો. તે જાણતો હતો કે ત્યાં તેને સલાહ મળી શકતી હતી કે તેના માટે અરજી લખવા માટે કોઈક મળી જશે. તેથી બલ્તાઝારનાં પગલાં તે ભણી વળ્યાં.

તે ઝડપથી વરંડામાં થઈને ઠંડા ખંડમાં પહોંચ્યો. જ્યાં તેણે સૌથી પહેલાં ઠંડી હવાનો ઊંડો શ્વાસ ખેંચ્યો અને પોતાના કપાળ ઉપરથી પરસેવાનાં ટીપાં દૂર કર્યાં.

"લાર્રા અહીં છે?" તેણે નજીકમાંથી લાગ જોતા ભટકી રહેલા છોકરાને પૂછ્યું.

"દોન ફ્લોરેસ દી લાર્રા અહીં છે. પોતાની હંમેશની જગ્યાએ બેઠો છે," છોકરાએ તરત જ જવાબ આપ્યો.

આડંબરી નામવાળો માણસ દોન ફ્લેરેસ દી લાર્રા એક વખત અદાલતનો કારકુન હતો પણ લાંચ લેવાને કારણે તેને કાઢી મૂકવામાં આવ્યો હતો. હવે તેની પાસે જેમના કેસોને નિષ્ણાત સલાહની એકદમ ખરાબ રીતે જરૂર હતી તેવાં લોકોનો મોટો ગ્રાહક-સમુદાય હતો. બલ્તાઝારને આ પહેલાં આ માણસ સાથે કામ પડયું હતું.

લાર્રા પહોળા સિલવાળી ગોથિક બારીની નજીક પોતાની મેજ પાસે બેઠો હતો. મેજ ઉપર સહેલાઈથી

[illegible] પહોંચી શકે તેટલી દૂર શરાબનો પ્યાલો અને ભારે [illegible]ઈ પોર્ટફોલિઓ પડયાં હતાં. હંમેશાં તૈયાર રહેલી [illegible] ઇન્ડી-પેન તેના પહેરેલાં જૈતૂની રંગના સૂટના છાતી [illegible]નાં ખિસ્સામાંથી ડોકાતી હતી. લાર્રા જાડો, ટાલિયો, [illegible].ગાલ અને નાકનો, સાફ દાઢીવાળો અને સ્વાભિમાની [illegible]. ઓરડાની અંદર પ્રવેશવા માટે રસ્તો મેળવેલાં [illegible] સમીરે તેની ટાલ ઉપરનાં રૂપેરી વાળનાં અવશેષોને [illegible] કર્યાં. સેનર મુખ્ય ન્યાયાધીશ પોતે પણ વધારે [illegible]ન દૃષ્ટિવાળી નજર ધરાવી શકતો નહોતો.

બલ્લાઝારને નજીક આવતો જોઈ લાર્રાએ તેની તરફ ઔપચારિક નમન કર્યું અને પોતાની સામેની ખુરશી તરફ [illegible] વાળ્યો.

"બેસવાની મહેરબાની કરો," તેણે કહ્યું. "શા [illegible]એ તમે અહીં આવ્યા છો? થોડો દારૂ ચાલશે? [illegible]કે?"

નિયમ પ્રમાણે લાર્રા આદેશ આપતો હતો અને [illegible] ગ્રાહક ચૂકવતો હતો.

લાગતું હતું કે બલ્લાઝાર તેને સાંભળતો નહોતો.

"મહત્ત્વપૂર્ણ કામ, અત્યંત મહત્ત્વપૂર્ણ, લાર્રા."

"દોન ફ્લોરેસ દી લાર્રા," કાયદામાં ભણેલાએ [illegible] ભૂલ સુધારી અને દારૂનો ઘૂંટ ભર્યો.

પણ બલ્લાઝારે તે જવા દીધું.

"અને આ તમારું મહત્ત્વપૂર્ણ કામ એ શું હશે?"

"તું જાણે છે લાર્રા..."

"દોન ફ્લોરેસ દી..."

"ઓહ, તારી આ યુક્તિઓ તને જે નથી જાણતું

તેના માટે રહેવા દે," બલ્તાઝ્ઝારે ઉત્તેજના સાથે કહ્યું. "આ બહુ મહત્ત્વનું કામ છે, હું તને કહું છું."

"ભલે, તો પછી, આગળ વધ," કંઈક જુદા જ અવાજે લાર્રાએ કહ્યું.

"તું 'દરિયાઈ રાક્ષસ'ને જાણે છે?"

"હજુ સુધી તેને રૂબરૂ મળવાનું માન પ્રાપ્ત નથી થયું પણ તેના વિશે ઘણું બધું સાંભળ્યું છે," લાર્રાએ પોતાની જડબાતોડ પણ પોકળ વાતોમાં ફરીથી સપડાતાં કહ્યું.

"સારું, જેને દરેકે દરેક 'દરિયાઈ રાક્ષસ' કહે છે તે મારો દીકરો ઇક્થિઆન્દર છે."

"પણ તે અસંભવ છે!" લાર્રા ઓચિંતો બોલી ઊઠયો. "તેં જરૂર પીધેલો છે, બલ્તાઝ્ઝાર."

ઇન્ડિયને પોતાની મૂઠીઓથી મેજ ઉપર પ્રહાર કર્યો.

"દરિયાઈ પાણીના કેટલાંક ઘૂંટડા સિવાય ગઈકાલથી મેં ન તો કશું ખાધું છે કે ન કશું પીધું છે."

"તો પછી એ તો એનાથી પણ વધારે ખરાબ છે."

"તું વિચારે છે કે હું સાવ ગાંડો માણસ છું? ના, હું જેટલો હોઈ શકે તેટલા સ્પષ્ટ મનવાળો છું. હવે મોં બંધ કર અને મને સાંભળ."

અને બલ્તાઝ્ઝારે આખી વાત લાર્રાને કહી. લાર્રાએ ઇન્ડિયનને ગંભીરપણે તલ્લીન થઈ સાંભળ્યો. તેની ભૂખરી ભ્રમરો તેના માથા ઉપર ચઢી આવી. જ્યારે ઇન્ડિયન થોભ્યો ત્યારે પોતાની ભવ્ય અકડાઈ વિશે બધું જ ભૂલતાં, તેણે પોતાના જાડા હાથ વડે મેજની ટોચ ઉપર થપ્પડ મારી અને બરાડયો: "હજારો શેતાનો!"

સફેદ એપ્રન પહેરેલો અને હાથમાં ગંદો રૂમાલ [illegible] છોકરો મેજ તરફ દોડયો.

"તમારા માટે શું કરી શકું છું?"

"બરફવાળી સોતેર્ન શરાબની બે બોટલો," અને [illegible] તરફ ફરતાં લાર્રાએ કહ્યું:

"અદ્ભુત! આ તો કેસની ચરમ સીમા છે. પેલું [illegible] તે તારી જાતે જ વિચાર્યું હતું કે? સાચી વાત કહું [illegible], જોકે આમાં તારું પિતૃત્વ એ સોથી નબળો મુદ્દો છે."

"તને મારી ઉપર વિશ્વાસ નથી?" ગુસ્સે ભરાતાં [illegible] કહ્યું.

"[illegible] તારા મનને દુઃખ પહોંચાડવો કોઈ ઇરાદો [illegible], [illegible]. તારા કેસ તરફ કાયદાની નજરે [illegible] હું માત્ર એક વકીલ તરીકે બોલું છું, જો તું એટલું [illegible] તો સમજી શકશે કે મારો ભાવાર્થ શો છે. અને [illegible] કેસ ઊભો કરવા માટે તે કોઈ નક્કર પાયો નથી, તું [illegible] છે—મારો કહેવાનો અર્થ છે પેલો છેલ્લો [illegible]. [illegible] આપણે જ્યારે પ્રતિકારક પાયા ઉપર ઊભો [illegible]. [illegible] મને ખાતરી છે. હા, અને ઘણા [illegible]."

"[illegible] મને જરૂર [illegible], મને મારો દીકરો [illegible]." [illegible] જવાબ આપ્યો.

"[illegible] જરૂર છે. અને ખાસ કરીને જેઓ [illegible] છે, જેમ [illegible] છે." [illegible] કહ્યું. અને ચકોર [illegible] કહ્યું, "તું સમજે છે, [illegible] રાખે

તેવો નાનો મુદ્દો તે એ જે પ્રકારની સર્જરી સાલ્વાતોર કરે છે તે છે. આખી ઘટનાને એવો વળાંક આપી શકાય કે પાનખર આંધીમાં ઝાડ ઉપરથી પડતી પાકેલી નારંગીની જેમ પેલી પૈસાની થેલીમાંથી પીસોનો વરસાદ થશે."

લાર્સએ રેડેલા શરાબથી બલ્તાઝારે માત્ર પોતાનાં હોઠ પલાળ્યાં અને કહ્યું:

"મને મારો દીકરો જોઈએ. તારે મારા માટે સાલ્વાતોરની વિરુદ્ધમાં અદાલતી આદેશપત્ર લખવું જ પડશે."

"તારી જિંદગી ઉપર નહિ!" લગભગ ગભરાયેલો લાર્સ ઓચિંતો બોલી ઊઠ્યો. "જો તું આખી સ્થિતિને બગાડવા ન ઇચ્છતો હોય તો કોઈ પણ રીતે આ તબક્કે નહિ. અદાલતી આદેશપત્ર રાહ જોઈ શકે છે."

"ભલે, તારી શું સલાહ છે?" બલ્તાઝારે પૂછ્યું.

"પહેલી," અને લાર્સએ જાડી આંગળી વાળી, "આપણે સાલ્વાતોરને વધુમાં વધુ નમ્રતાથી ભરેલી શરતો અભિવ્યક્ત કરતો પત્ર મોકલીશું. આપણે તેને કહીશું કે અમે તેના બધાં ગેરકાનૂની પ્રયોગો અને ઓપેરેશનો વિષે બધું જ જાણીએ છીએ અને તેના પ્રગટ થતાં રહસ્યને રોકવા તે થોડાક પૈસા આપવા રાજી થશે. એક લાખ પીસો. હા, એક લાખ પીસો અને એક પીસો પણ ઓછો નહીં."

લાર્સએ પ્રશ્નસૂચક નજરે બલ્તાઝાર તરફ જોયું. ઇન્ડિયનનાં ભવાં ચઢી ગયાં પણ એક શબ્દ ન કહ્યો.

"બીજું," લાર્સ આગળ વધ્યો. "જ્યારે અમને પૂર્વદર્શિત આંકડો મળશે — મને ખાતરી છે કે તે આપણને

સમજે જ, ત્યારે આપણે વધારે નરમાશવાળો બીજો ક્રમ સાલ્વાતોરને મોકલીશું. જેમાં આપણે તેને કહીશું કે ઈફ્રિથઆન્દરનો અસલી બાપ મળી ગયો છે અને અમારી પાસે તેના માટે નકારી ન શકાય તેવી સાબિતીઓ છે. પછી આપણે તેને કહીશું કે પિતા પોતાના પુત્રને પાછો લેવા માટે દૃઢ સંકલ્પી છે પછી ભલેને જો તેને માટે સાલ્વાતોર વિરુદ્ધ દાવો માંડવો પડે. અને તે અદાલતી કાર્યવાહીઓ સાલ્વાતોરે કેવી રીતે ઈફ્રિથઆન્દરને અપંગ બનાવ્યો તેના માટે લોકોની આંખો કદાચ ખોલે. ગમે તેમ, જો સાલ્વાતોર અદાલતી કાર્યવાહીઓથી દૂર રહેવા અને છોકરાને પોતાની પાસે રાખવા ઇચ્છે તો તેણે અમે દર્શાવેલાં માણસોને, જગ્યાએ અને સમયે દસ લાખ પૈસા ચૂકવવા રાજી થવું."

પણ બલ્તાઝાર સાંભળી રહ્યો નહોતો. તેણે શીશો હાથમાં લીધી અને તેને વકીલના માથા ઉપર વીંઝવા ગયો. લાર્રાએ તેને પહેલાં કદી આવા ક્રોધમાં નહોતો જોયો.

"ચાલ, ચાલ રહેવા દે હવે, વાંદરાવેડા ઉપર ન ઊતરી આવ. હું તો માત્ર મજાક કરતો હતો. ચાલ, પેલો શીશો નીચે કર," એક હાથ વડે પોતાની ચળકતી ટાલને ઢાંકતા લાર્રા કહી રહ્યો હતો.

"તું! ...તું!" બલ્તાઝાર ક્રોધે ભડી ઊઠ્યો, "તેં કહ્યું કે હું મારા દીકરાને વેચું, મારા ઈફ્રિથઆન્દરને! તારી પાસે હૃદય નથી? કે તું માનવી નથી પણ વીંછી, ઝેરીલો કરોળિયો છે, અને બાપની લાગણીઓ વિષે કશું જ નથી જાણતો?"

"હું નહિ! સાચે જ હું નહિ!" લાર્રાએ વળતી બૂમ પાડી, ઉત્તેજિત પણ થઈ ગયો. "મારી પાસે પાંચ બાપોની લાગણીઓ છે. મારે પાંચ દીકરા છે. બધાં જ કદના પાંચ નાના તોફાની બાળકો. પાંચ જણાનું લાલનપાલન કરવાનું છે. હું બધું જાણું છું, સમજું છું અને અનુભવું છું. તને તારો દીકરો મળી જશે. પણ પહેલાં ધીરજ રાખ અને મને બોલવાનું પૂરું કરવા દે!"

બલ્તાઝાર થોડો ઠંડો પડયો. તેણે શીશો મેજ ઉપર મૂક્યો અને લાર્રા તરફ જોયું.

"ઠીક તો પછી, આગળ વધ."

"તે વધારે સારું છે. તો સાલ્વાતોર આપણને દસ લાખ પીસા ચૂકવે છે. તેના વડે તું તારા ઈક્થિઆન્દરની બધી જ જરૂરિયાતો ખરીદશે—અને મારી મહેનત અને મહત્તા માટે થોડાંક લાખેક પીસો રહેવા દેશે. તેના ઉપર રકઝક કરવાની જરૂર નથી. સાલ્વાતોર તે આપી દેશે. હું તેની સાથે વાતચીત કરીશ, તે કરશે. જેવાં આપણી પાસે પૈસા આવશે કે તરત જ..."

"આપણે તેને અદાલતમાં લાવીએ."

"થોડી વધારે ધીરજ રાખ. આપણે સૌથી મોટી સમાચાર સંસ્થાને સનસનાટી ભર્યા ગુનાની એક વાર્તા માટે પ્રસ્તાવ મૂકીશું. તેના માટે બીસ કે ત્રીસ હજાર પીસો લાગશે—માત્ર ખિસ્સાખર્ચી, સમજ્યો. કદાચ સાથે સાથે આપણને છૂપી પોલીસના ભંડોળમાંથી પણ મળશે. તેમાંના કેટલાંક આપણાં જેવાં કેસોના આધારે કદાચ પોતાની કારકિર્દી બનાવી શકે, એ તું જાણે છે. અને જ્યારે આપણે સાલ્વાતોરને પૂરેપૂરો નિચોડી લઈને પછી

અદાલતમાં જઈશું, હા, બધાં જ સાધનો દ્વારા જઈને તેમની પિતૃત્વભરી લાગણીઓ વિષે બોલજે. કદાચ થેમિસ* પોતે જ તારા દાવાને પૂરવાર કરવા મદદ કરે અને તારાં લાંબા વખતથી ખોવાયેલા દીકરાને મળવા માટેની ઉત્કંઠામાં સમજે અને તને તારો દીકરો મળે."

લાર્રાએ ઉતાવળે પોતાનો પ્યાલો ખાલી કરીને તેને બાજુની મેજ ઉપર મૂકતાં બલ્તાઝાર તરફ વિજયી નજરે જોયું.

"તારું તે વિશે શું કહેવું છે?"

"હું નથી ખાઈ શકતો કે નથી પી શકતો અને અહીં તું સમયના અંત સુધી આખા કેસને ઘસડવાની મને સલાહ આપે છે," બલ્તાઝારે શરૂ કર્યું.

"પણ જો તેમાંથી તને શું મળશે!" લાર્રાએ આવેશથી વચ્ચે જ કાપ્યું. "લાખો! લા-ખો! તારું ભેજું અચાનક કામ કરવું બંધ થઈ ગયું છે? ગમે તેમ તું ઈક્થિઆન્દર વિના આ વીસ વર્ષો સુધી જીવ્યો છે."

"હા, હું રહ્યો છું. પણ હવે... ઠીક છે, મારા માટે પેલો કાગળ લખ."

"હા, તેં સાચે જ તારું ભેજું વાપરવાનું છોડી દીધું છે!" લાર્રા અચાનક મોટેથી બોલી ઊઠ્યો. "ભાનમાં આવ, બલ્તાઝાર! સમજવાનો પ્રયત્ન કર! શા માટે, ભલા માણસ, તે લાખો છે! પૈસા! સોનું! જે પણ ખરીદી શકે તે બધું જ તારી પાસે હશે. સૌથી શ્રેષ્ઠ તમાકુ, ગાડીઓ, વહાણો, આ પુલકેરિયા..."

* પ્રાચીન ગ્રીકમાં ન્યાયની દેવી.

"પેલો કાગળ લખે છે કે હું બીજા કોઈની પાસે જાઉં," બલ્તાઝારે અંતિમ દૃઢ અવાજે કહ્યું.

જ્યારે લાર્રાનો પરાજય થયો ત્યારે તેણે જાણ્યું. તેણે ઉદાસીનતાથી માથું ધુણાવી નિસાસો નાખ્યો, પોતાના કથ્થઈ રંગના પોર્ટફોલિયામાંથી કાગળનું પાનું કાઢ્યું અને પેન ચલાવી.

થોડી જ મિનિટોમાં બલ્તાઝારના દીકરાને ગેરકાનૂની રીતે ઉપાડીને તેને બેડોળ બનાવવા માટે સાલ્વાતોરની વિરુદ્ધમાં યોગ્ય આકારમાં સરકારી આદેશપત્ર તૈયાર થઈ ગયો.

"હું તને છેલ્લી વખત કહું છું, હોશમાં આવી જા," લાર્રાએ કહ્યું.

"તે મને આપ," ઈન્ડિયને કાગળનું પાનું લેવા માટે તેનો હાથ ખેંચતા કહ્યું.

"મુખ્ય ફોજદારી વકીલના હાથમાં તે આપી દે. તું જાણે છે તે ક્યાં છે?" લાર્રાએ પોતાના ગ્રાહકને સમજાવ્યું અને મનમાં બબડયો, "તું તારા રસ્તે પડ અને પોતાનું ગળું કાપ."

ફોજદારી વકીલનું કાર્યાલય છોડતાં બલ્તાઝાર વિશાળ સફેદ નિસરણી ઉપર ઝુરીતા તરફ દોડયો.

"તું અહીં શા કામે આવ્યો છે?" બલ્તાઝાર તરફ શંકાભરી નજર નાખતા ઝુરીતાએ પૂછ્યું. "તે જઈને મારી વિરુદ્ધમાં તો ફરિયાદ નથી કરી, કે પછી કરી છે?"

"તમારા બધાંની વિરુદ્ધમાં ફરિયાદો કરવી જ જોઈએ," બલ્તાઝારે કહ્યું. તેનો અર્થ બધાં સ્પેનીશો હતો. "પણ ફરિયાદ કરવા કોઈ નથી. તેં મારી દીકરીને

શું સંતાડી દીધી છે?"

"તું તારા મગજમાં સમજે છે શું?" ઝુરીતા એકાએક ભભૂકી ઊઠયો. "જો તું મારી પત્નીનો બાપ ન હોત તો તને મારી લાકડીનો સ્વાદ ચખાડયો હોત."

મજાઝ્રરને પોતાના રસ્તામાંથી દૂર કરવા ધક્કો મારી ઝુરીતા પગથિયા ઉપર ગયો અને મજબૂત ઓકના લાકડાના બારણાની પાછળ અદૃશ્ય થઈ ગયો.

અનોખો મુકદ્દમો

મુખ્ય બૂએનસ-આઈરસના સરકારી વકીલ પાસે ક્વચિત્ જ મળતો મુલાકાતી આવ્યો હતો — જે પ્રતિષ્ઠાવાન પાદરી અને મુખ્ય ચર્ચનાં ઉપરી જૉન દી ગારસીલાસો હતાં.

જાડા અને ચાલાક, ઝાંખી દૃષ્ટિવાળી ઝીણી આંખોવાળા, ટૂંકા વાળવાળા અને રંગેલી મૂછોવાળો સરકારી વકીલ પાદરીને મળવા પોતાની મેજ પાછળથી બહાર આવ્યો. યજમાને પોતાના પ્રિય મહેમાનને પોતાની મેજની સામેની ચામડાની ભારે આરામખુરશી ઉપર સંભાળપૂર્વક બેસાડયાં.

યજમાન અને મહેમાન વચ્ચેની અસામનતા અસર કરી રહી હતી. ફોજદારી વકીલનો લાલ ચહેરો માંસલ, જાડા હોઠવાળો અને મોટા નાસપતી જેવા નાકવાળો હતો. તેની ટૂંકી આંગળીઓ જાડા સૉસિજ્* જેવી

---

* ઠાંસીને ભરેલા મસાલેદાર માંસનાં ભૂંગળા જેવા આકારની વાની.

લાગતી હતી, જ્યારે તેના પેટ ઉપરના બટણો તેની બાંધ કરાયેલી ચરબીના ઉપર અને નીચે થવાની સાથે સાથે કોઈપણ ક્ષણે આંચકો મારી બહાર નીકળી આવવાની ધમકી આપતાં હતાં.

હવે પાદરીના ચહેરાની બે લાક્ષણિક વિશેષતા હતી — એક તો નાજુકતા અને બીજી ફીકાશ. વાળેલા આંકડા જેવું પાતળું નાક, સુરેખ હડપચી, અને ફિક્કા પાતળા હોઠોની જોડ તેના ખ્રિસ્તી દલના સભ્ય હોવાની લાક્ષણિક ઝલક આપતાં હતાં. પાદરી કદી પોતાના સંભાષણમાં ભાગ લેનારની આંખોમાં સીધું નહોતો જોતો, તેમ છતાં પણ તે તેને મર્મભેદક નિરીક્ષણમાં રાખતો હતો. પાદરીનો પ્રભાવ અમાપ હતો. તેણે રાજકીય રમત માટે પોતાના દેવળના કામકાજમાંથી સ્વેચ્છાએ સમય લીધો હતો.

અભિવાદનો પૂરાં થયાં, પાદરી સીધો જ પોતાની મુલાકાતના ઉદ્દેશ્ય ઉપર આવ્યો.

તેમણે નરમાશથી કહ્યું: "હું એ જાણવા ઈચ્છું છું કે પ્રોફેસર સાલ્વાતોરને મુકદ્દમો ક્યા તબક્કામાં છે?"

"ઓહ, મહોદય," ફોજદારી વકીલ સાલસતાથી બોલી ઊઠયો, "તમે પણ આ મુકદ્દમામાં રસ ધરાવો છો. સાચે જ, આ મુકદ્દમો અનોખો છે," તેણે જાડી ફાઈલ ઉપાડી તેનાં પાનાં ફેરવતાં કહેવાનું ચાલુ રાખ્યું, "પેદ્રો ઝુરીતાના જાહેર તહોમતનામા ઉપર પ્રોફેસર સાલ્વાતોરના વિષે શોધ તપાસ સ્થાપવામાં આવી. ઝુરીતાના આક્ષેપો એ જાતની અસર આપતાં હતાં કે સાલ્વાતોર પ્રાણીઓ ઉપર જે જાતની આસામાન્ય વાઢકાપમાં વ્યસ્ત

[illegible] તે સંપૂર્ણપણે સમર્થન કરતાં હતાં. વાસ્તવમાં સાલ્વાતોરના બગીચાઓ એ અસલી બેડોળ પ્રાણીઓનું [illegible]નું છે. તે કંઈક અતિશય કાલ્પનિક લાગે છે! સાલ્વાતોર, દાખલા તરીકે..."

"મેં શોધ વિષે બધું જ છાપાંઓ મારફત જાણ્યું છે," [illegible] વચ્ચે જ નરમાશથી બોલ્યો. "તમે સાલ્વાતોરની [illegible]માં ક્યાં પગલાં લીધાં છે? તે હવાલામાં છે?"

"હા, તે હવાલામાં છે. તદુપરાંત અમે શહેરમાં [illegible]માં રજૂ કરવાની વસ્તુ તરીકે અને ફરિયાદ પક્ષ માટે સાક્ષી તરીકે ઇક્થિઆન્દર નામના જુવાનને પણ [illegible]માં લઈ લીધો છે, જેને 'દરિયાઈ રાક્ષસ' તરીકે [illegible] ઓળખવામાં આવે છે. પેલો નામીચો 'દરિયાઈ રાક્ષસ' કે જે અમારી મુશ્કેલીઓનું મોટું કારણ હતો તે [illegible] સાલ્વાતોરના પ્રાણી સંગ્રહાલયનો રહેવાસી હતો! [illegible] છક્ક કરી નાખે તેવું છે! હાલમાં નિષ્ણાતોની એક [illegible] જેમાં ખાસ કરીને વિશ્વવિદ્યાલયનાં પ્રોફેસરો છે, [illegible] તે જગ્યાની શોધ-તપાસ કરી રહ્યાં છે. પણ મેં [illegible] તે પ્રમાણે ઇક્થિઆન્દરને શહેરમાં લાવવામાં આવ્યો [illegible] અને અદાલતની નીચેના ભોંયરામાં રાખવામાં આવ્યો [illegible]. તે ચિંતાનું કારણ છે તેટલું હું કહી શકું છું. જરા [illegible] તો, અમારે તેના માટે એક મોટી ટાંકી બનાવડાવવી [illegible] કારણ કે તે પાણી વિના જીવી નથી શકતો. અને [illegible] કારણે વાસ્તવમાં તે સાચે જ દયનીય સ્થિતિમાં [illegible]. સ્પષ્ટ હતું કે સાલ્વાતોરે તેની પરસ્પરાવલંબી [illegible]ોવાળી સજીવ રચનામાં કેટલાંક વિલક્ષણ પરિવર્તનો [illegible] તેને ઉભયવાસી પ્રાણીના પ્રકારમાં ફેરવ્યો હતો.

અમારા નિષ્ણાતો હવે આ પ્રશ્નને ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

"મને માત્ર સાલ્વાતોરમાં જ વધારે રસ છે," પાદરીએ પહેલાં જેટલી જ નરમાશથી કહ્યું. "ધારાની કઈ કલમની અંદર તે શિક્ષાપાત્ર છે? અને તમારો તે વિષે શો અભિપ્રાય છે કે તેને સાચે જ સજા કરવામાં આવશે કે કેમ?"

"સાલ્વાતોરનો મુકદ્દમો વિલક્ષણ છે કારણ કે તેમાં તેવું કોઈ દૃષ્ટાંત નથી," ફોજદારી વકીલે કહ્યું. "ખુલ્લા દિલથી કહેતાં મેં હજુ નિર્ણય નથી કર્યો કે ધારાની કઈ કલમની અંદર તેનો ગુનો આવે છે. ચોક્કસપણે, તે સૌથી સહેલી વસ્તુ એ છે કે તેના ઉપર જીવતા પ્રાણીની ગેરકાનૂની શસ્ત્રક્રિયા કરવાનો અને આ જુવાનને બેડોળ બનાવવાના આક્ષેપ કરવા જોઈએ..."

આ સૂઝાવથી પાદરીની ભ્રમરો ચઢી ગઈ.

"તો તમે એમ માનો છો કે સાલ્વાતોરના કૃત્યોમાં કોઈ માનવીય દુષ્કૃતિ નથી?"

"તે ચોક્કસ હોવું જોઈએ પણ યથાર્થ રીતે શું?" ફોજદારી વકીલે કહ્યું. "આ જ વિષયને લાગતું વળગતું એક બીજું નિવેદન મને બલ્તાઝાર નામના ઈન્ડિયન તરફથી મળ્યું. તે દાવો કરે છે કે ઈક્થિઆન્દર તેનો દીકરો છે. તેના પુરાવાઓ જોકે નબળા છે પણ તેમ છતાં ફરિયાદી પક્ષની સાક્ષી માટે આપણે કદાચ તેને બોલાવી શકીએ—જો નિષ્ણાતો તે જુએ કે ઈક્થિઆન્દર વાસ્તવમાં તેનો દીકરો છે."

"તમારો કહેવાનો અર્થ એ છે કે છેવટે સાલ્વાતોર

ઉપર વ્યાવસાયી સદાચારના નિયમોનું ઉલ્લંઘન કરવાનો અને બાળકના માતાપિતાની સંમતિ મેળવ્યા વિના તેના ઉપર શસ્ત્રક્રિયા કરવાનો પ્રયત્ન કરવાનાંજ માત્ર આરોપ મૂકવામાં આવશે?"

"હા, અને કદાચ અંગછેદનનો પ્રભાવ પાડવા માટે. અને તે વધારે ખરાબ છે. પણ આ હકીકત તરફ બીજો દૃષ્ટિકોણ પણ છે જેના દ્વારા બિલકુલ જુદું જ પાસું કદાચ દેખાય. નિષ્ણાતો જ્યાં સુધી પ્રયોગાત્મક સિદ્ધાંત રૂપે એ માનવા માટે વળ્યાં છે કે સામાન્ય માણસના મનમાં પ્રાણીઓ ઉપર કે પછી માનવી ઉપર આવી રાક્ષસી શસ્ત્રક્રિયાનો વિચાર માત્ર કદી ન ઉદ્‌ભવી શકે. તેઓ કદાચ સાલ્વાતોરને માનસિક રીતે ગાંડો ઘોષિત કરી દે."

પાદરીના હોઠ એક રેખામાં દબાઈ ગયાં, તેની આંખો મેજના એક ખૂણા ઉપર જડાઈ ગઈ, તે એકદમ ચૂપચાપ બેઠો.

છેવટે ધીમા અવાજે શાંતિભંગ કરતાં તે બોલ્યો: "તમારા તરફથી મેં આવી આશા નહોતી રાખી."

"હું ક્ષમા યાચું છું, મહોદય?" અચંબો પામેલા ફોજદારી વકીલે કહ્યું.

"તમે પણ, કાયદાના મોભ, એમ લાગે છે કે સાલ્વાતોરનાં કૃત્યો તરફ દુર્લક્ષ કરતાં લાગો છો, અને તેની શસ્ત્રક્રિયાઓને વાજબી પુરવાર કરવા માટે કંઈ પુરાવાઓ શોધવાનો પ્રયત્ન કરી રહ્યાં છો."

"પણ તે શું વાસ્તવમાં એટલી ખરાબ છે?"

"માનવીય દુષ્કૃતિની વ્યાખ્યા કરવી દ્વિધાભરી છે. અમારા પવિત્ર કૅથોલિક દેવળની અદાલત—સ્વર્ગની

અદાલત — સાલ્વાતોરના કૃત્યોનાં જુદાં જુદાં અવલોકનો લે છે. મને તમારી મદદે આવવાની અને તમને સલાહ આપવાની રજા આપો."

"હું સાંભળું છું," મૂંઝાયેલાં અધિકારીએ કહ્યું.

પાદરીએ ધીમા અવાજે શરૂ કર્યું અને ધીમે ધીમે ચરમ સીમા સુધી પહોંચી ગયો, જાણે નાસ્તિક વિજ્ઞાનની વિરુદ્ધમાં વ્યાસપીઠથી ભારપૂર્વક બોલતો હોય.

"તમે એમ વિચારતા લાગો છો કે સાલ્વાતોરના કૃત્યો કોઈક વાજબી પુરાવાઓ વિનાના નથી. તમે આડકતરી રીતે દર્શાવતાં લાગો છો કે માનવી અને પ્રાણીઓ કે જેને હવે તેણે બેડોળ કર્યાં છે તેમને કેટલાંક ફાયદા થયાં છે જે તેઓ પહેલાં નહોતાં માણતાં. આનો અર્થ શો છે? આનો અર્થ એ થાય છે કે સર્જનહારે માણસને સંપૂર્ણ પ્રાણી નહોતો બનાવ્યો? આનો અર્થ એ છે કે પ્રોફેસર સાલ્વાતોર સર્જનહારની દૈવી ઇચ્છામાં હસ્તક્ષેપ કરવા માટે અને માણસમાં ગોઠવણી દાખલ કરવા માટે મુક્ત છે?"

વશ થયેલો અને આશ્ચર્ય પામેલો યજમાન દેવળના ઉચ્ચ પદવી ધરાવતા વ્યક્તિને સાંભળતો બેસી રહ્યો: તેને પાદરી તરફથી પ્રતિવાદના વારાની આશા નહોતી.

"તમે ભૂલી ગયાં છો કે પવિત્ર બાઈબલ પોતાના પ્રથમ ખંડ 'ભવ'ના પહેલા પ્રકરણની ૨૬મી કડીમાં શું કહે છે, 'અને ભગવાને કહ્યું કે ચાલો આપણે કલ્પનામાં મૂર્તિને અનુસાર માણસ બનાવીએ'. અને પછી ૨૭મી કડી, 'તેથી ભગવાને પોતાના સ્વકલ્પનામાં માણસનું સર્જન કર્યું'? સાલ્વાતોર તેની આ કલ્પના અને પ્રતિકૃતિને

ઐડોળ કરવાની હિમ્મત કરે છે અને તમે, તમે પણ આને વાજબી ગણો છો!"

"મને માફ કરો, પાદરી," ફોજદરી વકીલ માત્ર આટલું જ ઉચ્ચારી કરી શક્યો.

"ભગવાનને પોતાનું સર્જન સંપૂર્ણ નહોતું લાગ્યું?" પોતાના વિષયને ઉગ્ર બનાવતાં પાદરીએ આગળ કહ્યું; "ક્ષુદ્ર વસ્તુથી રહિત? તમને માણસના કાયદાઓની કલમો તો સારી રીતે યાદ છે પણ તમે ભગવાનના કાયદાઓની કલમો ભૂલી ગયા છો. બાઈબલના પ્રથમ ખંડના પહેલા જ પ્રકરણની ૩૧મી કડી જરા યાદ કરો: 'અને ભગવાને પોતે જે કંઈ પણ બનાવ્યું હતું તે ધ્યાનપૂર્વક જોયું, તે ઘણું જ સરસ હતું.' અને તમારો સાલ્વાતોર પોતાના નાસ્તિક મિથ્યાભિમાનમાં માને છે કે સુધારા માટે અવસર છે અને તે એ કે માણસે ઉભયવાસી પ્રાણી બનાવવો જોઈએ. તમે માત્ર તેનાથી આશ્ચર્યચકિત થઈ ગયાં અને તેના વાજબીપણા માટે પૂરાવાઓ શોધવા લાગ્યાં. શું આ દેવનિંદા નથી? તે પવિત્ર વસ્તુનો અનાદર નથી? શું અમારા નાગરિક શાસ્ત્રના કાયદાઓ ભગવાન વિરુદ્ધનાં ગુનાઓ માટે સજા જ નથી કરતાં? તમે એ વિચારવાનું બંધ જ કરી દીધું છે કે જો તમારી પાછળ બધાં જ એ કહેવાનું શરૂ કરી દે કે ભગવાને માણસનું ખોટું સર્જન કર્યું હતું અને તેને ફરીથી સર્જવા માટે સાલ્વાતોરને આપવો જોઈએ? તો શું થશે? આના પરિણામે કેવી અપમાનકારક સન્માર્ગચ્યુતિની પરિસ્થિતિ ઊભી થશે? ભગવાને જે પણ બનાવ્યું તે બધાં જ પ્રાણીઓ તેમને સરસ લાગ્યા. અને સાલ્વાતોર ગોઠવવા બેઠો છે અને

પ્રાણીઓમાં માથા અને ચામડીઓ ઉખેડી બીજા પ્રાણીઓમાં લગાડવાની ક્રિયા કરીને દુષ્ટ રાક્ષસો સર્જે છે. જાણે સર્જનદારને હાંસી ઉડાવતો હોય. અને તમને તેના કૃત્યોમાં માનવીય દુષ્કૃતિ શોધી કાઢવી મુશ્કેલ લાગે છે?!"

પાદરી થોભ્યો. પોતાના ભાષણની ફોજદારી વકીલ ઉપર થયેલી અસરથી ખુશ થયેલ પાદરી એક પળ ચૂપકીદી રાખી અને ફરીથી શરૂ કર્યું, પહેલાં ધીમા અવાજે અને પછી ક્રમે ક્રમે ચરમ સીમા સુધી વધ્યો:

"મેં કહ્યું હતું કે મને સાલ્વાતોરનું શું થશે તેમાં વધારે રસ છે. પણ શું ઇક્થિઆન્દરનું શું થશે તેનાથી હું બેપરવા રહી શકું છું? શા માટે, આ પ્રાણીને તો વળી ખ્રિસ્તી નામ પણ નથી કારણ કે ઇક્થિઆન્દર — એ માણસ અને માછલી માટેના ગ્રીક શબ્દોનું સંમિશ્રણ માત્ર છે. પણ એટલું તો સ્વીકારવા યોગ્ય હતું કે ઇક્થિઆન્દર દોષી નથી. માત્ર ભોગ બનેલો તે ગુનાને કારણે પેદા થયેલું પ્રાણી માત્ર જ છે. તેના અસ્તિત્ત્વની માત્ર વાસ્તવિકતા કદાચ સાધારણ માનવીઓને પ્રલોભન તરફ દોરી જાય. તેમને અધાર્મિક શંકાઓથી વિચારવાં પ્રેરે. અને વળી કદાચ જેઓ પોતાના વિશ્વાસમાં દૃઢ નથી તેમને ચલિત કરવાનું કારણ પણ બને. ઇક્થિઆન્દર જવો જ જોઈએ! કમભાગી જુવાન માટે સૌથી શ્રેષ્ઠ વસ્તુ સ્વર્ગમાં પહોંચી જવું તે. જ રહેશે કારણ કે તે જીવવા માટે અક્ષમ છે," — અહીં પાદરીએ પોતાના યજમાન તરફ અર્થસભર નજર ફેંકી. "કોઈપણ સંજોગોમાં તેને પણ દોષી ઠરાવવો જોઈએ અને બધાં જ સંપર્કોથી દૂર કરી દેવો જોઈએ. ગમે તેમ તેણે સજા યોગ્ય અપરાધો

[illegible] હતાં. તેણે માછીમારોના માછલાં ચોર્યાં હતાં, તેમની [illegible]ને નુકસાન પહોંચાડયું હતું અને તમને યાદ હશે કે તેણે માછીમારોને એટલા બધાં તો ડરાવી દીધાં હતાં કે તેમણે માછલાં પકડવાનું જ છોડી દીધું હતું જેથી શહેરમાં માછલાંનો પૂરવઠો જ નહોતો રહ્યો. નાસ્તિક સાલ્વાતોર અને તેની નીતિહીન રચના એ ભગવાન અને આપણા પવિત્ર દેવળને માટે પડકાર છે! અને જ્યાં સુધી તેઓનો નાશ કરવામાં ન આવે ત્યાં સુધી દેવળ રાહત નહીં લે!”

પાદરી પોતાના વ્યાખ્યાનનો ઉપસંહાર કહી રહ્યો હતો. ફોજદારી વકીલ ઝંખવાણો બેઠો હતો. તેની [illegible] દૃષ્ટિ જમીન ઉપર જડાયેલી હતી. તેનામાં [illegible] શબ્દોની ઝડીને રોકવાની હિમ્મત નહોતી.

છેવટે જ્યારે પાદરી બોલતો બંધ થયો ત્યારે ફોજદારી [illegible] પોતાની જગ્યાએથી ઊઠયો અને દેવળના ઉચ્ચ [illegible]કારીની નજીક આવ્યો.

તેણે ખોખરા અવાજે કહ્યું: “ખ્રિસ્તી તરીકે, હું [illegible] પાપની કબૂલાત સાંભળનાર પાદરી સમક્ષ મારા પાપનું પ્રાયશ્ચિત કરીશ. કાયદાના અધિકારી તરીકે હું [illegible] મને જે મદદ આપી તેના માટે મારી કૃતજ્ઞતા વ્યક્ત [illegible]. સાલ્વાતોરના ગુના પ્રત્યે મારી આંખો ખુલી [illegible] છે. તેના ઉપર મુકદ્દમો ચલાવવામાં આવશે અને [illegible] ગુનેગાર સાબિત કરવામાં આવશે. અને દુષ્કૃત્યનો [illegible] આપનાર નેમેસીસ*ની તલવાર ન તો ઇક્થિઆન્દરને [illegible].”

* [illegible]ની દેવી (ગ્રીક).

વિલક્ષણ બુદ્ધિનો ગાંડો માણસ

હવાલામાં હોવા છતાં પણ સાલ્વાતોર નમતું આપે તેવો નહોતો. તે હંમેશની જેમ જ શાંત અને પ્રભાવશાળી હતો. જાંચ તપાસ કરનારાઓ અને નિષ્ણાતો સાથે બોલતાં મોટેરાંની ભલમનસાઈવાળી ઢબથી બાળકોના ઝુંડને સંબોધતો હોય તેમ બોલતો હતો.

તેનો પ્રવૃત્તિમય સ્વભાવ તેને આળસુ નહોતો રાખી શકતો. તેણે મહાન લખાણો તૈયાર કર્યાં અને જેલના દવાખાનામાં કેટલાંક અદ્ભુત ઓપરેશનો કર્યાં. બીજા બધાંઓમાં તેણે જેલના સંચાલકની પત્નીનું પ્રાણઘાતક ગાંઠ માટે ઓપરેશન કર્યું અને જ્યારે બીજાં બધાં જ દાક્તરોએ આશા છોડી દીધેલી ત્યારે તેણે તેની જિંદગી બચાવી.

અદાલતી સુનાવણીનો દિવસ આવ્યો.

વિશાળ અદાલતી હૉલ ખચોખચ ભરાયેલો હતો. જેઓને અંદર જવાની જગ્યા ન મળી તેઓ પરસાળોમાં, અદાલતના મકાનની સામેનાં ચોકમાં ઊભરાઈ રહ્યાં હતાં. તેઓ ખુલ્લી બારીઓમાંથી કે સારી રીતે જોવા માટે ઝાડો ઉપર ચઢી ચઢીને અંદર જોતાં હતાં.

ન્યાયાધીશની જેમ શાંત અને ગૌરવવંત વર્તન સાથે સાલ્વાતોર કેદીના પિંજરામાં બેઠા. દરેકે દરેકની આંખો તેના ઉપર ચોંટેલી હતી. સાલ્વાતોર પોતાનો બચાવ જાતે જ કરવાના હતા તે હકીકત માત્ર પ્રેક્ષકોને ઉત્સુક કરતી હતી.

ચોક્કસપણે ઇંક્વિથઆન્દર લોકોચિત અભિરુચિમાં ભાગ

પડાવવા માટે આવી શક્યો હોત પણ તે અદાલતમાં નહોતો. સુનવાણીનો સમય નજીક ને નજીક આવતાં સાથે પોતાની દયનીય સ્થિતિ અને લોકોની વિહાર ભરી અનિમેષ દૃષ્ટિને કારણે તે વધારે અને વધારે સમય પોતાની પાણીની ટાંકીમાં ગાળતો હતો.

તદ્ઉપરાંત સાલ્વાતોરનાં મુકદ્દમામાં ફરિયાદી પક્ષ માટે ઈક્થિઆન્દર એકમાત્ર સાક્ષી હતો. મુખ્ય સરકારી વકીલના કહેવા પ્રમાણે તે મહત્ત્વશીલ પૂરાવાઓમાંનો એક હતો. અને તેનો મુકદ્દમો સુનાવણી માટે પાછળથી અને જુદો આવવાનો હતો.

સાલ્વાતોરને ઝડપથી આરોપી દોષિત છે તેમ જાહેર કરવાની પાદરીની ઈચ્છાને પૂરી કરવા માટે આ પ્રમાણેની ગોઠવણ કરવામાં આવી હતી. તે દરમિયાન ઈક્થિઆન્દરની વિરુદ્ધમાં પૂરાવાઓ તૈયાર કરી શકાતાં હતાં. ફોજદારી વકીલના આડતિયાઓ સાવધાનીથી પૂલકેરીયા 'લા પાલ્મેરા'ની મુલાકાત લેતાં હતાં પણ પછીની સુનવાણી માટે સાક્ષીઓની ભરતી કરવામાં કાર્યરત હતાં. ગમે તેમ પાદરી ફોજદારી વકીલને સ્પષ્ટતાથી એ સૂચન કરતો રહ્યો કે કમભાગી જુવાન માટે સૌથી શ્રેષ્ઠ એ હતું કે તેને આ જિંદગીથી મુક્ત કરવો — અને જોઈએ તેટલાથી વધુ ખાત્રિતી પૂરી પાડવી કે માણસના હાથ ભગવાને જે કંઈ બનાવ્યું છે તેને માત્ર બગાડી જ શકતાં હતાં.

નિષ્ણાતોની જૂરીના સભ્યો તરફથી બોલતાં શરીરરચના શાસ્ત્રના પ્રોફેસર અને વિખ્યાત વૈજ્ઞાનિક આરતુરો સ્ટેઈને ચૂકાદો આપ્યો કે જેને પૂરાં જોશવાળી એકાગ્રતાથી સાંભળવામાં આવ્યો.

તેમણે શરૂ કર્યું: "અદાલતના આદેશ ઉપર અમે પ્રોફેસર સાલ્વાતોર દ્વારા શસ્ત્રક્રિયા કરેલ પ્રાણીઓ અને ઇક્થિઆન્દર નામના જુવાનને તપાસ્યા. અમે તેની નાની પણ સુસજ્જિત સર્જરી અને પ્રયોગશાળાઓ પણ તપાસી. પ્રોફેસર સાલ્વાતોર પોતાના કાર્યમાં ન માત્ર તદ્દન અદ્યતન પદ્ધતિઓ જેવી કે વિદ્યુત વાઢકાપ પ્રક્રિયા અને ઉલ્ટ્રાવાયોલેટ શુદ્ધીકરણનો વિસ્તૃત પ્રમાણમાં ઉપયોગ કર્યો પણ સાથે સાથે ઘણાં બધાં એવાં સાધનોનો ઉપયોગ કર્યો કે જે આધુનિક પ્લાસ્ટીક સર્જરી માટે પણ અજાણ્યાં છે. સ્પષ્ટ હતું કે આ સાધનો તેના માટે પોતાની યોજના પ્રમાણે બનાવવામાં આવ્યાં હતાં. પ્રોફેસર સાલ્વાતોરના પ્રાણીઓ ઉપરના પ્રયોગોના ઊંડાણ ખોદવાનો મારો ઇરાદો નથી. સંક્ષિપ્તમાં તેઓ ઓપરેશનોની શૃંખલામાં રહેતાં હતાં જે કલ્પનામાં જેટલાં જોખમકારક હતાં તેટલાં જ કાર્યસિદ્ધિમાં અદ્ભુત હતાં. તેણે માંસપેશીઓ, આખાને આખા અવયવો અને પગોને એક પ્રાણીમાંથી કાઢી બીજા પ્રાણી ઉપર બેસાડવાની ક્રિયા કરી હતી. તેણે બે પ્રાણીઓ એક સાથે જોડી દીધાં હતાં, એક શ્વસનક્રિયાવાળા પ્રાણીઓને બે શ્વસનક્રિયાવાળા પ્રાણીઓમાં અને તેનાથી ઊલટું બે શ્વસનક્રિયાવાળા પ્રાણીઓને એક શ્વસનક્રિયાવાળા પ્રાણીઓમાં પરિવર્તિત કર્યાં હતાં, નારી જાતિને નર જાતિમાં પરિવર્તિત કર્યાં હતાં અને કાયાકલ્પના ક્ષેત્રમાં પ્રયોગો કર્યાં હતાં. સાલ્વાતોરની વાડીઓમાં અમને કેટલાંક મહિનાઓથી ૧૪ વર્ષની ઉંમર સુધીના જુદી જુદી ઇન્ડિયન જાતિઓના બાળકોને પણ મળ્યાં."

"તેમનામાં તમે શું જોયું?" ફોજદારી વકીલે પૂછ્યું.

"બધાં જ બાળકો ઉત્તમ સ્થિતિમાં હતાં. તેઓ વાસ્તવમાં ખૂબ જ ખુશ દેખાતાં હતાં. તેમાંના ઘણાં બધાંની જિંદગીઓ સાલ્વાતોરને કારણે હતી. ઇન્ડિયનોને તેનામાં શ્રદ્ધા હતી અને દૂર દૂરથી પોતાનાં બાળકોને તેની પાસે લાવતાં હતાં."

નીરવ ખંડમાં નિસાસો સંભળાયો.

ફોજદારી વકીલ બેચેન થવા લાગ્યો. હવે તેને પાદરી તરફથી મળેલ પેલું સૂચન અને તેના કાન સાથે અથડાયેલ નિષ્ણાતના ઉગ્ર શબ્દો વચ્ચે સંઘર્ષ થયો.

"તમે એ સૂઝાવ આપવા જઈ રહ્યાં છો કે જે ઓપરેશનો ઉપર આરોપ મૂકવામાં આવ્યો હતો તે સેવાભાવ અને ન્યાયપૂર્ણ હેતુઓ માટે કરવામાં આવ્યાં હતાં?" તેણે નિષ્ણાતને પૂછ્યું.

પણ રૂપેરી વાળવાળાં કઠોર ચહેરાવાળા માણસે, પ્રમુખ ન્યાયાધીશે, નિષ્ણાતના હકારમાં જવાબ મળવાના ડરથી વચ્ચે જ ઉતાવળે બોલી ઊઠયો:

"અદાલતને વૈજ્ઞાનિક હકીકતો ઉપર નિષ્ણાતના વ્યક્તિગત અભિપ્રાયમાં રસ નથી. મહેરબાની કરીને આગળ વધો, પ્રોફેસર આરાઉકાનિયન જાતિના જુવાન ઇક્થિઆન્દરને જોતાં તમારાં નિર્ણયો કયાં હતાં?"

"અમે જોયું કે તેનું શરીર માણસે બનાવેલ કવચથી ઢંકાયેલું હતું," પ્રોફેસર સ્ટેઇને કહેવાનું ચાલુ રાખ્યું, "તે કવચ કોઈક અપરિચિત વસ્તુમાંથી બનેલું હતું જેને ચાળવું એકદમ સહેલ હતું પણ તેને ચીરવું અતિ મુશ્કેલ હતું. અમે હજી તેના પૃથક્કરણના પરિણામોની રાહ જોઈએ છીએ. જ્યારે તરતો હોય ત્યારે ઇક્થિઆન્દર બે

નંબર જેટલા વક્રીભવનવાળા વિશેષ ચકમક કાચ જડેલ ચશ્માં જોડીનો ઉપયોગ કરતો. જ્યારે અમે કવચ દૂર કર્યું ત્યારે અમે તેના દરેક સ્કંધાસ્થિની નીચે લગભગ ૪ ઈંચ વ્યાસ રેખા જેટલું ગોળ છિદ્ર જોયું. તે પાંચ પાતળી પટ્ટીઓથી ઢંકાયેલ હતું. તેનો દેખાવ શાર્કની ઝાલરને મળતો હતો."

હૉલમાં આશ્ચર્યોદ્‌ગારોનો ગણગણાટ સંભળાતો હતો.

"હા," નિષ્ણાતે આગળ કહ્યું, "જોકે તે આશ્ચર્યજનક લાગે છે. પણ ઇક્થિઆન્દર માનવનાં ફેફસાં અને શાર્કની ઝાલરો બંને ધરાવે છે. તેથી જ તે જમીન ઉપર અને પાણીમાં બંને જગ્યાએ જીવી શકે છે."

"ઉભયવાસી પ્રાણી?" ફોજદારી વકીલે વ્યંગાત્મક રીતે કહ્યું.

"હા, વાસ્તવમાં માનવીય ઉભયવાસી પ્રાણી."

"પણ ઇક્થિઆન્દર પાસે શાર્કની ઝાલરો કેવી રીતે આવી?" પ્રમુખ ન્યાયાધીશે પૂછ્યું.

નિષ્ણાતે પોતાનાં હાથ ફેલાવ્યાં.

"તે કોયડો છે. જેનો જવાબ માત્ર પ્રોફેસર સાલ્વાતોર પાસે જ છે," તેણે કહ્યું. "ગમે તેમ, મારે અમારા અભિપ્રાયો તમારી સમક્ષ રજૂ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. હેકલનાં જીવવિકાસ સિદ્ધાંતના નિયમો પ્રમાણે શરીરરચનાના ભોગવેલા ફેરફારનો મહદ્‌અંશે ટૂંકસાર છે. આ ફેરફાર ક્રમાનુસાર વંશપરંપરાગત જાતિની ઐતિહાસિક ઉત્ક્રાંતિને કારણે થાય છે. તેથી નિશ્ચિતપણે તેમ કહી શકાય છે કે માનવીના દૂરનાં પૂર્વજોએ ક્યારેક પોતાની ઝાલરો વડે શ્વસનક્રિયા કરી હતી."

ફોજદારી વકીલ વિરોધ કરવા પોતાની બેઠકમાં અડધો ઊભો થઈ ગયો પણ પ્રમુખ ન્યાયાધીશે તેને પાછો વાળ્યો.

"અહીં તેને સમર્થન આપતું થોડુંક ગર્ભવિજ્ઞાન છે. વીસમા દીવસે ગર્ભીય આવરણ ચાર સમાંતર લીટીઓ દર્શાવે છે. જેને આંતરડાના વળાંક કહેવાય છે. પણ પાછળથી માનવીય ગર્ભનું ઝાલરોમાં રૂપાંતરણ થશે. પહેલો આંતરડાનો વળાંક ઓસીલ્સ અને એઉસ્ટાચીઅન નળીઓ વડે શ્રવણેન્દ્રિયને લગતી નળીમાં વિકસે છે. તેનો નીચેનો ભાગ નીચેના જડબામાં પરિવર્તિત થાય છે. બીજો આંતરડાનો વળાંક કંઠાસ્થિમાં વિકસે છે. ત્રીજો વળાંક શરીરમાં અને કંઠકૂર્ચાસ્થિની બે પ્રક્રિયામાં વિકસે છે. આ એક સામાન્ય વિકાસ છે. અમે એમ નથી માનતા કે ઇક્થિઆન્દર સાથેની ઘટનાનાં સંબંધમાં પ્રોફેસર સાલ્વાતોરની ધરપકડ કરી શકાતી હતી. મોટેરાંઓના પણ એવાં કેટલાંક કેસો નોંધાયેલા છે. જેમને સીધેસીધી નીચેના જડબાની નીચે ગળા ઉપર ખુલ્લી ઝાલર ફાટો છે. જે બાહુ નળી કહેવાય છે. પણ તેના દ્વારા શ્વસનક્રિયા કરવાનો કોઈ પ્રશ્ન નથી ઊભો થઈ શકતો. પાણીમાં રહેવું તેમના માટે અસંભવ હતું. ગમે તેમ, સામાન્ય વિકાસની સાથે કંઈક દખલગીરી કરવામાં આવી હતી. શ્રવણેન્દ્રિયો અને બીજાં શરીરનાં અવયવોની કામગીરીના ભોગે ઝાલરો વિકસાવવામાં આવી હોવી જોઈએ. જેના કારણે ઇક્થિઆન્દર કઢંગી પ્રાણી અડધી-માછલી બન્યો હોવો જોઈએ. પણ ઇક્થિઆન્દર સામાન્ય રીતે વિકસિત જુવાન હતો. તેની શ્રવણશક્તિ સારી હતી. તેને સુસ્પષ્ટ નીચેનું જડબું હતું. તેનાં ફેફસાં પણ સ્વસ્થ હતાં.

તદુપરાંત તેની પાસે સંપૂર્ણ વિકસિત ઝાલરો હતી. ઇક્થિઆન્દરની ઝાલરો અને ફેફસાં કેવી રીતે કામ કરે છે, જો કોઈપણ આંતરિક સંપર્ક તેમની વચ્ચે હોય તો તે ક્યો છે, તેની ઝાલરોને તેનાં મોં કે ફેફસાં દ્વારા પાણી મળે છે કે પછી તેના શરીર ઉપરના સીધેસીધા દરેક ઝાલરના મુખ ઉપરનાં બે નાનાં કાણાંઓ મારફતે મળે છે—તે અમે નથી જાણતાં. ન તો અમે આનો જવાબ શબપરીક્ષણ વિના આપી શકતાં હતાં. હું ફરી વાર કહું છું કે આ કોયડાના ઉકેલ માટે આપણે પ્રોફેસર સાલ્વાતોરનો સંપર્ક સાધવો જોઈએ. માત્ર પ્રોફેસર સાલ્વાતોર જ આપણને કૂતરા જેવા જગુઆરોની શરીરરચના અને આવાં બીજાં પ્રાણીઓ તથા સાથે સાથે ઉભયવાસી વાંદરાઓ, ઇક્થિઆન્દરનું બેવડાં જીવન વિષેના રહસ્યો સમજાવી શકે છે."

"તમારો સામાન્ય અંતિમ નિર્ણય શો છે?" પ્રમુખ ન્યાયાધીશે પૂછ્યું.

નિષ્ણાત પોતે વિખ્યાત સર્જન હતાં, તેમણે સરળતાથી કહ્યું:

"નિખાલસતાથી કહેતાં હું તેનો કોઈ તાગ મેળવી શક્યો નથી. હું માત્ર એટલું જ કહી શકું છું કે પ્રોફેસર સાલ્વાતોરે જે કર્યું તે કોઈપણ નહિ પણ માત્ર વિલક્ષણ બુદ્ધિવાળો માણસ જ કરી શકતો હતો. પણ તે એવું કંઈક લાગે છે કે પોતાની કાર્યકુશળતાની પરિપૂર્ણ માત્રા ઉપર પહોંચી પ્રોફેસર સાલ્વાતોરે નિર્ણય કર્યો કે તે માનવીઓ કે પ્રાણીઓમાં ટુકડાં લઈ શકતાં હતાં અને તેમને કોઈપણ રીતે એક સાથે મૂકી શકતાં હતાં કે પછી પોતે જેને સૌથી

શ્રેષ્ઠ માને તે પ્રમાણે તેની ગોઠવણી કરી શકતાં હતાં. જોકે તેઓ ખૂબ જ પ્રતિભા સાથે આ કરી રહ્યાં છે. તો પણ તેમની હિમ્મત અને કાર્યક્ષેત્ર સીમા મને એમ કહેવા મજબૂર કરે છે કે તે કાર્ય ઘેલછા જેવું લાગે છે."

આ વાક્ય ઉપર સાલ્વાતોરે તુચ્છકારભર્યું ટૂંકું સ્મિત આપ્યું. તેમને વિચાર માત્ર પણ નહોતો આવ્યો કે નિષ્ણાતો તેના કર્તવ્યકર્મને ગુનામાં છાવરવા માટે તેની ઘેલછાની કેફિયત દ્વારા પ્રશ્નનો નિર્ણય કર્યો હતો.

"હું એવી અસર ઊભી કરવા નથી ઇચ્છતો કે આવો અમારો માન્ય અભિપ્રાય છે," સાલ્વાતોરના સ્મિત ઉપર દૃષ્ટિ પાડતાં પ્રવક્તાએ કહ્યું, "પણ અમે તહોમતદારને નિષ્ણાત દાક્તરી તપાસ માટે દાખલ કરવાનો સૂઝાવ કરીએ છીએ."

"અદાલત થોડા સમયમાં સાલ્વાતોરની ઘેલછા વિષેની દલીલને માનશે," પ્રમુખ ન્યાયાધીશે કહ્યું. "પ્રોફેસર સાલ્વાતોર, નિષ્ણાતો અને ફોજદારી વકીલ દ્વારા ઊભા કરાયેલાં પ્રશ્નોને કોઈ ખુલાસો આપવાનો તમારો ઇરાદો છે?"

"હા," સાલ્વાતોરે કહ્યું. "હું ઈરાદો રાખું છું અને હું તેને મારાં છેલ્લાં શબ્દો બનાવવાનો પણ ઈરાદો રાખું છું."

સાલ્વાતોરનો ખુલાસો

સાલ્વાતોર પોતાની બેઠકમાંથી ઊભા થયા અને હવે જાણે કોઈકને શોધવાનો પ્રયત્ન કરતા હોય તેમ આખા

હૉલ ઉપર નજર દોડાવી રહ્યા હતા. પહેલી હરોળમાં તેમણે પાદરીને જોયા. તેમણે પોતાની દોડી જતી નજરને એક ક્ષણ માટે રોકાવા દીધી. વધારે પાછળ દોડતાં પહેલાં જ્યારે તેમનાં હોઠ ઉપર આછું સ્મિત ઓસરી ગયું ત્યારે તેમણે બલ્તાઝ્ઝાર, ક્રીસ્તો અને ઝુરીતાને જોયાં. પછી તેમણે ફરીથી શ્રોતાવર્ગની બારીક તપાસ કરવાનું શરૂ કર્યું. પણ આ વખતે તેઓ વધારે સાવધાન હતા.

"હું મારાં શિકાર બનેલ વ્યક્તિને અદાલતમાં નથી જોઈ શકતો," છેવટે તેમણે કહ્યું.

"હું તમારો શિકાર બનેલ વ્યક્તિ છું," પોતાની બેઠક ઉપરથી સખત આંચકો મારતાં અચાનક બલ્તાઝ્ઝારે બૂમ પાડી. તે માત્ર ક્રીસ્તો દ્વારા કરાયેલ ઉગ્ર ખેંચાણ પછી જ ફરીથી ચાલુ કર્યું.

"તમે કયા શિકાર બનેલ વ્યક્તિ વિષે કહો છે?" પ્રમુખ ન્યાયાધીશે કહ્યું. "જો તમારો અર્થ તમે અપંગ બનાવેલાં પ્રાણીઓ વિષે હોય તો અદાલતે તેમને અહીં પ્રદર્શિત કરવાનાં વિરુદ્ધમાં નિર્ણય કર્યો છે. જ્યાં સુધી માનવીય ઉભયવાસી પ્રાણીની વાત છે ત્યાં સુધી તે અદાલતનાં મકાનમાં જ છે."

"મારો કહેવાનો અર્થ છે—ભગવાન," સાલ્વાતોરે શાંત અવાજે ગાંભીર્યમાં કહ્યું.

આ સાંભળતાં જ પ્રમુખ ન્યાયાધીશ ભીતિયુક્ત આશ્ચર્યનાં ગરકાવ થઈ પોતાની ખુરશીમાં પાછો પડયો. તેમણે વિચાર્યું કે સાલ્વાતોર અચાનક ગાંડા થઈ ગયા હતા કે કદાચ તે જેલમાંથી ભાગી છૂટવા માટે ઘેલછાનો ઢોંગ કરી રહ્યા છે?"

"તમારો કહેવાનો શો અર્થ છે?" તેણે પૂછ્યું.

"હું અપેક્ષા રાખું છું કે અદાલતને તે સ્પષ્ટ હોવું જોઈએ," સાલ્વાતોરે કહ્યું. "હાલના મુકદ્દમામાં કોણ દુષ્ટ અને માત્ર શિકાર બનેલ વ્યક્તિ છે? સ્પષ્ટપણે ભગવાન. અદાલતી સુનાવણીના કહેવા પ્રમાણે એમ માનવામાં આવે છે કે મારાં કાર્યે તેનાં અધિકૃત ક્ષેત્ર ઉપર હુમલો કરી તેની સત્તાને ધીમે ધીમે ક્ષીણ કરી છે. જે પણ તેમણે સર્જ્યું તે તેમને ગમે છે, પછી ઉપર આવે છે દાક્તર અને કહે છે: 'આ ખરાબ છે; તેને બદલવું જોઈએ!' અને ભગવાને જે કર્યું હતું તેને પોતાની કલ્પનાશક્તિ પ્રમાણે બદલવાનું શરૂ કરે છે."

"આ તો દેવનિંદા છે! હું તહોમતદારના સચોટ શબ્દોને નોંધ ઉપર મૂકવા ઇચ્છું છું," ફોજદારી વકીલ [illegible]વીશ અભિપ્રાય વ્યક્ત કરતાં વચ્ચે જ બોલી ઊઠ્યાં. તેમની પવિત્ર લાગણીઓ દુભાઈ હતી.

સાલ્વાતોરે પોતાના ખભાં ઊંચક્યાં.

"હું તહોમતનામામાં તે શું કહે છે તેનો ઉપસંહાર માત્ર જ કરું છું. શું તે જ તેનો નિચોડ નથી? પહેલાં તો મારા ઉપર માત્ર વૈજ્ઞાનિક સંશોધન અર્થે જીવતા પ્રાણીની શસ્ત્રક્રિયા અને તેના કારણે અપંગ કરવાનો આરોપ હતો. હવે મારી વિરુદ્ધમાં બીજો આરોપ કરવામાં આવી રહ્યો છે કે જે પવિત્ર વસ્તુનો અનાદર છે. તેમાં કઈ હવા ફૂંકાઈ રહી છે? કોઈ પણ સંજોગે તે દેવળની દિશામાંથી તો નથી?" અને સાલ્વાતોરે સીધું પાદરી તરફ જોયું.

"તમારે તમારી પોતાની જાતને મુકદ્દમો ઊભો કરવા દોષ આપવો જોઈએ જ્યાં અદાલતી સુનવાણી દાવો દાખલ કરનાર તરીકે ભગવાન ઉપર ભરોસો રાખે છે. જ્યારે ચાર્લ્સ ડાર્વિન પણ મારી સાથે જ કેદીનાં પાંજરામાં ઊભા છે. કદાચ હું અહીં હાજર રહેનારાઓમાંનાં કેટલાંકની લાગણીઓને આઘાત પહોંચાડું છું પણ હું ફરીથી એક વાર કહીશ કે પ્રાણીઓ કે માનવની પણ શરીરરચના સંપૂર્ણ નથી અને કેટલાંક ફેરફારો દ્વારા જ તે સંભવી શકે. મને આશા છે કે આ હૉલમાં ઉપસ્થિત પાદરી જૉન દી ગરસીલાસો મારી આ વાતનું સમર્થન કરશે."

આના કારણે હૉલમાં ગણગણાટ શરૂ થયો.

સાલ્વાતોરે આગળ કહ્યું: "૧૯૧૫માં, હું મોરચામાં ગયો તે પહેલાંનાં ટૂંક સમયમાં જ મારે માનનીય પાદરીની શરીરરચનામાં તેમની આંત્રપુચ્છ કાપીને થોડોક સુધારો કરવો પડયો. આંત્રપુચ્છ અંધાંત્ર કે જેને સામાન્ય બોલચાલમાં અંધનાળ કહેવામાં આવે છે તેની સાથે જોડાયેલ નકામી અને જોખમ વધારનાર છે. મારા સર્જનની પાટ ઉપર મારાં માનનીય દર્દીએ ભગવાનની કલ્પના પછી બનાવેલ તેમના શરીરના તે ભાગને હું કાપવા જતો હતો ત્યારે કોઈ પવિત્ર વસ્તુના અનાદર પ્રત્યે કોઈ વાંધો ન ઉઠાવ્યો. તમે નકારી શકો છો?" પાદરીની તરફ સીધું જોતાં સાલ્વાતોરે તેમને પૂછયું.

જૉન દી ગરસીલાસોના નિસ્તેજ ચહેરા ઉપરનું લોહી ઊડી ગયું. તેઓ મૂર્તિવત્ બેસી રહ્યાં. તેમની થોડી થોડી ધ્રૂજતી પાતળી આંગળીઓ તેમનાં ખોળામાં ભીડી દીધી.

"અને હજી શું મારી દાક્તરી કાર્યકિર્દીના સમયે [illegible] કેસ નહોતો? મેં અમારા માનનીય ફોજદારી વકીલની મુલાકાત નહોતી લીધી જેમણે કાયાકલ્પ કરવા માટે વિનંતી કરી હતી..."

ફોજદારી વકીલ વિરોધ દર્શાવવા ઊછળ્યાં પણ જોરદાર હાસ્યમાં તેમના શબ્દો ડૂબી ગયાં.

"મારે તમને વિષય ઉપર રહેવાં કહેવું જોઈએ," પ્રમુખ ન્યાયાધીશે અણગમાથી કહ્યું.

"વધારે સારું એ થશે કે અદાલતને પૂછવામાં આવે," સાલ્વાતોરે કહ્યું. "તે તેઓ જ હતાં જેમણે મુકદ્દમાને [illegible] આ વળાંક આપ્યો હતો. દેખીતી રીતે અહીં હાજર રહેલામાંનાં કેટલાંક લોકો તે વિચાર સાથે સમાધાન નથી કરી શકતાં કે તેઓ, બીજાં બધાંની જેમ, વાંદરા [illegible] માછલાંઓ છે જેઓ બોલી અને સાંભળી શકે છે કારણ કે તેમની ઝાલરના વળાંકોને સ્વરેન્દ્રિય અને શ્રવણેન્દ્રિયના અંગોમાં વિકસાવવામાં આવ્યાં છે. ભલે, વધારે ચોક્કસ કરતાં વાંદરાંઓ કે માછલાંઓ જ નહિ, પણ તેમનાં વંશજો," અધીરાઈનાં બધાં જ ચિહ્નો દર્શાવતાં ફોજદારી વકીલની તરફ ફરતાં સાલ્વાતોરે કહ્યું: "શાંત કરો પોતાને, હું અહીં ઉત્ક્રાંતિનાં સિદ્ધાંતો ઉપર ભાષણ આપવાની દરખાસ્ત નથી કરતો," પછી એક ક્ષણ રોકાયા બાદ તેઓ આગળ બોલ્યાં, "માનવી સાથે મુશ્કેલી એ નથી કે તે પ્રાણીનો વંશજ છે, પણ તે છે કે તેણે પોતાની જાતને જાનવર, ભ્રષ્ટ, ઉદ્ધત, અણઘડ થતો નથી અટકાવ્યો. મારાં વિદ્વાન સહકાર્યકર ગર્ભવિકાસ ઉપરના તેમના ચોંકાવનારા વ્યાખ્યાન દ્વારા તમને નુકસાન

પહોંચાડી શક્યાં હોત. એ જોતાં મેં કદી તે કામ માટે ભ્રૂણગર્ભને અસર કરવાનો કે પ્રાણીઓનું વર્ણસંકર કરવાનું અવલંબન નથી લીધું. હું સર્જન છું અને સર્જનની છરી જ હંમેશાં મારું એક જ માત્ર સાધન રહ્યું છે. સર્જરીમાં ઘણી વાર રૂપાંતરણ સમાવિષ્ટ હોય છે. તેથી ઉપયોગી પદ્ધતિઓ ને અજમાવવા અને સુધારવા મેં પ્રાણીઓ ઉપર પ્રયોગો કરવાનું શરૂ કર્યું. મારો અંતિમ ધ્યેય એ હતો કે માણસનાં રોગગ્રસ્ત અવયવો અને શરીરરચના ભાગોને બદલવાં.

"શસ્ત્રક્રિયા કરેલાં પ્રાણીઓને હું મારી પ્રયોગશાળામાં રાખી તેમની શરીરરચના અને અવયવોની વર્તણૂકનો અભ્યાસ કરતો. ઘણી વાર તેમને તેમના માટે તદ્દન નવા જ વાતાવરણમાં સ્થળાંતરિત કરતો હતો. જ્યારે મારાં નિરીક્ષણો પૂરાં થતાં ત્યારે પ્રાણીઓને વાડીમાં મોકલી દેવામાં આવતાં. આ રીતે મારું પ્રાણીસંગ્રહાલય અસ્તિત્વમાં આવ્યું. હું ખાસ કરીને દૂર કરાયેલી જાતિઓ વચ્ચે સેન્દ્રિયો અને અવયવોનું રૂપાંતરણ કરવામાં વધારે ઉત્સુક હતો. દાખલા તરીકે પેલાં માછલાં અને સસ્તનવર્ગનાં પ્રાણીઓ. આ ખાસ ક્ષેત્રમાં મેં તે સિદ્ધિઓ પ્રાપ્ત કરી કે જેને હજી પણ સમકાલીન વૈજ્ઞાનિકો અસાધ્ય માને છે. પણ શું તે વાસ્તવમાં છે? હું જાણું છું કે આજે જે હું એકલો જ કરી શકું છું તેના માટે બીજાં સર્જનોનો વારો આવતીકાલે આવશે. પ્રોફેસર સ્ટેઇન કદાચ જર્મન સર્જન ઓઉયેર્બહ દ્વારા કરાયેલ અદ્યતન શસ્ત્રક્રિયા વિષે જાણે છે. તેઓ રોગગ્રસ્ત જંઘાસ્થિની જગ્યાએ નળાનું હાડકું ગોઠવવામાં સફળ રહ્યાં છે."

"હા, પણ ઇક્થિઆન્દર વિષે શું?" નિષ્ણાતે પૂછ્યું.

"અહં, ઇક્થિઆન્દર મારો વિશેષ ગર્વ છે. તેના કિસ્સામાં માનવ શરીરરચનાનાં મુખ્ય ભાગોમાં પરિવર્તન માટેની જરૂરી પદ્ધતિઓની જે મુશ્કેલી પડે છે તે માત્ર [illegible]માં નહોતી. હું મારા મનમાં સંપૂર્ણ સંતુષ્ટ થયો કે હું સલામતીથી બાળક ઉપર શસ્ત્રક્રિયા કરી શકતો હતો ને પહેલાંનાં મારાં પ્રારંભિક કાર્યમાં છ વાંદરાઓ બલિ ગયાં હતાં."

"કેવા પ્રકારની શસ્ત્રક્રિયા હતી?" પ્રમુખ ન્યાયાધીશે પૂછ્યું.

"મેં બાળકમાં શાર્કની ઝલરો લગાડવાની ક્રિયા કરી. જેને કારણે તે પાણીમાં અને જમીન ઉપર બંને જગ્યાએ જીવવામાં સમર્થ બન્યો."

શ્રોતાવર્ગમાં આશ્ચર્યના ઉદ્‌ગારો થયાં. ખબરપત્રીઓ છાપાના તંત્રીઓને સમાચાર સંભળાવવા બહાર ફોન તરફ ધસ્યા.

"પાછળથી હું મારી મૂળભૂત સફળતાને સુધારવામાં [illegible] સમર્થ થયો. મારું અંતિમ પરિણામ ઉભયવાસી [illegible]ઓ સ્વાસ્થ્યનાં જોખમ વિના અનિશ્ચિત સમય સુધી ગમે તે જગ્યાએ રહી શકે છે. જ્યારે ઇક્થિઆન્દર ત્રણ દિવસ કરતાં અને બહુ કરો તો ચાર દિવસથી વધારે સમય માટે પાણીથી બહાર નથી રોકાઈ શકતો. [illegible] ઉપરનું લાંબું રોકાણ તેના ફેફસાં ઉપર જોર કરે છે, તેની ઝલરોને સુકવી નાખે છે, આ થવાનું પહેલું ચિહ્ન ને તેનાં પડખાંઓનું દર્દ છે. કમનસીબે મારી ગેરહાજરીમાં ઇક્થિઆન્દર પોતાના પથ્યાપથ્યની બહાર ગયો. તેણે

પોતાનાં ફેફસાંઓનો મોટા પ્રમાણમાં ઉપયોગ કર્યો અને ઘણી વાર વ્યથાકારક પરિણામો પણ ભોગવ્યાં. સમતોલન અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને ઉભયવાસી માનવી માનવ માછલીમાં પરિવર્તિત થઈ રહ્યો છે. તેની હાલની સ્થિતિમાં તેણે પોતાનો લગભગ ઘણો બધો સમય પાણીમાં જ ગાળવો પડશે ..."

"તમે ઉભયવાસી માનવી સર્જવાના વિચાર ઉપર કેવી રીતે પહોંચ્યા? અને આમ કરવામાં તમારો ઉદ્દેશ શો હતો?" ન્યાયાધીશ પાસેથી પૂછવાની રજા મળતાં ફોજદારી વકીલે કહ્યું.

"આ જ વિચારે મને પ્રેર્યો કે: તે માણસ સંપૂર્ણ નહોતો. તેનાં પ્રાણી પૂર્વજોની સરખામણીમાં ઉત્ક્રાંતિ કાળમાં ઘણી ગુણવત્તા મળીને પછી પસાર થતાં માણસે તે પ્રક્રિયા દરમિયાન ઘણું બધું ગુમાવ્યું હતું. દાખલા તરીકે, પાણીમાં રહેવું તે માણસ માટે અમાપ લાભ પૂરો પાડે છે. અને સાચે જ, શા માટે તેણે આ આનંદ ન માણવો જોઈએ? ઉત્ક્રાંતિનાં સિદ્ધાંતો દ્વારા આપણે જાણીએ છીએ કે હાલમાં અસ્તિત્વ વધારતાં જમીનનાં બધાં પ્રાણીઓ પાણીનાં પ્રાણીઓમાંથી વિકસ્યાં છે. આપણે એ પણ જાણીએ છીએ કે જમીનનાં પ્રાણીઓમાંથી કેટલાંક પાછળથી પાણીમાં પાછા ગયાં. ડોલ્ફીન મૂળ તો માછલી હતો પછી તે જમીન ઉપર આવ્યો અને સસ્તન વર્ગનું પ્રાણી બન્યો. પાછળથી પાણીમાં પાછો ફર્યો તો પણ સસ્તન વર્ગનું પ્રાણી રહ્યો, બિલકુલ વ્હેલની જેમ જ. તેઓ બંને ફેફસાં દ્વારા શ્વસનક્રિયા કરે છે. ડોલ્ફીનને પણ ઉભયવાસી પ્રાણીમાં બનાવી શકાય છે.

...ત્વમાં ઇક્થિઆન્દર મને તેમ કરવા કહેતો હતો જેથી
... મિત્ર ડોલ્ફીન, તેની સાથે વધારે સમય પાણીમાં
...રહી શકતો હતો. હું જરૂરી શસ્ત્રક્રિયા કરવા જવાનો
જ હતો. ઇક્થિઆન્દર — માનવીઓ વચ્ચે પહેલી માછલી
અને માછલાં વચ્ચે પહેલો માનવી એકલપણાંની
લાગણીઓને ન રોકી શક્યો. હવે તે બિલકુલ જુદી જ
વાત હતી જો બીજાં વધારે લોકો તેના ઉદાહરણને અનુસરે.
...નું મૂળતત્ત્વ પાણી તો પછી માનવીનાં પગલાંને
...ગે થઈ જાય. તમને તેનાં સામર્થ્યની ઝલક આપવાનું
... ઇચ્છું છું. પૃથ્વીનો ત્રણ ચતુર્થાંશ ભાગ પાણીએ
...રેલો છે. પણ તે તો માત્ર સપાટી જ છે. માનવી
મહાસાગરને અલગ અલગ સ્તરોમાં ગોઠવી શકતો હતો.
...ના લોકો પાસે વિસ્તીર્ણ રહેઠાણ થશે. સાથે સાથે
...ખૂટ ખોરાક પૂરવઠો અને કાચી માલમત્તાઓ તેની
...માં હશે.

"મહાસાગરની વિદ્યુત શક્તિ લો. તે જાણીતી હકીકત
છે કે મહાસાગરનું પાણી સૌર શક્તિમાં ૭૯૦ અબજ
...ની પાવર જેટલી લે છે. પણ હવાને ગરમ કરવા અને
...નાં પ્રવાહીઓ માટે મહાસાગર ઘણા પહેલેથી જ
...ખદી રહ્યો હોવો જોઈએ. વ્યાવહારિક રીતે આ
શક્તિનાં અસીમિત પૂરવઠાનો માણસ શો ઉપયોગ કરે
છે? લગભગ જરા પણ નહિ.

"મહાસાગરના પ્રવાહ વિષે શું? ગલ્ફ સ્ટ્રીમ અને
...રોશીઓ પ્રવાહો એકલાં જ દર કલાકે ૭૧૦ અબજ ટન
પાણી લઈ જાય છે. જે મોટી નદી કરતાં લગભગ
૩૦૦૦ ગણું વધારે છે. આ ઉપરાંત બીજાં મહાસાગરનાં

પ્રવાહોની શક્તિ. આ શક્તિનો માણસ શો ઉપયોગ કરે છે? ફરી એક વખત લગભગ નહિવત્.

"મહાસાગરનાં મોજાંઓ અને ભરતીઓટો વિષે શું? તમારે જાણવું જોઈએ કે મોજા પાસે એક ચોરસ ફૂટે સાડા ત્રણ ટન જેટલું અસરકારક બળ હોઈ શકે છે. જે ૧૪૨ ફૂટ જેટલી ઊંચાઈ સુધી પહોંચી શકે છે. અને તે પોતાની સાથે હજાર ટન જેટલું — એમ કહો કે ખડકોને ઊંચકી શકે છે. સૌથી ઊંચા ભરતીઓટ ૫૫ ફૂટ નિશાન સુધી પહોંચે છે. આ બળોનો માનવી શો ઉપયોગ કરે છે? ફરીથી લગભગ બિલકુલ નહિ.

"પૃથ્વી ઉપર માણસ પૃથ્વીની સપાટીથી વધારે ઊંચાઈ પર કે તેનાં ઊંડાણમાં વધારે ઊંડો જઈ શકતો નથી. મહાસાગરમાં જીવન દરેક જગ્યાએ જાય છે — ઉત્તરી ધ્રુવથી દક્ષિણ ધ્રુવ સુધી. સપાટીથી તળિયા સુધી.

આ અમર્યાદિત સંપદાનો આપણે શો ઉપયોગ કરીએ છીએ? આપણે માછલાં પકડીએ છીએ અને તે માત્ર મામૂલી છે. વધારે ઊંડાણોને ધ્યાનબહાર છોડી, આપણે પાણીચૂસ વાદળીઓ, પરવાળાં, મોતીઓ, દરિયાઈ છોડ એકઠાં કરીએ છીએ અને બસ તે જ લગભગ પૂરતું છે.

"આપણે થોડું દરિયાની અંદર પુલો અને બંધો માટે બાંધકામ કાર્ય કરીએ છીએ તથા ડૂબેલાં વહાણોને ફરી તરતાં કરીએ છીએ. આ પણ મહેનતભરેલા કામ અને જોખમના ભોગે કરવામાં આવે છે. ઘણી વાર લોકો તેમાં જીવન પણ ગુમાવે છે પણ તો પછી જો માણસને મરવા માટે પાણીની અંદર બે મિનિટ જ લાગે તો તેવી પરિસ્થિતિમાં તમે માણસ પાસેથી વાસ્તવમાં

શો આશા રાખી શકો છો?

"જો માણસ પાણીની અંદર રહી શકતો હોત અને શ્રમ કરી શકતો હોત તો તે બિલકુલ જુદી જ દરખાસ્તો આપતી હોત. મરજીવાનાં પોશાક વિના અને પ્રાણવાયુનાં સીલીન્ડર વિના.

"પછી તે ન માની શકાય તેવી સમુદ્ર સંપતિઓ આપી શકશે! એક વખત ઇક્થિઆન્દરે મને કહ્યું હતું... હું માનવ લાલસાવાળા નરપિશાચોના ષડ્યંત્રો રચવા દેવા નથી ઇચ્છતો. તે દરિયાના પેટાળમાંથી ઉપાડીને દુર્લભ ધાતુઓ અને કાચી ખનિજ માટીનાં નમૂનાઓ મારી પાસે લાવતો હતો. નમૂનાઓ નાનાં હતાં પણ તેનો જથ્થો કદાચ અમાપ હોઈ શકે.

"ડૂબેલાં ખજાનાઓ વિશે શું? ૧૯૧૬માં આઇરીશ કિનારાની પાસે જર્મન સબમરીન દ્વારા ડૂબેલી વહાણ 'લુઝીતાનિયા'નું કરુણ પ્રારબ્ધ યાદ કરાવવું પૂરતું થશે. ૧૫૦૦ ઉતારુઓ અને ઘણી બધી કિમતિ સંપત્તિઓ પોતાની સાથે લઈ જવા સિવાય. 'લુઝીતાનિયા' પોતાનાં સુરક્ષિત કક્ષમાં ૧૫ કરોડ ડોલરની કિંમતનાં સોનાના સિક્કા અને ૫૦ કરોડ ડોલરની સોના-રૂપાની લગડીઓ લઈ જઈ રહી હતી. (અદાલતમાં આશ્ચર્યોદ્ગાર). વસંત આમ્સટર્ડામ માટે બાંધવામાં આવેલાં વહાણનાં તૂતક ઉપર હીરાની બે પેટીઓ હતી. આ રીતે મોકલેલા માલમાંથી એક દુનિયાના સૌથી મોટા તેજસ્વી હીરો 'ક્લીફ' સમાવિષ્ટ હતો, જેની કિંમત ઘણાં લાખો ડોલરો હતો. ચોક્કસપણે ઇક્થિઆન્દર જેવો માણસ પણ આટલાં ઊંડાણ સુધી ઊતરી નહોતો શકતો, આ કરવા માટે

એવો માણસ સર્જવો પડે (આનાથી ફોજદારી વકીલ તરફથી ચીડ ભરેલો છિકોટો તણાયો). તે ઊંડા પાણીની માછલીની જેમ ઊંચાં દબાણ સામે ટકવા માટે સમર્થ હોવો જોઈએ. આ અસંભવ નથી, પણ માત્ર સમયની વાત છે."

"એમ લાગે છે કે તમે સર્વશક્તિમાન ભગવાનની ભૂમિકા પોતાના હાથમાં લેવાના લાગો છો," ફોજદારી વકીલે કહ્યું.

તેના શબ્દો તરફ ધ્યાન ન આપતાં સાલ્વાતોર આગળ વધ્યા :

"જો માનવી મહાસાગરની અંદર રહી શકે તો મહાસાગર તેની માગણી માટે થશે. તેનાથી જિંદગીના મૃત્યુઘંટ અને સંપત્તિના ભારે હતાહત સામે દાવો કરવાથી અટકી જશે. આપણે આપણને દરિયામાં વસ્તુઓ કે જીવ ખોવાવા વિષે શોક નહિ કરવો પડે."

સાલ્વાતોરની વાક્પટુતા દ્વારા એમ લાગતું હતું કે તેમના શ્રોતાગણને માણસ દ્વારા તાબે કરાયેલ પાણીની અંદરની દુનિયાનું દૃશ્ય જોવા માટેની તેઓને ફરજ પડી. પ્રમુખ ન્યાયાધીશ પણ તેને વશ થઈ ગયાં.

"તો પછી શા માટે તમે તમારાં પ્રયોગોનાં પરિણામો પ્રકાશિત ન કર્યાં?" તેમણે પૂછ્યું.

"મને આ પિંજરામાં આવવાની ખાસ કોઈ ઉતાવળ નહોતી," સાલ્વાતોરે મંદ હાસ્ય સાથે કહ્યું. "અને વળી મને એ ડર પણ હતો કે અમારી જે સામાજિક વ્યવસ્થા છે તેના માટે મારી શોધખોળો કદાચ સારા કરતાં માઠા પરિણામો પણ લાવે. જેવી રીતે ઇક્થિઆન્દર વિષે ઉગ્ર

સંઘર્ષ શરૂ થયો જ હતો. છેવટે કોણે મારી વિરુદ્ધ માહિતી આપી હતી? ઝુરીતા, જ્યારે ઇક્થિઆન્દર તેના હાથમાંથી સરકી ગયો ત્યારે તે મારી ઉપર બદલો વાળવા ઇચ્છતો હતો. ઝુરીતા પાસેથી ઇક્થિઆન્દરને તેમના સ્વામીઓ અને નૌકાધિપતિઓ લઈ ગયાં હોત અને તેને યુદ્ધ જહાજો ડૂબાડવા માટે તાલીમ આપવામાં આવી હોત. ના, હું ઇક્થિઆન્દર અને એવા બીજા ઇક્થિઆન્દરોને જાહેર સંપત્તિ નથી બનાવી શકવાનો — જે દેશમાં લોભ અને અસ્તિત્ત્વના સંઘર્ષ મહાન શોધખોળોનું કંઈક ખરાબમાં પરિવર્તન કરે અને માનવીના સંકટોમાં માત્ર ઉમેરો કરે મેં વિચાર્યું હતું..."

સાલ્વાતોર જરાક થોભ્યો. જ્યારે તેમણે ફરીથી કહેવાનું શરૂ કર્યું ત્યારે તે બિલકુલ જુદા જ પ્રકારનો અવાજ હતો. "મને લાગે છે, હું તે વણકહ્યું છોડું છું. નહિ તો ફરી ફરીથી મને દીવાનો તરીકે ઓળખવામાં આવશે," તેમણે સ્મિત સાથે કહેતાં નિષ્ણાતો તરફ જોયું. "તે માન અહીં સાથે હું જતું કરવાનું પસંદ કરતો, જો તેની ઉપર વિલક્ષણ બુદ્ધ શબ્દ જોડવામાં આવે તો પણ. હું ન તો ગાંડો માણસ છું કે ન તો ધૂની છું. મેં જે કરવાનું નક્કી કર્યું તે જ કર્યું, નહોતું કર્યું? તમે બધાંએ તે જોયું. જો તમને મારાં પગલાં ગેરકાનૂની લાગે તો એ તમારા ઉપર છે કે તમે મને ગુનેગાર જાહેર કરીને સજા આપો. હું કોઈપણ જાતની દયા માટે માંગણી નથી કરતો."

અદાલતની સૂચનાઓ ઉપર કામ કરતાં નિષ્ણાતોએ ઈક્રિથઆન્દરની માનસિક ક્ષમતાની સ્થિતિ તપાસી. તેઓએ જોયું કે તેને સરળ પ્રશ્નોનાં જવાબ આપવામાં પણ ઘણી મુશ્કેલી પડતી હતી. જ્યારે માત્ર વર્ષ, મહિનો કે દિવસ માટે પણ પૂછવામાં આવ્યું ત્યારે ઈક્રિથઆન્દર એક જ જવાબ આપતો રહ્યો, "હું નથી જાણતો." તેમ છતાં નિષ્ણાતો તેને માનસિક રીતે અધૂરો ઘોષિત કરવામાં અચકાતાં હતાં કારણ કે તેઓએ અનુભવ્યું હતું કે તેના મગજની સ્થિતિ તેની અપવાદરૂપ પાર્શ્વભૂમિકાને કારણે હતી, જેનાથી તેના જ્ઞાનનું ક્ષેત્ર મર્યાદિત સીમા સુધી બંધાયેલ હતું. "તેના કાર્યો માટે જવાબદાર નથી"— તેના ઉપર તેઓ છેવટે સહમત થયાં હતાં. તેના કારણે તેને કાયદા સામે બિનજવાબપાત્ર બનાવ્યો. તેની વિરુદ્ધનો મુકદ્દમો પડતો મૂકવામાં આવ્યો અને વાલીપણાનો સૂઝાવ આપવામાં આવ્યો. તરત જ બે માણસો આગળ આવ્યા: ઝુરીતા અને બલ્તાઝાર.

સાલ્વાતોર તે કહેવામાં સાચા હતા કે ઝુરીતાએ પોતાનો બદલો લેવા તેમની વિરુદ્ધમાં માહિતી આપી હતી. પણ તે તો વાર્તાનો ભાગ માત્ર હતો. ઝુરીતા ઈક્રિથઆન્દરને પાછો પોતાના હાથમાં લેવા ઈચ્છતો હતો. તેણે જોયું કે તેના માટે વાલીપણું એ સરળ ટૂંકો રસ્તો છે. ઝુરીતા વહીવટી અધિકારીઓને પોતાના સૌથી સુંદર મોતીઓ દ્વારા લાંચ આપતાં ખચકાયો નહિ. અને હવે તે અહંમન્ય વિશ્વાસમાં પરિણામોની

ચહ જોઈ રહ્યો હતો.

બલ્તાઝારે પ્રાકૃતિક વાલીપણાનો દાવો કર્યો. પણ ને તો, હવા સાથે બાથિયાં ભરવા જેવું હતું લાર્સના પ્રયત્નો છતાં પણ નિષ્ણાતોએ તેના ગ્રાહકના પિતૃત્વને એક જ સાક્ષીના, અને તે બલ્તાઝારના ભાઈના, બળ ઉપર તે સ્વીકારવાનો ઇનકાર કર્યો.

લાર્સ મુકદ્દમામાં પડદા પાછળની લાગવગોથી સભાન હતો. દાવદાર તરીકે બલ્તાઝાર, ઝૂંટવાયેલા દીકરાના પિતા તરીકે સાલ્વાતોરની સુનવાણી માટે ઉપયોગી હતો; બલ્તાઝાર ઇકિથઆન્દરના વાલી તરીકે કાયદા અને દેવળના કાનૂનની વિરુદ્ધ જતો હતો.

હવે પોતાના ભાઈની સાથે રહેતો ક્રીસ્તો બલ્તાઝાર વિષે અત્યંત ચિંતાતુર હતો. ઇન્ડિયન ડોસો ખાવા કે ઊંઘવા વિષે ભૂલી જતો કલાકો સુધી એકધાર્યો હાલ્યાચાલ્યા વિના બેસી રહેતો. પછી અચાનક આવેશનાં ગુસ્સામાં દુકાનમાંથી બૂમો પાડતો ધસી જતો: "મારો દીકરો! મારો દીકરો!" અને બધી જ સ્પેનીશ લોકોને ખરાબ ગાળો આપતો.

આવાં આવેશનાં એક પછી બીજા દિવસે બલ્તાઝારે ક્રીસ્તોને કહ્યું: "ભાઈ, હું જેલ જાઉં છું. હું મારાં સર્વોત્તમ મોતી જેલરોને આપી દઈશ જેથી તેઓ મને મારા દીકરાને જોવા દે. હું તેને કહીશ. તે જાણશે કે હું તેનો પિતા છું. પુત્ર પોતાના પિતાને ઓળખશે. મારું લોહી જરૂર તેને કહેશે."

પ્રયત્ન કરવા છતાં પણ ક્રીસ્તો પોતાના ભાઈને વિમુખ ન કરી શક્યો. બલ્તાઝાર જડ હતો.

જેલમાં તેણે કેટલાંક ચોકીદારોને કાલાવાલાં કર્યાં, બીજાંઓને પગે પડી રડયો અને છેક સુધી મોતીઓ આપતાં છેવટે તે ઇક્થિઆન્દરની કોટડીમાં ગયો.

ઉઘાડી બારીની ચિરાડમાંથી આવતા પ્રકાશથી અલ્પ પ્રમાણમાં પ્રકાશિત નાની કોટડી ગૂંગળામણભરેલી અને દુર્ગંધ મારતી હતી, જેલરો વારંવાર પૂરતા પ્રમાણમાં ટાંકીમાંનું પાણી બદલવાની પરવા નહોતા કરતાં, કે ન તો તેઓ કેદીનાં ખાઈ લીધા પછી છોડેલાં માછલાંના અખાદ્ય નકામા ભાગોને દૂર લઈ જતાં હતાં.

બલ્તાઝાર ટાંકી પાસે ગયો. તેણે પાણીની સપાટીના અંધારિયા અરીસા તરફ જોયું.

"ઇક્થિઆન્દર!" તેણે નરમાશથી બૂમ પાડી અને ફરીથી કહ્યું. "ઇક્થિઆન્દર!" પણ સપાટી ઉપર હળવા તરંગ સિવાય કશું જ ન બન્યું.

બલ્તાઝારે થોડી વાર રાહ જોઈ, પછી તેણે અસ્થિર હાથ ખેંચી કાઢીને તેને નવશેકાં પાણીમાં ડૂબાડયો. તે ખભા સાથે અથડાયો. તે જ ક્ષણે ખભાઓને અનુસરતું તેનું માથું ટાંકી ઉપર ડોકાયું.

"તમે કોણ છે? તમે શું ઇચ્છો છો?"

બલ્તાઝાર પોતાનાં ઘૂંટણ ઉપર નીચે નમ્યો અને તેના હાથ બહાર ખેંચતાં ઝડપથી શરૂ કર્યું:

"ઇક્થિઆન્દર, તારો બાપ તારી પાસે આવ્યો છે. તારો સાચો બાપ સાલ્વાતોર નથી. સાલ્વાતોર ખરાબ માણસ છે. તેણે તને અપંગ બનાવ્યો, ઇક્થિઆન્દર! ધ્યાનથી મારા તરફ જો. તું જાણે છે હું તારો બાપ છું, નથી જાણતો તું?"

ઇકિથઆન્દરના ભરાવદાર વાળોમાંથી તેના નિસ્તેજ ચહેરા દ્વારા હડપચીથી નીચે ધીમે ધીમે પાણીનાં ટપકાં ટપક્યાં. તેની ઉત્કંઠિત અને વિચિત્ર નજર ઘરડા ઇન્ડિયન ઉપર જડાઈ હતી.

"હું તમને નથી જાણતો," તેણે કહ્યું.

"ઇકિથઆન્દર," બલ્તાઝાર આક્રંદ કર્યું, "ફરીથી જો!" અને અચાનક ઇકિથઆન્દરનું માથું પકડી તેને પોતાની તરફ દબાવ્યું. તેને જોરથી ડૂસકાં ભરતાં ઝનૂનથી ચુમ્બન આપવાનું શરૂ કર્યું.

અણધાર્યાં ચુંબનોની વર્ષાથી છટકવાનો પ્રયત્ન કરતાં ઇકિથઆન્દરે ટાંકીમાં છલાંગ લગાવી. તેની સાથે જ ટાંકાર ઉપરથી નાનાં વમળો ઊઠી જમીન ઉપર પાણીનાં છાંટા પડયાં. અચાનક મજબૂત હાથે બલ્તાઝારને તેને કાંડીએથી પકડી શરીર સાથે ઊંચક્યો અને બાજુએ ફેંક્યો. તેનું માથું દીવાલ સાથે અફળાયું અને તે નીચે પડી ગયો.

જ્યારે તેણે આંખો ઉઘાડી ત્યારે તેણે પોતાના ઉપર કોનાને ઊભેલો જોયો. તેના જમણાં હાથની મુઠ્ઠીએ ભેરવી હતી. તેના ડાબા હાથ વિજય પતાકા રૂપે કાગળ ફરકતો હતો.

"આ જુએ છે? આ વાલીપણાંનો આદેશ છે? તારે હવે માટે પૈસાદાર દીકરાનો શિકાર બીજે ક્યાંક કરવો પડશે. અહીં જે જુવાન છે તેને આવતીકાલે હું મારી સાથે ઘેર લઈ જવાનો છું. સમજ્યો?"

દીવાલની સામે ઢગલો થઈને પડેલા બલ્તાઝારે ધમકી ભરેલ ઘૂરકાટ કર્યો. બીજી જ ક્ષણે ક્રૂર ચિચિયારી સાથે

તે ઊભો થઈ દુશ્મનની સામે આવ્યો. ઝુરીતાના હાથમાંથી આદેશ ઝૂંટવીને તેને મોંમાં ઠૂંસતાં તે સ્પેનીઆર્ડને મુક્કા મારવા લાગ્યો. ઝુરીતા વળતાં મુક્કા મારતો હતો.

બારણામાંથી આ લડાઈને જોનારાં સાક્ષી જેલરને લાગ્યું કે આ ક્ષણે કડક તટસ્થતાની જરૂર હતી; તેઓ બંને તેની હથેળીને ભરવામાં ઉદાર હતાં તેથી તે બંનેને માટે વફાદાર રહેવા ઇચ્છતો હતો. તેથી જ્યારે ઝુરીતાએ બલ્તાઝારને ગૂંગળાવીને મારી નાખવાનું શરૂ કર્યું ત્યારે જ માત્ર જેલર પગલું ભરવા હાલ્યો.

"ત્યાં, ત્યાં તેને ન ગૂંગળાવી માર."

ગમે તેમ, ક્રોધમાં બહેરો બનેલ ઝુરીતા પોતાના લાભમાં દબાવી રહ્યો હતો. તેમાં કોઈ કહેવાપણું નહોતું કે જો પરિચિત અવાજો આ મુદ્દા ઉપર બોલી ઊઠયાં ન હોત તો તે બધું કેવી રીતે પતી ચુંહોત.

"મહોદય વાલી પોતાની નવી ફરજો માટે પોતાની અક્કડ બતાવે છે—અદ્ભુત! ઠીક છે, તમે અહીં શા માટે ઊભા છે? તમે તમારી ફરજો નથી જાણતા?" સાલ્વાતોર જાણે પોતે જ તે જગ્યાનો ગવર્નર હોય તેમ તે જગ્યાના બે જેલરો તરફ ધસ્યો.

સાલ્વાતોરના શબ્દોની ત્વરિત અસર થઈ: જેલરો બંને માણસોને જુદા કરવા ધસ્યાં. શોરબકોરને કારણે બીજાં જેલરો પણ આકર્ષાયાં અને થોડી જ વારમાં શાંતિ પુનઃસ્થાપિત થઈ ગઈ.

આરોપી ઘોષિત થવાના નિશ્ચિત સામનામાં જેલમાં પણ સાલ્વાતોરે પોતાના મનોબળની મજબૂતી અને પોતાનું કાબૂ રાખવાનું સામર્થ્ય જાળવી રાખ્યું હતું.

"તેમને અહીંથી દૂર લઈ જાઓ," તેમણે આદેશ આપ્યો. "હું ઇક્થિઆન્દર સાથે એકલો રહેવા ઇચ્છું છું."

જેલરોએ આજ્ઞાનુસાર કર્યું. ઝુરીતા અને બલ્તાઝ્રારનો ઘોંઘાટભર્યો વિરોધ હોવા છતાં પણ તેમને બહાર લઈ જવામાં આવ્યાં હતાં અને બારણાં બંધ થઈ ગયાં.

જ્યારે પગરખાંનો અવાજ દૂર દૂર આથમી ગયો ત્યારે સાલ્વાતોર ટાંકી પાસે ગયા.

"ત્યાંથી બહાર આવી જા, ઇક્થિઆન્દર," તેમણે હમણાં જ પાણીમાંથી બહાર જોયું હતું તે ઉભયવાસીને કહ્યું. "હું તને તપાસવા ઇચ્છું છું."

ઇક્થિઆન્દરે કહેવા પ્રમાણે કર્યું.

"પ્રકાશની વધારે નજીક," સાલ્વાતોરે આગળ કહ્યું, "ને ઠીક છે. અંદર અને બહાર શ્વાસ લે. વધારે ઊંડો. ફરી એક વખત. શ્વાસ રોક. ઠીક છે, એમ," ઇક્થિઆન્દરની છાતી ઉપર હળવી ટપલી મારતાં તેમણે કહ્યું અને તેનું અનિયમિત શ્વસન સાંભળ્યું.

"શ્વાસમાં મુશ્કેલ છે તને નહિ?"

"હા, પિતાજી," ઇક્થિઆન્દરે કહ્યું.

"તું પોતે જ તારા દોષનું કારણ બન્યો છે, એ તું જાણે છે," સાલ્વાતોરે કહ્યું. "તારે આટલા લાંબા સમય સુધી જમીન ઉપર નહોતું રોકાવું જોઈતું."

ઇક્થિઆન્દરે પોતાનું માથું નીચું કર્યું. અને ક્ષણ ભર વિચારોમાં ખોવાઈ ગયો. પછી અચાનક તેણે સીધું સાલ્વાતોરની આંખોમાં જોયું.

"પણ શા માટે,?" તેણે પૂછ્યું. "બીજાં બધાં જમીન ઉપર રહે છે અને હું જ નથી રહી શકતો?"

સાલ્વાતોરને તે નજરો સાથે નજર મેળવવામાં વધારે મુશ્કેલી પડી, જે ગુપ્ત વ્યથિત દિલના દોષથી ભરેલ હતી. તેમને અદાલતમાં પણ પ્રશ્નોનો જવાબ આપવામાં એટલી મુશ્કેલી નહોતી પડી. પણ તેમણે પોતાની આંખો ફેરવી ન લીધી.

"કારણ કે તારી પાસે જે કંઈ છે તે બીજા કોઈની પાસે નથી: પાણીની અંદર રહેવાની ક્ષમતા," તેમણે કહ્યું. "ધારી લો કે તારી પાસે અહીં જમીન ઉપરનાં બીજાં માણસોની જેમ જ થવાનું કે મહાસાગરમાં રહેવાનું એ બંને વિકલ્પો છે. તો તું કયો પસંદ કરશે?"

"હું નથી જાણતો..." પળભર વિચાર્યા પછી ઇક્થિઆન્દર અત્યંત ધીમેથી બોલ્યો.

મહાસાગર અને પૃથ્વી—એટલે કે ગૂટ્યેરે—બંને તેને સમાન રીતે વહાલાં હતાં, પણ ગૂટ્યેરે હવે તેના માટે ખોવાઈ ગઈ હતી...

"મારે કહેવું જોઈએ, મહાસાગર," તેણે કહ્યું.

"વાસ્તવમાં જ તે તું તારા આજ્ઞાભંગ કરવાને કારણે પસંદ કરી ચૂક્યો છે. હવે પછી તારા શરીરનું સમતોલપણું અવ્યવસ્થિત થઈ ગયું છે. તેથી તારા માટે માત્ર મહાસાગર છે, તેનો મને ડર છે."

"મહાસાગર, હા, પણ આ ભયંકર ટાંકી તો નહિ જ પિતાજી. હું અહીં મરી જઈશ! અરે, જો હું માત્ર પાછો મહાસાગરમાં જઈ શકતો હોત તો!"

"જેટલી જલદી થઈ શકે તેટલી જલદી તને જેલમાંથી બહાર કરવા માટે શક્ય એટલું હું મારાથી બનતું બધું જ કરીશ," સાલ્વાતોરે નિસાસો દબાવતા

મું. "મારા દીકરા, હિમ્મત રાખ," અને હિમ્મત આપનાં તેનો ખભો થાબડી સાલ્વાતોર જતા રહ્યા.

પોતાની કોટડીમાં પાછા આવી સાંકડી મેજની સામેના ...ર ઉપર બેસી પડયા અને મનનમાં ઊતરી પડયા.

બીજા કોઈપણ સર્જનની જેમ તેઓ નિષ્ફળતાના ...રા ઘૂંટડાને જાણતા હતા. તેમણે પોતાની હાલની સર્જકુશળતા પ્રાપ્ત કરી તે પહેલાં ઘણાં ઓછાં લોકો ...ની છરી નીચે મરી ગયાં હતાં. હજી તેમનું મગજ ...દોથી લદાયેલું નહોતું. હજારોને બચાવવા જતાં બારેક ...રી ગયાં હતાં તેમને આ ગુણોતર આશ્વાસન આપતો ...ગ્યો.

હવે આ જુદી વાત હતી. ઈક્થિઆન્દર તેમનું અનોખું ગૌરવ હતું. ઈક્થિઆન્દરને, પોતાની સર્વશ્રેષ્ઠ સિદ્ધિને, ચાહતા હતા. વર્ષોથી તેને તેના માટે પ્રેમ થઈ ગયો ...તો અને તેને તે પોતાના જ દીકરાની નજરે જોતો હતો. ...થી તેઓ ત્યાં બેસી ઈક્થિઆન્દરની હાલની સ્થિતિ વિષે ચિંતાતુર હતા અને તેના માટે આગળ ભવિષ્ય શું હતું તે વિચારતા હતા.

કોઈકે બારણું ઠોક્યું.

"અંદર આવો," સાલ્વાતોરે કહ્યું.

"હું વગર નિમંત્રણે નથી આવ્યો, પ્રોફેસર?" જેલના ગવર્નરે અંદર આવતાં ધીમા અવાજે કહ્યું.

"બિલકુલ નહિ," સાલ્વાતોરે ઊભા થતાં કહ્યું. "તમારી પત્નીને અને બાળકને કેમ છે?"

"ખૂબ સરસ, આભાર. મેં તેમને મારી પત્નીની માને ત્યાં પહાડ ઍંડસમાં મોકલી દીધાં છે."

"તે બરાબર છે. પહાડી હવા તેમના માટે વધારે અનુકૂળ છે," સાલ્વાતોરે કહ્યું. દરવાજા તરફ નજર નાખતાં ગવર્નર સાલ્વાતોરની વધારે નજીક આવ્યા.

"મારી પત્નીની જિંદગી તમારે કારણે છે, પ્રોફેસર," હજી પણ વધારે ધીમો અવાજ કરતાં તેમણે શરૂ કર્યું. "હું તેને ચાહું છું. હું નથી કરી શકતો..."

"આભારની કોઈ જરૂર નથી. મેં માત્ર મારી ફરજ બજાવી છે."

"મને હંમેશાં લાગશે કે હું તમારો અત્યંત ઋણી છું," ગવર્નરે કહ્યું. "અને તેટલું માત્ર જ પૂરતું નથી. મારામાં વધારે કહેવાની તો આવડત નથી પણ મેં છાપું વાંચીને સાલ્વાતોરનું મહત્ત્વ જાણ્યું. જો મને તમે પૂછતાં હો તો, તમારા જેવો માણસ ચોરો અને રખડેલ ભિખારીઓ સાથે જેલમાં ન હોવો જોઈએ."

"જ્યાં સુધી હું જાણું છું મારાં વિદ્વાન સહકાર્યકરો મને પાગલો માટેની આરામદાયક કોટડીમાં મોકલવા માટે પોતાનાથી બનતું બધું જ કરી રહ્યાં છે."

"તો પણ આશ્રયસ્થાન તો જેલ જ છે," ગવર્નરે વળતો જવાબ આપ્યો. "અને વળી વધારે ખરાબ. ચોરોને બદલે તમને સાથી તરીકે પાગલો મળશે. ના, તેમ ન જ થવું જોઈએ," અને તેમના કાનમાં કહેતાં ગવર્નરે કહ્યું. "મેં મારા કુટુંબને માત્ર તંદુરસ્તી માટે જ પહાડોમાં નથી મોકલ્યું. આ મેં નિર્ણય કર્યો હતો. હું તમને ભગાડવામાં મદદ કરીશ, રસ્તો કાઢીશ અને પોતે ભાગી જઈશ. આ મદદ માટે જરૂર મારી નોકરી જશે પણ મને તેના પ્રત્યે તિરસ્કાર છે. તેઓ મને નહિ શોધી

છે. જ્યાં સુધી તમારી વાત છે તમે દેશ છોડી દેશો.
હું તમને તેનાથી પણ વધારે કંઈક કહેવા ઇચ્છું છું,"
થોડીક ખચકાટ પછી તેણે ઉમેર્યું, "હું સત્તાવાર રહસ્ય
જાહેર પાડવાનો છું, રાજકીય રહસ્ય..."

"તમારે તેમ કરવાની જરૂર નથી," સાલ્વાતોરે
તેમને વચ્ચે જ અટકાવ્યાં.

"હા, પણ... હું નથી કરી શકતો... એક વસ્તુ
માટે, હું મને મળેલ ભયંકર આદેશનું પાલન નથી કરી
શકતો. મારું અંતઃકરણ મને મારી આખી જિંદગીમાં
ચેન નહિ આપે. જ્યારે હું વિચારું છું કે હું તે તમને
આપી દઉં છું ત્યારે તે યોગ્ય છે. તમે મારા માટે એટલું
બધું કર્યું છે જ્યારે સત્તાવાળાઓએ મને તેમના તરફથી
કંઈ નથી મળ્યું. તેટલું હજી ઓછું હોય તેમ તેઓ મારા
ઉપર ગુનો કરવા બળજબરી કરી રહ્યાં છે."

"એમ કે?" સાલ્વાતોરે એટલું જ કહ્યું.

"હા, મેં જાણ્યું છે કે વાલી થયા હોવાં છતાં પણ
તેઓ ઇફિશઆન્દરને ન તો બલ્લાઝાર ને કે ન તો ઝુરીતાને
સોંપવાનાં છે. લાંચમાં મળેલાં પૈસા ઉપરથી તેમનાં
ખિસ્સામાં. તેઓ... તેઓ ઇફિશઆન્દરને મારી
નાખવાના છે."

સાલ્વાતોર થોડાંક ચોંક્યા.

"એમ વાત છે? આગળ કહો!"

"હા, તેને મારી નાખવાનાં છે. બધો જ વખત
પાદરી બધાની પાછળ રહે છે. જોકે હું ધારું છું કે તેમણે
આટલાં બધાં શબ્દો કદી નહિ કહ્યાં હોય. તેઓએ મને
ઝેર આપ્યું છે. મને લાગે છે કે તેઓ તેને પોટાશિયમ

સાઇનાઇડ કહે છે. આજે રાતે મારે તે ઇક્વિઆન્દરની ટાંકીમાં ભેળવવાનું છે. જેલનો દાક્તર તેની દેખરેખ ઉપર છે. તે પ્રમાણપત્ર આપશે કે મૃત્યુનું કારણ ઇક્વિઆન્દરને ઉભયવાસી બનાવતી વખતે તમારા દ્વારા કરવામાં આવેલ શસ્ત્રક્રિયા હતી. જો હું તે નહિ કરું તે સાચે જ મારા માટે ભારે થઈ પડશે. પણ મારું કુટુંબ છે ટેકો પણ મળ્યો છે. તેઓ મને જ્યાંથી પણ ઇચ્છે ત્યાંથી એકદમ પકડી પાડે તેમ છે. હું ભૂતકાળમાં સરી ગયો— જોકે કંઈ પણ ગંભીર નહોતું. લગભગ આકસ્મિક. જો હું તે કરું છું તો તેઓ મને પાછળથી તેના માટે બંધ કરી દેશે તેમાં કોઈ શંકા નથી. ગમે તેમ મેં મારું મન તૈયાર કરી લીધું છે, હું ભાગી જવાનો છું. હું ન તો ઇક્વિઆન્દરને મારી શકવાનો છું અને ન તો મારવાનો છું. આટલા ઓછા સમયમાં તમને બંનેને બચાવવા તે અસંભવ છે. પણ હું તમને બચાવી શકું છું. મેં બધું જ વિચારી લીધું છે. મને ઇક્વિઆન્દર માટે દુ:ખ છે પણ તમારી જિંદગી વધારે કિમતી છે. તમે તમારી કાર્યકુશળતા દ્વારા બીજો ઇક્વિઆન્દર સર્જશો પણ આ દુનિયામાં કોઈપણ બીજો સાલ્વાતોર નહિ સર્જી શકે."

જ્યારે તેમણે કહેવાનું પૂરું કર્યું ત્યારે સાલ્વાતોરે તેમનો હાથ દબાવતાં કહ્યું:

"આભાર, પણ હું મારા પોતાની ખાતર તમને આ ખતરા સામે જોખમમાં ન નાખી શકું..."

"કોઈ ખતરો નથી. મેં બધું જ વિચારી લીધું છે."

"એક મિનિટ થોભી જાઓ. હું આ મારા પોતાને ખાતર નથી સ્વીકારી શકતો. પણ જો તમે ઇક્વિઆન્દરને

બચાવવા માટે સહમત થાઓ તો તમે મારા માટે મને બચાવવા કરતાં ઘણું વધારે કર્યું માનીશ. હું સંપૂર્ણ સ્વસ્થ છું અને મને ખાતરી છે કે મને જેલમાંથી બહાર કરવા માટે ઘણાં મિત્રો મદદ માટે મળી જશે. પણ ઇક્વિઆન્દરને જરા પણ વિલંબ વિના આઝાદ કરવો જોઈએ."

"હું તમે જેમ ઇચ્છશો તેમ કરીશ," ગવર્નરે કહ્યું.

એકલા પડતાં સાલ્વાતોરે મંદ સ્મિત કરતાં કહ્યું:

"સરસ. તે સીધું જ દરેકના નાક નીચેથી જ વિવાદનું હાડકું ખેંચી લેશે."

થોડી વાર સુધી સાલ્વાતોર કોટડીમાં આમતેમ આંટા મારતાં રહ્યાં, પછી તે મેજ પાસે ગયાં. કાગળ ઉપર કંઈક લખી ઊભા થયાં અને કેટલીક વાર દરવાજા ઉપર ટકોરા માર્યા: "મહેરબાની કરીને ગવર્નરને મારી પાસે આવવા કહો."

જ્યારે ગવર્નર આવ્યો ત્યારે સાલ્વાતોરે તેને કહ્યું:

"હું બીજું પણ કંઈક તમને કહેવા ઇચ્છું છું. તમે મને આજે છેલ્લી વખત ઇક્વિઆન્દરને મળવાની ગોઠવણ કરાવી આપી શકશો?"

"શા માટે, કંઈ મુશ્કેલ નથી. આજુબાજુ કોઈ સત્તાવાળા નથી. આખી જેલ તમારા તાબે છે."

"શાબાશ. અને બીજી એક વાત."

"હું તમારી સેવામાં હાજર છું."

"ઇક્વિઆન્દરને આઝાદ કરવામાં તમે મારા માટે અમાપ સેવા કરી રહ્યાં હશો..."

"પણ તમે, પ્રોફેસર, તમે પણ તો મારા માટે ઘણું બધું કર્યું છે."

"ઠીક છે. આપણે માનીશું કે આપણે ઋણમુક્ત છીએ," સાલ્વાતોરે તેને વચ્ચે જ અટકાવ્યો. "હવે, હું તમારા કુટુંબને મદદ કરવા ઇચ્છું છું. આ લો નોંધ. તે 'સાલ્વાતોર'ને બદલે 'સ' અક્ષરના હસ્તાક્ષરવાળું સરનામું માત્ર છે. જો તમને ક્યારેય પણ આશ્રય કે પૈસાની જરૂર પડે તો આ સરનામું યાદ કરજો. તમે તે માણસનો વિશ્વાસ કરી શકો છો." "પણ..."

"ના મહેરબાની કરીને કોઈ રકઝક નહિ. ચાલો હવે મને ઇક્થિઆન્દર પાસે લઈ જાઓ."

સાલ્વાતોરને તે જ દિવસમાં બીજી વખત પોતાની કોટડીમાં પ્રવેશતાં જોઈ ઇક્થિઆન્દરને આશ્ચર્ય થયું. જ્યારે તેણે તેમની એક જ વખતમાં પહેલાં કદી નહોતી જોઈ તેવી ગમગીન અને હેતાળ નજર પકડી પાડી ત્યારે વળી તેને વધારે આશ્ચર્ય થયું.

"ઇક્થિઆન્દર, મારા દીકરા, સાંભળ," સાલ્વાતોરે કહ્યું. "આપણે જલ્દી જ વિખૂટાં પડવાનાં છીએ, મેં ધાર્યું હતું તેના કરતાં વધારે જલ્દી અને કદાચ ઘણાં લાંબા સમય માટે. આજે રાત્રે તને મુક્તિ મળી જશે પણ તેમ છતાં મને તારા વિષે ચિંતા છે. જો તું અહીં રહીશ તો તું કદાચ ઝુરીતા કે તેના જેવા કોઈક બીજા જંગલીનો ગુલામ બની જશે..."

"પણ તમારું શું થશે, પિતાજી?"

"ચોક્કસપણે મને ગુનેગાર સાબિત કરવામાં આવશે અને બે કે વધારે વર્ષની મને જેલ કરવામાં આવશે. તારે સમુદ્રમાં સલામત અને ખૂબ ખૂબ દૂરની જગ્યાએ જતા રહેવું જ જોઈએ. આવી એક જગ્યા છે પણ ઘણી

દૂર દક્ષિણ અમેરિકાની પેલે પાર પ્રશાંત મહાસાગરમાં તુઆમોતુ કે લો આર્કીપેલાગોમાંથી એક ટાપુ ઉપર. ત્યાં સુધી પહોંચી જગ્યા શોધવાનું કામ તારા માટે સહેલ નથી. પણ તેના માટેની મુશ્કેલીઓ સામે કરવા પડનારા સામનાઓ અહીં અખાત લા પ્લાતામાં તારાં દુશ્મનોની જાળોથી બચવા દોડવાની સામે તે કંઈ જ નથી.

"હવે તારા રસ્તા વિષે. દક્ષિણ અમેરિકાની ફરતે ઉત્તરી કે દક્ષિણી રસ્તા તરફ મુસાફરી કરતાં તું ત્યાં પહોંચી શકીશ. બંને રસ્તાઓનાં પોતાનાં ફાયદાઓ પણ છે અને નુકસાન પણ. ઉત્તરી રસ્તો પ્રમાણમાં થોડો વધારે લાંબો છે. તદુપરાંત તારે પાનેમા નહેરમાંથી તારે પસાર થવું પડશે જે ખતરનાક છે. તું ખાસ કરીને જળપાશોમાં કદાચ સપડાઈ શકે છે કે વહાણો દ્વારા કચડાઈ જઈ પણ શકે. નહેર બહુ સાંકડી અને છીછરી છે. તે ૫૦૦ ફૂટ પહોળી અને ૪૫ ફૂટ ઊંડી છે, તેથી આધુનિક દરિયાઈ જહાજોના તળિયાના આધાર રૂપ મોભ તળિયા સાથે ઘસાતાં નીકળે છે.

"બીજી બાજુ તારે ગરમ દરિયાઓમાંથી મુસાફરી કરવી પડે. જેમાં પાનામા નહેરથી પશ્ચિમ તરફ ત્રણ મોટી જહાજ લાઈનો જાય છે: તેમાંથી બે ન્યુ ઝીલેંડ અને ત્રીજા ફીજી ટાપુઓ તથા તેનાથી આગળ જાય છે. ન્યુ ઝીલેંડ તરફ જતી કોઈપણ એક લાઈન પસંદ કરીને વહાણને અનુસરતાં કે તેની ઉપર સવાર થઈ જતાં તે તને લગભગ તારા નિશ્ચિત સ્થાન સુધી લઈ જશે. ઉત્તર તરફ માત્ર થોડું જ આગળ વધતા તું તારી જગ્યાએ પહોંચી જઈશ.

"હવે દક્ષિણનો રસ્તો ટૂંકો છે પણ તારે એકદમ ઉત્તરી દિશામાં તરતા બરફના વિશાળ પટની નજીક વધારે ઠંડા પાણીમાં તરવું પડશે. ખાસ કરીને જો તું કેપ હોર્નની ફરતે ગયો તો. તે તારા માટે પ્રતિકૂળ હશે પણ મૉગેલનના બે પૃથ્વીની વચ્ચેના દરિયાઈ પાણીના સાંકડા ભાગને ગમે તે રીતે પસાર કરી જવાની સલાહ આપું છું. તે ઘણો તોફાની પણ છે. તેને સઢવાળા વહાણોનાં કબ્રસ્તાન તરીકે યથાર્થ માનવામાં આવતો અને હજી પણ તેને ખતરનાક ગણવામાં આવે છે. ખાસ કરીને તેની પશ્ચિમી બાજુ ઉપર જ્યાં તે વધારે સાંકડો અને ખડકાળ છે. સતત પશ્ચિમી વાવંટોળનું દબાણ તેમની પહેલાં પાણી ખેંચી જાય છે. તેથી તારે ઉપરના પ્રવાહ તરફ તરવું પડશે અને વમળો પસાર કરવા પડશે. વળી કદાચ તારા માટે પ્રાણઘાતક સાબિત થાય.

"તે અમને કેપ હોર્નનાં વિભેદો તરફ પાછા લાવે છે. પછી ભલેને તે વધારે લાંબો છે. તે ઠંડા પાણીનું જોખમ પણ છે. પણ મને આશા છે કે તું જ્યારે જઈશ ત્યારે તેનાથી અનુકૂળ થઈ જઈશ અને તારું સ્વાસ્થ્ય પણ સારું રહેશે. જ્યાં સુધી ખોરાકની વાત છે તે તને મહાસાગરનાં કોઈપણ ભાગમાં પુષ્કળ પ્રમાણમાં મળી જશે.

"પણ પછી, ચોક્કસ તારા માટે પાનેમા નહેરના કરતાં કેપ હોર્નથી તુઆમોતુ આર્કીપેલાગો તરફનો રસ્તો શોધવામાં થોડી વધારે મુશ્કેલી ઊભી થશે. ત્યાં તને રસ્તો ચીંધવા માટે કોઈ દર્શક વહાણોની લાઈન પણ નથી. પણ તારે જગ્યાની સાપેક્ષ દિશા જાણવી પડશે. તું સાધનોના સેટની મદદ વડે સૂરજની દિશા મેળવી શકીશ.

મેં તે ખાસ તારા માટે બનાવ્યાં હતાં. મને ડર છે કે તે કદાચ તારા માટે બોજારૂપ થશે..."

"હું લીડિંગને મારી સાથે લઈ લઈશ. તે જે પણ વસ્તુ ઉપાડવાની હશે તે ઉપાડી લેશે. કોઈપણ રીતે હું તેને પાછળ છોડવા નથી ઈચ્છતો. તેને ચોક્કસ મારા વિના એકલવાયું લાગતું હશે."

"મને ખબર નથી કોણ કોને માટે વધારે એકલવાયું અનુભવે છે," સાલ્વાતોરે મંદ હાસ્ય કર્યું. "ઠીક, તે તો નક્કી થઈ ગયું. સારું. જ્યારે તું તુઆમોતુ ટાપુ ઉપર પહોંચી જાય ત્યારે નિર્જન પ્રવાલ ટાપુ શોધી કાઢજે. તું તેને એક મોટા કૂવાથંભ દ્વારા ઓળખી શકીશ. જેની ટોચ ઉપર હવાની દિશા દર્શાવનાર માટે મોટી માછલીના આકારનું યંત્ર હશે. તું તેને નહિ છોડી શકે. કદાચ તે શોધવામાં તને એક, બે કે ત્રણ મહિનાઓ પણ લાગે તોય કશો વાંધો નથી—તને અંતમાં તો તે જરૂર અથડાશે. ત્યાં પાણી હૂંફાળું છે અને કાળુમાછલાં પુષ્કળ પ્રમાણમાં છે."

સાલ્વાતોરે ઇક્થિઆન્દરને પોતે જે કંઈ પણ કહેતો તે વચ્ચે ટોક્યા વિના ધીરજ અને શાંતિપૂર્વક સાંભળવાનું શિખવાડયું હતું. પણ અહીં ઇક્થિઆન્દર એક પ્રશ્ન પૂછવાના અચાનક પ્રલોભનને રોકી ન શક્યો.

"પણ મારે તે ટાપુ ઉપર શું જોવું જોઈએ?"

"મિત્રો. માયાળુ અને નિષ્ઠાવાન." સાલ્વાતોરે કહ્યું. "મારો જૂનો મિત્ર, અરમાન વીલબુઆ, પ્રખ્યાત સમુદ્રવિજ્ઞાની ત્યાં રહે છે. ઘણાં વર્ષો પહેલાં જ્યારે હું યુરોપમાં હતો ત્યારે હું તેના પરિચયમાં આવ્યો અને તેને

ચાહું છું. તે બહુ રસિક માણસ છે પણ હમણાં તે વિષે વધારે ઊંડાણમાં જવાનો સમય નથી. મને આશા છે કે તું પોતે જ તેની સાથે મિત્ર બની શકશે અને જાણી શકશે કે તે આ પ્રશાંત મહાસાગરના એકાંતમય પ્રવાલ દ્વીપ વલયમાં કેવી રીતે આવ્યા. જો કે તે ત્યાં એકલવાયાપણાંથી ઘણા દૂર છે. તેમની પત્ની, સુંદર સ્ત્રી, અને તેમનાં બે બાળકો તેની સાથે રહે છે. તેની દીકરીનો જન્મ ટાપુ ઉપર જ થયો હતો અને હમણાં લગભગ સત્તરેક વર્ષની હોવી જોઈએ. તેનો દીકરો મોટો છે લગભગ મને ધ્યાન છે ત્યાં સુધી ૨૫ વર્ષનો.

"તેઓ મારાં પત્રો દ્વારા તારા વિષે બધુ જ જાણે છે. અને મને ખાતરી છે કે તેઓ કુટુંબનાં જ એક સભ્ય તરીકે તને આવકારશે..." સાલ્વાતોર પળવાર રોકાયો. "તારે લગભગ ઘણો બધો સમય પાણીમાં જ ગાળવો પડશે, એ તો ચોક્કસ. પણ દરરોજ થોડાંક કલાકો માટે તું કિનારા ઉપર જઈ શકશે. કદાચ, તારી તંદુરસ્તી તને રહેવા દે તો તું જેટલી વાર પાણીની અંદર રહીશ એટલી જ વાર તું જમીન ઉપર પણ રહી શકશે.

"અરમાન વીલબુઆ તારા પિતા સમાન હશે અને સમય જતાં તું કદાચ તેના વૈજ્ઞાનિક કામમાં તેના માટે અનિવાર્ય પૂરવાર થાય. તું મહાસાગરનાં અને તેનાં રહેવાસીઓ વિષે નિષ્ણાત એવાં ડઝનો પ્રોફેસરો એકઠાં કરીએ તો તેમનાં કરતાં ઘણું વધારે જાણે છે." સાલ્વાતોરે વ્યંગાત્મક સ્મિત કર્યું. "પેલાં ધૂની નિષ્ણાતોએ ચિલાચાલુ સવાલો તને પૂછ્યાં—અને તું જવાબ ન આપી શક્યો કારણ કે તને એવો મહાવરો કદી નહોતો પડયો. હવે જો

લોકો તેનાં બદલે તને પ્રવાહો, પાણીનાં ઉષ્ણતામાન, દબાણ ઘા પ્લાતાની ક્ષારયુક્તતા અને એ વિષયને લગતું પૂછ્યું હોત તો તેઓ તારા જવાબોના આધારે સચોટ વિજ્ઞાનનો જાડો ગ્રંથ તૈયાર કરી શક્યાં હોત. અરમાન વીલબુઆ જેવાં બુદ્ધિવાન વૈજ્ઞાનિકોના નિર્દેશન હેઠળ કરેલાં પાણીની અંદરનાં પ્રવાસો દ્વારા એકઠી કરેલ માહિતીઓને એકત્રિત કરી શકવાનું અને પછી તેને લોકો સુધી પહોંચાડવાનું, તેની કલ્પના માત્ર કરો. તેની અને તારી વચ્ચે મને સંપૂર્ણ ખાતરી છે, તમે બન્ને સમુદ્રવિજ્ઞાન ઉપર એક મોટું કામ તૈયાર કરશો જે તે વિજ્ઞાનનાં વિકાસમાં મહત્ત્વનું થશે. તારું નામ તેના પૃષ્ઠે પૃષ્ઠે પેલા અરમાન વીલબુઆ સાથે લખાશે—તે તેના ઉપર ભાર મૂકશે કે હું તેને નથી જાણતો. અહીં તને અણસમજુ લાલચી લોકોના હિતમાં કામ કરવા માટે મજબૂર કરવામાં આવશે. ત્યાં તું વિજ્ઞાનને સેવા કરીશ. જેનો અર્થ છે આવી માનવતાની સેવા કરીશ. અને મને ખાતરી છે કે પેલાં સરોવરનાં રેતીના કાંઠા વડે સમુદ્રથી પૃથક પડેલા ખારા પાણીનાં સરોવરના નિર્મળ પાણીમાં અને વીલબુઆના કુટુંબ સાથે તને સ્વર્ગ અને ખુશી પ્રાપ્ત થશે.

"બીજી વધારે એક સલાહ. જેવો તું મહાસાગરમાં પહોંચે કે તરત, તે ઘણું કરીને આ મોડી રાત હોવી જોઈએ, તું ટનલ દ્વારા સીધો ઘેર જજે. ત્યાં ઘેર માત્ર વફાદાર જીમ એકલો છે. ત્યાંથી તારા દરિયાઈ યાતાયાતનાં સાધનો, ચપ્પુ અને બીજું બધું ઉપાડી તારા લીડિંગને શોધીને તત્કાળ તારા રસ્તે જવા ઊપડી જજે. પરોઢ થવાની પણ રાહ ન જોતો. ભાવભીની

વિદાય, ઈક્રિથઆન્દર! કે કદાચ આવજે."

સાલ્વાતોરે ઈક્રિથઆન્દરને બાથમાં ભીડી ચુંબન કર્યું. જે તેણે પહેલાં કદી નહોતું કર્યું. પછી તેણે મલકાટ કરતાં ઈક્રિથઆન્દરનાં ખભાં થાબડતાં: "તું બધું જ ઠીક કરી લેશે." તેમ કહેતાં કોટડીમાંથી તેઓ ચાલ્યાં ગયાં.

પલાયન

કારખાનામાં આખો દિવસ કામ કર્યા પછી હજી તો ઓલ્સેન રાતનું જમવા માટે બેઠો હતો ત્યાં જ બારણા ઉપર ટકોરાં થયાં.

"કોણ છે?" દખલગીરીથી રોષે ભરાતાં ઓલ્સેને બૂમ પાડી. બારણું ખુલતાં જ ગૂટ્રયેરે નજરે પડી.

"શા માટે, ગૂટ્રયેરે! સરસ, સરસ!" આશ્ચર્ય પામેલ અને ખુશ થયેલ ઓલ્સેન પોતાની ખુરશી ઉપરથી ઊભો થતાં બોલી પડયો.

"કેમ છે, ઓલ્સેન," તેણે કહ્યું. "તારું ખાવાનું ચાલુ રાખ, મારી પરવા ન કર," બંધ થયેલાં બારણાની સામે ઢળી પડતાં તેણે કહ્યું: "હું હવે વધારે એક પળ પણ મારા પતિ અને તેની મા સાથે રહી નથી શકવાની. ઝુરીતા, તેણે મને મારવાની હિમ્મત કરી. તેથી મેં તેને છોડી દીધો. મેં તેને સાદા માટે છોડી દીધો, ઓલ્સેન."

સામાચાર સાંભળતાં ઓલ્સેનનો હાથ હવામાં અદ્ધર જ રહી ગયો.

"મારે કહેવું જોઈએ કે આ બિલકુલ અણધાર્યું છે,"

તેણે કહ્યું. "આવ બેસ, તું તારા પગ ઉપર માંડ માંડ ઊભી રહી શકે છે. પણ પેલી ભગવાનની ઇચ્છાએ એક સાથે બંધાયેલાં કોઈ માણસે છૂટાં ન પાડવાં જોઈએ — એવી એવી વાતો તેં મને કહી હતી તેનું શું? શું તે બધું પૂરું થઈ ગયું? તારા માટે સારું છે. તારા પિતાની પાસે પાછી આવી ગઈ, એમ ને?"

"પિતા શું બની ગયું તે નથી જાણતાં. ઝુરીતા ચોક્કસ મારા પિતાને ત્યાં મારી તપાસ કરશે તેથી હું મારી એક સહેલીની સાથે રહું છું."

"સારું. તારી શી યોજનાઓ છે?"

"હું નોકરી કરવા ઇચ્છું છું. હું તારી પાસે એ પૂછવા આવી છું કે તું મને તારા કારખાનામાં કોઈ કામ અપાવવામાં મદદ કરી શકતો હતો કે નહિ."

ઓલ્સેને ચિંતાથી પોતાનું માથું ધુણાવ્યું.

"આ ક્ષણે તો સહેલું નથી. પણ ચોક્કસ હું તારા માટે મારાથી બનતું બધું જ કરીશ," તેણે કહ્યું. ક્ષણભરના વિરામ પછી તેણે ઉમેર્યું:

"તારા પતિ તેને કેવી રીતે લેશે?"

"હું પરવા નથી કરતી."

"પણ તે કરશે," ઓલ્સેને મલકાટ સાથે કહ્યું. "તે તને નીચે પાડવા પૂરો પ્રયત્ન કરશે. એ ન ભૂલ કે તું હજી એર્જેનતાઇનામાં જ છે. જ્યાં સુધી તે છે, તે તને નહિ કરવા દે, એ તું જાણે છે. તે કાયદો અને લોકમતને પણ પોતાની તરફેણમાં કરી લેશે."

ગૂટ્યેરેએ જરા વાર વિચાર્યું અને પછી દૃઢ નિશ્ચય સાથે કહ્યું:

"ઠીક છે, તેનાથી શું? હું કેનેડા, અલાસ્કા, જઈશ ..."

"ગ્રીનલૅંડ કે ઉત્તરધ્રુવ!" ઓલ્સેને તેને વચ્ચે જ પકડી પાડી અને ગંભીર અવાજે ઉમેર્યું, "આપણે સાથે મળીને તે વિચારીશું. તારી અહીં રહેવામાં સલામતી નથી તેટલું ચોક્કસ છે. મેં પોતે જાતે જ આ જગ્યા છોડી દેવાનો વિચાર કર્યો છે. તે બહુ દુઃખદાયી છે કે તે વખતે આપણે ન કરી શક્યાં. પણ ઝુરીતા તારું અપહરણ કરી ગયો અને આપણે આપણાં ભાડા તથા પૈસા બધું જ ગુમાવી દીધું. મને શંકા છે કે હું કરી શકું તેના કરતાં વધારે હમણાં તો તું પણ યૂરોપનું ભાડું કાઢી શકે તેમ નથી. પણ તો પછી કોણ કહે છે કે આપણે સીધા પાણી પરથી જ જવું જોઈએ. જો આપણે—હું 'આપણા' ઉપર એટલા માટે ભાર મૂકું છું કે જ્યાં સુધી મને તારી સલામતીનો પૂરો વિશ્વાસ ન થાય ત્યાં સુધી હું તને એકલી છોડવાનો નથી—જો આપણે ઓછામાં ઓછી પૉરેંઝવાની સીમા પસાર કરી લઈએ કે પછી હજી તેના કરતાં પણ વધારે સારી જગ્યા બ્રાઝીલ પહોંચી જઈએ તો આપણને શોધી કાઢવું ઝુરીતા માટે વધારે મુશ્કેલ થઈ પડશે. અને તે આપણને યૂરોપના રસ્તે આગળ વધવા તૈયાર થવા માટે પૂરતો બચાવ પણ આપશે. તું એ જાણે છે કે સાલ્વાતોર જેલમાં છે અને ઈક્થિઆન્દર પણ?"

"ઈક્થિઆન્દર? તો તે મળી ગયો? તે શા માટે જેલમાં છે? હું તેને મળી શકું છું?" પ્રશ્નોની ઝડી વરસી ગઈ.

"હા, તે જેલમાં છે અને ઝુરીતાની તેના વાલી

તરીકે નિમણૂક કરવામાં આવી છે. તું કલ્પી પણ નહિ શકે કે સાલ્વાતોરનો મુકદ્દમો કેટલો ઉગ્ર વાદવિવાદના ચોકઠાવાળો હતો!"

"કેવું ભયાનક! પણ તેને બચાવી નહીં શકાય?"

"મેં મારાથી બનતું બધું જ કર્યું પણ તે પૂરતું નહોતું. પછી અચાનક મને એક સમર્થ સાથી—જેલનો ગવર્નર પોતે મળ્યો. આજે રાત્રે અમે ઇકિથઆન્દરને આઝાદ કરવાનાં છીએ. મને હમણાં જ બે નોંધો મળી છે એક સાલ્વાતોર તરફથી અને બીજી જેલના ગવર્નર તરફથી."

"હું તેને જોવા ઇચ્છું છું!" ગૂટ્યેરેએ કહ્યું. "હું તારી સાથે આવી શકું છું?"

ઓલ્સેને ઊંડો વિચાર કર્યો.

"મને નથી લાગતું કે તારે આવવું," છેવટે તેણે કહ્યું. "ન તો તારે તેને બિલકુલ જોવો જોઈએ, મને ડર લાગે છે."

"પણ શા માટે?"

"કારણ કે તે માંદો છે, માણસની જેમ માંદો, જોકે તું મને સમજી શકતી હોય તો માછલી તરીકે તે સ્વચ્છ છે."

"હું ન સમજી."

"તે હવામાં જરા પણ શ્વાસ નથી લઈ શકતો. વિચાર કર કે જો તે તને જુએ તો શું થશે. તે તને વધારે વખત જોવા ઇચ્છશે પણ પૃથ્વી ઉપરનું જીવન માત્ર તેને મારી નાંખી શકે છે."

ગૂટ્યેરે નિરાશ થઈ ગઈ.

"ઠીક છે, તું સાચો જ હોવો જોઈએ, હું ધારું છું..." લાંબી વાર ચૂપ રહ્યા પછી તેણે કહ્યું.

"હવે તેની અને બીજાં લોકોની વચ્ચે એક આડશરૂપ દીવાલ છે—મહાસાગર. તેનું નસીબ નિશ્ચિત થઈ ગયું છે. હવેથી તેના માટે બીજું કંઈપણ નહિ માત્ર મહાસાગર જ છે."

"પણ તે ત્યાં કેવી રીતે રહે છે, મારો ભાવાર્થ છે પેલાં બધાં દરિયાઈ પ્રાણી વચ્ચે બિલકુલ એકલો?"

"તે ખૂબ જ ખુશ હતો તેમની વચ્ચે જ્યાં સુધી..."

ગૂટ્યેરેના ચહેરા ઉપર રતાશ ચઢી આવી.

"તે ચોક્કસ પણે પહેલાં જેટલો તો સુખી નહિ જ થાય."

"અરે, બંધ કર તે ઓલ્સેન," ગૂટ્યેરે ગમગીનતાથી કહ્યું.

"જોકે સમય સૌથી સારું ઓસડ છે. કદાચ તે પોતાની ભૂતપૂર્વ માનસિક શાંતિ પાછી પ્રાપ્ત કરી લેશે અને જ્યાં સુધી ઘરડો થઈ જશે ત્યાં સુધી પેલાં બધાં દરિયાઈ જીવોની વચ્ચે રહેશે. પણ જો શાર્ક તેનો કસમયે અંત આણી દે તો જુદી વાત—અને મૃત્યુ પણ—ઠીક એ તો દરેક જગ્યાએ એક જેવું છે..."

બહાર ઝાંખું અજવાળું છવાઈ ગયું હતું અને ઓરડામાં અંધારું હતું.

"ભલે, તો મારે જવું જોઈએ," પોતાની ખુરશીમાંથી ઊભાં થતાં ઓલ્સેને કહ્યું. ગૂટ્યેરે પણ ઊભી થઈ.

"પણ ઓછામાં ઓછું હું છેલ્લી વાર તેને દૂરથી તો કદાચ જોઈ શકીશ કે?" ગૂટ્યેરેએ કહ્યું.

"ચોક્કસ, જો તું ત્યાં રહેવાની હોય તો."

"તે નક્કી છે."

જ્યારે પાણી લઈ જનાર ગાડી ઓલ્સેન કોરોનેલ દીઆસ રસ્તાની સામેનાં પેલાં દરવાજામાંથી જેલના પ્રાંગણમાં હાંકી ગયો ત્યારે એકદમ ઘોર અંધારું થઈ ગયું હતું.

ચોકીદારે તેને પડકાર કર્યો.

"દરિયાઈ રાક્ષસ માટે પાણી," જેલના ગવર્નરના શિખવ્યા પ્રમાણે ઓલ્સેને જવાબ આપ્યો.

ચોકીદારો જેલનાં અસામાન્ય વતની—'દરિયાઈ રાક્ષસ'—વિષે જાણતાં હતાં કે તેને સામાન્ય પ્રકારનાં પાણીમાં રહી ન શકવાને કારણે દરિયાઈ પાણીથી ભરેલી ટાંકીમાં રાખવામાં આવ્યો હતો અને તેથી તેઓ પાણીની ગાડીના દૃશ્યથી ટેવાઈ ગયાં હતાં.

ઓલ્સેન જેલનાં મકાન સુધી ગાડી હાંકી ગયો. અને રસોડા જેવા પેલા મકાનની સામેના ખૂણા ફરતે કર્મચારી પ્રવેશદ્વાર પાસે રોકી. ગવર્નરે જેલનું છેલ્લી વારનું ચક્કર લગાવી દીધું હતું. પ્રવેશદ્વાર અને પરસાળના સંત્રીઓને જુદા જુદા બહાને મોકલી દેવામાં આવ્યાં હતાં. તે ઈક્થિઆન્દર પાસે પહોંચી ગયો.

"ટાંકીમાં ચઢી જા, ઝડપથી!"

ઈક્થિઆન્દરે એક પળ પણ ન ગુમાવી.

"ચાલ તું!"

ઓલ્સેને કમરને ઝટકો આપ્યો અને જેલનાં આંગણામાંથી બહાર ગાડી હાંકી ગયો. તે જરા પણ ઉતાવળ કર્યા વિના અવેની દા અલ્વારના રસ્તા તરફ

આગળ વધ્યો અને રીતેરો સ્ટેશન પસાર કર્યું.

ગાડીથી થોડે દૂર પાછળ પાછળ આવતી સ્ત્રી જોઈ શકાતી હતી.

ખૂબ જ અંધારું હતું તે દરમિયાન ઓલ્સેન શહેર પાર કરી સમુદ્રના કિનારા તરફ જતો રસ્તો પકડી લીધો હતો. હવા જોરથી ફૂંકાઈ રહી હતી. મોજાં કિનારા સાથે અથડાતાં હતાં. અને નિર્જન ખડકો સામે ઘૂઘવાટ કરતાં હતાં.

ઓલ્સેને ચારેબાજુ જોયું. શહેર તરફ જતી મોટરની લાઈટો સિવાય કંઈપણ નજરે નહોતું પડતું. તેણે તેના પસાર થઈ જવાની રાહ જોઈ.

ભૂંગળા વગાડતી અને આંખો અંજાઈ જાય તેવો પ્રકાશ ફેંકતી મોટર પસાર થઈને જતી રહી.

ઓલ્સેને વિચાર્યું કે હવે તેના માટે સમય હતો. ગૂટ્યેરેને દૂર રહેવાનો ઈશારો કરી તે પાછો ફર્યો. તેણે ટાંકી ઉપર ટકોરા મારી બૂમ પડી:

"આપણે પહોંચી ગયાં છીએ. બહાર આવી જા!"

ઈક્રિથઆન્દરનું માથું બહાર નીકળ્યું અને ચારેબાજુ ફેરવ્યું. પછી તે બહાર સરકી આવીને જમીન ઉપર ઊછળી આવ્યો. તે ઝડપથી શ્વાસ લઈ રહ્યો હતો અને તેને મુશ્કેલી પડી રહી હતી.

"ખૂબ ખૂબ આભાર, ઓલ્સેન," ભીનાં હાથે જ તેની સાથે દૃઢતાથી હાથ મેળવતાં તેણે કહ્યું.

"રહેવા દે. આવજે અને સાવધાન રહેજે. કિનારાની વધારે નજીક પણ ન તરતો. લોકો તને જોઈ જશે અને

નું કેવી રીતે બની ગયું તે જાણે તે પહેલાં જ જેલમાં પાછો પહોંચી જઈશ."

"હા, હા," ઈક્રિથઆન્દરે જોર જોરથી હાંફતાં કહ્યું. "હું દૂર દૂર તરી જઈશ, ઘણે દૂર શાંત પ્રવાલ દ્વિપોમાં જ્યાં વહાણો ચાલતાં નથી. ઘણો ઘણો આભાર, ઓલ્સેન!" તે પાણીના કિનારી તરફ દોડી ગયો.

જ્યારે તે લગભગ ત્યાં પહોંચી જ ગયો હતો ત્યારે તે એકદમ પાછો ફર્યો.

"ઓલ્સેન! જો તું કદી ગૂટ્યેરેને મળે તો તેને મારા તરફથી પ્યાર આપજે અને કહેજે કે હું તેને મારી આખી જિંદગી સુધી યાદ રાખીશ!"

"વિદાય ગૂટ્યેરે!" કહેતાં તેણે પાણીમાં ઝંપલાવી દીધું.

"વિદાય, ઈક્રિથઆન્દર..." ગૂટ્યેરેનો મૃદુ પ્રત્યુત્તર આવ્યો.

પવને જોર પકડયું હતું અને માણસ તથા છોકરીને તેનો સામનો કરવા વળવા માટે જોર કરી રહ્યો હતો. મહાસાગરમાં ઘૂઘવાટ થયો. રેતીની હિસ્સ્ દ્વારા ધીમો અવાજ થયો અને સમુદ્ર કિનારાનાં કાંકરાનો ખણખણાટ થયો.

ગૂટ્યેરેના હાથની ઉપર હાથ નજીક આવ્યો.

"ચાલ, આપણે જઈએ ગૂટ્યેરે," ઓલ્સેનનો વિનમ્ર આદેશ આવ્યો.

તે તેને રસ્તા તરફ લઈ ગયો.

મહાસાગર તરફ છેલ્લી નજર ફેંકતાં ગૂટ્યેરે ઓલ્સેનના

હાથ ઉપર ઢળી પડી અને તેઓ શહેર તરફ આગળ વધ્યાં.

પોતાની સજા ભોગવી લીધાં પછી સાલ્વાતોર ઘેર પાછા ફર્યા અને ફરીથી પોતાનું સંશોધન કાર્ય ઉપાડી લીધું. હાલમાં તેઓ લાંબી મુસાફરી માટે તૈયાર થઈ રહ્યાં છે.

ક્રીસ્તો હજી પણ તેમની સેવામાં છે.

ઝુરીતાએ નવી નૌકા પ્રાપ્ત કરી લીધી છે અને કેલીફોર્નિયાના અખાતમાં મોતી લેવા જાય છે. જોકે તે અમેરિકાનો સૌથી શ્રીમંત માણસ તો ન બન્યો પણ તેમ છતાં તેની પાસે ફરિયાદ કરવાનું પણ કોઈ કારણ નહોતું. બેરોમીટરની સોયની જેમ તેની મૂછોની અણી સારાં હવામાનની આગાહી કરે છે.

ગૂટ્ટયેરેએ પોતાના પતિને છૂટાછેડા આપી ઓલ્સેન સાથે લગ્ન કર્યાં, તેઓ ન્યુ યોર્કમાં રહે છે અને કનસ્તરનાં ગોદામમાં કામ કરે છે.

અખાત લા પ્લાતાના દરિયા કિનારા ઉપર "દરિયાઈ રાક્ષસ" ભૂલાઈ ગયો લાગે છે. માત્ર બફારાવાળી રાતોએ સમુદ્રમાં કેટલાંક અસાધારણ અવાજો સાંભળતાં ઘરડાં માછીમારો નવાં અપરિપક્વ માછીમારોને કહે છે, "તેવી જ રીતે 'દરિયાઈ રાક્ષસ' પોતાનું ભૂંગળું વગાડતો હતો," અને તેના વિષે કહેવાનું શરૂ કરે છે...

પણ બૂએનસ-આઇરસમાં એક એવો માણસ છે કે ઇકિથઆન્દરને નથી ભૂલી શકતો.

બૂએનસ-આઇરસનાં બધાં જ તોફાની છોકરાં ઘરડાં ભિખારી ચસકેલ ઇન્ડિયનને જાણે છે.

"આ 'દરિયાઈ રાક્ષસ'નો બાપ આવે છે," તેઓ તેની પાછળ બોલે છે.

પણ તે તેમની તરફ જરા પણ ધ્યાન નથી આપતો.

સ્પેનિયાર્ડને મળતાં ડોસો હંમેશાં તેની તરફ કરડી આંખે જુએ છે, જમીન ઉપર થૂંકે છે અને શપથ બબડે છે.

પોલીસ ઘરડા બલ્તાઝ્ઝારને એકલો છોડે છે. તે આવેશમાં લવારો કરનાર ગાંડો નથી. તેની ઘેલછા કોઈને કોઈ નુકસાન કરે તેવી નથી.

પણ જ્યારે સમુદ્રમાં તોફાન શરૂ થાય છે ત્યારે વિચિત્ર ઉત્તેજના ઘરડા ઈન્ડિયન ઉપર છવાઈ જાય છે. તેને શહેરની બહાર પાણીના એકદમ કિનારા તરફ ઘસડી જાય છે. જોખમ ધોવાઈને દૂર થઈ જતાં જ્યાં સુધી તોફાન પૂરું થાય ત્યાં સુધી તે બૂમો પાડે છે: "ઈક્થિઆન્દર! ઈક્થિઆન્દર!"

પણ તેને કોઈ જવાબ નથી મળતો.

વાચકોને

આ પ્રકાશન વિશે આપને જરૂરી લાગે તે ટીકાટીપ્પણો તથા સલાહસૂચનો આપ મોકલશો તો અમે આભારી થઈશું.

આમને આશા છે કે આપની માતૃભાષામાં રૂસી તથા સોવિયેત સાહિત્યનું વાંચન આપને અમારી જનતાની સંસ્કૃતિ અને જીવનરીતિનો વધારે ઊંડો પરિચય મેળવવામાં સહાયભૂત થશે.

'રાદુગા' પ્રકાશન
ઝૂબોવ્સ્કી બૂલવર, ૧૭
મોસ્કો, સોવિયેત સંઘ